
# પુણ્યતત્વ



* લેખક-સંપાદક *

પરમપૂજ્ય આચાર્ય વિજય નરવાહનસૂરિ

પદાર્થ દર્શન ગ્રંથમાળા પુસ્તક-૪૮

# પુણ્યતત્ત્વનું સ્વરૂપ

લેખક-સંપાદક

કર્મ સાહિત્ય નિષ્ણાત સિધ્ધાંત મહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ સ્વ. આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટધર, પરમશાસન પ્રભાવક પરમતારક, સૂચિચક્ર ચક્રવર્તિ, સુવિશાળ ગચ્છાધિપતિ, પ્રચંડ પૂણ્ય અને પ્રૌઢ પ્રતિભાના સ્વામી, વ્યાખ્યાન વાચસ્પતિ, દિક્ષાના દાનવીર સ્વ. આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટ પ્રભાવક કર્મ સાહિત્યના જ્ઞાતા પરમ પૂજ્ય આચાર્ય વિજય નરવાહનસૂરિ મહારાજ.

સંકલનકાર

**પૂજ્ય મુનિરાજ શ્રી દર્શનશીલ વિજયજી**

પ્રકાશક

**પદાર્થ દર્શન ટ્રસ્ટ**

**૧૧૮૮, લક્ષ્મીનારાયણની પોળ,**

**રાજામહેતાની પોળમાં,**

**કાળુપુર-અમદાવાદ-૩૮૦૦૦૧.**

પુસ્તક-૪૮મું

# પુણ્યતત્વનું સ્વરૂપ

વીર સં-૨૫૨૯
સને-૨૦૦૩

સંવત-૨૦૫૯
ફાગણ વદી-૧
ધુળેટી

કિંમત
રૂા ૩૦.૦૦

સર્વહક્ક પ્રકાશકને
સ્વાધિન

ટાઈપ સેટીંગ
**દિવ્યેશ શાહ**

મુદ્રક
**નવપ્રભાત**
**પ્રીન્ટીંગ પ્રેસ**
ઘીકાંટા રોડ
અમદાવાદ-૩૮૦૦૦૧
ટે.ન. -૫૫૦૮૬૩૧
-૫૫૦૯૦૮૩

## આર્થિક સહયોગ

~~આર્થિક સહયોગ~~

શ્રી દશાપોરવાડ સોસાયટી જૈન સંઘ ટ્રસ્ટ. પાલડી, [illegible] શ્રી [illegible] પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ લાભ લેવામાં આવ્યો છે. તેની [illegible] અનુમોદના કરીએ છીએ.

# અનુક્રમણિકા


| ક્રમ. | વિષય | પા.નં. |
|---|---|---|
| ૧. | પુણ્ય એટલે શું અને શાથી બંધાય ? | ૧ |
| ૨. | કયા પુણ્યની ઇચ્છા અને પ્રવૃત્તિ કઇ ? | ૧૨ |
| ૩. | સુખ કોને કહેવાય ? | ૧૯ |
| ૪. | વૈરાગ્યના પ્રકાર | ૨૨ |
| ૫. | પાપાનુબંધી પુણ્ય | ૨૭ |
| ૬. | પુણ્યાનુબંધી પાપ | ૩૯ |
| ૭. | પાપાનુબંધી પાપ | ૪૬ |
| ૮. | પુણ્ય પ્રકૃતિના ૪૨ ભેદ | ૫૧ |
| ૯. | શાતા વેદનીય ભેદ | ૫૫ |
| ૧૦. | આયુષ્ય કર્મ | ૬૦ |
| ૧૧. | નામ કર્મમાં પુણ્ય પ્રકૃતિની સમજ | ૬૪ |

## પ્રાપ્તિ સ્થાનો

**ભરતભાઇ બી.શાહ**

૪૦૧/૪૦૨, સરિતા કોમ્પલેક્ષ, પ્રવિણ એપાર્ટમેન્ટની સામે, સેંટ ઝેવીયર્સ કોલેજ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફોન નં-૬૫૬૩૪૩૧-૬૫૬૩૪૩૨-૬૫૬૩૪૩૩

:----:

**અશ્વિનભાઇ એસ.શાહ**

C/o નગીનદાસ છગનલાલ ઠે. પાંચકુવા દરવાજા બહાર અમદાવાદ-૩૮૦૦૦૨. ફોન: ૨૧૪૪૧૨૧

:----:

**ચંદ્રેશભાઇ રસીકલાલ દોશી**

૫/૧૨, દામુભાઇ કોલોની, જવાહરનગર, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન: ૬૬૩૨૯૬૦

:----:

**હિંમતભાઇ બી. શાહ**

૨, ચેતન સોસાયટી, અકોટા રોડ, વડોદરા-૩૯૦૦૨૦. ફોન: ૩૧૦૩૪૩, ૩૨૨૮૬૨

:----:

**ડૉ હસમુખભાઇ આર. શાહ**

બી-૭, વિનીત, મજીઠીયાનગર, એસ.વી.રોડ, કાંદીવલી (વેસ્ટ), મુંબઇ નં-૪૦૦૦૬૭.
ફોન નં-૮૦૭૩૦૪૬, ૮૦૫૨૩૭૫, ૮૬૨૨૪૬૭

:----:

**પન્નાબેન ચંદ્રકાંતભાઇ કાપડીયા**

C/o ચંદ્રકાંતભાઇ કાપડીયા ૩, દામજી ખેરાજ બીલ્ડીંગ, ૩જે માળે, રૂમ નં-૧૦, આર. આર.ટી રોડ, મુલુંડ (વેસ્ટ)
મુંબઇ નં-૪૦૦૦૮૦. ફોન નં-ઘર-૫૬૯૪૭૬૬, ૫૬૧૩૬૭૪. ફોન-ઑફિસ-૫૬૯૪૭૬૫, ૫૬૮૬૭૮૧

:----:

**મહેશભાઇ ભુરાલાલ પરીખ**

૩૦૩, શ્રી સાંઇછાયા એપાર્ટમેન્ટ, બાવન જિનાલયની પાછળ, ૬૦ ફુટ રોડ, ભાયંદર (વેસ્ટ)-૪૦૧૧૦૧. ડી-થાણા.
ફોન નં-૮૧૯૩૦૬૨

:----:

**હેમેન્દ્રભાઇ વી. દોશી**

૨૫, ઓમ દરિયા મહલ, ૮૦ નેપ્યન્સી રોડ, મુંબઇ-૪૦૦૦૦૬. ટે.ન. ૩૬૯૧૨૭૬, ૩૬૯૧૨૭૭, ૩૬૯૧૨૭૮

:----:

**પંકજભાઇ કેસરીચંદ શાહ**

૧૦૨, કુંદન એપાર્ટમેન્ટ, ચાંદલાગલી, ગોપીપુરા, સુરત-૧. ફોન નં- ૭૪૨૬૭૧૯.

:----:

**આશીતભાઇ વી. ચોકસી**

૧/૨૦૬, રામનગર-પાટકર કોલેજ સામે. એસ.વી.રોડ, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઇ નં-૪૦૦૦૬૨.
ફોન નં-૮૭૨૩૪૭૨ મોબાઇલ નં-૯૮૨૧૧-૧૭૬૪૯

# પુણ્યતત્વનું સ્વરૂપ

પુણ્યતત્વ અને પાપતત્વ જીવ જે કર્મબંધ કરી રહેલો હોય છે તેનાથી થાય છે. જે કાર્મણવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરે છે તેમાંથી શુભકર્મ રૂપે પુદ્ગલો બનાવે છે તે પુણ્ય પ્રકૃતિ કહેવાય છે અને જે પુદ્ગલો અશુભ કર્મરૂપે બનાવે છે તે પાપ પ્રકૃતિ રૂપે ગણાય છે.

આ પુણ્ય અને પાપનાં ચાર ભેદ રૂપે ચર્તુભંગી થાય છે.

(૧) પુણ્યાનુબંધી પુણ્ય

(૨) પુણ્યાનુબંધી પાપ

(૩) પાપાનુબંધી પુણ્ય અને

(૪) પાપાનુબંધી પાપ

પુણ્ય અને પાપ બન્ને તત્વોને છોડવા લાયક કહ્યા છે. બેમાંથી એકેય ગ્રહણ કરવા લાયક નથી જ. કારણકે જ્યાં સુધી પુણ્ય તત્વ ઉદયમાં હોય છે ત્યાં સુધી જીવ સિધ્ધિ ગતિમાં જઇ શકતો જ નથી. જ્યારે સંપૂર્ણ પુણ્ય તત્વ પુરૂં થાય ત્યારેજ જીવ મોક્ષમાં જાય છે. આથી જ જ્ઞાની ભગવંતોએ પુણ્યાનુબંધિ પુણ્યને આંશિક ઉપાદેય કહેલ છે.

જેમજેમ પુણ્યાનુબંધિ પુણ્ય બંધાતુ જાય એટલે ઉપાર્જન થતું જાય તેમ તેમ તે આત્મગુણ પેદા થવામાં આત્માનું શુધ્ધ સ્વરૂપ પેદા કરવામાં સહાયભૂત થતું જાય છે અને સાથે સાથે આત્માનું શુધ્ધ સ્વરૂપ પેદા કરવામાં વિઘ્ન એટલે અંતરાય રૂપ થતું સુખ અને સુખના પદાર્થો પ્રત્યે વિરાગ ભાવ પેદા થતો જાય છે. આ કારણથી એ આંશિક ઉપાદેય રૂપે કહેલું છે પણ અંતે તો એ સોનાની બેડી જેવું કહેલું છે. અંતે એ બેડીમાંથી જીવ છૂટે તોજ સકલ કર્મથી રહિત થઇ શકે છે. બેડીમાં પડેલા દરેક જીવોને બેડીમાં રહેવું પસંદ પડતું નથી પણ છૂટવું જ ગમે છે.

પુણ્ય એટલે શું ?

જ્ઞાનીઓ કહે છે કે જે આત્માને પુષ્ટ કરે તે પુણ્ય કહેવાય છે. જે કાર્યો કરવાથી અશુભ કર્મોથી મલીન થયેલો આત્મા છૂટે એટલે ધીરે ધીરે છૂટી શુભ કર્મવાળો થઇ પવિત્ર બનતો જાય અર્થાત્ અનુક્રમે મોક્ષે પહોંચે એવા કાર્યને પુણ્ય કહેવાય છે.

અનાદિ કાળથી અવિરતિના ઉદયવાળો આત્મા સદાને માટે પાપના પરિણામવાળો રહેલો હોય છે.

આપણા પ્રત્યે કોઇ આચરણ કરે તે આચરણ આપણને ન ગમે એવું આચરણ બીજા પ્રત્યે કરવું નહિ એ પ્રકારનું બોલવું નહિ અને મનથી એ પ્રકારે વિચારો કરવા નહિ એ પુણ્ય કહેવાય છે. અર્થાત્ સામાના વર્તન, વાણી અને વિચારથી આપણને જે દુઃખ થાય, ગ્લાનિ થાય એવા વિચાર-વાણી-વર્તન બીજા પ્રત્યે ન કરવા એ પુણ્યબાંધવાનો પ્રકાર કહેવાય છે.

પાપ એટલે શું ?

બીજાના વિચાર-વાણી અને વર્તનથી આપણને ગ્લાનિ પેદા થાય-દુઃખ પેદા થાય-નારાજગી પેદા થાય અથવા અંતરમાં દ્વેષ પેદા થાય તે પાપ કહેવાય છે.

કદાચ સામો માણસ આપણા પ્રત્યે અસભ્ય વર્તાવ કરે તો

વિચારવાનું કે આટલુંજ કરે છે ને હું તો બીજા માટે કેટલુંય કરું છું આને તો કરી કરીને આટલુંજ કર્યું છે ને ? આવો વિચાર તે વખતે કરવામાં આવે તો સામા જીવ પ્રત્યે નારાજગી-ગુસ્સો-દ્વેષ થતો હતો તે ન થાય એના કારણે અશુભ કર્મો બંધાતા અટકી જાય અને બંધાયેલા અશુભ કર્મોની નિર્જરા થાય. આવા વિચારથી અંતરમાં મૈત્રી ભાવના પરિણામ પેદા થઇ શકે છે. એ મૈત્રીભાવ હૈયામાં હોવો જ જોઇએ. સમકીતી જીવો નરકની ભયંકર દુ:ખની વેદનામાં પણ મૈત્રીભાવ ટકાવી શકે છે. કોઇપણ ત્યાં મારવા આવે તો વિચાર કરે છે કે મારા કર્મના ઉદયના કારણે એને મારવાનો વિચાર આવે છે માટે બાપડો મારવા આવે છે એમાં એનો શું વાંક ? આવાં વિચારો કરી કરીને મૈત્રીભાવને ટકાવીને એ નરકમાં રહેલા જીવો પણ અશુભ કર્મોની નિર્જરા કર્યા કરે છે. અને સાથે સાથે શુભકર્મનો બંધ કર્યા કરે છે. આવા વિચારને બદલે જો મારવા આવનાર પ્રત્યે દ્વેષ બુધ્ધિનાં વિચારો આવે તો વખતે બંધાયેલા શુભકર્મો ફરીને અશુભ રૂપે એટલે પાપરૂપે પરાવર્તમાન થઇ શકે છે અને એ બાંધેલું પુણ્ય પછી પાપરૂપે ભોગવવું પડે છે.

આથી એ નિશ્ચિત થાય છે કે સારા વિચારો, વાણી અને વર્તનથી પુણ્યનો બંધ કરીએ છીએ એમાં ના નહી પણ સાથે દ્વેષ વૃત્તિ પેદા કરીને એ બંધાયેલા પુણ્ય ને પાપરૂપે પરાવર્તમાન કરી દઇએ છીએ એનું શું ? અને એ દ્વેષ વૃત્તિનો પરિણામ એટલો જોરમાં ચાલે છે કે જેના કારણે બંધાયેલું પુણ્ય પુણ્યરૂપે ભોગવવા લાયક પણ રહેતું નથી. આથી અનાદિ કાળથી પાપની જેટલી શ્રધ્ધા છે અને અવિરતિના ઉદયથી પાપની વૃત્તિ જેટલી મજબૂત છે એની અપેક્ષાએ પુણ્યની શ્રધ્ધા મજબૂત બનતી નથી માટે જ પુણ્યની વૃત્તિના પરિણામ સતત ચાલ્યા કરતાં નથી તૂટી જાય છે અને વધારે ટાઇમ ટકતા નથી. એ ટકાવવા માટે પુણ્યની જેટલી શ્રધ્ધા મજબૂત બને એ પ્રમાણે પ્રયત્ન કરવો જોઇએ માટે જ જ્ઞાનીઓ કહે છે કે પુણ્ય પ્રત્યેની જેટલી શ્રધ્ધા મજબૂત એટલું સહન કરવા માટેનું મનપણ મજબૂત બને એટલે સહનશક્તિ મજબૂત

થતી જાય.

પુણ્યને ટકાવવા માટેનો જેટલો વધારે પ્રયત્ન કરવો તેનું નામજ પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય છે માટે જ જ્ઞાનીઓ કહે છે કે આપણા પ્રત્યે કોઇ ગમે તેવું વર્તન કરે તો તે સહન કરી લેવું એજ ખરેખરો ઉપાય છે પરંતુ સહન કરવામાં જેટલો સ્વાર્થ રાખવામાં આવે એનાથી પાપનો બંધ થાય છે.

પુણ્યને પેદા કરવું એ સહેલું છે પરંતુ બાંધેલા પુણ્યને ટકાવવું એ દુષ્કર છે કારણકે પુણ્યના અનુબંધ રૂપે મળેલી સામગ્રી પ્રત્યે રાગ રાખીને નવું પાપ ઉભું કરીએ છીએ. મળેલા પુણ્યને ભોગવતા પણ આવડતું નથી. તેના કારણે પાપનો અનુબંધ પડ્યા કરે છે. પુણ્યથી મળેલી અનુકૂળ સામગ્રીમાં જેટલી મારાપણાની બુધ્ધિ પેદા થતી જાય છે તેનાથી પાપનો અનુબંધ પડ્યા જ કરે છે. આપણે તો પાપાનુબંધી પુણ્યને પુણ્યાનુબંધી પુણ્યમાં ટ્રાન્સફર કરવાનો પ્રયત્ન કરવાનો છે એ ત્યારે જ થાય છે કે આપણી વિચારધારા સ્વાર્થ વગરની સહન કરવા પૂર્વકની રાખીએ તથા મળેલી પુણ્યની સામગ્રીમાં રાગ રાખ્યા વગર એટલે મારાપણાની બુધ્ધિ રાખ્યા વગર વિચારધારા ચાલુ રખાય તો જ ટ્રાન્સફર થતું જાય અને પુણ્યાનુબંધિ પુણ્ય બંધાતું જાય.

આપણે કામ કરીએ તો કોનું કરીએ ? જે આપણને સહાય કરે એમ હોય તેનું એમ જ ને ? એ સિવાય પારકાનું કામ આવી પડે તો મોટાભાગે આપણે કરતા નથી અને કદાચ ન છૂટકે કરવું પડે તો એ કામ કરતાં આપણા અધ્યવસાય બદલાઇ જાય છે. એટલે એ કામ કરતાં કરતાં શું કરીએ. ના પાડી શકાય નહિ અને કામ સોંપી ગયા માટે પુરૂં કરી નાંખવાનું. હવે પછી કહેશે તો કરીશ નહિ ઇત્યાદિ વિચાર ધારા રાખીને કામ કરતો જાય છે. આવા વિચારોમાં મૈત્રીભાવ ક્યાં રહ્યો ? મૈત્રી ભાવ ના હોય તો પુણ્યનો અનુબંધ પણ પડે શી રીતિએ ? માટે જ જ્ઞાનીઓ કહે છે કે અનુબંધવાળું પુણ્ય બાંધવું હોય તો મૈત્રીભાવ જરૂરી છે અને એ મૈત્રીભાવ કેળવાય તોજ પુણ્ય ઉપર

શ્રધ્ધા મજબૂત થાય.

શ્રી ઋષભદેવ ભગવાનનો જીવ સંસારમાં અનંતા કાળથી ભટકતાં ભટકતાં જે ધના સાર્થવાહના (પહેલા) ભવમાં સમકીત પામ્યા છે એ ભવમાં સમકીત પામતા પહેલા મિથ્યાત્વ દશામાં કઇ મનોદશાવાળા હતા ? ઇતર દર્શનમાં જન્મેલા છે પૂર્વના પુણ્યના ઉદયતી અઢળક સંપત્તિને પામેલા છે છતાં મનોદશા કયા પ્રકારની હતી એ જાણો છો ને ? મારી સંપત્તિ કોઇના કામમાં આવતી હોય તો ખોટું શું છે ? મારી પાસે હોય ત્યાં સુધી બીજાને આપવામાં વાંધો ય શું છે ? એવા વિચારો રહેલા છે આથી એમના ઘરનાં દ્વારો અભંગ રહેતા હતા. આપણી પાસે કોઇ લેવા આવે અને આપણી પાસે સામગ્રી હોય તો ના કહેવી નહિ એ ક્યારે બને ? પુણ્ય પ્રત્યેની શ્રધ્ધા હોય તો ! ધર્મક્રિયા પ્રત્યે-ધર્મસ્થાનો પ્રત્યે એની પ્રવૃત્તિઓમાં અંતરની શ્રધ્ધા જોઇશે.

ભવિષ્યમાં આ વ્યક્તિ કે ફ્લાણી વ્યક્તિ મને કામ લાગશે, મદદ કરશે એવા વિચારો અને ભાવના રાખીને કોઇને મદદ કરીએ તો તે સ્વાર્થ કહેવાય એવો સ્વાર્થ પણ પાપ બંધાવે છે.

નિઃસ્વાર્થ ભાવની પ્રવૃત્તિમાં પુણ્યાનુબંધિ પુણ્ય બંધાય છે હાલમાં પુણ્યથી મળેલી સામગ્રીમાંથી આપણે શું ઉપાર્જન કરીએ છીએ ? સંસારમાં રહીને સહન કરો તો સામો મને કાયર કહેશે એમ વિચારવાનું નહિ. સ્વાર્થ માટે વાતે વાતે સહન કરીએ છીએ તેનાથી પાપનો અનુબંધ થાય. ચોવીશ કલાકમાં જે કાંઇ સહન કરીએ છીએ અને જીવન જીવીએ છીએ તેમાં નિઃસ્વાર્થ ભાવે કેટલું સહન કરીએ છીએ અને સ્વાર્થપૂર્વક કેટલું સહન કરીએ છીએ એ રોજ વિચારવાનું છે.

દીકરો કોઇ કામ કહે અથવા પોતાનું ગણાતું કોઇ કામ કહે તો કરી આપે એમ દીકરાની વહુ કોઇ કામ કહે તો શું વિચાર આવે ?

આપણી સામે આપણી ગણાતી કોઇ વ્યક્તિને કોઇ મારતું હોય તો ! દુઃખ પમાડતું હોય તો ! શું કરીએ ? સામેવાળાને સમજાવી ને દમદાટી આપીને પણ અટકાવીએ એટલે માર ખાતા છોડાવીએ અને જો

એ વ્યક્તિ આપણી અંગત ન હોય તો તેમાં શું કરીએ ? આપણે માથું મારતાં નથી એ નિર્ધ્વંસપણું કહેવાય. જ્ઞાનીઓ કહે છે કે પ્રત્યક્ષ હિંસા અટકાવવી જોઇએ. પરોક્ષ હિંસા તો આપણે આખા દિવસમાં કેટલીય કરીએ છીએ. આપણું ભોજન વગેરે જે તૈયાર થાય છે તેમાં પરોક્ષ હિંસા સમાયેલી છે માટે પાપીઓને પરોક્ષ હિંસામાં પોષવાની અહીં વાત નથી. નિઃસ્વાર્થ ભાવે સહન શક્તિ કેળવવી તે પુણ્યાનુબંધિ પુણ્ય બાંધવાનો સરળ રસ્તો છે. પુણ્યના ઉદયકાળમાં જીવને પુણ્યનો અનુબંધ પેદા કરાવે તે પુણ્યાનુબંધિ પુણ્ય કહેવાય છે. જેમકે ઋષભદેવ ભગવાનના પુત્ર ભરત મહારાજા. અભયકુમાર જે શ્રેણિક મહારાજાના પુત્ર હતા તેઓ પુણ્યના ઉદયકાળમાં પુણ્યનો અનુબંધ કરતાં હતાં.

ગમે તેવા ભાવથી જીવ સહન કરતો જાય તેનાથી પુણ્ય બંધાતું જાય કોઇપણ જીવને મારા થકી દુઃખ ગ્લાનિ ન થાય તેવા વિચાર પેદા કરીને એ રીતે જીવન જીવતો થાય તો તે વિચાર અને પ્રવૃત્તિ પુણ્ય બંધનું કારણ કહ્યું છે. આવું લક્ષ્ય જીવને ત્યારે આવે કે જીવ પોતે સ્વાર્થવૃત્તિ ઓછી કરતો જાય. પાપના અનુબંધનું પરિણામ તે છે કે જે પોતાની સ્વાર્થ વૃત્તિ જોઇને જીવન જીવતો થાય તે. બીજાનું ગમે તે થાય તેમાં મારે શું ? આ વિચારણામાં પુણ્ય બંધાય તો પણ પેલો પાપનો વિચાર સ્વાર્થવૃત્તિ સાથે છે માટે ત્યાં પાપાનુબંધિ પુણ્ય બંધાય. ગમે તેવા ભાવથી જીવનમાં સહન કરીએ છીએ તેમાં પુણ્ય તો બંધાય જ છે પરંતુ પરિણામના આધારથી તે બંધાતું પુણ્ય પાપાનુબંધિ કે પુણ્યાનુબંધિ એ નક્કી થાય છે. પુણ્યનો અનુબંધ બાંધવામાં વિચાર, વાણી, વર્તન એ આધાર રૂપે છે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીનાં જીવો જે દુઃખ વેઠે છે, સહન કરે છે એનાથી પુણ્યતો બંધાય જ છે પણ સમજણ પૂર્વક સહન કરવાની શક્તિથી વિચારવાણી વર્તનમાં નિઃસ્વાર્થ ભાવ પેદા થાય ત્યારે પુણ્યના અનુબંધ વાળું પુણ્ય બંધાય. સ્વાર્થ માટે સહન કરવાની ટેવ પાડી હોય અને સહન કરે તે સ્વાર્થવૃત્તિજ છે. ત્યાં પાપના અનુબંધ રૂપ પરિણામ ચાલુ જ છે માટે જ જ્ઞાનીઓ કહે છે કે સ્વાર્થના

વિચારો કરી કરીને સંસારની રખડપટ્ટી વધારી રહ્યા છીએ.

દેવ, ગુરૂ, ધર્મની આરાધના કરતાં કરતાં સ્વાર્થ વૃત્તિ હોય તો પણ પાપનો અનુબંધ થયા જ કરે છે એટલે એવા સમયે પણ જીવો પાપાનુબંધિ પુણ્ય બાંધે છે.

તો શું વિચારવાનું ?

આત્માનાં ગુણોને પેદા કરીને ક્યારે એની આંશિક અનુભૂતિ કરતો થાઉં એ વિચારવાનું. મારૂં શરીર સારૂં હોય તો તો ધર્મ વધારે કરૂં એ સ્વાર્થવૃત્તિ છે. પરલોકમાં સુખની સામગ્રી મલી રહે એ માટે દેવ, ગુરૂ, ધર્મની આરાધના કરવી તે પણ સ્વાર્થ વૃત્તિ છે. પુણ્યોદયથી મળેલી સામગ્રી સાચવવા માટે, વધારવા માટે, ભોગવવા માટે ધર્મ કરે એ પણ સ્વાર્થ વૃત્તિ છે. પાપના ઉદયથી કોઇ દુઃખ આવી પડે તો એ દુઃખ દૂર કરવા માટે ધર્મ કરે એ પણ સ્વાર્થ વૃત્તિ છે. આ બધી વિચારણાઓ એ શરીરના ધર્મની વિચારણા છે આત્માની વિચારણા નથી. આપણે આત્માના પૂજારી બનવાનું છે શરીરના નહિ. આત્માના ધર્મની વિચારણા પુણ્યનો અનુબંધ કરાવે અને શરીરના ધર્મની વિચારણા પાપનો અનુબંધ કરાવે. મનને મજબૂત કરવાનું કે સારા કામો કરીશું તો સારાફળ મળવાનાં જ છે માટે માગવાની જરૂર ખરી ?

ભગવાનની ભક્તિ કરતાં મોક્ષ પણ માગવાનો નથી કેમકે ભક્તિમાં વિશ્વાસ હોય છે કે જે રીતે ભગવાનની ભક્તિ કરું છું એનાથી મોક્ષ મળવાનો જ છે માટે માગવાનો નથી એટલે જ જ્ઞાની ભગવંતો, અપેક્ષા રાખીએ એને સ્વાર્થ કહે છે. માગવું જ હોય તો આત્મકલ્યાણ કરનારા વિચારોની સ્થિરતા, એવી ક્રિયા અને તેવાં વર્તનની માગણી કરવાની. શરીરના ધર્મો છૂટે અને આત્માના ધર્મોની અનુભૂતિ થાય એ માગવાની છૂટ છે જે નબળા મન વાળા હોય તેઓને મોક્ષ માગવાનું પણ કહ્યું છે. દેવ, ગુરૂ, ધર્મની આરાધનાની ક્રિયા એની એજ ચાલુ રાખવાની. માત્ર તેમાં વિચાર ધારા જ બદલવાની છે એટલે કે વિચારધારાના પરિણામો બદલવાના છે. બીજું કાંઇ જ કરવાનું નથી.

આમાં ક્યાં તકલીફ પડે એમ છે ?

જ્ઞાનીઓ કહે છે કે ક્રિયા એ કર્મ છે. કર્મ પુણ્ય બંધાવે પણ કર્મ નિર્જરા ન કરાવે. માટે નિર્જરા કરાવનાર પુણ્ય નથી. આથી ક્રિયાથી કોઇદિ નિર્જરા ન થાય એ તો કર્મ બંધાવનારી ચીજ છે. ઉપયોગ એ ધર્મ છે. વિવેક તે ઉપયોગ કહેવાય છે. એટલે કે ક્રિયા કરવામાં જેટલો વિવેક રહે તે ઉપયોગ કહેવાય. માટે વિવેક પૂર્વકની જેટલી ધર્મની ક્રિયા એ ધર્મ કહેવાય છે. અર્થાત્ વિવેકપૂર્વકનું ચોવીશ કલાકમાં જેટલું વર્તન થાય એને જ જ્ઞાનીઓ ધર્મ કહે છે. પરિણામ મુજબ કર્મનો બંધ અને કર્મની નિર્જરા થાય એટલે ધર્મક્રિયા કરતાં કરતાં જેવાં પરિણામો ચાલતા હોય તે પ્રમાણે કર્મનો બંધ થયા કરે અને પરિણામો જેવાં ચાલતાં હોય તેનાથી કર્મની નિર્જરા થતી જાય છે. બંધ અને નિર્જરા કરવામાં ઉપયોગ એ સહાયભૂત જરૂર થાય માટે ક્રિયા ચાલુ હોય પણ તે પરિણામ પૂર્વકની હોય તો જ ખબર પડે બાકી પરિણામ વગરની ક્રિયાને જ્ઞાનીઓ એ સમૂર્ચ્છિમ ક્રિયા કહેલી છે. સમૂર્ચ્છિમ ક્રિયાથી અકામ નિર્જરા થાય પણ એવી અકામ નિર્જરાની કિંમત પણ શું ? અકામ નિર્જરાથી એકેન્દ્રિયપણામાં પણ જવાય જ્યારે સકામ નિર્જરાથી સારી ગતિમાં જવાય.

કઇ નિર્જરા કરવી એ આપણા હાથની વાત છે. સામાયિકમાં બેઠા બેઠા સંસારની સાવદ્ય પ્રવૃત્તિના વિચારો કરવાથી સામાયિકથી પુણ્ય અનુબંધ વગરનું બંધાય અને સાવદ્ય વિચારોથી પાપ અનુબંધ રૂપે બંધાય છે. માટે જ્ઞાનીઓ કહે છે કે ક્રિયા ગમે તેવી હોય એટલે કે શુભ હોય કે અશુભ હોય પણ કર્મબંધ તો પરિણામના કારણે થાય છે. જેવા પરિણામ હોય તેવો કર્મબંધ તથા કર્મોની નિર્જરા થયા કરે છે. આથી કહેવાય છે કે સમકીતી જીવો અશુભ ક્રિયાઓથી પણ પુણ્યનો અનુબંધ બાંધીને પુણ્યાનુબંધીપુણ્ય બાંધી શકે છે. આથી જૈન શાસનમાં એકલી ક્રિયાનું મહત્વ નથી જ પણ પરિણામ પૂર્વકની ક્રિયાનું મહત્વ છે. ક્રિયાના મહત્વની સાથે તેમાં પરિણામની ધારા કયા પ્રકારની છે

એજ મહત્વનું છે સ્વાર્થવૃત્તિથી કરેલી ક્રિયા પાપનો અનુબંધ કરાવે.

સમકીતી-ચક્રવર્તી જીવો ભોગ ભોગવે તો પણ એમના અંતરમાં આ છોડવા લાયક જ છે અને તાકાત આવે તો ક્યારે છોડીશ એ ભાવનાના વિચારો-પરિણામો રહેલાજ હોય છે. આના કારણે એ ક્રિયા વખતે પણ પુણ્યનો અનુબંધ કરતાં જાય છે. એ ક્રિયા અશુભ હોવા છતાં આ પરિણામના યોગે સકામ નિર્જરા કરતાં જાય છે. જ્યારે આપણે ક્રિયા શુભ કરીએ છીએ પણ આવા કોઇ પરિણામ ન હોવાથી એ પરિણામ લાવવાનું લક્ષ્યપણ ન હોવાથી સકામ નિર્જરાના બદલે અકામ નિર્જરા કરી રહેલા છીએ એમ લાગે છે ! જેને પુણ્યાનુબંધિ પુણ્ય બંધાતું જાય છે તે એક અંતર્મુહૂર્ત પછી અવશ્ય ઉદયમાં આવે છે અને તેના કારણે એ જીવોનાં પરિણામ આત્મ કલ્યાણના લક્ષ્યવાળાજ હોય છે. પુણ્યના અનુબંધવાળી સામગ્રી જીવને મલે તે સામગ્રીથી પુણ્ય બાંધવાનું લક્ષ્ય વિશેષ હોય છે અને તે પણ એવી રીતે જીવન જીવતો હોય છે કે જેના કારણે મળેલી સામગ્રીમાં વૈરાગ્યભાવ વધતો જાય છે કે જેથી તે રાગના સાધનોમાં લીન થવા દેતું નથી અને આત્મિક ગુણ તરફનું લક્ષ્ય પેદા કરાવી તેમાં સ્થિરતા લાવવા પ્રયત્ન કરાવે છે.

એકેન્દ્રિયથી અસન્ની પંચેન્દ્રિય પર્યાપ્તા સુધીનાં જીવોને કોઇપણ પ્રકારે પુણ્યનો અનુબંધ પડી શકતો નથી. કારણકે એ વિચારણા હોતી નથી. પણ પાપનો અનુબંધ પડે છે કારણકે રાગાદિ પરિણામની વૃત્તિ ચાલુ જ રહે છે માટે પુણ્યનો અનુબંધ બાંધવા માટે સન્ની પર્યાપ્ત પણું જોઇએ ને જોઇએ જ.

મરૂદેવા માતાનો જીવ એકેન્દ્રિયપણામાંથી આવેલો છે તે અનુબંધ વગરનું પુણ્ય બાંધીને તીર્થંકરની માતા થઇ શક્યા છે. એના કારણે એમનામાં સમજણ જલ્દી પેદા થતી નથી પણ જ્યારે સમજણ પેદા થઇ કે તરત જ કર્મોના ભુક્કા બોલાવી નાખ્યા છે. સાચી સમજણ મલે તો છોડવા જેવું તરત જ છોડી દે છે. આવો સરલ સ્વભાવ જીવને પુણ્ય સાથે બંધાતો જાય છે. એકેન્દ્રિયાદિ જીવો દુઃખ વેઠે છે તેમાં આવું પુણ્ય

બાંધી શકે છે અને એ જીવોમાં સરલ સ્વભાવ વિશેષ રહેલો હોય છે. આથી નિઃસ્વાર્થ બુધ્ધિ અને સરલ સ્વભાવ હોય તોજ પુણ્યનો અનુબંધ બાંધી શકાય છે.

આ પુણ્યનો અનુબંધ માત્ર દેવ, ગુર, ધર્મની આરાધનાથીજ બંધાય એવો નિયમ નહિ પણ માનવ કલ્યાણના સેવાની ક્રિયા એટલે પ્રવૃત્તિ કરવામાં નિઃસ્વાર્થ બુધ્ધિ અને સરલ સ્વભાવ હોય તોય પુણ્યના અનુબંધ પૂર્વકનું પુણ્ય બંધાય છે. સંસારની પણ કોઇ પ્રવૃત્તિ કરતાં સેવા આદિના કાર્યો કરતાં નિઃસ્વાર્થ બુધ્ધિ અને સરલ સ્વભાવ હોય તો પુણ્ય અનુબંધવાળું જરૂર બાંધી શકે છે. માટે જ જ્ઞાનીઓએ નિઃસ્વાર્થ બુધ્ધિ અને સરલ સ્વભાવ આ બે ગુણ ઉપાદેય એટલે ગ્રહણ કરવા લાયક કહ્યા છે કારણકે એજ મોક્ષની રૂચિ પેદા કરવામાં સહાયતા કરે છે.

અનંતી પુણ્યરાશીથી આર્યદેશ, આર્યજાતિ, આર્યકુળ, જૈન જાતિ, જૈન કુળ, દેવ, ગુરૂની સામગ્રી ધર્મ સમજાવનાર ગુરૂ ભગવંતોનો યોગ આ બધું મળેલું છે. સમજવા માગીએ તો સમજી શકીએ એવો જ્ઞાનનો ક્ષયોપશમ ભાવ પણ મળેલો છે. તો પછી ખામી શેની છે ? અનુકૂળ પદાર્થના રાગને ઓળખીને તેમાં વિરાગ પેદા કરી આત્મ કલ્યાણ કરવાનું લક્ષ્ય થતું નથી એ કરવાનો પુરૂષાર્થ નથી એ જ ખરેખર ખામી છે ! માના સંસ્કારની પરંપરા તે જાતિ કહેવાય અને બાપના સંસ્કારની પરંપરા તે કુળ કહેવાય.

સાતક્ષેત્રમાં દાન દેતાં-અનુકંપા દાન કરતાં પુણ્યાનુબંધી પુણ્ય બંધાય જ એવું નક્કી નહિ કારણકે અનુકૂળ પદાર્થોને મેળવવા માટે ઇચ્છા રાખી હોય. પોતાના પાપોને અને દોષોને ઢાંકવા દાન કર્યું હોય તો પુણ્યાનુબંધી પુણ્ય ન બંધાય પણ પાપાનુબંધી બંધાય.

આવશ્યક ક્રિયા વગરનું જ્ઞાન એ અજ્ઞાન રૂપે કહેલું છે. એવી જ રીતે ક્રિયા વગર એકલા જ્ઞાનથી મોક્ષપણ મલતો નથી. માટે બન્ને જોઇએ. જૈન શાસનમાં જ્ઞાન ક્રિયા બન્નેથી મોક્ષ કહેલો છે.

પાપાનુબંધિ પુણ્ય સુખનો રાગ વધારવાનું કામ કરે છે. આથી મળેલી સુખની સામગ્રીમાં પાપ વધારવાનું જ કામ કરે છે. એનાથી બચવા માટે એને ઓળખીને પરિણામ બદલવાનુંજ કામ કરવું પડે તોજ પુણ્યનો અનુબંધ થાય.

શ્રાવકપણામાં નિરતિચારપણે વ્રતોનું પાલન અખંડપણે કરો પણ સરલ સ્વભાવ ન હોય પેદા કરવાનું લક્ષ્ય પણ ન હોય તો પાપનો અનુબંધ પડ્યા કરે.

સાધુપણાથી માંડીને શ્રાવકને લગતી સઘળી ધર્મક્રિયાના અનુષ્ઠાનો-અષ્ટપ્રકારી પૂજા-ચૈત્યવંદન-સામાયિક વગેરે વ્રત-નિયમ વગેરે ક્રિયાઓથી પુણ્ય બંધાય પણ તે પરિણામને આધારીત પુણ્યાનુબંધી કે પાપાનુબંધી બન્નેમાંથી કોઇપણ બાંધી શકાય છે.

જગતના જીવોને પ્રાથમિક પણેજ સુખનો રાગ શરૂઆતથીજ છોડાવવો અગત્યનો છે. જૈન શાસનથી જ આત્મ કલ્યાણની રૂચિનો માર્ગ મળે એમ નહિ એ માર્ગ ગમે તે દર્શનમાં મલી શકે પણ આત્માના ઉત્થાનની સંપૂર્ણ સાંગોપાંગ સામગ્રીનો રાજમાર્ગ માત્ર જૈન શાસનમાંજ છે. બાકી ઇતર દર્શનમાં જન્મેલા જીવો સરલ સ્વભાવ અને નિ:સ્વાર્થ બુધ્ધિથી મનુષ્ય આયુષ્ય બાંધીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઇ આત્મકલ્યાણનો માર્ગ પામી મોક્ષે જઇ શકે છે.

માટે નિ:સ્વાર્થ ભાવે માતા, પિતાની સેવા કરનારને પુણ્યાનુબંધિ પુણ્ય જરૂર બંધાય છે.

ઓઘ દ્રષ્ટિમાં પહેલા ગુણઠાણે રહેલા આત્માઓ જે જૈન શાસન પામેલા નથી-જૈન શાસનનું જ્ઞાન નથી એવા આત્માઓ નિ:સ્વાર્થ બુધ્ધિ અને સરલ સ્વભાવથી મન, વચન, કાયાનો વ્યાપાર કરે છે તેને પણ પુણ્યનો અનુબંધ પડે છે તેથી એજ ભવમાં કે ભવાંતરમાં આત્મકલ્યાણ તરફ લઇ જવાનો અનુબંધ એ સાથે બાંધતો જાય છે.

આવા જીવો બીજા જીવોને દુ:ખી જોઇને પોતે દુ:ખી થાય છે. પોતાની શક્તિ મુજબ દુ:ખ દૂર કરે છે. દૂર કરવાનો પ્રયત્ન પણ કરે છે

છતાં એ જીવોનું દુઃખ દૂર ન થાય તો પોતાના આત્માને એટલે હૈયામાં દુઃખ પેદા થાય છે અને રહ્યા કરે છે અને સતત મનમાં વિચાર ચાલ્યા કરે છે કે મને મળેલી સુખ સાહ્યબી બીજાને ઉપયોગી ન થાય તો તે શું કામની ? આ વિચારણા સતત તેના મનના ઉંડાણમાં ચાલુને ચાલુ રહે છે. આવી વિચારણાથી પણ આ જીવો પુણ્યાનુબંધી પુણ્ય બાંધી શકે છે.

આવા વિચારો આપણા અંતરમાં કેટલો ટાઇમ ચાલ્યા કરે ? આવો વિચાર કદાચ અંતરમાં આવે તો ટકે કેટલો ટાઇમ ? આપણા મનમાં સામાનું દુઃખ જોઇને આવા કોઇ વિચારો આવે કે તેના કર્મો તેવા હશે માટે તે દુઃખ ભોગવે તેમાં આપણે શું ? હું શું કરી શકું ? આપણે પ્રયત્ન કર્યો તો પણ તેનું દુઃખ દૂર થતું નથી તો હું શું કરું ? આપણે આપણું જુઓ. આવા અંતરના ઉંડાણના વિચારોજ બતાવે છે કે આપણને પાપનો અનુબંધ થયા કરે છે. આ વિચારમાં ઉંડે ઉંડે સ્વાર્થ બેઠેલો છે માટે આ વિચારધારા બદલવી જરૂરી છે.

જે વિચાર કુટુંબ માટે કરીએ એવા જ વિચાર જગતના બીજા જીવો માટે કરવાના છે. કારણકે કુટુંબના જીવો સાથે લોહીની સગાઇ એક ભવની છે. જ્યારે મૈત્રી ભાવથી જગતના જીવો સાથેની સગાઇ ભવો ભવની છે. નિઃસ્વાર્થ બુધ્ધિની જગ્યાએ સ્વાર્થ અને સરલ સ્વભાવની જગ્યાએ કપટ પ્રવેશ કરે તો પુણ્યની જગ્યાએ પાપના અનુબંધવાળું પુણ્ય બંધાય.

સુખના પદાર્થો પુણ્યના ઉદયથી મળે છે પણ એ સુખનો સ્વાદ તો પુણ્યના અનુબંધવાળા જીવો જ કરી શકે છે. દરેક ધર્મક્રિયાના અનુષ્ઠાનો કરતાં પુણ્યતો બંધાવાનું જ છે. ધર્મરાજા આંધળો છે. એતો કહે છે કે જે કોઇ મને આચરે-મને સેવે ભગવાનના મંદિરનું પગથીયું ચઢે એને મારે તો આપવાનું જ કામ કરવાનું પણ તેનો ઉપયોગ કેવો કરવો, કેવું પુણ્ય લેવું એ એને પોતાના પરિણામથી વિચારવાનું છે.

કોઇપણ દર્શનમાં, જન્મ આપનાર જન્મ દાતા માતા, પિતાની સેવા નિઃસ્વાર્થ ભાવે કરે તો તે પુણ્ય એવું બંધાય કે જેથી એ ભવમાં

અથવા બીજા ભવમાં આત્મ કલ્યાણ કરવાની સામગ્રી જલ્દી પ્રાપ્ત થાય. બીજાઓની સેવા ભક્તિ કરતાં માતા, પિતાની સેવા વિશિષ્ટ છે કારણકે તેમાં તેમના ઉપકાર પ્રત્યેની ભક્તિનો ભાવ રહેલો છે.

ભક્તિ પણ જ્ઞાનીઓએ બે પ્રકારની કહી છે.

(૧) ભક્તિ રાગ પૂર્વકની ભક્તિ અને

(૨) પ્રીતિ રાગ પૂર્વકની ભક્તિ.

મા બાપ પ્રત્યે ભક્તિ હોય. ભક્તિમાં રાગ ન હોય રાગ હોય ત્યાં ભક્તિ ન હોય પણ સ્વાર્થ હોય છે.

પત્નિના રાગ જેવો રાગ રાખીને ભક્તિ કરાય તે પ્રીતિરાગ કહેવાય છે અને મા બાપની ભક્તિ કરતાં જે રીતે થાય તે રીતે ભક્તિ કરાય તે ભક્તિ રાગ કહેવાય છે. મા બાપ ઉપકારી રૂપે હોય છે. જ્યારે પત્નિ ઉપકારક રૂપે હોતી નથી. પુણ્યાનુ બંધિ પુણ્ય એવી સમજણપૂર્વકનું, જ્ઞાન દ્રષ્ટિથી આત્મકલ્યાણનો માર્ગ દર્શાવનાર એટલે બતાવનાર જગતમાં એક જૈન દર્શન જ છે. ઇતર દર્શનમાં આવી સમજણ જ નથી.

પુણ્યનો અનુબંધ બાંધવા માટે બીજાના દુ:ખે દુ:ખી થવું એ ગુણ કહેલો છે અને દુ:ખી થઇને શક્તિ મુજબ દુ:ખ દૂર કરવાનો પ્રયત્ન છોડવો નહિ. આ ગુણ બરાબર ખીલવટ પામે તો જ આત્મા બીજાના સુખે સુખી થઇ શકે છે. જો પહેલો ગુણ ન હોય તો બીજાનું સુખ જોઇને આનંદ આવવાને બદલે એટલે આનંદ પામવાને બદલે જીવ ઇર્ષ્યા ભાવ પેદા કરીને બળ્યા કરે છે.

ઇર્ષ્યા બીલકુલ ન થવી જોઇએ એને એના પુણ્યથી મળેલ છે. મને મારા પુણ્યથી મળેલ છે. સૌ સૌના પુણ્યોદયથી જીવે છે. તેમાં આનંદ થવો જોઇએ આ તો સામાન્ય કોટિની જ વાત છે ને ? અને આ વાત સૌ ઇતર દર્શનકારો સ્વીકારે છે જ્યારે જૈનદર્શન તો આગળ વધીને કહે છે કે પુણ્યથી મળેલી સામગ્રી રાખવા જેવી-ભોગવવા જેવી-સાચવવા જેવી-વધારવા જેવી નથી પણ છોડવા જેવી જ છે એમ સમજાવે છે. એ વાત આપણે મગજમાં બેસાડવાની છે. જીવનમાં જે કાંઇ ભક્તિ

કરતાં હોઇએ તેનાથી આ વાતને આત્મામાં સ્થિર કરવાની છે.

એવી જ રીતે આપણને કોઇ દુઃખી કરીને અર્થાત્ દુઃખ આપીને સુખી થતો હોય તો ભલે મને દુઃખ આપે એ દુઃખમાં આનંદ કરીને બીજાને સુખી કરવાનો ભાવ રાખી જીવન જીવવું એ પણ પુણ્યનો અનુબંધ પેદા કરાવે છે. આપણા ઉપયોગ માટે ચીજ સામગ્રી લાવ્યા હોઇએ અને કોઇ માગી જાય અને આપી દઇ એના વગર ચલાવી લઇ જીવન જીવવાની ભાવના ખરી ? આવો વિચાર આવે ખરો ? આનંદ પૂર્વક તે આપી દઇને એના વગર ચલાવી લ્યો ખરા ? વિચારધારા બદલાય તો ઇર્ષ્યા ભાવ જાય ને ? આ વિચારથી જીવન જીવે એને ઇર્ષ્યા ભાવ આવે ? આવી વિચારણાવાળા જીવોને નિઃસ્વાર્થ ભાવ પેદા થતાં વાર લાગે ? અને આવા ભાવની વિચારણાથી પુણ્યાનુબંધિ પુણ્ય જીવને બંધાયા જ કરે છે.

માટે આ અભ્યાસ પાડવા પ્રયત્ન કરવાનો છે. (૧) બીજાના દુઃખે હૈયું દુઃખી બનાવવું. (૨) બીજાના સુખે હૈયું સુખી બનાવવું અને (૩) દુઃખ કે તકલીફ વેઠીને બીજાને સુખ થતું હોય તો તે વેઠીને પણ બીજાને સુખી કરવા પ્રયત્ન કરવો. આનાથી જીવો ગુણયુક્ત ગુણસ્થાનકને સહેલાઇથી પ્રાપ્ત કરી આત્મકલ્યાણના માર્ગે ચઢી શકે છે અને સ્થિર થઇ શકે છે પછી એને અનુકૂળ પદાર્થોનો રાગ એટલો પજવશે નહિ-હેરાન કરશે નહિ.

અભવ્યજીવો-દુર્ભવ્યજીવો અને ભારેકર્મી ભવ્યજીવોને નિઃસ્વાર્થ બુધ્ધિ અને સરળ સ્વભાવ આ બે ગુણો ક્યારેય પેદા થઇ શકતા નથી. આ જીવો સુખની અપેક્ષા રાખીનેજ સંસારમાં જીવતા હોય છે અને દેવ, ગુરૂ, ધર્મની આરાધના પણ પરલોકના સુખના હેતુથીજ કરતાં હોય છે. આથી આ જીવો મનુષ્યપણું પામી-ધર્મ સામગ્રીપામી-સંયમનો સ્વીકાર કરી નિરતિચાર ચારિત્રનું પાલન પૂર્વક્રોડ વરસ સુધી કરે અને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ ભાવ લઇને આવેલા હોય તો સાડા નવપૂર્વ સુધીનું જ્ઞાન પણ ભણે દેશના લબ્ધિ પેદા કરે તો પણ પોતાના

આત્મામાં રહેલો અનુકૂળ પદાર્થો પ્રત્યેનો ગાઢ રાગ અને પ્રતિકૂળ પદાર્થો પ્રત્યેનો ગાઢ દ્વેષ જરાય ઓછો થાય નહિ ઉપરથી તે ગાઢ બનતાં જાય છે. આથી પોતાના રાગાદિ પરિણામને ઓળખવાની-એનાથી હું દુઃખી થાઉં છું એવી માન્યતા પેદા કરવાની જરાય બુધ્ધિ પેદા થતી જ નથી.

અનુકૂળ પદાર્થોના રાગને અને પ્રતિકૂળ પદાર્થોના દ્વેષને ઓળખવા માટેનું પુણ્ય ક્યારે ઉપાર્જન થાય ? જ્યારે આ બે ગુણો પેદા થાય ત્યારે જ. લઘુકર્મી ભવ્યાત્મા જીવો જ આ બે ગુણોને પેદા કરી શકે છે.

આપણને પાપના ઉદયથી આવતું દુઃખ જેટલું નુકશાન કરે છે એના કરતાં પુણ્યના ઉદયથી આવતું સુખ અને એ સુખના પદાર્થોને વધારેને વધારે મેળવવાની ઇચ્છા એજ વધારે નુકશાન કરે છે. એવું અંતરમાં ઉંડે ઉંડે બેઠું છે ખરૂં ? આ શાથી જોઇએ ? કારણકે પુણ્યનો અનુબંધ બાંધવા માટે જેમ નિઃસ્વાર્થ ભાવે માતા પિતાની સેવા કીધી છે એમ વૈરાગ્ય ભાવ પણ કહ્યો છે એ વૈરાગ્ય ભાવ આવા વિચારોની સ્થિરતા વિના આવે નહિ માટે સતત એ વિચારણા કરવાની છે.

જેમ જેમ જીવને પોતાના રાગાદિને ઓળખવાની ઇચ્છા થાય તેમ તેમ તેને અંતરમાં થયા કરે છે કે મળેલી સુખની સામગ્રીને સાચવવા-વધારવા વિચારો કરી કરીને કેટલો દુઃખનો કાળ પસાર કર્યો તથા એ સુખની આશામાં ને આશામાં એટલે આજે નહિ તો કાલે દુઃખ જશે અને સુખ મલશે આવી વિચારણાઓ કરી કરીને દુઃખનો કાળ કેટલો પસાર કર્યો અને દુઃખી દુઃખી થઇ ગયો. આવી વિચારણાઓ ચાલુ હોય છે. હજી એનાજ વિચારોમાં જીવ્યા કરીશ તો હજી કેટલા કાળ સુધી દુઃખીને દુઃખી થયા કરવું પડશે માટે એનાથી બચવા શું કરવું એવા વિચારોમાં સ્થિરતા લાવવા માટે પુણ્યથી સુખ મલે અને પાપથી દુઃખ આવે આ શ્રધ્ધા મજબૂત કરવાનું મન થાય. એટલેકે જ્યારે જ્યારે સુખની સામગ્રી મલે ત્યારે અંતરમાં એજ વિચાર આવ્યા કરે કે મારા પુણ્યના ઉદયથી

મલ્યું છે અને જ્યારે જ્યારે દુઃખ આવે ત્યારે મારાજ પાપ કર્મના ઉદયથી આવ્યું છે. એવી વિચારણા અને શ્રધ્ધા તેનામાં બેઠેલી હોય છે. વૈરાગ્ય એટલે શું ? અનુકૂળ પદાર્થોનો રાગ અને પ્રતિકૂળ પદાર્થોનો દ્વેષ એ બેને ઓળખીને એનાથી પ્રતિપક્ષી રૂપે પરિણામને સ્થિર કરીને એટલે અનુકૂળ પદાર્થો પ્રત્યે દ્વેષ અને પ્રતિકૂળ પદાર્થો પ્રત્યે રાગની સ્થિરતા કરીને જીવન જીવવું એટલેકે સુખમાં લીન ન થવું અને દુઃખમાં દીન ન થવું એવી રીતે જીવન જીવવું એને જ્ઞાની ભગવંતોએ વૈરાગ્ય કહ્યો છે. આ વૈરાગ્ય પણ પુણ્યાનુબંધી પુણ્ય બંધનું કારણ કહેલું છે. આ સામાન્ય વૈરાગ્ય છે આવા વૈરાગી જીવને હજી અપુનર્બંધક દશા પ્રાપ્ત થયેલી નથી. એ અપુનર્બંધક દશા પ્રાપ્ત કરવા માટે રાગ દ્વેષના પરિણામને આ રીતે ઓળખવા પડશે જન્મ મરણની પરંપરા વધતી જાય છે તેને અટકાવવા માટે રાગ દ્વેષને ઓળખીને પ્રતિપક્ષી પરિણામની વિચારધારા પેદા કરવાની છે.

ધર્મમાં પુરૂષાર્થ જરૂરી છે. જ્ઞાનીઓ કહે છે કે સંસારમાં પુણ્ય પ્રધાન અને ધર્મમાં પુરૂષાર્થ પ્રધાન કહેલું છે.

સાચું ખોટું સમજી સાચાને ઓળખી તે રીતે જીવન જીવવા માટે અને ખોટાને ઓળખી તેનો ત્યાગ કરવા માટે જીવનમાં ભણતર લેવાનું કહ્યું છે. ભણશે નહિ તો ખાશે શું ? આ વિચાર ધારા મિથ્યાદ્રષ્ટિ જીવોની હોય છે પણ સમકીતી જીવોની હોતી નથી.

ઇતર ધર્મીઓમાં નરસિંહ મહેતા-મીરાંબાઇ વગેરેને પાપથી દુઃખજ આવે અને પુણ્યથી જ સુખ મલે એવી શ્રધ્ધા હતી એ શ્રધ્ધાના બળે ભગવાનના ભજનમાં-એના વિચારોમાં સ્થિર થઇ શક્યા પણ એમનો વૈરાગ્ય દુઃખ ગર્ભીત હતો પણ જ્ઞાન ગર્ભિત નહોતો માટે પહેલું ગુણસ્થાનક હતું. સમકીત નહોતું. માટે સમકીતી ન કહેવાય છતાંય ભગવાનમાં એવી અટલ શ્રધ્ધા હતી કે મારો ભગવાન મને ભૂખ્યો રાખવાનો નથી. આજે ભગવાન પ્રત્યે આટલીયે શ્રધ્ધા છે ?

સમકીત પામવા માટે કેટલી સ્થિરતા-કેટલી સમતા અને કેટલી

પરિણતિ કેળવવી પડશે ?

આપણો નંબર તો લગભગ સ્વાર્થ માટે પ્રવૃત્તિ કરવામાં આવે એમ લાગે છે અને એના કારણે પાપનો પુરવઠો ભેગો કરતાં હોઇએ એમ લાગે છે.

આજે ધર્મની આરાધના કરતાં જે પુણ્ય બંધાય છે તે નફારૂપે-વકરારૂપે કે ખોટરૂપે બંધાય છે એનો પણ વિચાર કરીએ છીએ ? આવા વિચારો નિઃસ્વાર્થ ભાવે દેવ, ગુરૂ, ધર્મની આરાધના કરનારાને આવે અને તોજ નફારૂપે પુણ્ય ગુણાકાર રૂપે એટલે અનુબંધરૂપે બંધાતું જાય.

આજે જે સુખની સામગ્રી મલી છે તે મારા પુણ્યથી મળેલી છે. કદાચ બીજા દિવસે આ સામગ્રી ન મલે તો વિચાર આવે કે પુણ્ય નથી માટે ન મલી પણ કેમ ન મલી ? શું થયું ? આવા વિચારો ન આવે એ કોના માટે બને ? સરળ સ્વભાવવાળા જીવો હોય એને ! એ વખતે જે મલ્યું હોય તેમાં મને આટલું પણ મલ્યું ને ? એમ સંતોષ માનવાનો હોય છે આથી જ પાપના ઉદયમાં સમાધિ રાખવાની છે.

વર્તમાનમાં જેટલું પુણ્ય ભોગવીએ છીએ તેટલું ય પુણ્ય ભવાંતર માટે બંધાય છે ખરૂં ? એનો કદી વિચાર કર્યો છે ? માટે જ દેવ, ગુરૂ, ધર્મની જેટલી આરાધના કરીએ છીએ તે વૈરાગ્ય પૂર્વક કરવાની છે જેનાથી પુણ્ય ગુણાકાર રૂપે બંધાતું જાય.

જે સુખની સામગ્રી મને મળી છે તેના કરતાં હજી વધારે મેળવવાની ઇચ્છા થયા કરે છે માટે આ સુખનો રાગ ઇચ્છાઓથી મને દુઃખ પેદા કરે છે. આથી જ આ સામગ્રીનું સુખ એ સાચું સુખ નથી જરૂર આનાથી ચઢીયાતું સુખ-સારૂં સુખ બીજું હોવું જોઇએ એવો અવાજ આપણા આત્મામાંથી આવે છે ખરો ? સુખને હાશ કરવાથી ઉપયોગ કરતાં દુઃખની પરંપરા વધે છે. માટે સુખને ઉપયોગમાં લેતાં એને ઓળખીને એનાથી સાવચેતી રાખીને ઉપયોગ કરવો કે જેથી દુઃખની પરંપરા વધે નહિ.

પાપથી દુઃખ આવે-પુણ્યથી સુખ મલે એમ જાણવાં છતાં જગતના

જીવો જે પાપ કરે છે એ શેના માટે કરે છે ? દુઃખ મેળવવા કે સુખ મેળવવા ? જો અધિક સુખ મેળવવા માટે પાપ કરીએ અને એ પાપથી પાછું દુઃખ જ આવે તો પછી દુઃખ વધારે ખરાબ કહેવાય કે સુખ વધારે ખરાબ કહેવાય ? જે ચીજ અનેક પ્રકારના પાપ કરાવીને આત્માને દુઃખી કરે એ ચીજ જ વધારે ખરાબ કહેવાયને ? તો એવી ચીજ કઇ છે ? તો સુખ અને સુખની સામગ્રી. તો પછી એ વધારે ખરાબ લાગે છે ?

સુખના પદાર્થોમાં રાગ કર્યા વગર વૈરાગ્ય ભાવ પેદા કરીને જીવન જીવવાની શક્તિ આ વિચારથી પેદા થાય છે. આ વિચારોની જેટલી સ્થિરતા એટલું જીવન વધારે વૈરાગ્યવાળું હોય. આ વિચારણા જૈન શાસન સિવાય બીજા કોઇ દર્શનમાં નથી માટે જ્ઞાની ભગવંતો આપણને સમજાવવા માટે પ્રયત્ન કરી રહ્યા છે.

પુણ્યથી મળેલું જેટલું સુખ ભોગવો એટલું દુઃખ વધશે આ વિચારણા આપણા અંતરમાં કેટલો ટાઇમ પેદા થાય ?

ઘર આપણા માટે કેવું ? છોડવા જેવું જ. રહેવા જેવું નહિ જ કારણકે ઘર એ પાપનું સ્થાન છે. ઘરમાં મારાપણાની બુધ્ધિથી રહેવામાં પાપનો ઉદય છે એમ કહેવાય. છોડવા લાયક જ છે-નથી છોડી શકાતું-છોડીને જીવન જીવવાની તાકાત નથી માટે બેઠા છીએ આવું જ જ્ઞાન જૈનકુળમાં જન્મેલા છોકરાઓને અપાય.

સુખની ઇચ્છાથી સુખની તૃપ્તિ થતી નથી. સુખના પદાર્થો પુણ્યોદય હોય તો મલીપણ જાય તોયે બીજા પદાર્થોને મેળવવાની ઇચ્છાઓ તો ચાલુ જ રહે છે માટે જ્ઞાનીઓ એને સુખ કહેતા નથી. સુખ તો એવું હોવું જોઇએ કે જે મલ્યા પછી બીજી ઇચ્છાઓ પેદા જ ન થાય એવું સુખ દુનિયામાં જરૂર છે અને એજ સુખને જ્ઞાની ભગવંતો વાસ્તવિક સુખ કહે છે.

આ વાત ત્યારેજ સમજાય કે સુખની આશાએ અને ઇચ્છાઓએ જ મને દુઃખી કર્યો છે એમ લાગે તોજ સમજાય.

પુણ્યોદયથી મળેલા સુખના પદાર્થોમાં સંતોષ પેદા થાય છે ખરો ? કે પછી અધિક સુખની ઇચ્છા વધે છે ?

આ સુખ કરતાં પેલું સુખ ચઢીયાતું કહેવાય એવી વિચારણા થવાની કે નહિ થવાની ? આવી ઇચ્છાઓને જ પાપ કહેવાય. આ ઇચ્છાઓ આ ભવમાં-પરભવમાં અને ભવોની પરંપરા પેદા કરવામાં સહાય કરે છે. માટે જે પદાર્થ આપણી ઇચ્છાની પૂર્તિ કરે તેને જ જ્ઞાની ભગવંતો સુખ કહે છે. દુનિયામાં એવો કોઇ પદાર્થ છે કે જે આપણી ઇચ્છાઓની પૂર્તિ કરે ? આથી સુખ કોને કહેવાય એ સમજી લો. આ પદાર્થો દુઃખ રૂપ કેમ છે તે ઓળખી લો. આપણે તો આ પદાર્થો આજે નહિ તો કાલે બે દિવસ પછી-પંદર દિવસ પછી-મહિના પછી-બે મહિના પછી-છ મહિના પછી કે વર્ષ પછી કામ લાગશે એમ વિચારણાઓ કરી કરીને જે જે પદાર્થોનો સંગ્રહ કરીએ છીએ તેનાથી જ દુઃખની પરંપરા વધારી રહ્યા છીએ માટે એ બધા પદાર્થો દુઃખ રૂપ છે એમ લાગવું જ જોઇએ તોજ જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય પેદા થાય. પાપની પ્રવૃત્તિ કરાવનાર પદાર્થો કદી સુખ આપે ખરા ? માટે જ જ્ઞાનીઓ કહે છે કે તે પદાર્થો સુખ નહિ પણ એકાંતે દુઃખ આપનારા જ છે. આ વિચારણા અંતરમાં સ્થિર કરવાની છે. દેવ, ગુરૂ, ધર્મની આરાધના કરતાં કરતાં આ વિચારણા કરવાની છે તોજ સાચું સુખ કયું એ મેળવવાની ઇચ્છા થશે અને તોજ ખ્યાલ આવશે કે એ સુખ આપણા આત્મામાં જ છે. દુનિયાના કોઇ પદાર્થોમાં એ સુખ રહેલું નથી. આપણે મહેનત કરીને તે સુખની આંશિક અનુભૂતિ કરીએ પછી બીજા સુખની ઇચ્છા પેદા થતી જ નથી કારણકે બીજા પદાર્થોમાં એવું સુખ એને લાગતું જ નથી. આ જ જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. માટે જૈન દર્શનનો વૈરાગ્ય ભાવ સદા માટે ઉચ્ચ કોટિનો છે. જ્યારે ઇતર દર્શનનો વૈરાગ્ય ભાવ દુઃખ ગર્ભિત છે માટે તે ઉચ્ચ કોટિનો ગણાતો નથી.

આ આંશિક સુખની અનુભૂતિમાં પેલી બધી સુખની ઇચ્છાઓની પૂર્તિ થાય છે. ઇચ્છાઓને સંયમિત કરવાની તાકાત એનામાં છે. પેલું

સુખ અનેક પ્રકારની પાપની ઇચ્છા પેદા કરાવીને દુઃખની પરંપરા વધારનાર છે. જ્યારે આત્માના સુખની આંશિક અનુભૂતિ એવી છે કે તેમાં દુનિયાના સુખની ઇચ્છા પેદા થવાની નથી. એનામાં એવી તાકાત છે કે અનુકૂળ પદાર્થોના રાગને અને પ્રતિકૂળ પદાર્થોના દ્વેષને એટલે ગ્રંથીને ઓળખાવે છે અને એ ઓળખાણથી જ એ સુખના પદાર્થોથી સાવચેતી પૂર્વક જીવન જીવવાની શક્તિ પેદા થાય છે.

આ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય આપણા અંતરમાં ખરો ? જીવન તો જીવવાનું જ છે પણ કેવી રીતે જીવવું એ આપણા હાથની વાત છે. મીરાંબાઇ-નરસિંહ મહેતા વગેરેનો વૈરાગ્ય ઢાંકેલા અગ્નિ જેવો છે. અગ્નિ ઉપર રાખ ઢાંકેલી હોય અને તે પવન આવવાથી ઉડી જાય અને અંગારો પ્રજ્વલિત થઇ જાય એવો છે તેમ તે આત્માઓને સુખની સામગ્રી પ્રાપ્ત થઇ જાય તો તે વૈરાગ્ય હટી પણ જાય અને એ સુખ ભોગવવામાં પડી જાય.

માટે જ જ્ઞાનીઓ કહે છે કે આત્માના સુખની આંશિક અનુભૂતિ પેદા થયા પછી જ એને વિચાર આવે કે જે પદાર્થોમાં સુખ નહોતું એ પદાર્થોમાં સુખની કલ્પના કરીને સુખની ઇચ્છાઓ કરીને જે દોડધામ કરતો હતો એતો દુઃખ રૂપ જ છે એમ લાગે. આવી વિચારણા તો જ્ઞાન ગર્ભિત વૈરાગ્યવાળાને જ આવે. જીવન તો દુઃખગર્ભિત અને જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળા બન્ને જીવવાના જ છે. દુઃખગર્ભિત વૈરાગ્યમાંથી જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કોકને જ એટલે લઘુકર્મીને જ થાય. સાતમે મજલેથી પડતું મૂકનારામાંથી કોક જ બચે બધાજ બચી જાય એવું નહિ એની જેમ જાણવું. અભવ્ય-દુર્ભવ્ય-ભારે કર્મી ભવ્ય જીવ અને એકવાર સમકીત પામી દુર્લભ બોધિ થયેલા જીવોને આવું જ્ઞાન પેદા ન થાય.

જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય આત્મામાં કાયમ જેટલો ટકી રહે તેટલો મોક્ષ એમ કહેવાય. સંપૂર્ણ ઇચ્છા રહિતપણાનું સુખ તેનું નામ મોક્ષ. જીવ દુર્ગતિમાં ગયા પછી જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય પકડી રાખે તો સાથે રહે અને જો છોડી દે તો છૂટી પણ જાય. જ્ઞાન ગર્ભિત વૈરાગ્યની હાજરીમાં

રહેલા જીવો શુભ અશુભ બન્ને પ્રકારના કર્મોનો બંધ કરી શકે છે તેમાં શુભકર્મ વધારે રસવાળા અને અનુબંધ રૂપે બાંધી શકે છે. જ્યારે અશુભ કર્મો અલ્પરસે બાંધી શકે છે. જો તેમાં આયુષ્યનો બંધ પડે તો નિયમા સદ્ગતિનું આયુષ્ય બાંધી શકે છે.

ભગવાનની મૂર્તિના દર્શન વિશેષ રૂપે કરવાથી-વારંવાર કરવાથી આપણી પાપની ઇચ્છાઓનો નાશ થાય છે. એ મૂર્તિમાં એવી તાકાત છે કે જે દુનિયાના કોઇપણ પદાર્થમાં નથી. પુણ્યથી પદાર્થ મળે તો તેથી પાપની ઇચ્છાઓનો નાશ થતો નથી જે મળે એનાથી ચઢીયાતું મેળવવાની ઇચ્છા થાય જ છે એજ સર્વ પાપનું મૂળ છે એમ જ્ઞાનીઓ કહે છે. **દા.ત.** પેંડા ખાવા મલ્યા તો ખાતા બહુ સારા છે એમ થાય અને સાથે સાથે આજે જ બધા ખાઇ લઇશ તો કાલે શું ખાઇશ આ જે વિચાર પેદા થાય-બીજા દિવસ માટે રાખવાની ઇચ્છા થાય તે ઇચ્છા પૂર્વકનો પદાર્થ કહેવાય છે. જ્યારે ઇચ્છાના સંયમવાળો પેંડા મલ્યા છે તો તે દિવસે ખાવાના પણ કાલની ચિંતા કે સ્વાદની ચિંતા ન કરે. સ્વેચ્છાએ વિચારીને ઇચ્છાનો ત્યાગ કરે તે ઇચ્છા નિરોધ કહેવાય છે. માટે જ જીવન ઇચ્છા નિરોધ કરીને જીવતા શીખવું જોઇએ. એટલે કે રાગનો ત્યાગ કરવાનો અને ત્યાગનો રાગ એટલે સ્વેચ્છાએ સ્વીકાર કરવાનો કહ્યો છે. ઇચ્છા નિરોધ કરીને જીવનાર એમ વિચારે કે ઇચ્છા કરી કરીને મારે મારા આત્માને દુઃખી કરવો નથી. ઇચ્છા કરીને જીવન જીવવામાં એને દયા આવે છે આવું જ્ઞાન પેદા થાય તેને જ્ઞાનીઓએ ગુણયુક્ત ગુણસ્થાનકની શરૂઆત કહી છે. તેથી જ દેવ, ગુરૂ, ધર્મની ક્રિયાઓને જ્ઞાની ભગવંતોએ આવશ્યક કરણી રૂપે કહી છે. આવા અનુષ્ઠાનો પણ કરણી રૂપે કહ્યા છે.

સંસારીક ઇચ્છાઓ વાળું જીવન જેમને અકારું લાગે તેનેજ જ્ઞાની ભગવંતો એ વૈરાગ્ય ભાવવાળું જીવન કહેલું છે.

આહાર-ભય-મૈથુન અને પરિગ્રહ સંજ્ઞાઓમાં જીવો એવા ગુંથાયેલા છે કે એમાં સુખ મેળવવાની ઇચ્છાઓનો અંત હજી સુધી

આવ્યો જ નથી. ઉપરથી સંજ્ઞાઓ ઇચ્છા રૂપે વધતી જ જાય છે. એ ઇચ્છાઓને સંયમીત કરીને એટલે એ સંજ્ઞાઓને સંયમીત કરીને જીવન જીવવાનો પ્રયત્ન કરવો એને જ જ્ઞાનીઓએ પહેલું ગુણસ્થાનક વાસ્તવિક રૂપે કહેલું છે.

જૈન શાસન કયા વૈરાગ્ય ઉપર ભાર આપે છે એ સમજાયું ને ? વૈરાગ્ય ત્રણ પ્રકારના હોય છે. (૧) મોહ ગર્ભિત વૈરાગ્ય, (૨) દુઃખ ગર્ભિત વૈરાગ્ય અને (૩) જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય. પહેલા બે વૈરાગ્યની કોઇ કિંમત જૈન શાસનમાં નથી અને ત્રીજો જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય ભાવ પેદા કરવામાં નિઃસ્વાર્થ બુધ્ધિ અને સરળ સ્વભાવ જરૂરી છે. એ વૈરાગ્ય ભાવ પેદા થયા પછી જ ઇચ્છાઓનો નિરોધ એટલે સંયમ થતો જાય છે જેના કારણે આત્માને આંશિક સુખની અનુભૂતિ થાય છે.

પુણ્યાનુબંધિ પુણ્ય બાંધવામાં હવે વિધિવત્ જિનપૂજનમ્ કારણ કહ્યું છે.

જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ભાવ પેદા થયેલો હોય અથવા પેદા કરવાનું લક્ષ્ય હોય તો જિનપૂજા કેવી રીતે કરવી ? વિધિપૂર્વક. એવીજ રીતે ધાર્મિક ક્રિયાઓ સામાયિક-પૌષધ વગેરે વિધિ પૂર્વક કરવા માટે તેનું નિરિક્ષણ કરી કરીને આગળ વધવાનો પ્રયત્ન કરે છે તે પુણ્યાનુબંધિ પુણ્ય બાંધવાનું કારણ કહેલું છે.

જિનપૂજા કરતાં જો એમ વિચારે કે નથી કરતાં તેના કરતાં જેટલું કરીએ એટલું સારૂં અમારા માટે આટલું ઘણું છે. ન્હોતા કરતાં એના કરતાં આટલુંય કરતા થયા ને ? આવા બધા પરિણામની વિચાર ધારાને જ્ઞાનીઓએ ધીઠ્ઠો પરિણામ કહેલો છે. કારણ આ પરિણામ જીવને આગળ વધવા-વિધિપૂર્વક કરવામાં સહાયભૂત થતો નથી માટે આ વિચારો પાપનું કારણ બને છે. અવિધિથી થતી ક્રિયાનું દુઃખ હોવું જોઇએ. અવિધિ ક્યાં થાય છે એ ઓળખીને વિધિપૂર્વક કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. જ્ઞાની ભગવંતોના કહ્યા મુજબ વિધિપૂર્વક નહિ કરી શકવા બદલ અંતઃકરણ પૂર્વકનું દુઃખ થવું જોઇએ. વિધિપૂર્વક કરવાની

અંતરમાં ભાવના ન હોય તો જીવ પાપનો અનુબંધ કરીને સંસાર વધારતો જાય છે.

જ્ઞાન ગર્ભિત વૈરાગ્યભાવનો પરિણામ જેટલો દ્રઢ થતો જાય એનાથી ભય દૂર થતો જાય છે અને નિર્ભયતા તથા અભયગુણ પેદા થતો જાય છે. એ નિર્ભયતાના પ્રતાપે વિચાર કરતો જાય છે કે ઉંચી કોટિનું જીવન જીવવાની શક્તિ મળે (પેદા થાય) એ માટે મારે વિધિવત્ ક્રિયા કરવી જ જોઇએ. અને આવી વિધિવત્ ક્રિયા કરવાથી તેનામાં અખેદ ભાવ પેદા થતો જાય છે. એટલે કે અત્યાર સુધી દર્શન, પૂજન વગેરે ક્રિયા જીવનમાં જે કરતો હતો તે ખેદ પૂર્વક કરતો હતો એટલે કે કરવા માત્ર કરતો હતો. અનુકૂળતાઓને સાચવીને અનુકૂળતાઓમાં જરાય વિક્ષેપ ન પડે એ માટે કરતો હતો હવે નિર્ભયતાના કારણે જેના પ્રતાપે દુઃખની ચીજ કઇ છે દુઃખ પેદા કરનારું મૂળ કયું છે. એની ઓળખાણ પેદા થઇ જેના પ્રતાપે તે સામગ્રીમાં ભયભીતતાના વિચારોથી જીવન જીવતો હતો તે ભયભીતતા દૂર થઇને નિર્ભયતા આવી. એવા ઉપકારીનાં દર્શન-પૂજન આદિ ક્રિયાના અનુષ્ઠાનો અખેદ ભાવથી એટલે ઉલ્લાસપૂર્વક કર્તવ્યરૂપે માનીને કરતો જાય છે. આ રીતે અખેદ રીતે ક્રિયાના અનુષ્ઠાનોનું સેવન કરવાથી આત્મામાં નિર્મળતા પેદા થતી જાય છે. આ નિર્મળતાના કારણે સંસારના અનુકૂળ પદાર્થોમાં જે આકળ વિકળતા થતી હતી તે બંધ થઇ જાય અને પ્રતિકૂળ પદાર્થોમાં હાય વોય થતી હતી તે સમાધિથી વેઠવાની શક્તિ પેદા થતી જાય છે એટલે અનુકૂળ-પ્રતિકૂળમાં જીવન કેમ જીવવું એ જીવવાની કલાનું બીજ પેદા થતું જાય છે.

આ એક બીજા ગુણો એક બીજાની સાથે સાંકળની જેમ સંકળાયેલા છે. આ બધાય ગુણો ઓતપ્રોત થઇને આત્મિક ગુણો પ્રગટાવવામાં સહાયભૂત બનતા જાય છે. આ બધું પહેલા ગુણસ્થાનકે બનતું જાય છે. આથી જ જૈન શાસનનો વૈરાગ્ય ભાવ ખૂબ જ ઉચ્ચ કોટિનો છે એમ કહેવાય છે. ઇતર દર્શનોમાં આવો વૈરાગ્ય હોતો નથી.

કદાચ ઇતર દર્શનનાં દુઃખ ગર્ભિત વૈરાગ્ય વાળાજીવોને જૈન દર્શનના વિચારો ધ્યાનમાં આવી જાય એની સ્થિરતામાં એકાકાર થવાય તેવા સદ્‌ગુરૂનો યોગ પણ મલી જાય તો એને જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય ભાવ આવવાની એટલે પેદા થવાની શક્યતા ખરી. આવી અનુભૂતિ થાય એટલે શ્રી જિનેશ્વર દેવને ઉપકારી માનીને તેની વિધિવત્ દર્શન-પૂજા કરવામાં એને એટલો બધો આનંદ આવે કે તેનાથી તેનામાં નિર્ભયતાનો ગુણ પ્રગટે. આથી જ જે ક્રિયા ખેદ પૂર્વક થતી હતી તે હવે અખેદ રીતે કરતો જ જાય છે.

આ રીતે અભય ગુણ અને અખેદ ગુણ પેદા થયા પછી અદ્વેષ ગુણ પેદા થાય છે. અદ્વેષ ગુણ એટલે અત્યાર સુધી બીજાનો નાનો દોષ મોટો કરીને જોતો હતો. પોતાનો મોટો દોષ ઢાંકવા પ્રયત્ન કરતો હતો. બીજાનો મોટો ગુણ ગૌણ કરતો હતો અને તે ગુણમાં પણ દોષ શોધતો હતો. પોતાનામાં ગુણ ન હોવા છતાં ગુણોને આગળ ધરીને બીજાની પાસે ગાતો હતો, બોલતો હતો. આના કારણે બીજા ગુણીયલ જીવો પ્રત્યે દ્વેષ ભાવ પેદા થતો હતો તે હવે રહેતો નથી. આવો સ્વભાવ બને એટલે અદ્વેષભાવ પેદા થયો કહેવાય. અનાદિ કાળનો સ્વભાવ બીજાના દોષો જોવાનો જે પડેલો છે તેના કારણે હવે દોષો જોવાનું મન થશે તો પોતાના જ દોષો જોશે. બીજાના નાના ગુણોને જોઇને પોતાનામાં આ ગુણ નથી. આ દોષો રહેલા છે માટે એ ગુણ પેદા થતો નથી માટે એ દોષોને ઓળખીને દોષોને દૂર કરવાનો પ્રયત્ન કરી બીજાના જેવા ગુણો પેદા કરવાનો પ્રયત્ન કરતો જશે.

એવી ઇચ્છા પેદા કરતો જાય છે. તથા કદાચ બીજાના દોષો દેખાઇ જશે તો વિચારશે કે એ અજ્ઞાન છે માટે એનામાં દોષો હોય. હું અજ્ઞાન હતો તો મારામાં પણ આવા દોષો અને એનાથી અધિક દોષો હતા તો એનામાં હોય તેમાં શું નવાઇ ? આવી વિચાર ધારાઓથી એના પ્રત્યે દ્વેષભાવ પેદા થતો હતો તે હવે થશે નહિ. અજ્ઞાન જાણીને એની ઉપેક્ષા કરવાની ભાવના થશે. આવી વિચારધારાઓથી જીવ પુણ્યાનુબંધી

પુણ્ય બાંધતો જાય છે. આવા વિચારધારાની સ્થિરતાવાળા જીવોને પહેલું ગુણસ્થાનક હોય. આશ્રવની ક્રિયા જીવનમાં ચાલુ હોય છતાં તે ક્રિયા સંવરનું કારણ બનતી જાય છે. ઘર, પેઢી, કુટુંબ, પરિવાર, પૈસા, ટકાની પ્રવૃત્તિ કરવા છતાં એ ક્રિયાને આશ્રવની ક્રિયા રૂપે ઓળખી એટલે પાપની ક્રિયા રૂપે ઓળખી આત્મ કલ્યાણ કેમ કરવું એ વિચાર હોવાથી પુણ્યાનુબંધી પુણ્યનો બંધ કરે છે.

આત્મામાં કર્મોનું આવવું તે આશ્રવ. આત્મામાં આવતાં કર્મોને રોકવા તે સંવર કહેવાય છે.

ઇતર દર્શનોમાં આશ્રવનું રોકાણ કરવાની તાકાત નથી માટે જ જૈન દર્શનની-જૈન શાસનની કિંમત મહાપુરુષોએ મૂકી છે. જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય ભાવના પરિણામ પેદા થાય તો અશુભ ક્રિયાઓ જીવનમાં ચાલુ હોવા છતાં પાપરૂપ કર્મો આવતાં અટકી જાય છે. અભય, અખેદ, અદ્વેષ ગુણના બીજની શરૂઆત થવા માંડે એટલે જીવ નિર્ભય બનતો જાય. તેનામાં નિર્ભયતા વધતી જાય છે. આ ગુણોના પ્રતાપે ધર્મની પ્રવૃત્તિઓ જે ખેદ પૂર્વક થતી હતી તે અખેદ રીતે ચાલુ થઇ જાય છે અને સંસારની પ્રવૃત્તિઓ જે આનંદ પૂર્વક કરતો હતો તેને બદલે રસ વગર ખેદ પૂર્વક પ્રવૃત્તિ થતી જાય છે. અત્યાર સુધી જે ક્રિયાઓ હોંશ પૂર્વક કરતો હતો તે ક્રિયાઓ કરવી હવે ગમશે નહિ આટલો ફેરફાર પરિણામોમાં થવા માંડે છે.

મિથ્યાત્વનો ઉદય હોવા છતાં ઢાળ બદલાયો છે માટે પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. હજી તો રાગાદિ પરિણામની ઓળખ જ થઇ છે. ઓળખના કારણે સંસારની પ્રવૃત્તિ ખેદ પૂર્વક ચાલુ થઇ શકે છે તો પછી આગળના પરિણામ પેદા થતા જાય ગ્રંથી ભેદ થતો જાય તો પરિણામ કેવા હોય એ વિચાર કરવાનો છે !

મળેલા અનુકૂળ પદાર્થો ચાલ્યા તો નહિ જાય ને ? ચાલ્યા જશે તો હું શું કરીશ કેવી રીતે એના વગર જીવન જીવીશ એવી જે વિચારણાઓ એ ભયભીત વિચારણાઓ કહેવાય છે. અનાદિકાળના

અભ્યાસના કારણે ભયભીતની વિચારણાના સંસ્કારો દ્રઢ થયેલા છે તેથી ધર્મની આરાધના કરતાં કરતાં એ રીતે જ જીવન જીવાય છે. એને ઓળખવાનો પ્રયત્ન કરવાનો છે.

પર પદાર્થોમાં પરતંત્રતાના વિચારો-ભયના વિચારો મોહનીય કર્મના ઉદયથી ચાલ્યા કરે છે. આ બધા વિચારો જીવના અનાદિ કાળના છે. એ વિચારોને ઓળખી એનાથી છૂટવાનો પ્રયત્ન કરવા માટે જગતમાં શાસન રહેલું છે.

જૈન એટલે મોહનીય સામે લડવામાં શૂરવીર હોય તે.

આ અનાદિના સંસ્કારોને ભૂંસવા માટે જ્ઞાન ગર્ભિત વૈરાગ્યની જરૂર છે. એ વિચારથી નિર્ભયતા આવે. દેવ, ગુરૂ, ધર્મની પ્રવૃત્તિ અખેદ રીતે થતી જાય. એનાથી અદ્વેષ ભાવ આવે એના પ્રતાપે દુનિયાના અનુકૂળ પદાર્થોમાં નિર્લેપ ભાવ આપો આપ પેદા થતો જાય છે એ નિર્લેપ ભાવના આનંદથી હવે સુખ ક્યાં છે એ શોધવાનું મન પર પદાર્થોમાં થતું નથી પણ આવું સુખ મોક્ષમાં છે અને તે મારા આત્મામાં રહેલું છે એને પેદા કરવાની જે ભાવના વિચારણા થાય તેને માટેનો પ્રયત્ન કરવાનું મન થાય એજ અપુનર્બંધક પરિણામ કહેલો છે.

વિધિવત્ જિનપૂજનમ્ એટલે માત્ર ટીલાં જ કરવા એવું નથી પણ જીનાજ્ઞા મુજબ જીવન જીવવું તે છે. સાધુપણામાં કે શ્રાવકપણામાં વિધિપૂર્વક જિનાજ્ઞા મુજબ જીવન જીવવું તે પુણ્યાનુબંધી પુણ્ય બંધાવે છે.

પહેલા ગુણસ્થાનકે ઢાળ બદલીને જીવન જીવવા માંડે એટલે જીવન જીવવાની કળા તેનામાં પેદા થતી જાય છે. જે જીવનથી પાપનો અનુબંધ કરતો હતો તે હવે પુણ્યનો અનુબંધ કરતો થયો.

જ્ઞાન ગર્ભિત વૈરાગ્યથી પાપની ક્રિયામાં પણ પાપને ઓળખીને પુણ્યનો અનુબંધ કરતો જાય પછી પશ્ચાતાપ કરીને તે પાપની ક્રિયાની ગર્હા કરતો જાય આને જ આંજી જુંજી અનુભૂતિ કહી છે. અશુભની ઓળખાણ જ ન હોય તો પછી પાપની ગર્હાપણ શી રીતે કરી શકે ?

દુઃખના લેશ વગરનું પરિપૂર્ણ અને આવ્યા પછી નાશ ન પામે એવું શાશ્વત સુખ આપણે મેળવવાનું છે. એવું લક્ષ્ય પેદા કરી સતત વિચારણા ચાલુ રાખવી પડશે. આ માટે પૈસો એકાંતે દુઃખરૂપ છે. ઇચ્છાઓને કોઇ જ મર્યાદા નથી માટે એનાથી સાવધ રહેવું પડશે. આ વિચારણા સતત ચાલુ રાખવી પડશે તોજ આશ્રવની ક્રિયા સંવરરૂપ બનશે. તોજ પુણ્યાનુબંધિ પુણ્ય બંધાતું જશે.

## પાપાનુબંધી પુણ્ય

પુણ્ય બાંધતા બાંધતા આત્માને જેટલો અશુભ વિચાર પેદા થાય તેના કારણે તેનું બંધાયેલું પુણ્ય પણ પાપમાં ફેરવાઇ જાય છે. સમકીત પામેલો આત્મા ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનકે રહેલો હોય અને અપ્રશસ્ત ક્રોધ-માન-માયા કે લોભને આધીન થઇ જાય તો બંધાયેલો પુણ્યનો અનુબંધ પણ પાપ રૂપે બની જાય અને વખતે નિકાચીત પણ થઇ જાય તેના કારણે ભોગવ્યા વિના ચાલે નહિ એવું પણ બની શકે છે. છઠ્ઠા ગુણસ્થાનક સુધી પ્રમાદ પણ આ રીતે કર્મબંધનું કારણ થઇ શકે છે માટે જીવે છઠ્ઠા ગુણસ્થાનક સુધી સતત સાવધગીરી રાખવી પડે છે. જો સાવધ ન રહે અને અપ્રશસ્ત કષાયને પ્રમાદના કારણે આધીન બની જાય તો પુણ્યનો અનુબંધ પાપમાં ટ્રાન્સફર થઇ જાય છે.

શ્રી મલ્લિનાથ ભગવાનના આત્માએ ત્રીજા ભવે જ્યારે તીર્થંકર નામકર્મ નિકાચીત કરેલું છે તેજ ભવમાં એવી બીના બનેલી છે કે તે ભવે પાંચ મિત્રોની સાથે સંયમનો સ્વીકાર કરેલો છે. નિરતિચાર પણે મિત્રોની સાથે સૌ સુંદર રીતે સંયમનું પાલન કરી રહ્યા છે. સૌ એક સાથે તપ પણ સુંદર રીતે કરી રહેલા છે. તેમાં ગુરુ ભગવંત પાંચ મિત્રોનાં તપનાં વખાણ કરે છે. પણ શ્રી મલ્લીનાથ ભગવાનના આત્માના તપના વખાણ કરતાં નથી. બસ આના કારણે એ આત્માને પોતાના વખાણ ગુરૂ કરે એવી ભાવના પેદા થઇ છે અને એ વખાણ કરાવવા માટે જ્યારે

બધાયને તપ પૂર્ણ થાય અને પારણાનો દિવસ આવે ત્યારે આ આત્મા મને આજે ઠીક નથી પેટમાં દુઃખે છે. એવાં કોઇ બ્હાના કાઢીને ગુરૂ ભગવંત પાસે આગળ તપ કરવાની વિનંતી કરી ઉપવાસ આદિ તપ વધારે કરતાં જાય છે. બસ, આટલી જ અપ્રશસ્ત માયા કષાયના પ્રતાપે બંધાતો પુરૂષ વેદનો સારો રસ બંધ નહિ બંધાતા-સત્તામાં રહેલા સ્ત્રીવેદ રૂપે એ સ્થિતિ અને રસનો સંક્રમ થઇને સ્ત્રીવેદને એવો મજબુત બનાવતા નિકાચીત રૂપે કરતા ગયા છે. આ રીતે તપ કરતાં જાય છે અને ગુરૂ તેમની પ્રશંસા કરતાં જાય છે. તેમાં આનંદ આવે છે. બસ. આ આનંદના પ્રતાપે નિકાચીત રૂપે સ્ત્રીવેદ છઠ્ઠા ગુણસ્થાનકના પરિણામમાં રહીને કર્યો. એ એવો નિકાચીત જોરદાર કર્યો કે ત્યાંથી કાળ કરીને અનુત્તર વિમાનમાં સમકીત લઇને ઉત્પન્ન થયાં ત્યાં તેત્રીશ સાગરોપમ સુધી પુરૂષ વેદનો ઉદય ભોગવી રહ્યા છે છતાંય બંધાયેલો-નિકાચીત થયેલો સ્ત્રીવેદનો રસ જરાય સંક્રમ પામીને ક્ષય થઇ શક્યો નહિ અને ત્યાંથી મનુષ્યપણામાં સ્ત્રી તીર્થંકર રૂપે ઉત્પન્ન થયા. આમાં વિચાર એ કરવાનો છે કે આટલો પણ અપ્રશસ્ત ભાવ જીવને પુણ્યના અનુબંધ રૂપે બંધાયેલો વેદ પાપના અનુબંધ રૂપે સંક્રમ પામી ઉદય રૂપે અવશ્ય ભોગવવો પડે છે. એવી જ રીતે બ્રાહ્મી અને સુંદરી એ બે બ્હેનોનાં જીવો પણ અનુત્તરમાંથી આવેલા છે. પૂર્વ ભવમાં પીઠ અને મહાપીઠ મુનિઓ તરીકે સુંદર રીતે આરાધન કરીને વૈયાવચ્ચ કરેલી છે પણ અપ્રશસ્ત માયાના પ્રતાપે તેઓ પણ સ્ત્રીવેદને નિકાચીત કરી સ્ત્રી રૂપે ઉત્પન્ન થયા છે. સામાન્ય રીતે મોટે ભાગે નિયમ છે કે અનુત્તર વિમાનમાંથી જે મનુષ્યપણાને પામે છે તે પુરૂષ વેદ રૂપે ઉત્પન્ન થાય છે. જ્યારે આવા કોઇ જીવો નિકાચીત સ્ત્રીવેદ સંક્રમથી કરીને ગયેલા હોય તેવા જીવો સ્ત્રી અવતારને પણ પામી શકે છે.

આના ઉપરથી એ વિચારવાનું છે કે છઠ્ઠા ગુણસ્થાનકમાં રહેલા આત્માઓને અપ્રશસ્ત કષાયોથી કેટલા સાવધ રહેવું પડે તોજ બંધાયેલું પુણ્ય પાપમાં ટ્રાન્સફર ન થાય. આથી એ નિશ્ચિત થાય છે કે પુણ્યાનુબંધિ

બંધાયેલું હોય એ ભોગવવા મલેજ એવો નિયમ નહિ જો અપ્રશસ્ત કષાયોને આધીન થઇને જેટલા અશુભ વિચારો કરીએ એટલું એ પુણ્ય ટ્રાન્સફર થઇ પાપના અનુબંધ રૂપે ભોગવવું પડે એવું પણ બની શકે છે.

જેમ લાખ રૂપિયા ખર્ચીને સારામાં સારી રીતે ભગવાનનો મહોત્સવ કર્યો હોય અને કોઇ વખાણ કરે તો તે સાંભળીને અંતરમાં થાય કે ચાલો પૈસા ઉગી નીકળ્યા અને જો કોઇ વખાણ ના કરે તો એમ થાય કે એ તો છે જ એવો એને કશું આવડતું જ નથી. આવા વિચારો પેદા કરવા એ અપ્રશસ્ત ભાવ કહેવાય છે તે વખતે એટલું જ વિચારવાનું કે મારી સંપત્તિના પ્રમાણમાં મેં લઇ લઇને આટલોજ લાભ લીધો ? આનાથી વધારે લાભ લઇ શકું એવી શક્તિ હોવા છતાં આટલોજ લાભ લીધો ! તો કાંઇક ધર્મની પ્રાપ્તિ થાય.

આપણને ક્ષયોપશમ ભાવે ધર્મ પેદા થયો નથી માટે આવા વિચારો આવતા નથી અને તેનાથી વિરુધ્ધ વિચારો આવ્યા કરે છે. સાધુ ભગવંતો પણ માન પચાવવાની શક્તિ પેદા કરે તોજ બચી શકે. બાકી નહિ તો સાધુપણામાં પડવાના નિમિત્તો ઘણાં છે.

આપણી આરાધનાથી પુણ્યાનુબંધી પુણ્ય કદાચ બંધાતું હોય તો તે ભવાંતરમાં ભોગવી શકાય એ રીતે ટકી શકે છે ખરૂં કે પછી પાપમાં ટ્રાન્સફર થઇ જાય છે. આનો રોજ વિચાર કરવો પડશે.

જો છઠ્ઠા ગુણસ્થાનકે રહેલાને સાવધગિરિ રાખવાની જરૂર છે તો પછી અપુનર્બંધક દશાના પરિણામને પામેલાને પણ કેટલી બધી સાવધગિરિ રાખવાની હોય છે એ વિચારો.

ઘણાંને એવી ટેવ હોય છે કે પોતાનો કરેલો ધર્મ બીજાની પાસે ગાયા કરે એનાથી બંધાયેલું પુણ્યાનુબંધિ પુણ્ય પાપમાં ટ્રાન્સફર થયા કરે છે. સુકૃતની અનુમોદના બીજાની પાસે બોલે તોજ થાય એમ નથી. પોતે એકાંતમાં બેસીને પોતે કરેલી આરાધનાની અનુમોદના કર્યા કરે તો પણ થઇ શકે છે. પણ જે સ્વભાવ પડ્યો હોય તેને ઓળખીને બદલવા પ્રયત્ન કરે તો જ આ બને ને ? એ ક્યારે બને ? અપ્રશસ્ત

કષાયોને અપ્રશસ્ત રૂપે ઓળખીને એનાથી સાવધ રહી જીવન જીવતો જાય તો.

સિરિ સિરિવાલ કહામાં એટલે શ્રીપાલ ચરિત્રમાં જ્યારે મયણા કોઢીયા એવાં ઉંબર રાણાનો હાથ પકડીને એની સાથે ગઇ અને સવારે મંદિરે દર્શન કરવા સાથે ગયા ત્યાર પછી બાજુમાં આચાર્ય મહારાજ શ્રી મુનિ સુંદરસૂરિ મહારાજ પધાર્યા છે એમ મયણાને સમાચાર મલ્યા એટલે પોતાના સ્વામીને લઇને આચાર્ય ભગવંતને વંદન કરવા ગઇ છે ત્યાં વ્યાખ્યાન ચાલે છે માટે વ્યાખ્યાનમાં બેઠા પછી ઉપર પોતાના સ્વામી સાથે વંદન કરવા મયણા ગઇ ત્યારે મયણાને કહે છે કે આ લક્ષણવંતો પુરૂષ કોણ છે ? ત્યારે મયણા રડી પડે છે. બધી વાત કરે છે. મયણા સમકીતી બાઇ છે એને માત્ર ધર્મની નિંદા થઇ છે તેનું દુઃખ લાગેલું છે માટે ગુરૂ ભગવંતને પૂછે છે. ભગવાન્ આમનો રોગ જાય તો જ ધર્મની નિંદા અટકે અને ધર્મની પ્રભાવના થાય. એટલે ગુરૂ ભગવંતે કહ્યું સાધુ તો સાવધ વ્યાપારના મંત્ર, તંત્ર, વિદ્યા, વૈદક આદિના કહેવાના ત્યાગી હોય છે. સાધુથી કહેવાય નહિ એ તું જાણતી નથી ? એમ જણાવીને નિરવધ ઉપાય તરીકે નવપદની આરાધના આરાધક ભાવ પેદા કરીને કરવામાં આવે તો તેનાથી અસાધ્ય દર્દ પણ નાશ પામે છે. આ લોકમાં જે ઇચ્છે તે પ્રાપ્ત થાય છે અને પરલોકમાં સુંદર સુખ મળે છે અને પરંપરાએ મુક્તિ પણ તેનાથી જ પ્રાપ્ત થાય છે. એ આરાધક ભાવ પેદા કરવા માટે ત્રણ ગુણોને કેળવવા પડે છે. ખાંત-દાંત અને શાંત. એટલે કે ખાંત એટલે ક્ષમા ભાવ, દાંત એટલે ઇન્દ્રિયોની સંયમતા અને શાંત એટલે સમતા ભાવ. આ ત્રણે ગુણોને કેળવીને નવપદની આરાધના કરે તો તેનાથી અસાધ્ય દર્દો પણ નાશ પામે છે. જે ઇચ્છે તે મલ્યા વગર રહેતું નથી અને આરાધક ભાવ કેળવ્યા વગર અને એ પેદા કરવાના લક્ષ્ય વગર એટલે એ ગુણોને પ્રાપ્ત કરવાના લક્ષ્ય વગર ક્ષમાની જગ્યાએ ક્રોધ રાખીને ઇન્દ્રિયોની અસંયમતા કેળવીને અને સમતા ભાવ વગર આરાધના કરવામાં આવે તો આરાધનાના ફળને બદલે વિરાધનાનું

ફળ મલે છે. એટલે કે પુણ્યાનુબંધી પુણ્ય બંધાવાને બદલે પાપાનુબંધિ પુણ્ય બંધાય છે અને એ પુણ્ય એકાંતે દુઃખ આપનારું થાય છે. એનાથી આગળ વધીને આચાર્ય ભગવંત કહે છે કે એક વાર આરાધક ભાવ પેદા કરી પુણ્યાનુબંધિ પુણ્ય બાંધ્યું અને પછી પાછળથી આરાધક ભાવ ચાલ્યો જાય અને વિરાધક ભાવ પેદા થઇ જાય તો તે બંધાયેલું પુણ્ય પણ એકાંતે 'અપાયમ્ એવ કરોતિ' એટલે દુઃખજ આપનારું બને છે. આ રીતે મયણાને કહેલું છે એ ખબર છે ને ! આ સાંભળીને શ્રીપાલે નક્કી કર્યું કે હું હવે આરાધક ભાવ કેળવીને સુંદર રીતે નવપદની આરાધના કરીશ.

આપણે આરાધના કઇ રીતે કરીએ છીએ એ આના ઉપરથી વિચારવાનું છે ! આરાધક ભાવ પેદા થયેલો છે ? ન થયો હોય તો પેદા કરવાનું લક્ષ્ય રાખીને આરાધના કરીએ છીએ ? તોજ પુણ્યાનુબંધી પુણ્ય બંધાશે નહિ તો ? વિરાધક ભાવથી કરેલી આરાધના શું કરશે એ મહાપુરૂષે જે કહ્યું છે તે વિચારવાનું !

જેટલો જેટલો જ્યાં જ્યાં વિરાધક ભાવ થતો હોય તે દૂર કરવા પ્રયત્ન કરી આરાધક ભાવ પેદા કરવાનો પ્રયત્ન કરીશું અને એનું લક્ષ્ય રાખી સંસ્કાર પાડશું તો આ ભવે નહિ તો ભવાંતરમાં આનાથી સારી સામગ્રી પામી કલ્યાણ સાધી શકીશું એ બરાબર છે ને ? એનો પ્રયત્ન કરતા થઇ જાવ. સામાન્ય રીતે અનુકૂળ પદાર્થોમાં રાગ અને પ્રતિકૂળ પદાર્થોમાં દ્વેષ થતો હોય ત્યારે પણ પુણ્યાનુબંધિ પુણ્યનો ઉદય કાળ ચાલુ હોય તો હેયમાં હેય બુધ્ધિ અને ઉપાદેય પદાર્થોમાં ઉપાદેય બુધ્ધિ સ્વાભાવિક રીતે હોય છે. જીવ જો સામર્થ્યવાન હોય તો એ પરિણામ અસંખ્યાત કાળ સુધી ટકી રહે છે. એકવાર પુણ્યાનુબંધિ પુણ્ય બંધાઇ જાય પછી તેના અંતરમાં એ ભાવ ચાલુ જ હોય છે. આથી આંશિક જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય ભાવ પેદા થતાં સુખની સામગ્રીમાં એને રાગ થતો નથી. આવા પરિણામથી જીવનારા જીવોને પુણ્યાનુબંધિ પુણ્યના ઉદયવાળા કહેવાય પછી તેને દેવલોકના કે ચક્રવર્તીના સુખની સામગ્રી

દુર્ગતિમાં ધકેલવામાં સહાયભૂત બનતી નથી. ચક્રવર્તીના પ્રમાણમાં આપણી પાસે સામગ્રી કેટલી ? અને જે છે તે પુણ્યાનુબંધિ પુણ્યના ઉદયવાળી ખરી ? આપણને પુણ્યના ઉદયથી મળેલી સામગ્રી રાગ વધારવામાં સહાયભૂત થતી નથી ને ? વર્તમાનમાં મળેલી સામગ્રી દુર્ગતિમાં લઇ જવા લાયક કર્મ તો બંધાવતી નથી ને ?

આપણે નવકાર બોલીએ છીએ માટે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધતા નથી કારણ કે નવકારમંત્ર બોલતા આવડે એ જીવો અંતઃકોટાકોટી સાગરોપમથી અધિક સ્થિતિનો બંધ કરતા જ નથી. જ્યારે એક કોટાકોટી સાગરોપમ કે એથી અધિક સ્થિતિ બંધાવા માંડે એટલે કે જીવ બાંધે તો તેને નવકાર બોલવો સાંભળવો કે યાદ કરવો પણ ગમે નહિ. નવકારને પ્રાણ કરતાં અધિક રીતે સાચવે તે અંતઃકોટાકોટી સાગરોપમથી અધિક સ્થિતિનો બંધ કરેજ નહિ. માટેજ આપણે વિચારવાનું છે કે નવકાર ગણીએ છીએ માટે સુખનો રાગ આપણને દુઃખ ઉભું કરાવે એવો તો નથી ને ? આપણને પુણ્યથી નવકાર મલ્યો છે. અનંતી વાર મલ્યો હશે પણ નવકાર પામીને પુણ્યથી મળતી સામગ્રીમાં રાગ કરી કરીને જીવ્યા માટે દુર્ગતિમાં જવા લાયક કર્મો કર્યા અને તેથી જ દુઃખો ઉભા કર્યા. પુણ્યાનુબંધી પુણ્યના ઉદયકાળમાં દુનિયાની સારામાં સારી સામગ્રી મલે તો પણ તેમાં રાગ ઉભો થતો નથી જેમકે શાલીભદ્ર-પેથડશા વગેરે. શાલીભદ્રને ત્યાં રોજની નવ્વાણું પેટીઓ દેવતાઇ આવતી હતી જેમાં તેત્રીશ પેટીઓ નવા નવા કપડાની, તેત્રીશ પેટીઓ નવા નવા અંલકારોની અને તેત્રીશ પેટીઓ નવી નવી ખાવા પીવાની સામગ્રીની આવતી હતી તે સામગ્રીઓનો પોતે અને પોતાની બત્રીશ પત્નીઓ રોજ ભોગવટો કરતા હોવા છતાં દુર્ગતિમાં લઇ જાય એવો રાગ તેઓ ને એ સામગ્રી પ્રત્યે પેદા થતો નહોતો. ઉપરથી જેમ જેમ ભોગવતા જાય તેમતેમ સદ્‌ગતિમાં જવા લાયક કર્મનો બંધ થતો હતો તેનું કારણ ? વૈરાગ્ય ભાવ સાથે હતો એટલે જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય સાથે ભોગવતા હતા. એવી જ રીતે આ અવસરપિણી

કાળમાં થયેલા પહેલા ચક્રવર્તી ભરત મહારાજાને કેટલી બધી ઋદ્ધિ સિધ્ધિની સામગ્રી હતી તેનો ભોગવટો પણ કરતા હતા. છતાંય સદ્ગતિનો બંધ કરાવે એવી રીતે ભોગવતા હતા. અવિરતિના ઉદયથી એ સુખ ભોગવવાની ક્રિયા કરવી પડે છે પણ તે કરતાં રાગથી અલિપ્ત રીતે રહેતા હતા માટે દુઃખની પરંપરા સુખ ભોગવતા પણ વધતી નથી અને એ ભવમાં કેવલજ્ઞાન પામ્યા. શ્રેણિક મહારાજા ક્ષાયિક સમકીતના ધણી હતા. મગધ દેશના માલિક હતા છતાં એ સામગ્રી દુઃખની પરંપરા સર્જે એનો અનુબંધ કરે એવી રીતે જીવતા નહોતા તો પછી નરકમાં કેમ ગયા ? કારણકે સમકીત પામતાં પહેલા રાગાદિ પરિણામમાં ગાંડા થયા તેથી નરકનું આયુષ્ય પહેલા જ બંધાઇ ગયેલું માટે નરકમાં ગયા પણ તે આયુષ્ય બાંધ્યા પછી ભગવાન મહાવીર મલ્યા અને જીવનનું એવું પરિવર્તન કરી નાંખ્યું કે જેના પ્રતાપે આ ભવમાંજ પુણ્યાનુબંધિ પુણ્ય ઉપાર્જન કરીને તીર્થંકર નામકર્મ નિકાચીત કરી નાંખ્યું અને આવતા ભવે તીર્થંકર થશે. એવી જ રીતે કૃષ્ણ મહારાજાએ ધર્મ પામતાં પહેલા નરકનું આયુષ્ય બાંધી દીધું. પછી નેમનાથ ભગવાન મલ્યા- દેશના સાંભળી અને સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી ત્રણ ખંડના માલિક હોવા છતાં અંતરમાં જુવાન કન્યાઓને જોતાં રાગ પેદા થઇ જતો તેની સાથે લગ્ન કરી ઘરે લાવે છેડા છેડી બાંધેલી હોય અને છતાંય એ આવેલી કન્યા પત્ની બનીને આવેલી સંયમ લેવાની વાત કરે તો તરતજ રજા આપી દે. કારણકે તેઓએ પોતાના આત્માને કન્યાના રાગથી સંયમનો રાગ અધિક કેળવેલો હતો કે જેના કારણે પોતે સંયમ લઇ શકે એવી શક્તિ ન હોવા છતાંય અનેકને સંયમના માર્ગે જોડતા હતા અને સંયમ અપાવતા હતા. આ સંયમ પ્રત્યેના અધિક રાગના કારણેજ અઢાર હજાર સાધુઓને ભાવથી વંદન કરતાં ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી અને ચાર નારકીના દુઃખોનું નિવારણ કરી શક્યા. વિચારો, સંયમના રાગ પૂર્વક સંયમીને વંદન ભાવથી કરતાં નરકની વેદનાના દુઃખોનો પણ નાશ થઇ શકે છે માટે એમ કહી શકાય કે આવા જીવોનો રાગ

સંસારમાં રહેવા છતાંય એવો હોતો નથી કે જે સંસારમાં દુ:ખોની પરંપરા સર્જી શકે !

આથી એમ નજ કહેવાય કે પુણ્યથી મળેલી સામગ્રી સુખ-ધન-વૈભવનો ભોગવટો ન જ કરે પણ એવી સાવધાનીપૂર્વક ભોગવટો કરે કે જેથી આત્મા દુર્ગતિમાં જાય જ નહિ પણ સદ્‌ગતિમાં જ જાય માટે ધર્મ પામ્યા પછી આત્માને દુર્ગતિમાં લઇ જાય એવો રાગ અનુકૂળ પદાર્થો પ્રત્યે થતો નથી તેથી આવા જીવો માટે જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે એ ધર્મ પામેલા જીવો સંસારમાં વસે ખરા પણ રમે નહિ પુણ્યાનુબંધિ પુણ્યના ઉદયવાળા જીવોને માટે આ વિશેષણ છે. માટે જો રાગની રમણતા આવે તો દુ:ખની પરંપરા શરૂ થાય એવું કર્મ બંધાતુ જાય અને સદ્‌ગતિની પરંપરા અટકી જાય. આવું પુણ્ય કાંઇક આવું છે એવો અનુભવ આપણને પેદા થાય છે ખરો ? આટલા વર્ષોમાં જીવન જીવતાં જીવતાં એક દિવસ પણ એવું જીવન જીવ્યા છોકે જેના પ્રતાપે દુર્ગતિમાં લઇ જાય એવો રાગ થયો નથી ? પાપાનુબંધિ પુણ્ય અને પુણ્યાનુબંધિ પુણ્ય બન્ને કોઇપણ કાળે જીવને સાથે ન હોય કારણ કે પ્રતિપક્ષી છે. આપણું જીવન જ એવું છે કે આટલી મજૂરી કરીએ ત્યારે લાભાંતરાય કર્મનો ક્ષયોપશમ ભાવ પેદા થાય અને સામગ્રી મલે તો પછી એ સામગ્રીમાં રાગ કરવાની જરૂર ખરી ? એને ઓળખીને એમાં રાગ ન થાય એવો પુરૂષાર્થ કરવાનો છે એ માટે જ દેવ, ગુરૂ, ધર્મની આરાધનાના અનુષ્ઠાનોની ક્રિયાનું વિધાન છે. એ ધ્યેયથી ક્રિયાઓ કરીએ તોજ પાપાનુબંધિ પુણ્ય પુણ્યાનુબંધિ પુણ્ય રૂપે ભોગવવા મલે.

શ્રીપાલ રાજા ઉંબર રાણા તરીકે હતા ત્યારે મયણા સુંદરી સાથે લગ્ન કર્યા પણ મનથી ઇચ્છા નથી. તેના સહવાસથી નવપદ મલ્યા-તેનું જ્ઞાન મલ્યું-જ્ઞાન મેળવીને નવપદને અંતરમાં સ્થિર કરીને એવી રીતે આરાધના કરી કે પુણ્યાનુબંધિ પુણ્ય બાંધતા ગયા. તત્કાલ ઉદયમાં લાવતા ગયા અને ભોગવતા ગયા કે જેથી રાગના પદાર્થો મલે-વધે છતાં રાગ સંયમીત થતો ગયો. પોતે અલીપ્ત બનતા ગયા અને સુંદર

આરાધના કરતાં અનેક રાજકન્યાઓની સાથે લગ્ન કર્યા-સંપત્તિ પામ્યા અને ઉત્તરોત્તર શાસન પ્રભાવના કરતાં મુક્તિને નજીક બનાવી શક્યા. શાથી ? કારણકે આટલી સુખની સામગ્રી મલવા છતાં એમાં એવો રાગ પેદા થવા દેતાં જ નથી કે જેથી દુર્ગતિમાં દુઃખ ભોગવવા જવું પડે.

ચોથા આરામાં ભગવાન મહાવીરના કાળમાં ભગવાન રાજગૃહી નગરીમાં વિચરતા હતા તે વખતે મમ્મણ શેઠનો જીવ પણ ત્યાં જ રહેતો હતો એ આત્માએ પૂર્વભવમાં પુણ્યાનુબંધી પુણ્ય બાંધીને પાપાનુબંધિ કરી નાખ્યું કે જેના પ્રતાપે એ સામગ્રી મોક્ષ તરફ જે લઇ જનારી મળેલી તે સાતમી નારકીમાં લઇ ગઇ. પૂર્વભવમાં લ્હાણીમાં લાડવા આવેલા તે ડબ્બામાં મુકેલા તેમાં મહાત્મા વહોરવા પધાર્યા તે લાડવા સારા ભાવથી વહોરાવી દીધા. એ વહોરાવવાના ભાવથી ચોથા આરામાં જન્મ. ભગવાન જે નગરીમાં વિચરે તે નગરીમાં જન્મ. ત્યાંના રાજા કરતાં અધિક સંપત્તિ પ્રાપ્ત થાય એવું પુણ્યાનુબંધિ પુણ્ય ઉપાર્જન કર્યું અને પછી મહાત્માના ગયા પછી પડોશમાં રહેતા ભાઇએ આવીને કહ્યું કે લાડવો ખાધો કેવો લાગ્યો ? ત્યારે કહ્યું કે મેં તો મહાત્માને વહોરાવી દીધા. પડોશીએ કહ્યું કે અરે ભલા માણસ કેવો સરસ લાડવો હતો એનો સ્વાદ કેટલો સુંદર હતો ? બસ આ સાંભળીને રસનેન્દ્રિયની તીવ્રતા પેદા થઇ. ડબ્બામાં કણીયા પડેલ તે લઇને ચાખ્યા અને સ્વાદ વધ્યો અને મનમાં વિચાર આવ્યો કે હું મહાત્મા પાસેથી લાડવા પાછા લઇ આવું એમ વિચારી લાડવા પાછા લેવા મહાત્માની પાછળ દોડ્યો અને કહ્યું, મારા લાડવા પાછા આપો મારે આપવા નથી. મહાત્માએ વિચાર્યું આ માનશે નહિ અને જોર કરી લઇ લેશે માટે લાડવા ધૂળમાં નાંખીને રગદોળી નાંખ્યા તેમાં મહાત્માની નિંદા કરી એના કારણે બંધાયેલું પુણ્યાનુબંધિ પુણ્ય ફેરવીને પાપાનુબંધિ પુણ્ય કરી નાખ્યું અને મમ્મણના ભવમાં સામગ્રી પામીને અનેક પ્રકારના પાપો કર્યા. કયા પાપ ? અતિ લોભ. નક્કર રત્નનાં બે બળદો બનાવવા માટે આખી જીંદગી ખર્ચી

નાંખી પણ છેલ્લે બે સીંગડા થયા નહિ અને મરીને સાતમી નારકીમાં ગયો માટે કેટલો વિચાર કરવો પડશે એ વિચારો ? ધર્મ હંમેશા પુરૂષાર્થ પ્રધાન છે. ધર્મમાં ભાગ્ય ચાલે નહિ જ્યારે સંસારમાં સુખ પુરૂષાર્થથી મલે નહિ પણ પુણ્ય હોય તો જ મલે.

જે પુણ્યના ઉદય કાળમાં મળેલી અનુકૂળ સામગ્રી પાપના અનુબંધમાં સહાયભૂત થાય તેને પાપાનુબંધિ પુણ્ય કહેવાય છે.

નરકગતિ સિવાયના દરેક જીવોને સામાન્ય રીતે અનુકૂળ સામગ્રી અને પ્રતિકૂળ સામગ્રી બન્ને પ્રકારની સામગ્રી મલ્યા વગર રહેતી નથી. એકેન્દ્રિયથી માંડીને અસન્ની પંચેન્દ્રિય સુધીનાં જીવોને જેટલી અનુકૂળ સામગ્રી મલે એ એનો પુણ્યોદય ગણાય છે. પુણ્યથી મલતી સામગ્રીને જીવો ભોગવે તેમાં જ્ઞાની ભગવંતોને કોઇપણ જાતનો વાંધો નથી. તો વાંધો ક્યાં છે ? પણ મળેલી સામગ્રીમાં રાગાદિ પરિણામ, અધિકને અધિક આશાઓ કર્યા કરે છે. તેમાં વાંધો છે કારણકે એ રાગાદિ પરિણામ અને આશાઓથી પાપનો અનુબંધ જીવો કર્યા કરે છે અને તે પાપનો અનુબંધ થયા કરે છે. એનો વાંધો છે. મળેલી સામગ્રી જો રાગપૂર્વક સાચવવામાં આવે તો ભવાંતરમાં તે સામગ્રી ન મળે એવું પાપ બંધાય છે. રાગાદિ પરિણામથી એ સામગ્રીમાં જેટલી જોરદાર આશાઓ-ઇચ્છઆઓ એટલું જોરદાર પાપ અનુબંધ રૂપે બંધાયા કરે છે. એ પરિણામની સ્થિરતા અને એકાગ્રતા પેદા કરાવીને જીવની પાસે એ આશાઓ, ઇચ્છાઓ દુર્ગતિનું આયુષ્ય બંધાવીને દુર્ગતિમાં ધકેલી દે છે. વર્તમાનમાં મળેલી સામગ્રીથી મોટા ભાગના જીવો એવી રીતે જીવે છે કે પાપનો અનુબંધ પેદા કરતા જાય છે. જે સામગ્રી આત્મકલ્યાણ કરાવવા માટે મળેલી છે તેના બદલે દુર્ગતિના માર્ગે લઇ જાય એ રીતે જે ઉપયોગ કરી રહ્યા છે તેનાથી બચવા માટેજ એટલે સદ્ગતિ તરફ જીવને લઇ જાય એ રીતે ઉપયોગ કરતાં શીખે તે માટે જ જગતમાં જૈન

શાસન ઉભું છે.

જૈન શાસન ભૌતિક ઇચ્છાઓનો નાશ કરવા માટે જ છે. ઇચ્છાઓ એજ પાપનું મૂળ છે. એ સમજવા માટે જ જૈન શાસન છે.

જૈન શાસન જીવોને ઓળખાણ કરાવે છે કે મને દુઃખ શા માટે આવે છે ? એ ઓળખાવીને તેનાથી બચવા ધર્મની આરાધના કરતાં કરતાં કરીને પુણ્ય કેમ સારૂં બંધાય એ જણાવવા માટે છે.

જો સુખની ઇચ્છાઓ ધર્મ કરતાં કરતાં વધતી હોય તો પાપાનુબંધિ પુણ્ય નિયમા બંધાય છે એમ કહેવાય. ઇચ્છાઓ, આશાઓ જો ઘટતી હોય, સંયમીત થતી હોય તો સમજવું કે આંશિક પુણ્યાનુબંધિ પુણ્ય જરૂર બંધાય છે. આથી નક્કી થાય છે કે મનથી, વચનથી, કાયાથી, ધનથી, ધર્મની ક્રિયાઓનાં અનુષ્ઠાનો કરીએ અને અનુકૂળ પદાર્થોમાં રાગ હોય અથવા વધતો જતો હોય તો એનાથી પાપાનુબંધિ પુણ્ય મેળવી રહ્યા છીએ અને રાગ ઘટતો જતો હોય સંયમીત બનતો હોય તો પુણ્યાનુબંધિ પુણ્ય બાંધી રહ્યા છીએ અને આત્મ કલ્યાણમાં આગળ વધી રહ્યા છીએ.

પુણ્યથી મળેલી સામગ્રીમાં જેટલી મારાપણાની બુધ્ધિ એ પાપના અનુબંધનું કારણ છે. ભૂતકાળમાં પાપાનુબંધિ પુણ્ય ભેગું કર્યું હશે તેના કારણે અત્યારે વર્તમાનમાં આપણી મારાપણાની બુધ્ધિ નાશ પામતી નથી. એ મારાપણાની બુધ્ધિનો નાશ કરવા માટે દેવ, ગુર, ધર્મની આરાધના કરવાની છે. દેવ, ગુરૂ, ધર્મમાં મારાપણાની બુધ્ધિ કેટલી ? એ જો ન હોય તો આત્મકલ્યાણ કરવાનું વિચારવાનું આપણું લક્ષ્ય કેટલું ?

અભવ્ય જીવો-દુર્ભવ્ય જીવો-ભારેકર્મી જીવો, જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા બંધ આ આઠ તત્વોની વિચારણા કરવામાં એટલો ટાઇમ એકાગ્ર ચિત્તે પસાર કરે કે જેના કારણે બધી ખાવા પીવા આદિની પ્રવૃત્તિ ભૂલી જાય. નિરતિચાર ચારિત્રનું પાલન કરે છતાંય પોતાના આત્મામાં રહેલા મિથ્યાત્વને કાઢવાની કદી ઇચ્છા ન જ થાય

કારણ કે મારાપણાની બુધ્ધિ એ અનુકૂળ પદાર્થોમાંથી જાય જ નહિ માટે નિયમા પાપાનુબંધી પુણ્ય ઉપાર્જન કર્યા કરે છે આથી આપણું લક્ષ્ય એક જ હોવું જોઇએ કે ઇચ્છા એજ દુઃખનું મૂળ છે માટે જેમ બને તેમ ઇચ્છાઓનો સંયમ કરવાનું જ લક્ષ્ય હોવું જોઇએ. એ લક્ષ્ય જેટલું મજબુત કરીએ એનાથી જ કલ્યાણ થાય. ટ્રેનમાં ઉભા ઉભા ત્રણ ચાર કલાક કષ્ટ વેઠીને જાય તેનાથી અકામ નિર્જરા થાય, પુણ્ય બંધાય પણ તે પાપના અનુબંધવાળું. સંસારની દરેક ક્રિયામાં સહન કરે તેમાં અકામ નિર્જરા થાય. એ અકામ નિર્જરા પાપની ક્રિયા માટે છે તેથી પાપનો અનુબંધ કરાવે. માટે રસોઇ કરતાં કરતાં સંસારમાં છું માટે કરવું પડે છે. ક્યારે તાકાત આવે કે આ બધું છોડી દઉં ? આ પ્રકારની વિચારણા ચાલુ રહે તો સકામ નિર્જરા થાય છે. શુભ કર્મના બંધમાં પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે.

જો આપણી ઇચ્છાઓ સંયમીત ન કરતા હોઇએ અને સંયમીત કરવાનું લક્ષ્ય ન હોય તો ભગવાનનું દર્શન, ભગવાનની પૂજા, સ્તવન, પુસ્તકોનું વાંચન, તેનું ચિંતન, મનન પણ પાપાનુબંધિ પુણ્ય બંધાવે. ભગવાને જે છોડ્યું એ છોડવાના ભાવ આવે એ માટે સ્તવના કરવાની છે. અનુકૂળ પદાર્થોની ઇચ્છાપૂર્તિ પાપના અનુબંધનું કારણ બને છે. અનુકૂળ પદાર્થોનો જે આનંદ છે અને પ્રતિકૂળ પદાર્થો પ્રત્યેનો જે દ્વેષ છે તેમાં આત્માને વધારે નુક્શાન અનુકૂળ પદાર્થનો જે આનંદ છે તે છે. ઇચ્છા કર્યા વગર જે મલતું જાય તે પુણ્યાનુબંધિ પુણ્ય કહેવાય એવા જીવોને તો એવા વિચાર હોય છે કે જે પુણ્યે મને આપ્યું છે એ પુણ્ય ભોગવાવશે -એ પુણ્ય સચવાવશે-ટકાવશે. એ સાચવવાની ટકાવવાની મારે. શું કામ ચિંતા કરવાની ? એની ચિંતા કરીને મનુષ્ય જન્મને ફોગટ શા માટે ગુમાવવો ?

નાશવંત પદાર્થોની વિચારણા કરવામાં જેટલો સમય પસાર થાય એટલો મનુષ્ય જન્મ નિરર્થક થાય છે એમ જાણવા છતાંય આપણે એની વિચારણામાં જ વધારે સમય પસાર કરી રહ્યા છીએ એમાં કાંઇ આત્માની

દયા આવે છે ખરી ? આ બધુ સમજીને આપણે આપણા જીવનમાં શક્ય એટલું ઉતારવાનું છે.

ધર્મક્રિયા કરતાં કરતાં પાપનો અનુબંધ શાથી પડે છે એ સમજાય છે ખરૂં ? માટે જ આપણી ઇચ્છાનો ઢાળ વાળી દેવાની જરૂર છે. દેવ, ગુરૂ, ધર્મની આરાધનાની ઇચ્છાઓ વધારવાની કે જેથી સંસારિક ઇચ્છાઓ અટકી જશે. આજે સંપૂર્ણ ઇચ્છાઓ આપણે નાશ કરી શકીએ એટલી શક્તિ આપણી પાસે નથી. ફક્ત ઢાળ વાળી શકાય એટલી તાકાત એટલે શક્તિ છે. મંદિરમાં મારાપણાની બુધ્ધિ વધારશો તો ઘરની મારાપણાની બુધ્ધિમાં ઘસારો આવશે.

જીનેશ્વરદેવોની રોજ ત્રિકાલ પૂજા કરવાથી ઇચ્છાઓનો નાશ થાય છે.

## પુણ્યાનુબંધિ પાપ

જે જીવોને વર્તમાનમાં પાપનો ઉદય ચાલતો હોય છતાં તે પાપના ઉદયકાળમાં સમાધિ જાળવીને દીન થયા વગર દુ:ખ ને ભોગવતા હોય તો તે પાપના ઉદયકાળમાં પુણ્યનો અનુબંધ કરે તે પુણ્યાનુબંધિ પાપ કહેવાય છે. જેમકે પુણીયો શ્રાવક.

પુણ્યનો ઉદય એટલો ભયંકર હોય કે સુખની સામગ્રી મલે પણ સમજણ ન હોય તો એજ સામગ્રી દુ:ખ આપે છે. પાપના ઉદયથી આવેલું દુ:ખ એક, બે, ચાર, પાંચ દિવસ સુધી કદાચ રહે પણ સુખની સામગ્રી તો વર્ષો વર્ષ સુધી સાથે રહીને સંયોગ થયેલા પદાર્થોમાં રાગ કરીને, સંયોગ થયેલા પદાર્થોનો વિયોગ થાય અને જો સમજણ ન હોય તો વિયોગમાં ગાંડો થઇને દુર્ગતિમાં ભટકવા માટેનાં પરિણામોને પામે છે.

રાગાદિ ઓછા કરવાં પુણ્ય અને પાપ ઉપરની શ્રધ્ધા મજબૂત કરતા જવાની છે. પુણ્ય છે ત્યાં સુધી જ સંયોગ છે, સંયોગ છે ત્યાં વિયોગ આવવાનો જ છે. પછી વિયોગમાં નારાજી દ્વેષ આદિ શાને માટે

કરવાનો ? આવું શ્રધ્ધાપૂર્વક સમજે તો પછી રાગાદિ રહે જ નહિ !

મોહના અંધાપામાં આધીન રહીને જીવ અસંખ્યાતા કાળ સુધી કે અનંતાકાળ સુધી દેવ, ગુરૂ, ધર્મની સામગ્રીનું દર્શન દુર્લભ કરતો જાય છે. ભવાંતરમાં ઘર, પેઢી આદિ પણ મલે નહિ એવું પાપાનુબંધિ પુણ્ય બાંધતો જાય છે. મોહના અંધાપામાંથી જીવ બહાર નીકળે તો એને મંદ કરતો કરતો આત્મામાં ક્ષયોપશમ ભાવ પેદા કરતો કરતો પહેલા ગુણયુક્ત ગુણસ્થાનકમાં આવે પછી ચોથે, પાંચમે, છઠ્ઠે આદિ ગુણસ્થાનકે મોહના ઉદયથી રહે ખરો પણ તે મોહના ઉદયથી પાપ બાંધે પણ અનુબંધ રૂપે બાંધે નહિ. કારણકે મોહનો ઉદય જીવને દશમા ગુણસ્થાનક સુધી રહેવાનો છે. આપણી તાકાત એ મોહને જીતવાની અત્યારે નથી પણ તેના ઉદયને નિષ્ફળ કરીને જીવવાની જરૂર છે. જો મોહમાં ભાન ભૂલો થઇ જાય તો જીવ નરકમાં પણ ગયા વગર રહેતો નથી.

સમકીતીને મોહનો ઉદય હોય પણ મોહનો અંધાપો હોય નહિ.

અનુબંધ એટલે ભવાંતરમાં ય ઉદયમાં આવે અને અહીં પણ ઉદયમાં આવે તે.

જેટલું સ્વાર્થી જીવન વધુ તેટલું પાપ વધારે બંધાય. ઉચિત વ્યવહારવાળું જીવન જીવતાં પાપ બંધાય ખરૂં પણ અનુબંધ રૂપે બંધાય નહિ.

જીવ એમ વિચારે કે મેં પાપ કર્યા છે માટે દુઃખ આવ્યું છે માટે શાંતિથી દુઃખ વેઠી લઉં આવો વિચાર કરી દુઃખ ભોગવે તો પુણ્યનો અનુબંધ જીવ કરતો જાય છે.

પાપના ઉદયકાળમાં જીવને પુણ્યનો અનુબંધ પેદા કરાવે તે પુણ્યાનુબંધી પાપ કહેવાય. પાપાનુબંધિ પુણ્ય કરતાં પુણ્યાનુબંધિ પાપ કંઇક અંશે સારૂં છે. હાય વ્હોય કરીને દુઃખ ભોગવે તેનાથી અકામ નિર્જરા થાય છે અને પાપનો અનુબંધ પડે છે.

સુખની ઇચ્છામાં-આશામાં દુઃખ વેઠે તેનાથી પાપનો અનુબંધ

પડે છે.

પુણ્ય-પાપની થોડી શ્રધ્ધાવાળો જીવ એમ વિચારે કે મેં આ ભવે કે પરભવે પાપ કર્યા હશે માટે જ મને દુઃખ આવ્યું છે તો હું આવેલા દુઃખને સારી રીતે વેઠી લઉં કે જેથી ભવાંતરમાં દુઃખ ન આવે. આવા વિચારથી દુઃખ વેઠે તો પુણ્ય બંધાય અને પાપ ખપે. આવી સામાન્ય સમજણ તો તિર્યંચ જીવોમાં પણ પેદા થઇ શકે છે અને એનાથી એ દુઃખ વેઠીને સદ્ગતિને ઉપાર્જન કરી શકે છે.

અશુભ અને ચીકણા કર્મોને ખપાવવા માટે જેટલી એકાગ્રતાપૂર્વક સારી રીતે ધર્મના અનુષ્ઠાનોની ક્રિયા કરે તેનાથી બંધાયેલા નિકાચીત ચીકણાં કર્મો પણ ખપીને નાશ પામે છે. **દા.ત.** પૃથ્વીચન્દ્ર અને ગુણસાગરના જીવો બન્નેને એકવીશ ભવથી સંબંધ ચાલ્યો આવે છે. શંખ કલાવતીના ભવથી સંબંધ ચાલ્યો આવે છે. પૃથ્વીચન્દ્રનો આત્મા રાજગાદી ઉપર કેવલજ્ઞાન પામવાના છે અને ગુણસાગરનો જીવ ચોરીમાં આઠ પત્નીઓની સાથે હાથ મીલાવતાં મીલાવતાં કેવલજ્ઞાન પામવાના છે. એ જીવોએ બાંધેલા અશુભ કર્મોને સારા ભાવથી કરેલા અનુષ્ઠાનોથી પુણ્યાનુબંધિ પુણ્યમાં ફેરવીને ખપાવી નાંખ્યા છે.

કેટલાક અપ્કાયમાં રહેલા જીવો પણ એવા હોય છે કે જેઓ ૫૦૦ યોજન-હજાર યોજન ઉંચે ધોધમાંથી પાણી રૂપે પથ્થર ઉપર પડે તેમાં જે અપ્કાયના જીવો પછડાય તેમાં કેટલી વેદના થાય તો પણ તે વેદના વેઠતી વખતે કાંઇક રાગાદિની મંદતાના કારણે મહાવિદેહ ક્ષેત્રનું આયુષ્ય બાંધી ત્યાં ઉત્પન્ન થઇ આઠ વર્ષે સંયમ લઇ નવમા વર્ષે કેવલજ્ઞાન પામી મોક્ષે જનારા હોય છે. આવા પ્રકારના આયુષ્યનો બંધ અપ્કાય જીવો પણ કરી શકે છે. આ રીતે અકામ નિર્જરાથી દુઃખ વેઠે તેમાં પણ જોરદાર નિર્જરા પેદા થઇ શકે છે. આવા જીવો અપ્કાયમાં અસંખ્યાતા રહેલા હોય છે. માટે જ દુઃખ આવે ત્યારે હાય વોય કરવી નહિ. તિર્ચ્છાલોકને વિષે અસંખ્યાતા ક્ષાયિક સમકીતી પંચેન્દ્રિય તિર્યંચો અત્યારે વિધમાન છે. અસંખ્યાતા તિર્યંચો દેશવિરતિને પાળીને જીવનારા

વિદ્યમાન છે. અસંખ્યાતા ક્ષયોપશમ સમકીતી તિર્યંચો પણ વિદ્યમાન છે. ક્ષાયિક સમકીત તો મનુષ્યપણામાંથી લઇને ગયા હોય તેમને હોય છે. ક્ષયોપશમ સમકીત લઇને ય ગયા હોય અને ત્યાં નવું પણ પામેલા હોય છે. ત્યાં જાતિ સ્મરણ જ્ઞાનથી પામી શકે. ભગવાનની મૂર્તિ કે સાધુના દર્શનથી પણ પામી શકે છે. અઢી દ્વીપની બહારના ભાગમાં અસંખ્યાતા દેશવિરતિ તિર્યંચો છે. તેમાં વાઘ, સિંહ વગેરે પણ જીવો હોય છે. તેઓ ઇર્યાસમિતિ પાળતા જાય છે. સુકું ઘાસ ખાય છે. તે પણ જોઇને અને તળાવમાં જ્યાં સૂર્યના કિરણોથી પાણી વિશેષ ગરમ થયેલું હોય તે પીએ છે અને પોતાના આયુષ્યનો કાળ સમતા-સમાધિ ભાવ રાખીને પૂર્ણ કરી રહ્યા છે.

જાતિ સ્મરણ જ્ઞાન મતિજ્ઞાનના ક્ષયોપશમ ભાવથી જીવોને પેદા થાય છે. આવા તિર્યંચો મરીને દેવલોકમાં જાય છે. સમકીતી મનુષ્યો સંખ્યાતા હોય છે. તે દેવલોકમાં જાય તો સંખ્યાતા દેવોની જગ્યા પૂરાય જ્યારે અસંખ્યાતા દેવોની સંખ્યાતો આવા સમકીતી દેશવિરતિવાળા તિર્યંચો પૂરે છે.

આપણે સન્ની છીએ માટે વિચાર કરવાનો છે કે કેવી રીતે દુઃખ ભોગવ્યું છે ? નરકના જીવોની અપેક્ષાએ વર્તમાનમાં આપણને શું દુઃખ છે ? જગતમાં રહેલા બીજા જીવો કરતાં આપણું દુઃખ કેટલું ? દુઃખમાં સાવધ કેમ રહેવું એવો વિચાર કર્યા કરીએ તો દુઃખ ઓછું થાય. આવેલું દુઃખ સહન ન થાય એટલે અવાજ નીકળે. નીકળી જાય તેનો વાંધો નહિ પણ અંદરથી સાવધ હોઇએ કે નહિ ? આટલી સમજ શક્તિ ખરી ? તિર્યંચ વગેરેને પણ આટલી સામાન્ય વિચારણા હોય છે તો આપણને તો આથી વિશેષ બુધ્ધિ અને શક્તિ મળેલી છે તો આનાથી આપણી વિચારણા વધારેજ હોય ને ? તો આવા વિચારો પેદા કરવા આત્માને કેળવીએ છીએ ખરા ?

દેવલોકમાં અસંખ્યાતા વર્ષો સુધી મળેલા સુખોને રાગ રાખીને ભોગવ્યા હોય અને રાગની મજબૂતાઇ કરેલી હોય અને છ મહિના

બાકી રહે ત્યારે મારે અહીંથી જવાનું છે જવાની જગ્યા પણ જૂએ તો આ સંયોગવાળા પદાર્થોના વિયોગનું દુઃખ જીવોને કેવું પેદા થાય એ વિચાર કરો ! માટે જ્ઞાનીઓએ એ દુઃખને છટ્ટીનું ધાવણ કાઢી નાંખે એવું હોય છે એમ જણાવેલ છે. આ બધા જીવોની અપેક્ષાએ આપણું પુણ્ય કેટલું બધુ છે કે જેથી આ ઉંચી કોટિની સામગ્રી મલી ગયેલ છે. માટે આ સામગ્રીથી અભ્યાસ એ પાડવાનો કે ઉભા કરી કરીને દુઃખ સારી રીતે વેઠતા થઇએ. કદાચ ઉભા કરીને દુઃખ ન વેઠીએ તો કર્મના ઉદયથી આવેલા દુઃખોને સારી રીતે વેઠીએ એ અભ્યાસ પાડવાનો છે શાથી ? કારણકે જ્યારે ખરેખર દુઃખના ડુંગરા તૂટી પડે ત્યારે સહન કરવાની તાકાત મળે.

જૈન શાસન તો કહે છે કે રોગાદિ આવ્યા પછી સહન કરવામાં તાકાત હોય અને સમાધિ રહેતી હોય તો ચતુર્વિધ સંઘને દવા કરવાનો (લેવાનો) નિષેધ કર્યો છે. માટે જૈન શાસન પામેલાની વિચારસરણી ધર્મ કરતાં કરતાં દુઃખ કાઢવાની-આવેલા દુઃખો નાશ થાય એવી ન હોય પણ આવેલા દુઃખોને સહન કરવાની શક્તિ આપો એવી વિચારણા હોય છે માટે જ સાધુ અને શ્રાવકને બાવીશ પરિષહો ઉભા કરીને વેઠવાનું કહ્યું છે.

ભૂખ લાગે ત્યારે જમવાનું નહિ પણ ભૂખ લાગ્યા પછી જ્યાં સુધી સહન થાય સમાધિભાવ ટકે ત્યાં સુધી ખાવાનુ નહિ. સમાધિ ન ટકે અને આર્ત્તધ્યાન થાય એમ લાગે તોજ ભોજન લેવાનું કહ્યું છે. આ પહેલો પરિષહ છે. પૂરમાં ત્રણ દિવસ સપડાયેલાઓ ભૂખ્યા રહીને પણ પછી મળેલું ભોજન બીજાને પહેલા આપે એ ભાવ ક્યારે થાય ? આ રીતે ભૂખ સહન કરવાની ટેવ પાડી હોય તો ? અને આ રીતે બીજાને આપે તેમાં પુણ્ય કેટલું સારૂં બંધાય. આ કારણથી જૈન શાસનમાં સહન કરવાની ટેવ પાડવાનું જે કહ્યું છે તે આવા વખતે કામ આવે છે.

તપ કરનારા પારણા વખતે અર્ધો કલાક મોડું થાય તો ઉંચા નીચા થઇ જાય છે ત્યાં પુણ્યના અનુબંધને બદલે બીજા વિચારો કરી

કરીને પાપનો અનુબંધ કરીએ છીએ એ વખતે શાંતિથી સહન કરવાથી કેટલી નિર્જરા થાય. આ ગુણ નાનો નથી કદાચ આજે નહિ અને કાલે પારણું થાય તો સમતા શાંતિ રાખી ભગવાનની આરાધના કરનારા કેટલા ?

આપણા શાસ્ત્રોમાં બે પ્રકારના કર્મો કહ્યા છે.

(૧) સ્વતંત્ર કર્મ અને (૨) સામુદાયિક કર્મ.

**દા.ત.** ઓરીસ્સાનું પૂર, વાવાઝોડું, ભૂકંપ વગેરે તથા ટી.વીની સીરીયલ એક સાથે બધા પોત પોતાના સ્થાનોમાં જૂએ તેમાં પણ જે વિચારણાઓ ચાલે તે સામુદાયિક કર્મ કહેવાય છે અને પોતે એકલો ક્રિયા કરતો કર્મ બંધ કરે તે સ્વતંત્ર કર્મ કહેવાય છે. આવેલા દુઃખને દૂર કરવાની ભાવના રાખ્યા વગર સ્વેચ્છાએ સહન કરીએ તો ઉદયમાં આવેલું પાપનું ફળ આવીને ચાલ્યુ જાય.

પુણ્યની ઉદીરણા માટે વૈરાગ્ય કહ્યો છે. પાપની ઉદીરણા માટે બાવીશ પરિષહો કહ્યા છે. બાંધવાનું પુણ્ય નથી પણ પુણ્યાનુબંધિ પુણ્ય બાંધવાનું છે. પાપના ઉદયકાળમાં પણ પુણ્યનો અનુબંધ કરવાનો છે.

આજે પૂજા અને પૂજનો વગેરે ભણાવાય છે. તેમાં હેતુ બદલવાની ખાસ જરૂર છે. દેહે દુઃખમ્ મહાફલમ્ એટલે કે દેવ, ગુરૂ, ધર્મની આરાધનામાં દેહના દુઃખથી મહાફળ પ્રાપ્ત થાય છે.

આટલા વર્ષોથી રખડપટ્ટીમાં ધર્મક્રિયા જે કરી તેનાથી પુણ્યનો અનુબંધ પડી રહ્યો છે એમ લાગે છે ખરૂં ? પાપનો અનુબંધ પાડવા પુરૂષાર્થની જરૂર નથી તેના સંસ્કારો તો અનાદિકાળથી ચાલ્યા જ કરે છે. આહારાદિ પુદ્‌ગલોમાં રાગાદિ પરિણામ કરીને પાપનો અનુબંધ પાડ્યા જ કરે છે. ધર્મની પ્રવૃત્તિ કરવાના સંસ્કાર મજબૂત કરે તેનાથી પુણ્યનો અનુબંધ પડી શકે છે. પુણ્યથી મળેલી સામગ્રીમાં રાગાદિ પરિણામ કર્યા વગર જેટલા અલિપ્ત રહીએ તેટલો પુણ્યનો અનુબંધ પડી શકે દુઃખ જાય એમ નથી માટે વેઠી લઇએ અને સુખની આશામાં દુઃખ ભોગવતો જાય તો પાપનો અનુબંધ વધારે પડતો જાય છે. સુખની

આશામાં જેટલું દુઃખ ભોગવે એ વિચાર પાપનો અનુબંધ પેદા કરે છે.

નાની ઉંમરમાં જેટલું થાય એટલું કામ કરી લઇએ પછી નિરાંત અને શાંતિથી રહેવાય એ બધા વિચારો મોહરાજાની આધિનતાના વિચારો છે. આવા વિચારો કરતાં નાની ઉંમરમાંજ ઉપડી ગયો તો ? પાછલી જીંદગી ક્યારે આવશે એ ખબર છે ? મરણ તો ગમે તેને ગમે ત્યારે આવી શકે છે. મોત ક્યારે આવશે એ ખબર છે ? માટે જ જ્ઞાનીઓ કહે છે કે ધર્મ સદા કરવો જોઇએ.

પુણ્યનો અનુબંધ જો પાડવો હોય તો સમતા ભાવ અગત્યનો છે.

દેવતાઓને પણ પાપના ઉદયકાળને લઇને દેવલોકની સામગ્રીથી-દેવલોકના વિમાનમાંથી કાઢી મૂકવાની સજા મળે છે. ઘરમાંથી જેમ કૂતરાને મારી મારીને કાઢે તેમ દેવલોકમાંથી કાઢી મૂકવામાં આવે છે. પાપનો ઉદયકાળ પણ દેવને કાઢવામાં નિમિત્ત બને છે અને એ કાઢી મૂકેલા દેવતાઓ તિર્ચ્છાલોકને વિષે કોઇ પહાડ આદિ ઉપર રહીને પોતાનો બાકીનો આયુષ્ય કાળ પૂર્ણ કરે છે. દેવલોકમાંથી કાઢી મૂકેલા દેવને એટલે ઇન્દ્રે કાઢી મૂકેલા હોય તેને કોઇ રાખવા કે સંઘરવા તૈયાર થતાં નથી.

એક બીજા પાપ કરાવવામાં સામેલ થાય છે પણ દુઃખમાં ભાગ પડાવવા કોઇ સામેલ થઇ શકે નહિ.

તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરીને નરકમાં ગયેલા જીવો જે દુઃખના કાળમાં સારી રીતે જીવે છે તેની સામે અનુત્તર વિમાનમાં ગયેલા દેવતાનાં જીવો બંને જીવોનાં પરિણામ એક સરખા હોય છે. નરકમાં ગયેલા જીવો દુઃખ ભોગવીને સકામ નિર્જરા કરે છે. દેવલોકમાં ગયેલા જીવો સુખમાં લીન થયા વગર સકામ નિર્જરા કરે છે. સુખમાં વિરાગ અને દુઃખમાં સમતા રાખીને બંન્ને પુણ્યનો અનુબંધ કરી શકે છે. સામાન્ય સમકીતી જીવો પણ નરકમાં દુઃખ ભોગવીને સકામ નિર્જરા કરતાં પુણ્યનો અનુબંધ કરતાં જાય છે.

# પાપાનુબંધિ પાપ

પાપના ઉદયકાળમાં જેટલી શક્તિ હોય એટલી ખર્ચીને દુ:ખનો નાશ કરવાનો પ્રયત્ન કરતો જાય તે પાપાનુબંધિ પાપ કહેવાય છે.

દુ:ખનો નાશ કરવા જેટલો મન, વચન, કાયાનો વ્યાપાર કરીએ તેની સામે પાપનો નાશ કરવા માટેનો જીવનમાં વ્યાપાર કેટલો ?

પાપ કરાવનારા ત્રણ પ્રકારના કર્મો કહેલા છે.

(૧) દુ:ખ આપનારા કર્મો

(૨) સુખ આપનારા કર્મો

(૩) પાપ કરાવનારા કર્મો

આ ત્રણમાંથી આપણે કયા પાપનો નાશ કરવાનો છે ? સવ્વપાવપ્પણાસણો બોલતાં કયા પાપોનો નાશ કરવા ઇચ્છિએ છીએ ? સુખ આપનારા કર્મોનો નાશ ક્યારે થાય એમ માનીને નવકાર ગણાય તે સાચો નવકાર કહેવાય. બાકીના એટલે દુ:ખ આપનારા કર્મોથી છૂટકારો મેળવવા માટે અને પાપ કરાવનારા કર્મોનો નાશ કરવા માટે ગણાતો નવકાર વ્યર્થ છે એટલે પાપાનુબંધિ પુણ્ય બંધાવનાર થાય છે.

જો સુખ આપનારા કર્મોથી છૂટવાનો પ્રયત્ન કરીએ તો દુ:ખ અને પાપ આવે ખરા ? પાપથી દુ:ખ મળે પુણ્યથી સુખ મળે એ સુખ પાછા પાપ કરાવે પાછું દુ:ખ આવે તો સુખ આપનારા કર્મો ખરાબ કે દુ:ખ આપનારા કર્મો ખરાબ કહેવાય ?

પાપના ઉદયથી આવેલા દુ:ખનો કોઇ કાળે નાશ કર્યા વગર છૂટકો નથી એવો વિચાર કરો ખરા ? સુખ આપનારા કર્મો જે પાપરૂપ કહ્યા છે તેનાથી છૂટવાની વિચારણા કરવાની છે. સુખની ભાવના એ પાપ છે. માટે જ જ્ઞાની ભગવંતોએ સુખ આપનાર કર્મોને પાપરૂપ કહ્યા છે.

આત્માના કલ્યાણ માટે એટલે આત્મિક સુખ પેદા કરવા માટે

ઉપયોગી ચર્તુભંગીમાંથી બે પ્રકારના ભેદ હોય છે.

(૧) પુણ્યાનુબંધિ પુણ્ય અને (૨) પુણ્યાનુબંધિ પાપ.

બાકીના બે આત્માને માટે અકલ્યાણ ઉભા કરીને દુર્ગતિમાં લઇ જનારા છે.

સારા વિચારો પેદા કરવા માટે પુરૂષાર્થ જરૂરી છે. કપટ વગરના સરલ વિચારોથીજ પુણ્યાનુબંધિ પુણ્ય થઇ શકે. સારા વિચારો સંસારમાં પરિભ્રમણ કરતાં જીવોને પેદા થતાં જ જાય એવો નિયમ નથી જ્યારે ખરાબ વિચારો સહજ રીતે સદા માટે અંતરમાં રહેલા જ છે.

પાપનો અનુબંધ સહજતાથી થાય જ્યારે પુણ્યના અનુબંધ માટે પુરૂષાર્થ જરૂરી છે.

હવે પુણ્યના ૪૨ ભેદો જે છે તે ત્રણ વિભાગમાં વહેંચી શકાય છે.

(૧) બેંતાલીશ ભેદોમાંથી કોઇને કોઇ ભેદ પુણ્યાનુબંધી પુણ્ય રૂપે બાંધી શકાય છે અને ઉદય રૂપે પણ ભોગવી શકાય છે.

(૨) બેંતાલીશ ભેદોમાંથી કોઇને કોઇ ભેદ પુણ્યાનુબંધિ પાપ રૂપે બાંધી શકાય છે અને તે રૂપે ભોગવી શકાય છે.

(૩) બેંતાલીશ ભેદોમાંથી કોઇને કોઇ ભેદ પાપાનુબંધી પુણ્યરૂપે બાંધી શકાય છે અને તે રીતે ઉદયમાં ભોગવી શકાય છે.

પાપાનુબંધી પાપ રૂપે વિભાગ પુણ્ય પ્રકૃતિઓમાં પડી શકતો નથી કારણકે પાપ પ્રકૃતિઓનાં ભેદો નથી માટે.

હવે આમાં વિચાર આપણે કરવાનો એ છે કે આપણે જે સારા વિચારો કરીએ છીએ તે સરળ સ્વભાવથી કરીએ છીએ કે કપટ સ્વભાવથી કરીએ છીએ ? વિચારો જે સારા કરીએ છીએ તે સ્વાર્થના વધારે કરીએ છીએ કે નિઃસ્વાર્થના વધારે કરીએ છીએ ? ચોવીશ કલાકમાં સારા વિચારો કેટલો સમય કરીએ છીએ ? રાગાદિ પરિણામ પૂર્વકના વિચારો આત્મા માટે અશુભ વિચારો કહેવાય છે.

પુણ્યના ઉદયથી મળેલી સામગ્રીમાં રાગાદિ કરીને કરેલા વિચારો

એજ અશુભ વિચારો કહેવાય છે.

સ્થુલ દ્રષ્ટિથી વિચાર કરીએ તો શરીર, ધન અને કુટુંબ આ ત્રણેની સુખાકારી માટેનાં જે વિચારો કરીએ છીએ તેમાં આખોય પુરો સંસાર આવી ગયેલો છે.

ચોવીશ કલાકમાં એના રાગાદિના વિચારો એ પાપનો અનુબંધ પેદા કરાવનારા વિચારો કહેવાય છે.

આ શરીરાદિ ત્રણ ભેદને વિષે વિચારો કરી કરીને જીવ પોતાના આત્મા ઉપર પાપનો અનુબંધ પાડીને પોતાનો સંસાર વધારતો જાય છે.

એકેન્દ્રિયાદિ જીવો પણ સુખ મેળવવાની આશાના વિચારો કરી કરીને પાપનો અનુબંધ કરતાં જાય છે અને એનાથી જ અસંખ્યાતા જન્મ-મરણની અથવા અનંતા જન્મ મરણની પરંપરા વધારતા જાય છે. મૂળ વાત એ છે કે શરીરાદિ ત્રણના સુખાકારીના વિચારો અને પ્રતિકૂળતા દૂર કરવાના વિચારો એ અશુભ વિચારો કહેલા છે માટે રાગ, દ્વેષ રહિતપણાની વિચારણા કેટલો સમય ચાલે છે ?

ક્રોધાદિ કષાયો પેદા કરવામાં, કરવા લાયક બતાવવામાં આ શરીરાદિ ત્રણ ચીજો જ છે એમ લાગે છે ? કારણ એ ક્રોધાદિ કષાયો એને માટે કરીને આત્માને નુકશાન થાય છે માટે એ પણ અશુભ વિચારો છે.

કદાચ કોઇનું કામ આજે કરવાનો વિચાર આવે અને સાથે થાય કે આનું કામ કરીશ તો ભવિષ્યમાં એ મને ઉપયોગી થશે. મારૂં પણ કામ કરશે એમ વિચારણા કરીને તેનું કામ કરવું, સહાય કરવી એ પણ સ્વાર્થ વૃત્તિ છે અને એ પણ અશુભ વિચારો કહેવાય છે. એનાથી પણ પાપનો અનુબંધ થાય છે.

ખરેખર તો શક્તિ હોય તો સ્વાર્થ વગર બીજાને સહાય કરવી જ જોઇએ. એ વિચારોને શુભ વિચારો કહ્યા છે. બીલકુલ બીજાને મદદ ન કરે તેને તો પાપાનુબંધી પાપ બંધાય છે. સ્વાર્થ સહિત મદદ કરવામાં પાપાનુબંધિ પુણ્ય બંધાય છે માટે જ જ્ઞાનીઓ સ્વાર્થ રહિત અને રાગ

ઓછામાં ઓછો થતો જાય તે રીતે અન્યને મદદ કરવાનું કહે છે. રાગાદિ પરિણામ દૂર કરવા માટે તેના પ્રત્યે ક્રોધાદિ કષાય કરીને તે દૂર ન થાય તો પશ્ચાતાપ કરતો થાય તો પુણ્યાનુબંધી પુણ્ય બંધાય.

માનવસેવા એ પ્રભુસેવા કહે છે. એ સ્થુલદ્રષ્ટિની વિચારણા કહી છે.

જૈનશાસન તો કહે છે કે એ માનવ સેવા કરતાં કરતાં પોતાનો માન કષાય પોષાય તો તેવાઓને પણ પાપાનુબંધિ પુણ્ય બંધાય છે. એ પુણ્યથી જેમ લાભ થતો જાય તેમ લોભ વધતો જાય છે. પ્રકરણાદિ ગ્રંથો પંડિતો જે શીખવાડે છે તેમાં પંડિતો ઉંચું દ્રવ્ય લે તેમાં પાપાનુબંધી પુણ્ય બંધાય. સાધુ સાધ્વીને ભણાવવા માટે પંડિતોને શ્રાવકો ખર્ચ આપે તો તે આપનારને પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. પંડિતો પણ આજીવીકા માટે મારે આ ખર્ચ લેવો પડે છે માટે જેટલો જરૂર હોય એટલોજ લે તો તેમાં ખુબ ઓછું પાપ બંધાય. પુણ્યાનુબંધી પુણ્ય તેવા વિચારોથી વધારે બાંધતો જાય છે.

પંડિતો સાધુ સાધ્વીને ભણાવતાં ભણી ગણીને તૈયાર થશે તે અનેક જીવોને જ્ઞાન આપીને સંસાર સાગરથી તારશે એનો લાભ મને જરૂર મલશે એમ માનીને ભણાવે તો પુણ્યાનુબંધિ પુણ્ય બંધાય છે. જ્ઞાની ભગવંતોએ જ્ઞાન દાનનો લાભ ઘણો બતાવ્યો છે.

સાધર્મિકને જમાડવાના લાભ કરતાં આ જ્ઞાન દાનના લાભને અનંત ગુણો અધિક લાભ કહેલો છે કારણકે જ્ઞાનદાનની પરંપરા ચાલુ જ રહે છે માટે અભયદાન કરતાં પણ જ્ઞાનદાનનો લાભ વધી જાય છે. કારણકે અભયદાન આ ભવ પુરતું જ છે જ્યારે જ્ઞાનભવો ભવ સુધી સાથે રહી શકે છે. આથી દીકરા માટે પણ આજીવિકાના લક્ષ્ય વગર મારે ત્યાં આવેલો આત્મા સાચું ખોટું સમજીને સાચાનું આચરણ કરતો થાય અને ખોટાનો ત્યાગ કરી પોતાના આત્માનું કલ્યાણ સાધતો જાય અને સદ્ગતિને પામે એવું લક્ષ્ય રાખીને દીકરાઓને સાચવે, ભણાવે તો પુણ્યાનુબંધી પુણ્ય બંધાય આજે લગભગ દીકરાને મોટો કરવામાં

આ રીતનું લક્ષ્ય રહેતું નથી માટે તકલીફ વેઠે ભણાવે અને પાપાનુબંધિ પુણ્ય ઉપાર્જન કરે છે આથી જ જ્ઞાની ભગવંતોએ ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહિ એમ કહ્યું છે.

**"સમયં ગોયમમા પમાયએ ।"**

હે ગૌતમ એક ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહિ. ગૌતમ સ્વામી મહારાજા તો ચાર જ્ઞાનના ધણી હતાં દ્વાદશાંગીના રચયીતા હતા છતાંય ભગવાન્ ગૌતમ મહારાજાને રોજ આ વાક્ય કહે છે ! ચોવીહાર છઠ્ઠના પારણે છઠ્ઠ કરતાં હતાં પારણે એકાસણું કરતાં હતા છતાંય આમ કહે છે તો આપણી દશા શી ?

શ્રી ગૌતમ સ્વામીજી મહારાજા તપ કરે છે છતાં કાયા સ્થુલજ રહે છે. પ્રમાદના કારણે પુંડરીક કંડરીક રાજાઓની વાત જાણો છો ?

પુંડરીક મોટાભાઇ છે કંડરીક નાનોભાઇ. બાપાના મરણ પછી રાજગાદી કોને લેવી તેની વિચારણા ચાલે છે તેમાં પુંડરીકે નાના ભાઇને કહ્યું કે જોતું રાજગાદી સંભાળતો હોય તો હું સાધુપણાનો સ્વીકાર કરી આત્મકલ્યાણ કરૂં ! ત્યારે નાના ભાઇએ કહ્યું કે ભાઇ તમો લગ્નગ્રંથીથી જોડાયેલા છો માટે રાજગાદી સંભાળો મારે રાજ્ય જોઇતું નથી. સંયમનો સ્વીકાર કરવાનો છે ત્યારે મોટાભાઇએ આગ્રહ કર્યો નહિ. રાજા થયા પછી નાના ભાઇનો સારી રીતે દીક્ષા મહોત્સવ કરી દીક્ષા આપી તે કંડરીક મહાત્મા પણ સુંદર રીતે સંયમનું પાલન હજારો વર્ષ સુધી કરે છે. એક વખત નિકાચીત કર્મના ઉદયના કારણે સંયમ પાલન કરવાનું મન ન થતાં વિહાર કરતાં કરતાં પુંડરીક રાજાના ગામ બહાર ઉદ્યાનમાં આવી ઝાડ ઉપર ઓઘો લટકાવી બેઠા છે તેમાં જતા આવતા લોકોએ જોયા એટલે રાજાને સમાચાર આપ્યા. રાજા ત્યાં આવીને મહાત્માને ઘણું સમજાવે છે પણ મહાત્મા મૌન જ રહે છે. છેલ્લે કહ્યું કે રાજા બનવું છે ? તો મારો વેષ તું પહેર અને તારો વેષ હું પહેરું. કંડરીક મુનિએ કબુલ કર્યું અને વેશ રાજાનો પહેર્યો. રાજાએ સાધુવેશ પહેર્યો અને ગુરૂની શોધમાં નીકળી ગયા. આ બાજુ કંડરીક રાજા થયા. રાજ્ય

રસોઇ જોઇ ખુબ ખાધી રાતના તબીયત બગડી, નોકર, ચાકર સેવા કરવા તૈયાર નથી. તેવામાં રૌદ્રધ્યાન કરી સાતમી નારકીનું આયુષ્ય બાંધી સાતમી નારકીમાં ગયા. પુંડરીક મુનિ ગુરૂ શોધમાં જતાં ક્ષુધા ઘણી લાગેલી છે તે સહન કરી અનશન કરી અનુત્તરના સર્વાર્થસિધ્ધ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા છે. વિચારો હજારો વર્ષ સંયમ પાલન કરે છતે એક માત્ર થોડો પ્રમાદ કરીને સાતમી નારકીમાં ગયા અને અપ્રમત્ત ભાવ પુંડરીક મુનિ પેદા કરીને સર્વાર્થ સિધ્ધમાં ગયા. આ અપેક્ષાએ આજે જે રીતે ધર્મ પ્રવૃત્તિ જીવનમાં આચરીયે છીએ તેમાં અપ્રમત્ત ભાવનું લક્ષ્ય કેટલું પેદા થાય છે ? પ્રમાદ પૂર્વકની ધર્મ આરાધના કરતાં અંતરમાં દુઃખ કેટલું થાય છે ? જો આ વિચારો ચાલુ રહે તોજ કાંઇક આત્મકલ્યાણના માર્ગે આગળ વધી શકીશું !

આઠ કર્મોને વિષે ચાર ઘાતી કર્મો કહેવાય છે.

(જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય) એની પ્રકૃતિઓ બધી જ પાપ પ્રકૃતિઓ હોય છે. બાકીના ચાર અઘાતી કર્મો (વેદનીય-આયુષ્ય-નામ અને ગોત્ર) એ કર્મોની પ્રકૃતિઓનાં ભેદોમાં પાપ પ્રકૃતિઓ રૂપે ૪૨ અને ૪૨ પુણ્ય પ્રકૃતિઓ રૂપે ભેદો હોય છે.

## પુણ્ય પ્રકૃતિઓનાં ૪૨ ભેદો

(૧) વેદનીય કર્મ-શાતા વેદનીય-૧

(૨) આયુષ્ય કર્મ-૩ તિર્યંચ, મનુષ્ય, દેવાયુષ્ય એમ ત્રણ ભેદો હોય છે.

ગોત્રકર્મ-૧ ઉચ્ચગોત્ર-૧

નામકર્મ-૩૭ :- પિંડ-૨૦, પ્રત્યેક-૭, ત્રસ-૧૦, પિંડ-૨૦. મનુષ્યગતિ, દેવગતિ, પંચેન્દ્રિય જાતિ, ઔદારિક-વૈક્રીય, આહારક, તૈજસ, કાર્મણ એ પાંચ શરીર, ઔદારિક-વૈક્રીય-આહારક એ ૩ અંગોપાંગ. વ્રજઋષભનારાચ સંઘયણ, સમચતુરસ્ત્ર સંસ્થાન, શુભ ૪ વર્ણાદિ. (વર્ણ-ગંધ-રસ-સ્પર્શ) મનુષ્યાનુપૂર્વી, દેવાનુપૂર્વી,

શુભવિહાયોગતિ.

પ્રત્યેક-૭. પરાઘાત, ઉચ્છવાસ, આતપ, ઉદ્યોત, અગુરૂલઘુ, જિનનામ, નિર્માણ.

ત્રસ-૧૦. ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય, યશ.

કેટલાક જીવો આ બેંતાલીશ ભેદોમાંથી કોઇને કોઇ ભેદો પુણ્યાનુબંધિ પુણ્ય રૂપે બાંધે-કેટલાક પુણ્યાનુબંધિ પાપરૂપે બાંધે-કેટલાક પાપાનુબંધિ પુણ્યરૂપે બાંધી શકે છે. એ સૌ સૌની વિચારધારા ઉપરથી જાણી શકે. હમણાં કોઇએ પુણ્યાનુબંધિ પુણ્ય રૂપે બાંધી હોય તો એક કલાક કે થોડાકાળ પછી પાપાનુબંધિ પુણ્ય રૂપે પણ બાંધી શકે. કારણ એક સરખો વિચાર ન રહે તો વિચાર બદલાયે આ ફેરફાર થઇ શકે છે.

સ્વાર્થ માટે વેઠેલા દુઃખોથી પાપનો અનુબંધ જોરદાર પડી શકે છે અને તે વખતે પુણ્ય બંધાય તો થોડુંક જ બંધાય પણ અનુબંધ રૂપે બંધાતુ નથી. એકેન્દ્રિય જીવો શરીરની મમત્વ બુધ્ધિ અને સ્પર્શેન્દ્રિયના પ્રતાપે પાપ અનુબંધરૂપે બાંધી શકે છે.

બેઇન્દ્રિય જીવો સારા સ્વાદને મેળવવાની ઇચ્છાના પ્રતાપે પાપનો અનુબંધ જોરદાર કરી શકે છે.

તેઇન્દ્રિય જીવો સુગંધવાળા પદાર્થોને મેળવવાની ઇચ્છાથી પાપનો અનુબંધ જોરદાર કરી શકે છે.

ચઉરીન્દ્રિય જીવો ચક્ષુથી જે વર્ણાદિવાળા પુદ્ગલો દેખાય તેમાં સારાપણાની બુધ્ધિથી પાપનો અનુબંધ કરી શકે છે. અસન્ની પંચેન્દ્રિય જીવો શ્રવણેન્દ્રિયથી સારૂ સાંભળવા મલે ત્યાં તલ્લીન થાય છે એનાથી પાપનો અનુબંધ કરી શકે છે. સન્ની પંચેન્દ્રિય જીવો પાંચ ઇન્દ્રિય ઉપરાંત દ્રવ્ય મન એટલે મનના વિચારો કરી શકે છે. એ શક્તિ વધારે મળેલી છે તેનાથી આપણું કામ જ કરવું. બીજાને સહાયભૂત ન થવું મારે શા માટે એનું કામ કરવું ? એ મારૂં કરવા આવે છે ? આવા વિચારોથી આપણો સંસાર વધારતા જઇએ છીએ. આપણે એટલે સન્ની જીવો અને

સારા વિચારો નિઃસ્વાર્થ ભાવે કરીએ. તેનાથી પુણ્યનો અનુબંધ પણ કરી શકીએ છીએ. જ્યારે અસન્ની સુધીનાં જીવો દ્રવ્યમન ન હોવાથી પુણ્યનો અનુબંધ કરી શકતા નથી. માત્ર અકામ નિર્જરાથી દુઃખ ભોગવીને પુણ્ય બાંધી શકે છે.

એટલે દ્રવ્ય મનથી ખરાબ વિચારો કરીએ અનુકૂળસામગ્રીનાં જ વિશેષ વિચારો કરીએ તેનાથી પાપનો અનુબંધ જોરદાર કરી શકીએ છીએ. એવી જ રીતે સારા વિચારો સારાભાવથી કરીએ તો પુણ્યનો અનુબંધ પણ જોરદાર કરી શકીએ છીએ માટે આપણે શું કરવું તે આપણે નક્કી કરવાનું છે !

વેદનીય કર્મનીપૂજા ભણાવવાથી પુણ્ય બંધાય પરંતુ શારીરિક વેદના થયેલી હોય, માનસીક વેદના થયેલી હોય, એ માટે ભણાવવામાં આવે તો પાપના અનુબંધ સાથેનું પુણ્ય બંધાય છે. પુણ્યનો અનુબંધ તો અશરીરી બનવાના હેતુથી મને આવેલી વેદનામાં સહન કરવાની શક્તિ મલે સમાધિપૂર્વક સહન કરી શકું એ ભાવના હોય તો બંધાય.

દેવ, ગુરૂ, ધર્મની આરાધનાની ભક્તિ કરતાં મારા શરીરનો, ઘરનો, કુટુંબ-પરિવારનો, ધનનો રાગ છૂટે એવી શક્તિ મળે એવા વિચારો રાખવાના છે. મને મલ્યું તે બધાને મલજો એવી ભાવના ખરી ? કે બીજાનું ખેંચી લેવાની ભાવના છે ?

સમકીતી જીવો સંસારમાં વસવું પડે છે માટે વસે છે પણ રમે નહિ એટલે સુખના પદાર્થોમાં રમણતા કરે નહિ. માટે વંદિતા સૂત્રમાં અપ્પોસિ હોઇ બંધો કહેલું છે. સમકિતીના રાગનો ઢાળ બદલાઇ ગયેલો હોય છે.

કોઇ પણ પ્રત્યે ભક્તિ કરવાની તો તે ફરજ તરીકે કરવાની કીધી છે. માતા પિતાની ભક્તિ પ્રશસ્ત રાગથી કરવાની છે. પત્નિ, સંતાનો પ્રત્યેની ભક્તિ-પ્રીતિ રાગથી કરવાની હોય છે. આ રીતે કરે તો વાત્સલ્ય ગુણ પેદા થતો જાય, રાગ ઓછો થતો જાય. સંસારમાં રહીને પણ પહેલા-ચોથા-પાંચમા ગુણઠાણે ધર્મની ક્રિયાઓ રાગથી જ

કરવાની કહી છે સંસારમાં પત્ની પ્રત્યેનો પ્રીતિ રાગ સંસાર વર્ધક કહ્યો છે. તેમ ધર્મ પ્રત્યેનો, પહેલા પ્રીતિ રાગ સંસાર કાપવા માટે શરૂ કરી પછી ભક્તિ રાગ માતા-પિતાની ભક્તિની જેમ દેવાદિ પ્રત્યે રાગ પેદા કરતો જાય તો તે રાગ સંસાર કાપવામાં સહાયભૂત થાય.

સાતમા ગુણઠાણે રહેલા જીવોને મોક્ષના સુખની આંશિક અનુભૂતિ થયેલી હોય છે માટે ત્યાં રાગ કાપવાની એટલે નાશ પામવાની શરૂઆત થાય છે અને દશમા ગુણસ્થાનકે રાગ સદંતર નાશ પામે છે. સંસારમાં રહીને પણ દુર્ગતિ ન થાય તેમ સાવચેતી રાખવામાં જ પુણ્યાનુબંધિ પુણ્ય બંધાય. માટે શુભ ક્રિયાઓથી જ એકાંતે પુણ્યાનુબંધિ પુણ્ય બંધાય એવો નિયમ નહિ. અશુભ ક્રિયાઓમાં સાવચેતી પૂર્વક જીવે તો પણ પુણ્યાનુબંધિ પુણ્ય બાંધી શકાય છે.

સાધુ વગેરે મહાત્માઓને પણ શાસન પ્રભાવનાના કાર્યો કરતાં કરતાં પોતાના માન પાનાદિ પોષાય. ભક્ત વર્ગ ઉભો કરવાની ભાવના હોય તેમાં આનંદ થાય તો પણ પાપાનુબંધિ પુણ્ય બંધાય. માટે તે ખોટનો ધંધો કર્યો કહેવાય છે. પુણ્યાનુબંધિ પુણ્ય બાંધ્યા પછી ટકાવવા માટે ગાંભીર્ય ગુણ કેળવવો પડશે.

કુટુંબને ધર્મમાર્ગે વાળવા માટે વાત્સલ્ય ગુણ કેળવીને સાચવે અને ધર્મમાં આગળ વધતા જાય તો તેનાથી ગણધર નામકર્મ ઉપાર્જન થઇ શકે છે. વાત્સલ્ય ગુણ ક્ષયોપશમ ભાવે છે. જ્યારે રાગ મોહનીય કર્મના ઉદય ભાવે રહેલો હોય છે.

કોઇ આપણી વસ્તુ ઝુંટવી જાય, પડાવી જાય તો વસ્તુ લઇ જવાનો. ક્યાં ગઇ હશે ? આ શા માટે લઇ ગયો હશે ? હવે હું શું કરીશ એમ રાગ દ્વેષ નહિ કરતાં તે આપણી વસ્તુ ભલે લઇ ગયો પણ તેનો દુરૂપયોગ ન કરી સારો ઉપયોગ કરે તો સારૂં એવો ભાવ રાખવામાં પુણ્યાનુબંધિ પુણ્ય બંધાય. આમાં દુરૂપયોગ ન થાય પણ તેનો સદુપયોગ કરે એવી ભાવના હોય છે. તેમાં પાછુ મેળવવાની ભાવના નથી. માટે પુણ્યાનુબંધિ પુણ્ય બંધાય છે. જો પાછું મેળવવાની ભાવના કરે તો

પાપાનુબંધિ પાપ બંધાય છે.

આટલી ઉદારતા જો હૈયામાં આવી જાય તો સંસારમાં બધા દેવલોકની જેમ જીવતા થઇ જાય. અવળાં જ વિચારો જો આવતા હોય તો પુણ્યાનુબંધિ પુણ્ય શી રીતે બંધાય ? આના ઉપરથી રાગના પરિણામોની મંદતા કેટલી લાવવાની છે ? કર્મોની નિર્જરા કરીને આત્મકલ્યાણમાં કેમ આગળ વધવું એજ જૈન શાસ્ત્રોમાં કહ્યું છે. હવે વિચારધારા બદલવીજ પડશે એમ નક્કી કરો. વસ્તુ ન મળે તો તે વગર ચલાવવાની તૈયારી કરી લો તેથી ઓટોમેટીક ક્રિયા બદલાઇ જશે. તોજ દેવ, ગુરૂ, ધર્મના સ્થાનમાં જવાના વિચારો અંતરથી ઉઠશે.

## ૧. શાતા વેદનીય ભેદ

એકથી દશ ગુણસ્થાનકને વિષે પુણ્યના ઉદયની સાથે પાપનો ઉદય સાથે ને સાથે જ હોય છે. જેમ પુણ્ય અને પાપ સાથે જ બંધાય છે. તેમ તેનો ઉદય પણ સાથે જ હોય છે. આજ નિયમ ઉપર જૈન શાસનનો કર્મવાદ ટકી રહેલો છે. "બંધ સમયે ચિત્ત ચેતીએ રે ઉદયે શ્યો સંતાપ" એમ જ્ઞાની ભગવંતોએ ગુજરાતી ભાષાની પૂજાઓમાં પણ લખ્યું છે કે ઉદયને વિષે સંતાપ કરવાનો નથી પણ બંધ સમયે ચેતવાનું છે. આવી રીતે ચેતીને જીવે, તેને પહેલા ગુણસ્થાનકમાં રહેલા જીવો છે એમ કહ્યું છે. પહેલા ગુણસ્થાનકે સાવચેતી એટલે અશુભ પ્રકૃતિઓ રૂપે પાપનો બંધ ન પડે તે. આવા જીવો પણ સંસારમાં રહીને આત્મિક ગુણનું દર્શન કરતા જાય છે.

સંસારની ક્રિયાના અશુભ વિચારોને સ્થિર થવા દેવા નહિ. જેટલી એમાં એટલે અશુભ ક્રિયાઓના વિચારોમાં સ્થિરતા વધુ એટલી તીવ્રતા વધુ હોય, જેટલી તીવ્રતા વધુ હોય એમ પાપના અનુબંધ પણ વધારે હોય.

શુભ વિચારોની સ્થિરતા વધારે હોય તો પુણ્યનો અનુબંધ

વધારે થતો જાય માટે અશુભ ક્રિયાઓની વિચારણા કે વાતચીતો કરવી પડે તો કરે પણ એ વાત પૂર્ણ થાય કે તરત જ એ વિચાર છોડી દે એ વિચારને વારંવાર યાદ કરીને સ્થિર ન કરે. જો વારંવાર વિચારીને સ્થિર કરતો જાય તો એ પરિણામને તીવ્ર પરિણામ કહેવાય છે. માટે જ્ઞાનીઓએ કહ્યું છે કે પરિણામે બંધ અને પરિણામે નિર્જરા ! સમયે સમયે જીવ પુણ્ય અને પાપ બન્ને પ્રકારના કર્મોની પ્રકૃતિઓ બાંધતો જાય છે. તેમાં એક અનુબંધ વગર બાંધે અને એક અનુબંધ પૂર્વક બાંધે એ પરિણામ કહેવાય છે !

પુણ્યાનુબંધિ પુણ્ય આપણા મિથ્યાત્વની મંદતા કરવાનું કામ કરે છે. જેમ સરળ સ્વભાવથી આત્મામાં ચઢતી થતી જાય તેમ તેમ મિથ્યાત્વની મંદતા વધતી જાય. તેના પ્રતાપે પુણ્યાનુબંધિ પુણ્યની પ્રાપ્તિ-તેનાથી આત્મિક ગુણના દર્શનની આંશિક પ્રાપ્તિ આજ વસ્તુને શુધ્ધ યથાપ્રવૃત્તકરણ કહેલ છે. આવા સુખની સંપૂર્ણ અનુભૂતિ સિધ્ધ પરમાત્માઓના આત્માઓ અત્યારે માણી રહ્યા છે.

શાતાવેદનીય સુખ પરપદાર્થોના સંયોગથી લાગે છે. પરપદાર્થોના સંયોગથી જે શાતા વેદનીય રૂપે સુખની અનુભૂતિ થાય છે તેના કરતાં પણ આત્માના ગુણના દર્શનની આંશિક અનુભૂતિનો આલ્હાદ અનંત ગુણા સુખનો આનંદ આપે છે, અર્થાત્ પેદા કરે છે. આ કારણોથી વિચારણા કરતાં સુખ આપતાં પદાર્થોમાં આપણા રાગની મંદતા થવી જ જોઇએ.

પુણ્યના બેંતાલીશ ભેદ. પર-પદાર્થોના આનંદથી સુખ થાય છે. આનાથી ચઢીયાતું બીજુ સુખ દુનિયામાં જરૂર છે એમ વિચાર કરીએ છીએ ખરા ? બેંતાલીશ ભેદોનું, પદાર્થના સંયોગ વગરનું સુખ એજ વાસ્તવિક સુખ છે. એવોય વિચાર કરીએ છીએ ખરા ? વાસ્તવિક સુખ પોતાના આત્મામાં જ રહેલું છે.

આપણું મિથ્યાત્વ પૈસા વગેરે પર પદાર્થોના સંયોગથી હાશકારો પેદા કરાવે છે તેનો વિયોગ થતાં દુ:ખ પણ એજ કરાવે છે માટે તે પૈસા

આદિ વાસ્તવિક રીતે સુખની ચીજ નથી એમ લાગે છે ?

શાતા વેદનીય પુણ્ય પ્રકૃતિ હોવા છતાં તે હંમેશા સુખની અનુભૂતિ જ કરાવે એવો નિયમ નહિ.

ચાર ડીગ્રી તાવ હોય અને એ.સી. માં બેઠા હોઇએ તો પણ એ શાતાની સામગ્રીમાં જીવને દુઃખ લાગ્યા કરે છે. એટલે બધાને સુખની અનુભૂતિ થાય એવો નિયમ નહિ ને ? તો પછી જે પદાર્થ થોડા સમય માટે સુખ આપે તેને સુખ આપનાર કહેવાય ખરૂં ? માટે જ જગતમાં કાયમ સુખ આપનાર, એનાથી ચઢીયાતો પદાર્થ જગતમાં જરૂર હોવો જોઇએ એમ માનવામાં આવે ખરૂં ને ?

શાતા વેદનીયનો રસ દરેકે બાંધેલો એક સરખો હોતો નથી, કોઇને મધ્યમ રસ, કોઇને જઘન્ય રસ, કોઇને તીવ્ર રસે ઉદયમાં હોય છે. પુણ્ય પ્રકૃતિ તો ભોગવતાં આવડે એનું જ કામ. ગમે તેવી ઇન્દ્ર મહારાજાની સામગ્રી મુકો તો પણ સમકીતી જીવ ભોગવતાં ભોગવતાં પણ પુણ્યાનુબંધિ પુણ્યજ બાંધતો જાય છે. કારણ કે એ આત્માઓને શાતા વેદનીયના સુખ કરતાં આત્માનું સુખ જરૂર ચઢીયાતું છે એવો વિશ્વાસ હોય છે.

પર પદાર્થનું સુખ વાસ્તવિક સુખ નથી એ વિચારથી જ શાતાવેદનીયના સુખને ભોગવતાં આવડશે. વાસ્તવિક સુખ પર પદાર્થોમાં નથી જ એટલી માન્યતા પેદા થઇ એટલે આત્મિક સુખને પેદા કરવાની શરૂઆત થઇ ગઇ કહેવાય.

પુણ્યાનુબંધિ પુણ્યના ઉદયવાળો ભોગવશે પણ જે મલ્યું હોય તેથી અધિક મેળવવાની ઇચ્છા વગર ભોગવે છે માટે તેને સાચું સુખ મળે છે જ્યારે આપણે તેનાથી વિરુધ્ધ વિચારીને દુઃખી છીએ.

ચઢીયાતા સુખની માન્યતા પ્રબળ થાય તો રાગ ઉડી જાય. સિધ્ધના સુખની અપેક્ષાએ આપણા સુખમાં કાંઇ જ તાકાત નથી. પૈસો મેળવવો એ પાપ તેમાં જેટલી નીતિ પાળવી એટલોજ ધર્મ કહેવાય.

શાતા વેદનીયનો ઉદય એક એક અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્તે હોય

છે. એટલે જગતમાં રહેલા દરેક જીવોને એક અંતર્મુહૂર્ત શાતાનો ઉદય હોય પછી એક અંતર્મુહૂર્ત અશાતાનો ઉદય હોય, પુણ્યથી મળેલી સામગ્રી જીવને સુખ અને આહ્‌લાદ પેદા કરાવે તેને શાતા વેદનીય કહે છે.

નરકમાં રહેલા જીવોને પણ શાતાવેદનીય અને અશાતા વેદનીયનો ઉદય ચાલુ જ છે. પરાવર્તમાન રૂપે હોય છે. ઘણાં દુ:ખમાં કાંઇક ન્યૂનતા થાય એટલે હાશ ! દુ:ખ ઓછું થયું એમ લાગે તે શાતા કહેવાય છે. જેમકે ૧૦૫ ડીગ્રી તાવ છે તે અશાતા વેદનીય છે અને ૧૦૨ ડીગ્રી થાય તોય તાવતો છેજ પણ ૧૦૫ ડીગ્રીની અપેક્ષાએ ૧૦૨ ડીગ્રી ઓછી હોવાથી હાશ થાય છે. સારૂં છે એમ થાય છે એ શાતા વેદનીય કહેવાય છે.

એકેન્દ્રિય જીવોથી પંચેન્દ્રિય, તેરમા ગુણસ્થાનક સુધીમાં રહેલા જીવોને શાતા-અશાતાનો ઉદય પરાવર્તમાન રૂપે ચાલુ જ છે. કેવલી ભગવંતોને પણ ભૂખ, તરસ લાગે તે અશાતાનો ઉદય ગણાય છે. દેવલોકમાં પણ શાતા, અશાતા પરાવર્તમાન રૂપે ચાલુ જ હોય છે.

આજે સુખી માણસો છે તેમાં મોટાભાગના માણસો સુખી નથી, જ્ઞાનીઓ તેમને વધારે દુ:ખી કહે છે. વેદના ઉદયથી શાતાનો જ ઉદય થાય તેવું નહિ, અશાતાનો ઉદય પણ થાય. એ અશાતાના ઉદયથી ગુસ્સો પણ આવે, બોલવાનું પણ થાય.

જ્ઞાનીઓ કહે છે કે લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાયનો એવો ક્ષયોપશમ ભાવ ન હોય તો મળેલી સામગ્રી અધૂરી જ લાગે. ભોગવી પણ ન શકે વારંવાર પણ ભોગવી ન શકે એવું બને. તેમાં વીર્ય ફોરવી પણ ન શકે ત્યારે અશાતાનો ઉદય ગણાય.

જઘન્ય અંતર્મુહૂર્ત ૯ સમયનું હોય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અડતાલીશ મિનિટમાં એક સમય ન્યૂન ગણાય છે. એ સિવાયના ૯ સમયથી અધિક અધિક સમયો કરીને ૪૮ મિનિટમાં બે સમય ન્યૂન સુધીનાં બધા મધ્યમ અંતર્મુહૂર્ત ગણાય છે. એ અસંખ્યાતા થાય છે. આખા દિવસમાં આપણને અશાતા વેદનીયનો ઉદય વધારે ચાલે છે

ને ? આહાર-ભય-મૈથુન-પરિગ્રહ વગેરેની અધિકને અધિક ઇચ્છાથી અશાતા વેદનીયનો ઉદય ચાલુ જ રહે છે. આહાર લેતાં પણ એટલે ખાતા પણ વિચાર આવે કે આ ખાઇશ અને પેલું ખાઇશ તેમાં બિમાર પડી જઇશ તો આમ થશે તો ? એજ અશાતા વેદનીયનો ઉદય સૂચવે છે. પાછો વિચાર કરે કે લાવને થોડુંક તો ખાઇ લઉં એ શાતા વેદનીયનો ઉદય સૂચવે છે.

દેવલોકમાં શાતા વેદનીયનું અંતર્મુહૂર્ત મોટું અને અશાતાનું અંતર્મુહૂર્ત નાનું હોય છે. જ્યારે નારકીમાં અશાતાનું અંતર્મુહૂર્ત મોટું અને શાતાનું અંતર્મુહૂર્ત નાનું હોય છે. મનુષ્ય અને તિર્યંચોને વિષે શાતા અને અશાતાનું અંતર્મુહૂર્ત સરખું હોય છે. સુખની સામગ્રી હોવા છતાં પણ અધિક મેળવવાની ઇચ્છા થવી એને પણ જ્ઞાનીઓ અશાતા વેદનીયનો ઉદય કહે છે.

પેંડાનું બોક્સ લાવે તેમાંથી ઘણાં પેંડા ખાઇ શકે એમ હોય છતાં એક ખાઇને અટકી જાય, બાકીના મુકી દે તેમાં ભોગાંતરાય કર્મ કામ કરે છે. એટલે ભોગાંતરાય કર્મનો ઉદય રહેલો હોય છે. તે સાથે અશાતા વેદનીયનો ઉદય પણ ગણાય. એક દિવસમાં બોક્સ કેમ પુરૂં કરાય ? એ વિચાર અશાતા વેદનીયનાં ઉદયનો છે. રાખી મુકવાની ઇચ્છા તે રાગ મોહનીયનો ઉદય. હવે અહીં આ સ્થાનમાં ઇચ્છા નિરોધના ભાવથી રસનેન્દ્રિયના સંયમ કરવાની ભાવનાથી ઓછું ખાય તો અશાતાનો નાશ કર્યો કહેવાય અને એનાથી લાભ પ્રાપ્ત થયો કહેવાય. એમ પૈસો જરૂર મુજબ મલ્યા પછી અધિક મેળવવાની ઇચ્છા રાગમોહનીયનો ઉદય અને અશાતાનો ઉદય બતાવે છે.

લાભાંતરાય, ભોગાંતરાય અને ઉપભોગાંતરાયનો ઉદય છે માટે મલે નહિ અને ભોગવી શકાય નહિ ! અધિક મેળવવાની ઇચ્છા ન હોય અને મળેલી ચીજનો ભોગવટો કરતા હો તો શાતાનો ઉદય ગણાય.

આપણે મળેલી ચીજનો ઉપયોગ શાતા રૂપે કરીએ છીએ કે અશાતા રૂપે ? અધિક મેળવવાની ઇચ્છા એ અશાતાના ઉદયના કારણે

મળેલી સુખની સામગ્રીને સુખના અનુભવ પૂર્વક ભોગવવા દેતી નથી એટલે એવા જીવોને સુખમાં સુખની અનુભૂતિ થતી નથી.

રાગાદિ પરિણામ આહાર, ભય, મૈથુન અને પરિગ્રહના વિચારોથી જ અશાતાનો ઉદય થાય છે. રાગાદિના ઉદયને પાપના અનુબંધનો ઉદય કહેલો છે. પુણ્યના ઉદયકાળથી સામગ્રી મળી છે. પાપના અનુબંધથી રાગાદિ પરિણામ પીડે છે માટે ભોગવટો કરવા છતાંય સુખની અનુભૂતિ થતી નથી.

આ મનુષ્ય ભવમાં આપણે મનને આત્મિક ગુણોમાં દેવ, ગુરૂ, ધર્મની આરાધનામાં સ્થિર કરવાનું છે. સુખની લાલસા અને પૈસાનો લોભ અનાદિકાળથી જીવોને હેરાન કરી રહ્યો છે.

પુણ્યાનુબંધિ પુણ્યના ઉદયવાળા જીવોને અશાતા વેદનીયના ઉદયવાળું અંતર્મુહૂર્ત નાનો કાળ અને શાતા વેદનીયના ઉદયવાળું અંતર્મુહૂર્ત લાંબાકાળ સુધીનું હોય છે. સાધુપણામાં પણ ટેન્શન વગેરે રાખીને જીવે એ અશાતાનો ઉદય જ કહેવાય છે. કેમકે તેરમા ગુણસ્થાનક સુધી શાતા અશાતાનો ઉદય અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્તે ચાલુ જ હોય છે.

સાધુ જીવનમાં બાહ્ય નવ પ્રકારના પરિગ્રહનો ત્યાગ અભ્યંતર ચૌદ પ્રકારના પરિગ્રહનો નાશ કરવા માટે કરવાનો હોય છે.

શાતા વેદનીયનો ઉદય પાપાનુબંધીના ઉદયવાળા જીવોને અનુભવાતો જ નથી.

આયુષ્ય કર્મના ત્રણ ભેદ. તિર્યંચાયુ, મનુષ્યાયુ, દેવાયુષ્ય. જ્ઞાની ભગવંતોએ આયુષ્ય કર્મને બેડી સમાન કહેલું છે. જ્યાં સુધી આયુષ્ય હોય ત્યાં સુધી જીવવું જ પડે. કોઇ જીંદગીથી કંટાળીને આપઘાત કરવાનું વિચારે, પ્રયાસ કરે પણ આયુષ્ય બાકી હોય તો એ મરતો નથી એટલે જેમ બેડીમાં જકડાયેલો જીવ કેમે કરીને છૂટી શકતો નથી એમ જીવ પણ એક આયુષ્ય પૂર્ણ કર્યા વિના બીજી ગતિમાં જઇ શકતો નથી.

નરકાયુષ્યને પાપ પ્રકૃતિ કહેલી છે.

**તિર્યંચાયુષ્ય :-** આને પુણ્ય પ્રકૃતિ કીધી છે કારણ કે ત્યાં

ઉત્પન્ન થયા પછી દુઃખ જ દુઃખ હોય છે એવું નથી. દુઃખ હોય છે તેની સાથે થોડી અનુકૂળ સામગ્રી પણ રેહલી હોય છે એટલે જીવોને જીવવાની ઇચ્છાઓ ચાલુ રહે છે ત્યાં એને આહાર, મૈથુન, પરિગ્રહ મળે છે માટે એ જીવો જીવી શકે છે. આથી એ પુણ્ય પ્રકૃતિ કહેલી છે.

જ્યારે નરકમાં ઉત્પન્ન થયેલા જીવોને ઉત્પન્ન થતાની સાથે જ ક્યારે આ ક્ષેત્રમાંથી ચાલ્યો જાઉં, મરી જવાય તો સારું, અહીંયા કેવી રીતે જીવાશે એ વિચાર સતત ચાલુ જ રહે છે માટે ત્યાં જીવવાની ઇચ્છા રહેતી જ નથી. આથી અશુભ (પાપ) પ્રકૃતિ કહી છે.

એકેન્દ્રિય જીવોથી શરૂ કરીને પંચેન્દ્રિય તિર્યંચ સુધીનાં જગતમાં જેટલા જીવો રહેલા હોય છે તે બધાય તિર્યંચાયુષ્યના ઉદયવાળા કહેવાય છે.

દરેક નિગોદમાં રહેલા અનંતા અનંત જીવોને સાતમી નારકીના જીવો કરતાં અનંતગણું અધિક દુઃખ હોય છે છતાં ત્યાં જીવવાની ઇચ્છા ચાલુ જ રહે છે. મરવાની ઇચ્છા થતી નથી.

નરકમાં સન્નીપણું હોવાથી ત્યાંની વેદના પ્રગટ રૂપે હોવાથી વધારે લાગે છે, ત્યાં જીવ પોતાની સંજ્ઞાની પુષ્ટિ કરી શકતો નથી. **દા.ત.** આહાર મલે તો માત્ર ખરાબ પુદ્‌ગલોનો જ મલે.

નિગોદમાં અવ્યવહાર રાશીમાં કે વ્યવહાર રાશીમાં બન્નેને વેદના એક સરખી હોય છે પણ તે વેદના શબ્દ રૂપે પ્રગટ કરી શકતા નથી અને થોડો ઘણો અનુકૂળ પુદ્‌ગલોનો આહાર મલતો હોવાથી આહાર સંજ્ઞા પુષ્ટ થઇ શકે છે એટલે વધારેને વધારે અનુકૂળ પદાર્થોને મેળવવાની આશામાં અને લોભમાં જીવવાનું મન થયા કરે છે એટલે જે આયુષ્યના ઉદય કાળમાં સંજ્ઞાની થોડી ઘણી પણ પુષ્ટિ થયા કરે (થાય) તે આયુષ્ય પુણ્ય પ્રકૃતિ કહેવાય છે. આવો વિચાર દરેક પ્રકારના તિર્યંચોના અંતરમાં રહેલો હોય છે અને સંજ્ઞાઓ પુષ્ટ કરતો જાય છે માટે મરવાની ઇચ્છા ત્યાં થતી નથી.

આ તિર્યંચાયુષ્યનો ઉદય પાંચમા ગુણસ્થાનક સુધી હોય છે.

સંખ્યાત વર્ષના આયુષ્યવાળા પંચેન્દ્રિય તિર્યંચોને પાંચમુ દેશવિરતિ ગુણસ્થાનક હોય છે અને તેમાં ક્ષયોપસમ સમકીત કે ઉપશમ સમકીત હોય છે પણ ક્ષાયિક સમકીત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચોને હોતું નથી. આ દેશવિરતિનું પાલન કરનારા તિર્યંચો સદા માટે જગતમાં અસંખ્યાતા હોય છે. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચો યુગલિક રૂપે જગતમાં અસંખ્યાતા હોય છે. તેમાં ક્ષાયિક સમકીતી જીવો સદા માટે અસંખ્યાતા હોય છે. ક્ષયોપશમ સમકીતી પણ અસંખ્યાતા હોય છે. આ જીવો ચોથા ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકના પરિણામને પામી શકતા નથી અને મરીને આ જીવો પોતાનું જેટલું આયુષ્ય હોય એટલા આયુષ્યવાળા દેવોમાં કે એથી ઓછા આયુષ્યવાળા દેવોમાં નિયમા ઉત્પન્ન થાય છે. આ જીવોને જીવનમાં તપ વગેરે કરવાનો ન હોવાથી અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન પેદા થઇ શકતું નથી. સંખ્યાત વર્ષના આયુષ્યવાળા સન્ની પંચેન્દ્રિય, તિર્યંચોને ચોથે અને પાંચમે ગુણસ્થાનકે અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે અને પહેલા ગુણસ્થાનકે વિભંગ જ્ઞાન પણ પ્રાપ્ત થઇ શકે છે.

આ જીવો દેશવિરતિને પામે અથવા સમ્યક્ત્વ પામે છે તે જાતિસ્મરણ જ્ઞાનથી અથવા મહાત્માના સહવાસથી અથવા તીર્થંકર પરમાત્માઓની દેશના સાંભળવાથી પ્રાપ્ત કરી શકે છે. આવા જીવો મરણ પામીને નિયમા દેવલોકમાં જાય છે. દેવલોકના દેવોની સંખ્યા આવા તિર્યંચો જ પૂર્ણ કરે છે. કારણ દુનિયામાં મનુષ્યો સંખ્યાતા જ હોય છે તેમાંથી દેવલોક જનારા ઓછા હોય છે અને જાય તો સંખ્યાતા જ જાય છે. જ્યારે આવા તિર્યંચો હંમેશા અસંખ્યાતા હોય છે અને દેવોની સંખ્યા પણ અસંખ્યાતી હોય છે. આથી આ જીવો મરીને દેવોની સંખ્યા પૂર્ણ કરે છે.

ઉપવાસનું પચ્ચક્ખાણ કરીએ તેમાં તપનો આનંદ કેટલો પેદા થાય ? હાશ ! ખાવા, પીવાના પદાર્થોથી છૂટ્યો અને ઉપવાસના પારણે પારણાનો આનંદ કેટલો થાય ? જો પારણાનો આનંદ વધે તો સમજવું

ઉપવાસ કાયક્લેશ રૂપે કહેવાય અને જો ખાવા, પીવાના પદાર્થોથી છૂટ્યો એમ વિચારી અણાહારીપણાનો આનંદ હોય તો તે ઉપવાસ કર્મને તપાવનાર છે એમ કહેવાય ! આવી રીતે એક સામાયિક રોજ કરે તેમાં બે ઘડી સિવાયના બાકીના ટાઇમમાં બે ઘડીના સ્વાદના આનંદથી મમત્વ ભાવ ઘટે એવું બને ને ? જો એ ન બને એટલે મમતા ઘટે એમ ન બને તો એ સામાયિક સમતાના ઘરનું ન હોય. સમતા લાવવા માટેનું પણ એ સામાયિક ન ગણાય. સામાયિકમાં જેટલી કાયાની સ્થિરતા અધિક તેટલી એકાગ્રતા વધારે પ્રાપ્ત થતી જાય.

## મનુષ્ય આયુષ્ય

જે મનુષ્યગતિને વિષે જીવને ઉત્પન્ન કર્યા પછી ભોગકાળ જેટલો બાકી હોય ત્યાંસુધી આયુષ્ય ચાલુ રહે તે મનુષ્યાયુષ્ય કહેવાય. જેવા જેવા પરિણામથી મનુષ્યાયુષ્ય બાંધતા જેવાં જેવાં કર્મો બાંધ્યા હોય તેવાં તેવાં કર્મો ઉદયમાં આવતાં તેવા પ્રકારનાં કષ્ટો આવતાં જાય એ કષ્ટ વેઠવામાં સમાધિ ન રહે અને મરવાની ઇચ્છા કરે, પ્રયત્ન કરે છતાં મરી શકે નહિ. આયુષ્ય જેટલું હોય એટલું ભોગવેજ છૂટકો જો કદાચ દુઃખોથી કંટાળીને આપઘાત કરે અને ન મરે તો અશાતા વેદનીયના ઉદયથી કષ્ટ વધી પણ જાય એટલે અર્થ એ થયો કે આયુષ્ય પૂર્ણ કર્યા વગર મરી શકાતું નથી. જ્ઞાની ભગવંતો કહે છે કે એકવાર મરવાની ઇચ્છા કરે તો દશ ભવ વધે બીજીવાર ઇચ્છા કરે તો દશ X દશ = સો ભવ વધે એમ જેટલી વાર ઇચ્છાઓ કરે એટલી વાર ગુણાકાર રૂપે ભવો વધતાં જાય છે.

એક ભવમાં આપઘાત કરે તો મોટે ભાગે બીજા ભવોમાં આપઘાત કરીને મરવાનું બન્યા કરે. જો આપઘાત કરતાં ગમે તેટલું કષ્ટ આવે પણ જે વિચારથી આપઘાત કર્યો હોય તે વિચારની સ્થિરતાને જાળવી રાખે અને તે વખતે આયુષ્ય બંધાય તો નિયમા દેવલોકનું આયુષ્ય

બાંધે. જો વિચાર બદલાઇ જાય તો દેવલોક મનુષ્યલોક સિવાય ગમે તેવું આયુષ્ય બાંધી શકે છે. મનુષ્યમાંથી મરીને મોટે ભાગે એકેન્દ્રિયપણામાં વધારે જવાય. માટે મળેલી અનુકૂળ સામગ્રીમાં સાવચેતી રાખીને જીવન જીવવાનું છે તો મનુષ્યાયુષ્ય સફળ થાય.

## દેવાયુષ્ય

દેવગતિને વિષે ઉત્પન્ન થયા પછી પોતાને દેવગતિમાં જે સામગ્રી મલી હોય એને ભોગવવા માટેનું જેટલા કાળ માટેનું જે આયુષ્ય મલે તે દેવાયુષ્ય કહેવાય છે. દેવલોકમાં ઉત્પન્ન થયા પછી મળેલી બધી સામગ્રી-ઋધ્ધિ-સિધ્ધિ તેના આયુષ્ય કાળ સુધી રહેજ એવો નિયમ નહિ કેમકે ત્યાં પણ દાદાગીરી-ગુંડાગિરિ કરતાં હોય એવા દેવો હોય છે અને એવા તોફાની દેવોને ઇન્દ્ર મહારાજ હુકમ કરીને પોતાના દેવલોકના વિમાનોની બહાર કાઢી મુકે છે. દેશનિકાલ જેવી સજા ત્યાં પણ હોય છે. આવા દેવોને પોતાનું જેટલું આયુષ્ય બાકી હોય તે પૂર્ણ કરવા માટે કોઇને કોઇ પહાડો ઉપર રહીને ભટકી ભટકીને પૂર્ણ કરવાનું જ. આવા દેવોનું જઘન્ય આયુષ્ય દશ હજાર વરસનું હોય અને ઉત્કૃષ્ટ બાવીશ સાગરોપમનું હોય છે. કારણ આવા દેવો બારમા દેવલોક સુધી હોય છે. લાભાંતરાય કર્મના ઉદયના કારણે દેવોને પણ આવું બની શકે.

જેટલા કાળ સુધી લાભાંતરાય કર્મનો ક્ષયોપશમ ભાવ ટકવાનો હોય ત્યાં સુધી જ સુખ સામગ્રી ભોગવી શકે છે. નરક અને દેવ એ બે આયુષ્ય એવા છે કે જ્યાં આપઘાત કરીને મરવાની ઇચ્છા થાય તો પણ મરી શકાતું નથી. જેટલું આયુષ્ય બાંધ્યું હોય એટલું અવશ્ય ભોગવવું જ પડે છે. મનુષ્ય લોક કરતાં દેવલોકમાં તોફાનો વધારે હોય છે.

તોફાની દેવોની સંખ્યા મોટા ભાગે દક્ષિણ દિશામાં વધારે રહેલી હોય છે. માટે દક્ષિણ દિશામાં પગ કરીને સુવાનો નિષેધ કરેલો છે.

# મનુષ્યગતિ

જે ગતિના ઉદયકાળમાં સુખ અને દુઃખ બન્નેનો ભોગવટો કરી સમતા ભાવે ભોગવે તો ગતિ રહિત એટલેકે સિધ્ધિ ગતિમાં જઇ શકે છે. અઢી દ્વીપનાં એકસો એક ક્ષેત્રોમાંથી જીવ મોક્ષે જઇ શકે છે પણ પંદર કર્મભૂમિમાંથી કોઇ પણ કર્મભૂમિમાં જન્મેલો મનુષ્ય હોવો જોઇએ. અકર્મભૂમિ કે અંતરદ્વીપમાં જન્મેલો મનુષ્ય હોય તો ચોથા ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકના પરિણામને પ્રાપ્ત કરી શકતો નથી.

અનંતુ પુણ્ય ભેગું કરેલું હોય તોજ જીવને મનુષ્ય ગતિ મલી શકે છે તેમાં પણ અનંતી પુણ્ય રાશી અધિક હોય તો આર્યદેશ, આર્યજાતિ, જૈનજાતિ, જૈનકુળ વગેરે મલી શકે છે. આવી મનુષ્ય ગતિને પામીને મોહને ઓળખીને સંયમીત કરી રાગાદિનો નાશ કરે તો મોક્ષને પામી શકે છે. માટે સાધુપણું લીધા વગર મરવું જ નથી. આવી ભાવના સતત અંતરમાં ચાલુ જ રહેવી જોઇએ. ન લઇ શકાય તો કાંઇ નહિ પણ ભાવના એજ રહેવી જોઇએ. આ મનુષ્ય ગતિમાં સમકીત તો મેળવવું જ છે. મહાવિદેહ ક્ષેત્રમાં પણ અનંતુપુણ્ય ભેગું કર્યું હોય તોજ જન્મ મલે.

# દેવગતિ

જ્યાં મોટા ભાગે સુખની સામગ્રી ભોગવવા લાયક સુખ અને સુખની સામગ્રી મલે તેને દેવગતિ કહેવાય છે.

સામાન્ય દેવોને પણ ચક્રવર્તી જેટલી ઋધ્ધિ સિધ્ધિ મળેલી જ હોય છે. એનાથી અધિક સામગ્રીવાળા પણ દેવો હોય છે. એ દેવગતિના વિમાનમાં પણ ત્રણ વિભાગ હોય છે. (૧) અભ્યંતર, (૨) મધ્યમ અને (૩) બાહ્ય.

અભ્યંતર પર્ષદાના દેવો જે હોય છે તેઓને ઇન્દ્રના જેટલી જ સામગ્રી મળેલી હોય છે. ઇન્દ્ર મહારાજાને કોઇપણ કામકાજ કરવું હોય

તો તે દેવોની સલાહ લઇને કરવું પડતું હોય છે. મધ્યમ પર્ષદાના દેવોને અભ્યંતર પર્ષદાવાળા દેવો કરતાં ઋધ્ધિ સિધ્ધિ ઓછી હોય છે. એ દેવોનું પુણ્ય પણ એવું હોય છે કે ઇન્દ્ર મહારાજાને જે કામ કરવાનું મન થાય તે નક્કી કરે તેની જાણ આ દેવોને કરીને સલાહ લઇને કરે છે. તેમાં જો કોઇનો વિરોધ આવે તો ફરી વિચારણા કરીને પછી ફરીથી પૂછીને એક નિર્ણયાત્મક થઇને પછી કામ કરે છે. જ્યારે બાહ્ય પર્ષદાવાળા દેવોને ઋધ્ધિ સિધ્ધિ નોકર ચાકર જેવી હોય છે અને તે દેવોને જે કામ કરવાનું હોય તે જણાવવાનું હોતું નથી. તે કાર્ય માટે મોકલવા હુકમ જ કરવાનો હોય છે અને એ હુકમ મુજબ તે કાર્ય કરવા જવું પડે છે તે બાહ્ય પર્ષદાના દેવો કહેવાય છે. આ રીતે દેવગતિમાં રહેલા દેવોનું પુણ્ય પણ બધાનું એક સરખું હોતું નથી માટે અહીંથી જો ઇર્ષ્યા કરવાનાં સંસ્કાર અને સ્વભાવ સાથે લઇને ગયા તો ત્યાં ઇર્ષ્યાથી કર્મબંધ જોરદાર કરીને એકેન્દ્રિયાદિમાં ભટકવા ગયા વગર રહી શકતા નથી માટે આ બધું જાણીને પુણ્યના પ્રકારની વિચિત્રતા વિચારી કોઇના પણ પુણ્યની ઇર્ષ્યા ન થઇ જાય એની કાળજી રાખીને જીવન જીવવાનું છે. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચો અને મનુષ્યો નિયમા સતત દેવગતિ બાંધે છે. સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યો અને તિર્યંચો ત્રીજા અને ચોથા ગુણસ્થાનકે સતત દેવગતિ બાંધે છે અને પહેલા તથા બીજા ગુણસ્થાનકે દેવગતિ પરાવર્તમાન રૂપે બાંધે છે. દેવગતિમાં રહેલા બધા ઇન્દ્રો નિયમા સમકીતી હોય છે એટલે હેય પદાર્થમાં હેય બુધ્ધિ અને ઉપાદેય પદાર્થમાં ઉપાદેય બુધ્ધિ રાખીને પોતાનું જીવન જીવતાં આત્મકલ્યાણ સાધી શકે છે અને એ સમકીતની હાજરીમાં સતત મનુષ્ય ગતિનો બંધ કર્યા કરે છે.

## પંચેન્દ્રિય જાતિ

પાંચે ઇન્દ્રિયોની પૂર્ણતા પ્રાપ્ત થાય એને પંચેન્દ્રિય જાતિ નામકર્મ

કહેવાય છે. (સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર) આ પાંચ ઇન્દ્રિયો કહેવાય છે. બાહ્ય ઇન્દ્રિય મલે નામકર્મના ઉદયથી અને એ ઇન્દ્રિય દ્વારા જે જ્ઞાન પેદા થાય તે દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી. એની સાથે સાથે જ્ઞાનાવરણીય કર્મનો પણ ક્ષયોપશમ ભાવ હોય છે. જૈન શાસન, બધું જ્ઞાન મેળવવું જોઇએ એમાં નિષેધ કરતું નથી પણ એ બધું જ્ઞાન આત્મકલ્યાણના હેતુથી પેદા કરવું જોઇએ એમ કહે છે. એટલે જ મળેલી ઇન્દ્રિયોનો ઉપયોગ આત્મકલ્યણ માટે કરવાનો કહ્યો છે. જો એના ઉપયોગથી આત્માનું અકલ્યાણ થતું હોય તો તે અટકાવવા માટેનું વિધાન જૈન શાસન કરે છે. માટે દેવ, ગુરૂ, ધર્મની આરાધનામાં જ્યારે જે ઇન્દ્રિયોનો ઉપયોગ કરવા જેવો લાગે તે કરવાનું કહ્યું છે. પણ કુટુંબ માટે, ધન માટે, શરીર માટે, શરીરની સુખાકારી માટે, ઇન્દ્રિયોનો ઉપયોગ કરે તો તેનાથી મળેલી ઇન્દ્રિયો ફ્રીથી પ્રાપ્ત ન થાય એવું કર્મ બંધાતુ જાય છે. એટલે એ ઇન્દ્રિયો દુર્લભ થતી જાય છે.

પહેલું સુખ તે જાતે નર્યા એ વાક્ય જો શરીરના સુખ માટે વિચારણા કરીને ઉપયોગ કરવામાં આવે તો મહામિથ્યાત્વી તરીકે એ જીવો ગણાય છે અને આત્મકલ્યાણ માટે આત્માના સુખને ઉદ્દેશીને એનો ઉપયોગ કરે તો લાભનું કારણ થાય આથી પાંચે ઇન્દ્રિયો જે મલી છે તેનો દુરૂપયોગ ન થાય એની કાળજી રાખવી જોઇએ. પંચેન્દ્રિય જાતિ બીજા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી સતત બંધાય છે જ્યારે પહેલા ગુણસ્થાનકે બાકીની ઇન્દ્રિયોની સાથે પરાવર્તમાન રૂપે બંધાય છે.

## ઔદારીક શરીર

આ શરીર મનુષ્ય અને તિર્યંચોને હોય છે. એકેન્દ્રિય જીવોનાં ઔદારિક શરીરને વિષે સંઘયણ એટલે હાડકાની રચના હોતી નથી એટલે હાડકા હોતા નથી. બાકીના બેઇન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય

તિર્યંચોને વિષે હાડકા હોય છે. ઔદારીક શરીરથી મનુષ્યો મુક્તિને પામી શકે છે એટલે અશરીર બની શકે છે. જગતમાં રહેલા ઔદારીક વર્ગણાના પુદ્‌ગલોથી જે શરીરની રચના વિશેષ પેદા થાય છે તે ઔદારીક શરીર કહેવાય છે. બેઇન્દ્રિયાદિ જીવોથી મનુષ્ય સુધીનાં જીવોને જે દુઃખો કષ્ટ પડે છે તેમાં વિશેષ પીડા થાય છે તે હાડકાની રચના વિશેષના કારણે થાય છે. કારણકે મૂઢ માર વાગે છે ત્યારે હાડકામાં લાંબાકાળ સુધી જે માર પડ્યો હોય તેનો દુઃખાવો રહ્યા કરે છે. હાડકા વગરના શરીરવાળા જીવોને દુઃખની અનુભૂતિ એટલી હોતી નથી કારણ મૂઢમાર નથી તે શરીરને તો તેના ગમે તેટલા ટુકડા કરો તો તે ટુકડા થતાં હોય ત્યાં સુધીની વેદના પછી લાંબા કાળ સુધીની નહીં. **દા.ત.** નારકીના વૈક્રીય શરીરને વિષે હાડકા ન હોવાથી લાંબાકાળ સુધી વેદના ટકી શકતી નથી. નવી નવી વેદનાઓ વારંવાર પેદા થયા કરે અને શાંત થતી જાય. એકેન્દ્રિય જીવોનાં શરીરને ગમે ત્યાં ફેંકો તે પડે ત્યાં સુધીની જ વેદના પછી લાંબા કાળની વેદના હોતી નથી માટે જેના શરીરમાં હાડકાં હોય તેને વેદના વિશેષ થવાની. આનો અર્થ એ નથી કે નારકીના જીવોને વેદના નથી પણ એ પછડાય, કુટાય તેના શરીરના ટુકડા થાય ત્યાં સુધી એ જીવોને પણ વેદના ચાલુ જ છે. માત્ર હાડકા દુઃખે હાડકા ભાંગે ઇત્યાદિ એમના શરીરમાં એવી કોઇ વિકૃતિ હોતી નથી. માટે જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે મોક્ષ મેળવવા માટે-કર્મનો નાશ કરવા માટે જે પ્રકારની એકાગ્રતા જોઇએ તે ઔદારિક શરીર સિવાય બીજા શરીરમાં પેદા થઇ શકતી નથી. સાતમી નારકીમાં પણ એજ શરીર જીવને લઇ જાય.

પાંચે પ્રકારના શરીરને પુણ્ય પ્રકૃતિ કહેલી છે. ઔદારિક શરીર પુણ્ય પ્રકૃતિ શાથી ?

આમ જોવા જઇએ તો ઔદારીક શરીર ભયંકર દુર્ગંધવાળું છે. શરીરની ઉપરની ચામડી કાઢી નાંખવામાં આવે તો જોવુંય ગમે નહિ એવું છે એટલા દુર્ગંધવાળા પદાર્થો ભરેલા છે છતાં પણ એનો ઉપયોગ

કરતાં આવડે તો મોક્ષ પ્રાપ્તિમાં એ ઉપયોગી થઇ શકે છે.

જેના શરીરનો બાંધો મજબૂત તેનું મન વધારે સ્થિર હોય છે તેનામાં એકાગ્રતા પણ જલ્દી પ્રાપ્ત થઇ શકે છે. હાડકાની નબળાઇ વધારે હોય તે મનથી ચંચળ વધારે હોય છે. ઔદારીક શરીર સિવાયના શરીરોમાં તાકાત નથી કે કર્મોનો નાશ કરી શકે. વિશેષ રીતે જીવે કર્મો જે એકઠાં કર્યા છે તે ઔદારિક શરીરથી પ્રાપ્ત કર્યા છે માટે તેનાથી જ નાશ કરી શકાય છે. કારણકે જીવોને વૈક્રીય શરીર જેટલા કાળ સુધી ટકે છે તેના કરતાં ઔદારિક શરીર વિશેષ કાળ સુધી ટકે છે અને તેના મમત્વના કારણે કર્મો વિશેષ રીતે એકઠાં કર્યા હોય છે. માટે એ ઔદારીક શરીર જો એનો ઉપયોગ કરતાં આવડે તો જીવ સિધ્ધિગતિને પામી શકે છે અને ઉપયોગ કરતાં ન આવડે તો ઠેઠ નીચામાં નીચા સ્થાને સાતમી નારકીમાં પણ એજ લઇ જઇ શકે છે.

આ શરીર દેવતા અને નારકીના જીવો ૧ થી ૪ ગુણસ્થાનક સુધી બાંધ્યા કરે છે. મનુષ્ય અને તિર્યંચો પહેલા અને બીજા ગુણસ્થાનકે તિર્યંચગતિ અને મનુષ્ય ગતિની સાથે બાંધ્યા કરે છે.

આ શરીરનો ઉદય ૧ થી ૧૩ ગુણસ્થાનક સુધી હોય છે.

## વૈક્રીય શરીર

જગતમાં રહેલા વૈક્રીય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને વૈક્રીય રૂપે પરિણમાવેલું જે શરીર હોય તે વૈક્રીય શરીર કહેવાય છે. આ શરીરમાં હાડકા, માંસ, લોહી, નસ વગેરે કાંઇ હોતું નથી. દેવતાઓ અને નારકીઓ આ વૈક્રીય શરીરને એક કરી શકે, અનેક કરી શકે, દ્રશ્ય કરી શકે, અદ્રશ્ય બનાવી શકે, જમીન ઉપર ચાલતું કરી શકે, આકાશમાં ચાલતું કરી શકે, પાણી ઉપર ચાલતું કરી શકે, નાનું પણ કરી શકે, મોટું પણ કરી શકે. આથી વિવિધ પ્રકારના શરીરોને પ્રાપ્ત કરી શકે છે માટે વૈક્રીય શરીર કહેવાય છે. નારકીના જીવોને પોતાના

કર્મના ઉદયથી જે ખરાબ શરીર મળેલું હોય તેને તેનાથી સારૂં બનાવવા અનેકવાર પ્રયત્નો કરે છતાં પણ ખરાબને ખરાબ જ શરીર બનતું જાય છે. એ નારકીના શરીરના ટુકડે ટુકડા કરેલા હોય છતાં પારાની જેમ તરત જ ભેગું થઇ જાય. એ ટુકડાઓમાં આત્મપ્રદેશો રહેલા હોય છે માટે વેદના થાય પણ કળ વળે કે તરત જ દોડવા માંડે. આથી વેદના એ જીવોને એટલા પૂરતી હોય છે. જગતને વિષે વૈક્રીય શરીરવાળા મનુષ્યો હંમેશા હયાત હોય છે. કોઇ કાળે એનો વિરહકાળ હોતો નથી. એ વૈક્રીય શરીરમાં આપણા શરીરની જેમ અશુચિ પદાર્થો હોતા નથી. રાવણના કાળમાં વાલી રાજા હતા. તેઓને વૈક્રીય લબ્ધિ પ્રાપ્ત થયેલી તેના કારણે રોજ વૈક્રીય શરીર કરીને જંબુદ્વીપમાં રહેલા શાશ્વતા જિનમંદિરોના દર્શન કરવા જતાં હતા. જ્યારે રાવણની સાથે યુધ્ધ થયું અને રાવણ હાર્યો ત્યારે તેને પકડીને બગલમાં ઘાલીને જંબુદ્વીપની એકવીશવાર પ્રદક્ષિણા આપેલ અને કહ્યું કે બોલ આ લવણ સમુદ્રમાં નાંખુ ? રાવણે 'મિચ્છામિ દુક્કડં' માગ્યો માટે તેને છોડી દીધો છે. આ શક્તિનો ઉપયોગ આ રીતે કર્મખપાવવા માટે કરતા હતા. હૈયામાં દયાનો પરિણામ જીવંત છે. માત્ર શિક્ષા કરવા પુરતું જ ફેરવે છે. વૈક્રીય લબ્ધિવાળા મનુષ્યો ઠેઠ તેરમા રૂચક દ્વીપ સુધી જઇ શકે છે અને પાછા આવી શકે છે. અત્યારે આ ભરતક્ષેત્રમાં પણ વૈતાઢ્ય પર્વત ઉપર રહેલા વિદ્યાધર મનુષ્યો છે તેઓને આ લબ્ધિ હોય છે અને આ રીતે તેઓ ઉપયોગ કરી શકે છે. આ શરીરની ગતિ આજના વિમાનોની ગતિ કરતાં કઇ ગણી અધિક હોય છે. ઠેઠ રૂચક દ્વીપે ત્રણ પગલામાં પહોંચી જાય અને બે પગલામાં પાછા આવી જાય છે. આવી લબ્ધિઓ પ્રાપ્ત થાય તો શાસન માટે ઉપયોગ કરી શકાય બાકી નિષેધ છે.

આપણું ઔદારીક શરીર માત્ર કવલાહારથી ચાલતું નથી પણ રોમાહારથી અનંતા અનંતા પુદ્ગલો ગ્રહણ કરી પરિણામ પમાડીએ છીએ એનાથી ચાલે છે. અને સમતુલા જળવાય છે. એજ રીતે વૈક્રીય શરીરવાળા જીવો, વૈક્રીય વર્ગણાના પુદ્ગલોને અનંતા અનંતા ગ્રહણ

કરે, પરિણમાવે અને છોડે એનાથી સમતુલા જળવાઇ રહે છે. વૈક્રીય શરીર કરતાં આપણું ઔદારીક શરીર ઉંચું છે. જો ઉપયોગ કરતાં આવડે તો મોક્ષે જવાય અને ન આવડે તો અનંતાકાળ સુધી દુઃખની વેદના પણ પ્રાપ્ત કરી શકે છે. નારકીના જીવો પોતાના વૈક્રીય શરીરથી કર્મો બાંધીને મનુષ્ય કે તિર્યંચ થઇ શકે પણ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય ન થઇ શકે. જ્યારે દેવતા વૈક્રીય શરીરથી કર્મ બાંધીને એકેન્દ્રિય થઇ શકે છે પણ વિકલેન્દ્રિય થઇ શકતા નથી. પંચેન્દ્રિય તિર્યંચ કે મનુષ્ય થઇ શકે છે. દેવ મરીને દેવ ન થાય અને નારકી ન થાય નારકી મરીને પણ નારકી ન થાય અને દેવ પણ ન થાય.

લોભવૃત્તિ અને મમત્વ બુધ્ધિના કારણે દેવતાઓ એવા કર્મો બાંધે છે કે અસંખ્યાતા કે અનંતા ભવ સુધી પાછું એ શરીરની પ્રાપ્તિ ન થાય. આ બધું જાણીને આપણે એજ વિચારવાનું છે કે આ મળેલા ઔદારિક શરીરનો સદુપયોગ કરીએ છીએ એટલે અશરીરી બનવા માટે ઉપયોગ કરીએ છીએ કે શરીરથી દુઃખ વેદના વધે એ પ્રયત્ન કરી રહ્યા છીએ ?

## આહારક શરીર

આ શરીર આહારક લબ્ધિથી જગતમાં રહેલા આહારક વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી પરિણમાવી વિસર્જન કરે તે આહારક શરીર કહેવાય છે. આ શરીર ચૌદપૂર્વધર મનુષ્યો જ કરી શકે છે. પોતાને સ્વાધ્યાય કરતાં શંકા પડેલ હોય તેના સમાધાન માટે કે ભગવાનનું સમવસરણ જોવાની ઇચ્છાથી આ શરીર કરે છે. આ શરીરનો કાળ એક અંતર્મુહૂર્તનો હોય છે. અદ્રશ્ય હોય છે એટલે બીજા જોઇ શકતા નથી. એક હાથનું શરીર હોય છે. દરેક ચૌદ પૂર્વધરો કરે એવો નિયમ નહિ આખા ભવચક્રમાં ચાર વાર આ શરીર બનાવી શકે. મહાવિદેહ ક્ષેત્રમાં વીશ તીર્થંકરો વિચરે છે. તેમાંના કોઇપણ તીર્થંકર

પાસે આ શરીર મોકલી શકે છે. આ શરીરનું તેજ વૈક્રીય લબ્ધિ કરતાં કેઇગણું વધારે હોય છે માટે જોઇ શકાતું નથી.

## તૈજસ શરીર

જગતમાં રહેલા તૈજસ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને તૈજસ શરીર રૂપે પરિણમાવી વિસર્જન કરે તે તૈજસ શરીર નામકર્મ કહેવાય છે. આ શરીર આહાર પચાવવાનું કામ કરે છે. લીધેલા ખોરાકને પચાવીને સાત ધાતુરૂપે પરિણમાવવાનું કામ કરે છે. જીવને જો ખોરાક પચે નહિ તો શરીરનું સમતુલન ટકી શકતું નથી. તૈજસ શરીર કામ ન કરે તેને બધી તકલીફો શરૂ થઇ જાય છે. અનેક પ્રકારના રોગો આમાંથી ઉત્પન્ન થાય છે. ઇંટના નિભાડામાં જેટલી ગરમી હોય છે તેના કરતાં કઇ ગણી અધિક ગરમી આ તૈજસ શરીરની હોય છે. જગતમાં સઘળાય જીવોને આ તૈજસ શરીર ભિન્ન ભિન્ન રૂપે જુદુ હોય છે અને દરેક ને જે પ્રમાણે જે રસે બાંધેલું હોય તેવા રસે ઉદયમાં કામ કરતું હોય છે. વિશિષ્ટ તપ કરીને આ તૈજસ શરીરમાં તેજો લેશ્યા પેદા થઇ શકે છે અને તે તેજો લેશ્યાની સાથે સાથે જો વિશિષ્ટ તપ કરવામાં આવે તો શીત લેશ્યા પણ પેદા થઇ શકે છે. જેમ પાણીથી અગ્નિ શમે છે તેમ પાણીમાં પણ અગ્નિ હોય છે માટે જ્ઞાનીઓ કહે છે અગ્નિથી અગ્નિ પણ શમે છે એટલે અગ્નિ અગ્નિનો નાશક થાય છે. અગ્નિ સળગેલો હોય તેની સામે એવો બીજો અગ્નિ સળગાવવામાં આવે તો પહેલો અગ્નિ અને બીજો અગ્નિ બન્ને શાંત થઇ જાય એટલે શમી જાય. આ તૈજસ શરીરનો ઉદય તેરમા ગુણસ્થાનક સુધી દરેક જીવોને હોય છે. આ તૈજસ શરીર દરેક જીવોને પોતાના કર્માનુસાર મળેલું હોય છે. કોઇ ઝાડના મૂળીયા પચાવી શકે એવું હોય અને કોઇ રોટલી પણ ન પચાવી શકે એવું હોય માટે આ શરીર જેવા રસે બાંધ્યું હોય તેવા રસથી ફેરફારવાળું હોઇ શકે છે.

# કાર્મણ શરીર

જગતમાં રહેલા કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને સાતકર્મ રૂપે કે આઠ કર્મરૂપે, છ કર્મરૂપે, એક કર્મરૂપે પરિણામ પમાડનાર અને વિસર્જન કરનાર એ કાર્મણ શરીર કહેવાય છે. આ શરીરનો ઉદય જીવને તેરમા ગુણસ્થાનક સુધી હોય છે. સમયે સમયે કાર્મણ વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરાય છે તેમાં ગ્રહણ વધારે થાય છે અને ઓછા નીકળે છે આથી પુદ્ગલો વધતાં જાય છે. મન, વચન, કાયાના યોગનો વ્યાપાર જીવને તેરમા ગુણસ્થાનક સુધી હોય છે. તેના કારણે આ પુદ્ગલો ગ્રહણ થતાં જાય છે. આના કારણે જીવ અયોગીપણાને પ્રાપ્ત કરી શકતો નથી જ્યારે પુરૂષાર્થ કરીને યોગ નિરોધ કરે ત્યારે કાર્મણ વર્ગણાના પુદ્ગલો આવતાં બંધ થાય છે અને અયોગીપણાને પ્રાપ્ત કરે છે. અત્યારે હાલ આપણે અશુભ કર્મો રોકી શકીએ એટલી તાકાત છે. શુભ કર્મોને વિશેષ રીતે ગ્રહણ કરીએ એવી શક્તિ છે. આવતાં કર્મોને રોકવાની શક્તિ આપણી પાસે નથી. તે ચૌદમા ગુણસ્થાનકે જ પ્રાપ્ત થઇ શકે છે. અત્યારે આપણે વધારેમાં વધારે સાતમા ગુણસ્થાનકના પરિણામ પ્રાપ્ત કરી શકીએ છીએ. વધારે પરિણામને પામી શકીએ એમ નથી. મનુષ્યોને વિષે મોટા ભાગના મનુષ્યોને ઔદારિક- તૈજસ-કાર્મણ એમ ત્રણ શરીરો હોય છે અને કેટલાક વૈક્રીય લબ્ધિવાળા જીવોને વૈક્રીય શરીર સાથે ચાર શરીરો હોય છે અને કેટલાક ચૌદ પૂર્વધર મનુષ્યોને આહારક લબ્ધિ પ્રાપ્ત થતાં આહારક શરીર કરે તો પાંચ શરીરો પણ હોય છે. પણ એટલું વિશેષ છે કે એક સાથે એક મનુષ્યને ચાર શરીર જ ઉદયમાં હોય છે. વૈક્રીય શરીર હોય તો આહારક શરીર ન હોય અને આહારક હોય તો વૈક્રીય શરીર ન હોય અને પહેલાના ત્રણ સાથે ચાર હોય. એજ રીતે મનુષ્યો એક સાથે ત્રણ કે ચાર શરીરનો બંધ કરી શકે છે. ઔદારિક તૈજસ

કાર્મણ આ ત્રણ બાંધતા હોય અથવા વૈક્રીય, તૈજસ કાર્મણ શરીર બાંધતા હોય અથવા વૈક્રીય આહારક તૈજસ કાર્મણ એ ચાર શરીર બાંધતા હોય છે.

પંચેન્દ્રિય તિર્યંચોને ઔદારિક-તૈજસ અને કાર્મણ આ ત્રણ શરીર ઉદયમાં હોય છે અને કેટલાક તિર્યંચોને ઔદારીક વૈક્રીય-તૈજસ અને કાર્મણ એ ચાર શરીર ઉદયમાં હોય છે. આ જીવો એક સાથે શરીરનો બંધ કરે તો ત્રણ જ શરીર બાંધી શકે છે. ઔદારીક-તૈજસ અને કાર્મણ આ ત્રણ શરીર મનુષ્યગતિ કે તિર્યંચગતિ બાંધતા હોય ત્યારે બાંધે છે અને વૈક્રીય-તૈજસ અને કાર્મણ આ ત્રણ શરીર નરકગતિ અને દેવગતિ બાંધતા બાંધે છે.

## અંગોપાંગ નામકર્મ

ઔદારીક-વૈક્રીય અને આહારક આ ત્રણ શરીરને વિષે અંગોપાંગ હોય છે. શરીરની સાથે અંગ અને ઉપાંગ રહેવા તે અંગોપાંગ નામકર્મ કહેવાય છે.

અંગ - ઉપાંગ અને અંગોપાંગ એ ત્રણ શબ્દોથી અંગોપાંગ નામકર્મ થાય છે.

તેમાં અંગ આઠ હોય છે. બે હાથ, બે પગ, છાતી, પેટ, પીઠ અને મસ્તક.

જેવા પ્રકારે પુણ્ય બાંધ્યું હોય તેવા પ્રકારના રસના ઉદયથી અંગની પ્રાપ્તિ થઇ શકે છે. લક્ષણ યુક્ત કે લક્ષણ રહિત અંગની પ્રાપ્તિ પુણ્યથી થાય છે. જન્મતાની સાથે જ કેટલાક જીવોને હાથ નથી હોતા, એક હાથ હોય તો બીજો ન હોય, બે હાથ હોય તો એક લાંબો અને ટુંકો હોય. એજ રીતે પગમાં પણ કેટલાકને પગ નથી હોતો, હોય તો બે સરખા ન હોય એક લાંબો હોય તો બીજો ટુંકો હોય, એવી રીતે આંખમાં પણ, નાકમાં પણ, કાનમાં પણ, એ પ્રમાણે હોઇ શકે છે. એ જેવા

પ્રકારના અંગોપાંગ નામકર્મનો રસ બાંધેલો હોય તેવા પ્રકારના રસના ઉદયના કારણે અંગો મલે છે.

ઉપાંગ એટલે અંગ સિવાયના જે ઉપાંગ એટલે હાથની આંગળીઓ, પગની આંગળીઓ વગેરે જે પ્રાપ્ત થાય તેને ઉપાંગ કહેવાય છે. હાથ, પગમાં જે રેખાઓ હોય છે તે અંગોપાંગ કહેવાય છે. કેટલાકને રેખાઓય હોતી નથી. એ ખામી ગણાય છે. બત્રીશ લક્ષણો પુત્ર જે કહેવાય છે તે આ અંગોપાંગના લક્ષણ ઉપરથી કહેવાય છે. દેવતાઓને પણ આ અંગો લક્ષણો પેત હોય છે. નારકીઓને આ અંગો વગેરે લક્ષણથી સર્વથા રહિત હોય છે. મનુષ્ય અને તિર્યંચને વિષે એ અંગોપાંગની વિચિત્રતા જોવા મલે છે. તે અંગોપાંગ નામકર્મના કારણે.

પૂર્વભવોમાં કોઇ કોઇ જીવોનાં અંગોનું છેદન ભેદન કર્યું હોય, કોઇને અંગોપાંગથી રહિત કરેલો હોય, કોઇનો હાથ તોડી નાખ્યો હોય, પગ ભાંગી નાંખ્યો હોય, આંખ ફોડી નાંખી હોય, કાન તોડી નાખ્યો હોય તો તેના ઉદયથી જીવોને અંગોપાંગ મલે નહિ એની જગ્યાએ ખાલી બાકોરા રહેલા હોય એવું શરીર પણ પ્રાપ્ત થઇ શકે છે. શ્રી ગૌતમ મહારાજા ગોચરી લઇને ભગવાન પાસે પાછા આવતા હતા ત્યારે રસ્તામાં કોઇ માણસને ગંદવાડમાંથી કાદવ કાઢી દાણા વીણતો જોયો અને તે દાણા ખાતો જોયો એટલે ગૌતમ મહારાજાને થાય છે કે અરેરે દુનિયામાં આના જેવો દુઃખી બીજો કોઇ નહિ હોય ! એમ વિચારી ભગવાન પાસે આવી પૂછે છે કે ભગવન્ મેં રસ્તામાં જે દુઃખી માણસ જોયો એના સિવાય બીજો કોઇ દુઃખી નથી ને ? ભગવાને કહ્યું કે તેં જે જોયો તે તો કાંઇ દુઃખી નથી આના કરતાં વધારે દુઃખી રાજાને ત્યાં જે પુત્ર છે તે છે. મૃગાપુત્ર લોઢીયો એનું નામ છે. ગૌતમ મહારાજા આજ્ઞા લઇને તે દુઃખીને જોવા માટે આવે છે. ધર્મલાભ કહી રાજાને ત્યાં પ્રવેશ કર્યો. રાણી કહે છ કે- પધારો. ગૌતમ મહારાજા પૂછે છે કે- તમારે દીકરા કેટલા છે ? આ રહ્યા. તો કહે એ નહિ. એ સિવાય બીજો કોઇ છે ? તો કહે હા ભોંયરામાં છે. એ જોવા લાયક નથી. તો મારે એને

જોવો છે. તો ઉભા રહો. તેણે ભોજન માટે ખીર ખવડાવવા માટે જાઉં છું મારી સાથે પધારો પણ મોઢું બાંધીને પધારશો. શ્રી ગૌતમ મહારાજા જાય છે. એને ભોંયરાના ઝાંપામાં તાળુ મારીને પુરી રાખે છે તે ઝાંપો ખોલ્યો અંદર બાકોરા વાળો માંસના લોચા જેવો ગોળ પીંડ રહેલો છે. ચીસો પાડે છે, અવાજ કાઢ્યા કરે છે, ખીર નાંખે છે અને અવાજ વધે છે અને શરીરમાંથી ગંધાતી દુર્ગંધ મારતી રસી બહાર નીકળે છે. ગૌતમ મહારાજા કહે છે કે અહાહા નરક જેવી વેદના વેઠે છે. ભગવાનને આવીને પૂછે છે ભગવન્ કેટલા વખત ભોગવશે, એટલે કેટલા વર્ષ સુધી જીવશે અને મરીને ક્યાં જશે ? ભગવાને કહ્યું- અહીં છવ્વીશ વર્ષ સુધીનું આયુષ્ય ભોગવીને પહેલી નરકમાં જશે ત્યાંથી સંસારમાં ઘણોકાળ પરિભ્રમણ કરશે. શાથી ? પૂર્વભવમાં ઘણાં જીવોનાં અંગોપાંગનું છેદન કરેલ છે. તે કર્મના ઉદયથી દુ:ખ ભોગવે છે. વિચારો ચોથા આરામાં જન્મ, ભગવાન જ્યાં વિચરે એ ક્ષેત્ર, રાજાને ત્યાં જન્મ છતાં ભગવાન પણ તેના દુ:ખને દૂર કરી શકતા નથી. કારણ ? નિકાચીત કર્મ બાંધીને આવેલો છે. માટે જ્ઞાનીઓ કહે છે. તીર્થંકર પરમાત્માઓના અતિશયો પણ નિકાચીત કર્મના ઉદયવાળાને કામ કરી શકતા નથી. માટે સાવચેત થવા જેવું છે.

જે અંગોપાંગ આપણને મલ્યા છે તેનો છતી શક્તિએ દુરૂપયોગ કરીએ તો ભવાંતરમાં તેવા અંગોપાંગ ન મળે એવાં કર્મો બંધાતા જાય છે. અંગોપાંગ હલન ચલન કરી શકતા હોય અને ચમચી વગેરેનો ઉપયોગ કરીને જમવા આદિની ટેવ હોય તો તે પરતંત્રતા જ છે માટે તે દુરૂપયોગ કહેવાય છે. એ અંગોપાંગ અટકી ગયા હોય અને ઉપયોગ કરે તો બરાબર છે. બાકી ? એકેન્દ્રિય જીવોને અંગોપાંગ હોતા નથી. બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીનાં જીવોને અંગોપાંગ હોય છે. વિકલેન્દ્રિય જીવોને અંગોપાંગ નામકર્મ લક્ષણથી રહિત હોય છે. કારણકે એવું જ બંધાય છે.

તીર્થંકરના આત્માઓ સમકીત પામતા પહેલા પણ સંસારમાં

રહેલા હોય છે છતાંય વિકલેન્દ્રિયમાં કોઇ કાળે જતાં નથી. એકેન્દ્રિયમાં તેઉકાય, વાયુકાયમાં પણ જતાં નથી તેમનું તથાભવ્યત્વ જ એવા પ્રકારનું હોય છે. તેનાથી એવા પ્રકારના કર્મનાં બંધ થઇ શકે કે ત્યાં ઉત્પન્ન થઇ ન શકે. પહેલા ગુણઠાણે નિઃસ્વાર્થભાવે સરલ સ્વભાવથી બીજાને ઉપયોગી થવાય એવી ભાવનાથી પ્રવૃત્તિ કરવામાં આવે તો પુણ્યાનુબંધિ પુણ્ય બંધાય છે.

મળેલા શરીરથી બીજાને સહાય કરવાની ભાવના કેટલી ? શરીર નિરોગી છે તો જેટલી સહાય કરીશ એટલી ઓછી છે અને લાભ વધારે થશે એમ માનીને બીજાને સહાય કરવી જોઇએ. બાકી તો આ શરીરથી પાપાનુબંધિ પાપના પોટલા બંધાવાના છે.

આહારક શરીરને વિષે આહારક અંગોપાંગ સંપૂર્ણ લક્ષણ યુક્ત જ હોય છે.

આરીસા સામે ઉભા રહીને અડધો કલાક કે કલાક ટાપટીપ કરતાં મોંઢાને અને અંગોપાંગને જો જો કરી રાજી થાઓ છો તેનાથી ભવાંતરમાં આવું પણ મોં અને અંગોપાંગ ન મલે એવો અલ્પરસ આ અંગોપાંગનો બંધાતો જાય છે કે જેથી મોટા ભાગે ભવાંતરમાં મોઢું મલશે નહિ. મલશે તો ઠેકાણા વગરનું મલશે માટે ખાસ ચેતવા જેવું છે ! અત્યારે લક્ષણથી યુક્ત-પ્રમાણો પેત અંગોપાંગ મલે તો પચાવવાની તાકાત આપણામાં છે ? મારા જેવું કોઇ નથી. એવો વિચાર કરવો નહિ એ તાકાત છે !

કોઇ તમને જોઇને વખાણ કરે તો રાજીપો કરવો નહિ ! આપણને મળેલા અંગોપાંગમાં રાજીપો કે નારાજી કરવી નહિ ! આ રીતે જીવીએ તો જ વહેલું કલ્યાણ સાધી શકીએ. પ્લાસ્ટીક સર્જરીથી અંગોપાંગ સારા બને છે. એમાં એવા પ્રકારનું કર્મ બાંધીને આવ્યો હોય તો જ બાકી તો ન બને એવું પણ બને. એમાં પણ કર્મની પ્રધાનતા સમજવાની છે. પ્લાસ્ટીક સર્જરી કરાવવાથી સારૂં થાય અને તેમાં રાગ કરે તો પણ દોષ પરંતુ સારૂં થયા પછી સારી ભક્તિ કરે-સેવા કરે અને જો મનોદશા

બદલાઇ જાય તો લાભ મેળવીને પુણ્યાનુબંધિ પુણ્ય બાંધી જાય.

ઔદારિક અંગોપાંગનો ઉદય તેરમા સુધી-વૈક્રીય અંગોપાંગનો ઉદય ચોથા સુધી-આહારક અંગોપાંગનો ઉદય માત્ર છઠ્ઠે જ.

## વજ્રઋષભનારાચ સંઘયણ

વજ્ર = ખીલો. ઋષભ = પાટો અને નારાચ = મર્કટ બંધ. સંઘયણ = શરીરનો બાંધો.

જે શરીરને વિષે મર્કટ બંધ જેટલી મજબુતાઇ હાડકાની હોય તેના ઉપર હાડકાનો પાટો હોય અને તેની બરાબર આખો હાડકાનો ખીલો હોય એવા સંઘયણને વજ્રઋષભ નારાચ સંઘયણ કહેવાય છે.

વાંદરૂં પોતાના બચ્ચાને છાતી સાથે લગાડીને એક સ્થાનેથી બીજે સ્થાને કુદાકુદ કરે છતાં બચ્ચુ પડે નહિ એવું મજબુત એ બચ્ચાનું બંધન હોય છે. એવું જે બંધન તે મર્કટ બંધ કહેવાય છે.

આવા સંઘયણને પુણ્ય પ્રકૃતિ કહેલી છે. જે પ્રકારનું સંઘયણ હોય તે પ્રમાણે મનોબળ હોય છે. શરીર ગમે તેવું સારૂં હોય પણ હાડકાની મજબુતાઇ હોય નહિ તો જીવને મનની મજબુતાઇ પ્રાપ્ત થતી નથી. ઘણાં જીવોનું શરીર નબળું હોય છે પણ મન મજબુત હોય છે. હાડકાની નબળાઇ હોય તો તેના શરીરમાં સહન શક્તિ રહેતી નથી. કર્મક્ષય કરવા માટે મનની મજબુતાઇ આવા સંઘયણવાળા જીવોને પ્રાપ્ત થાય છે. દૂધ અને પાણીની જેમ આત્માની સાથે એકમેક થયેલા ઓતપ્રોત થયેલા કર્મોનો નાશ કરવા માટે જે એકાગ્રતા જોઇએ તેવી એકાગ્રતા આવા સંઘયણવાળા જીવો જ પ્રાપ્ત કરી શકે છે. એ સંઘયણના બળમાં જો તેનો સદુપયોગ કરતાં ન આવડે તો ક્રુર કર્મો કરીને સાતમી નારકીમાં પણ આ સંઘયણથી જ જીવો જાય છે. જો સદુપયોગ કરતાં આવડે તો આ જ સંઘયણ બળથી શુક્લધ્યાન પેદા કરીને કર્મોનો ક્ષય કરીને મોક્ષે પણ જઇ શકે છે માટે જેમ બાંધો મજબુત એમ મનોબલ પણ

મજબુત. ચીકણા રસવાળા અશુભ કર્મોના રસને ઉડાડવા માટે એટલે નાશ કરવા માટે આવા મનોબલની સ્થિરતા જોઇએ તે માટે આ સંઘયણની જરૂર છે માટે તે પુણ્યપ્રકૃતિ કહેવાય છે.

આ સંઘયણની મજબુતાઇ એટલી બધી જોરદાર હોય છે કે તે હાડકા ઉપર ઘ ણનાં ઘ ણ મારવામાં આવે તો પણ એક કરચપણ ખરતી નથી. ભગવાન મહાવીરના આત્મા ઉપર છેલ્લે સંગમે કાલચક્ર નાખેલ હતુ તેના પ્રતાપે જમીનની અંદર ઢીંચણ સુધી પેસી ગયા પણ હાડકું એકે તુટ્યું નથી. મૂઢ મારની વેદના થઇ. આ કાલચક્ર જો કોઇ બીજા મનુષ્યો ઉપર નાખવામાં આવે તો તત્કાલ મરણ પામી જાય એટલા જોરમાં નાંખેલુ હતું. દરેકને મોક્ષે જવા માટે છેલ્લે આ સંઘયણ તો જોઇએ ને જોઇએ જ. જ્ઞાનીઓ કહે છે કે અશુભ ને શુભમાં અને શુભને અશુભમાં ફેરવવાની શક્તિ હાલ આપણી પાસે છે. પરંતુ કર્મનો ક્ષય કરવા માટેની શક્તિ તો પહેલા સંઘયણવાળા જીવોને જ હોય છે. આપણે છેલ્લા સંઘયણવાળા છીએ માટે સહન કરવાની ટેવ પાડવી જ જોઇએ. ૧ થી ૪ ગુણસ્થાનકમાં રહેલા જીવો પહેલું સંઘયણ બાંધી શકે છે. મનુષ્ય અને તિર્યંચો પહેલા અને બીજા ગુણસ્થાનકે બાંધી શકે છે. જ્યારે દેવતા અને નારકીના જીવો ૧ થી ૪ ગુણસ્થાનકમાં પહેલુ સંઘયણ બાંધી શકે છે. અત્યારે આ સંઘયણ બળમાં પ્રેક્ટીસ પાડીએ તો એક કલાકમાં પાંચસો ખમાસણા દઇ શકાય. એટલી શક્તિ રહેલી છે. આ રીતે સહન કરતાં થઇએ તો મનોબલ મજબૂત બનતું જાય છે. જૈન શાસનમાં હાલ એકસો પાંસઠ પ્રકારના તપો કહેલા છે. તેનાં નવ લાખ ખમાસણાં થાય છે. આપણે શરીર પાસેથી પ્રેક્ટીસ પાડીને કામ લેવાનું છે. શરીરનો રોગ જો મનમાં પેસી જાય તો મન પાછું પડે. મનને મજબુત કરવા માટે સંઘયણની જરૂર છે.

મહાવિદેહ ક્ષેત્રમાં મોટેભાગે દરેક જીવોને પહેલું સંઘયણ હોય છે. પાંચ દેવકુરૂ અને પાંચ ઉત્તરકુરૂ ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા મનુષ્યોને મોટે ભાગે પહેલું સંઘયણ જ હોય છે. છ સંઘયણમાંથી આ પહેલું જ

સંઘયણ પુણ્ય પ્રકૃતિ કહેવાય છે. આ પુણ્ય પ્રકૃતિ કાંતો સંસારનો નાશ કરાવે કાંતો સંસાર વધારે. જ્ઞાની ભગવંતો કહે છે કે બાકીના પાંચ સંઘયણના ઉદયકાળમાં જીવ શક્તિ કેળવે-ચિત્તની પ્રસન્નતા પેદા કરે-એકાગ્રતા અને સ્થિરતા કેળવવાનો પ્રયત્ન કરીને જીવન જીવે તો પોતાની ભવની પરંપરા ઘટાડીને મુક્તિ નજીક કરી શકાય છે. કાં એક ભવે કાં ત્રીજે ભવે કાં છેલ્લામાં છેલ્લા સાતમે ભવે તો મુક્તિ નક્કી કરી શકાય એટલું તો બળ મળે જ છે. કુમારપાલ મહારાજા એ સીત્તેર વર્ષની ઉંમરે ધર્મની પ્રાપ્તિ કરીને ચૌદ વરસ સુધી એકાગ્ર ચિત્તે એવી આરાધના કરી કે છેલ્લા સંઘયણના બળમાં રહીને ત્રીજે ભવે મુક્તિ નિશ્ચિત કરી અને સાથે ગણધર નામકર્મ પણ બાંધ્યું એવી જ રીતે આ કાળમાં છેલ્લા સંઘયણના બળમાં તેજપાલની પત્નિ અનુપમા દેવીએ એવી આરાધના કરી કે જેના પ્રતાપે અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઇ કેવલજ્ઞાન પામીને વિચરી રહ્યા છે. આજે આપણને બે પ્રકારની અનુકૂળ સામગ્રી મળેલી છે. (૧) સંસારની અને (૨) દેવ, ગુરૂ, ધર્મની. આ બન્નેમાંથી ચિત્તની પ્રસન્નતા આપણી શેમાં ટકે છે ?

દેવ, ગુરૂ, ધર્મ જો ચિત્તની પ્રસન્નતા પૂર્વક કરીએ તો અત્યારે પણ અશુભ કર્મોનો નાશ કરી શકીએ એવી સામગ્રી છે.

ભગવાન મહાવીરના પોતાના ચૌદ હજાર સાધુઓમાંથી ભગવાને કયા મહાત્માના વખાણ કર્યા ? ધન્ના અણગારના શાથી ? સંયમ લઇને નવ મહિનામાં એવો સુંદર અભ્યાસ કર્યો છે તથા સંયમ લેતાની સાથે જ છઠ્ઠને પારણે છઠ્ઠ પારણે આયંબિલ, આયંબિલમાં પણ માંખી ન બેસે એવો આહાર લેવો એવો અભિગ્રહ લઇને સંયમની સાધના કરતાં શરીરની અંદર રહેલા માંસ લોહીને એવા સુકવી નાંખ્યા છે કે જેના કારણે ઝાડના ઠુંઠા જેવું શરીર બનાવી દીધું છે. એ નવમાસમાં એકવીશ કલાક સ્વાધ્યાય કરી જંગલમાં રહી સર્વાર્થસિધ્ધ વિમાનનું આયુષ્ય બાંધીને સર્વાર્થસિધ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા છે. આ પહેલા સંઘયણના બળથી પોતાનો મોક્ષ ત્રીજે ભવે નિશ્ચિત કરી નાંખ્યો. એજ રીતે એજ

ભગવાન મહાવીરના કાળમાં રાજગૃહી નગરમાં મમ્મણ શેઠ છે તે પણ પહેલા સંઘયણ વાળોજ છે અને એ બળદ નક્કર રત્નોના બનાવવાના મમત્વના કારણે-એની એકાગ્રતાથી એવા જોરદાર કર્મો ઉપાર્જન કર્યા કે મરીને સાતમી નારકીએ ગયો. રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજાને ત્યાં જેટલી રિધ્ધિ સિધ્ધિ હતી એનાથી અધિક રિધ્ધિ મમ્મણ શેઠ પાસે હતી પણ શું કામની ? સાતમીએ પહોંચાડવામાં સહાયભૂત થઇને ?

અત્યારે આપણા સંઘયણ બળથી ચોથા દેવલોક સુધી જવાય અને નારકીમાં બીજી નારકી સુધી જવાય અને નિગોદમાં અનંતા ભવો જન્મ મરણ કર્યા કરીએ એવા અનુબંધ પાડી શકીએ એટલી શક્તિ આપણી પાસે છે ! અહીંથી નરકનું આયુષ્ય બંધાય તો બીજી નારકીનું ત્રણ સાગરોપમનું. પણ જો પાપ એકાગ્ર ચિત્તે કરવામાં આવે અને ત્રીજીથી સાતમી નારકીના કોઇપણ દુઃખોને ભોગવવા લાયક કર્મો બાંધીએ તો અહીંથી નરકમાં ન જવાય પણ તિર્યંચનું આયુષ્ય બાંધીને ત્યાંથી છેક સાતમી નારકી સુધી જઇ શકાય છે. એટલે વાયા થઇને સાતમીએ જઇ શકાય.

જંબુસ્વામીજી મોક્ષે ગયા એટલે પહેલું સંઘયણ વિચ્છેદ થયું અને વજ સ્વામીજી કાળધર્મ પામ્યા એટલે બાકીના ચાર સંઘયણો વિચ્છેદ પામ્યા છે માટે અત્યારે હાલ છેલ્લું સંઘયણજ આ પાંચમા આરામાં જન્મેલા જીવોને હોય છે.

## સમચતુરસ્ત્ર સંસ્થાન

સંસ્થાન એટલે શરીરની આકૃતિ.

શરીરની આકૃતિ એક સરખી જોવામાં આવે તો મનની પ્રસન્નતા સારી જળવાઇ રહે છે. જો શરીરની આકૃતિ બેડોળ હોય તો મનની સ્થિરતા પકડી શકાતી નથી. સંસ્થાનના છ ભેદો હોય છે તેમાં પહેલું સંસ્થાન પુણ્ય પ્રકૃતિ રૂપે હોય બાકીના પાંચ પાપપ્રકૃતિ રૂપે હોય છે.

સમ = સરખા. ચતુરસ્ર = ચારે બાજુનો ભાગ એક સરખો હોય તેવી જીવના શરીરની આકૃતિ તેને સમચતુરસ્ર સંસ્થાન કહેવાય છે. એ પ્રકૃતિમાં દોરાવાર પણ ફેરફાર હોય તો ન ચાલે. દેવતાઓની આકૃતિ હંમેશા આવી જ હોય છે. ભગવાનના મંદિરમાં પદ્માસને રહેલી મૂર્તિઓની આકૃતિ આ રૂપે જ રખાય છે. એમાં એક દોરાવાર જેટલો ફેરફાર હોય તો તે મૂર્તિઓ આપણે રાખતા નથી કારણકે આવી સમચતુરસ્ર આકૃતિવાળી મૂર્તિઓને જોતાં જોતા જો મન સ્થિર થતું જાય-એકાગ્ર બનતું જાય તો તેની એકાગ્રતાની તાકાત છે કે હાલના કાળમાં અશુભ કર્મો ફેરફાર રૂપે થઇને શુભરૂપે થઇ જાય અને અશુભ કર્મનો રસ ઓછો બંધાય-શુભ કર્મોનો તીવ્ર રસ બંધાય અને જો સારો કાલ હોય તો આગળ મનની ધારા વધતાં વધતાં જીવ પોતાના આત્માનાં કર્મોનો ભૂક્કો બોલાવીને કેવલજ્ઞાનની પ્રાપ્તિ પણ કરી શકે છે. સમચતુરસ્ર એટલે પદમાસને રહેલાની આકૃતિમાં બે ઢીંચણનું જેટલું માપ થાય એટલું જ માપ ડાબા ઢીંચણથી જમણા ખભાનું થવું જોઇએ. જમણાં ઢીંચણથી ડાબા ખભાનું માપ એટલું જ થવું જોઇએ અને લલાટના ભાગમાંથી પલાઠીનો વચલો જે ભાગ તે પણ એટલોજ થવો જોઇએ. આ ચારે ભાગ એક સરખા થાય તે સમચતુરસ્ર સંસ્થાન કહેવાય છે. આનો બંધ ૧ થી ૮/૬ ભાગ સુધી હોય. ઉદય તેરમા ગુણસ્થાનક સુધી હોય છે.

સ્વયંભૂરમણ સમુદ્ર જે અસંખ્યાતા કોટાકોટી યોજનનો છે તેમાં આ આકૃતિવાળા અસંખ્યાતા માછલાઓ રહેલા છે કે જે આકૃતિને જોઇને બીજા અસંખ્યાતા માછલાઓ વિચારો કરતાં કરતાં મનમાં ઓહાપોહ કરતાં કરતાં સ્થિરતા પામે છે અને વિચારે છે કે મેં કોઇ જગ્યાએ આવી આકૃતિ જોયેલી છે તેના કારણે જાતિસ્મરણ જ્ઞાનને પ્રાપ્ત કરે છે અને પોતાના પૂર્વભવને જૂએ છે અને આરાધના કરતાં કરતાં વિરાધના કરીને આ તિર્યંચ ભવને પામ્યો છું એમ પાપનો પશ્ચાતાપ કરી પોતાની શક્તિ મુજબ અનશન કરીને મરીને દેવલોકમાં ઉત્પન્ન

થાય છે અને ઘણાં તિર્યંચો મનથી એવો પશ્ચાતાપ પણ કરે છે કે જેથી દેવલોકમાંથી મનુષ્યપણું પામીને મોક્ષે જાય છે માટે જ્ઞાની ભગવંતોએ નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ આ ચારે નિક્ષેપાના ધ્યાનથી ચારમાંથી કોઇપણ એકના ધ્યાનથી જીવો ભવની પરંપરાનો નાશ કરીને નિકટમાં મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. ત્રેસઠ શલાકા પુરૂષોને નિયમા આ આકૃતિ એ ભવમાં હોય. દેવોને નિયમા આ આકૃતિ હોય. એ સિવાયના મનુષ્યો અને તિર્યંચોને છમાંથી કોઇપણ આકૃતિ શરીરની હોઇ શકે. નારકીના જીવોને નિયમા હુંડક સંસ્થાનવાળી છેલ્લી આકૃતિ હોય છે.

સારી આકૃતિ જોઇને જીવો રાગ કરે અને ખરાબ આકૃતિ જોઇને દ્વેષ કરવાથી જીવો પોતાનો સંસાર વધારતા જાય છે અને આવી વિચારણાઓ કરવાથી ભવાંતરમાં સારા શરીરની આકૃતિ પ્રાપ્ત થતી નથી. જો શરીરની આકૃતિમાં રાગ દ્વેષ ચાલુ હોય તો એમ જણાય છે કે મોક્ષની જિજ્ઞાસા જીવને નથી. શરીર નાશવંતુ છે તે અહીંજ રહેવાનું છે માટે તેમાં રાજીપો અને નારાજી કરવાની જરૂર નથી. આવી વિચારણા વારંવાર કરવી જોઇએ. જો આવી વિચારણાઓ ન કરીએ તો આપણા માટે મોક્ષના અભિલાષની કક્ષા ઘણી ઉંચી છે એમ કહેવાય. નામકર્મના ઉદય વખતે પણ જીવ જો સાવચેતી ન રાખે તો એ પણ દુર્ગતિમાં લઇ ગયા વગર રહે નહિ.

જેવું મલ્યું તેવું એમાં જેટલો ટેસ કરે, જેટલા રાગાદિ કરે તેટલી એ ચીજ દુર્લભ થતી જાય છે. જેટલી ચીજો મળેલી છે એટલી કે એથી વધારે ભવાંતરમાં મેળવવી હોય તો રાગાદિ મંદ કરીને જીવન જીવવાનો પ્રયત્ન કરવો પડે. એ સામગ્રીમાં રાગાદિ પરિણામ કરે તોજ ભોગવાય એવો નિયમ નથી. સામગ્રીને ભોગવ્યા પછી રાગાદિના વિચારો કરવા એવું પણ નથી. **દા.ત.** ભાવતું ભોજન ટેસ પૂર્વક ખાઇ લીધા પછી રાગાદિને બ્રેક મારવાનો વિચાર કરીએ એ ખોટું છે. ભગવાનની મૂર્તિના દર્શન કરતાં કરતાં એનાં સંસ્કાર દ્રઢ કરવાના. એ કરતાં થઇએ તો પોતાના કે બીજાના શરીરને જોઇને આનંદ આવે નહિ, રાગ થાય

નહિ. એ રાગ અને આનંદ ઘટાડવા માટેજ રોજ ભગવાનના દર્શન કરવાના હોય છે. (કહ્યા છે.) અહીં ભગવાનના દર્શન કરીને એમના ગુણોને વારંવાર યાદ કરીએ તેનાથી કદાચ આગળના ભવમાં તિર્યંચમાં ગયા હોઇએ કે દેવલોકમાં ગયા હોઇએ તો એવી આકૃતિ ફ્રીથી જોતાં જ એમના ગુણો યાદ આવી જાય માટે એ સંસ્કાર દ્રઢ કરવાના કહ્યા છે. આપણે નાશવંતા પદાર્થોના સંસ્કારો દ્રઢ કરવાનો પ્રયત્ન સતત કરીએ છીએ પણ જો સાથે ભગવાનની મૂર્તિના આકૃતિના સંસ્કારો જો સ્મૃતિ રૂપે દ્રઢ કર્યા હશે તો એ લાભ કર્યા વગર રહેશે નહિ. આ કારણથી આ પ્રકૃતિ પુણ્ય પ્રકૃતિ કહી છે.

## વર્ણ

વર્ણ પાંચ પ્રકારના હોય છે. કાળો, લીલો, લાલ, પીળો અને સફ્રેદ. તેમાંથી કાળો અને લીલો અશુભ ગણાય છે અને લાલ, પીળો અને સફ્રેદ શુભ એટલે પુણ્ય રૂપે કહેવાય છે. (લીલો અને નીલો એક જ છે.) જે જીવોને કાળા અને નીલા, લીલા વર્ણવાળા પદાર્થોને જોઇને વિશેષ આનંદ આવતો હોય રાગાદિ પરિણામ થતાં હોય તો સમજવું કે પૂર્વ ભવોમાં અશુભ વર્ણોનો રસ તીવ્ર બાંધીને આવેલો છે. લાલ, પીળો અને સફ્રેદ વર્ણવાળા પદાર્થોમાં જેને રાગ આદિ ઉત્પન્ન થતાં હોય અને વિશેષ ગમતાં હોય તો પૂર્વ ભવોમાં શુભરસ તીવ્ર રસે બાંધીને આવેલો છે એમ કહેવાય છે. ઉત્કૃષ્ટ પુણ્યશાળી જીવોને લોહી સફ્રેદ રંગનું હોય છે. લાલ લોહી પણ બધાનું એક સરખું હોતું નથી. આછું લાલ, ઘાટું લાલ ઇત્યાદિ ભેદો પડી શકે છે. વિજ્ઞાનીઓ પણ બ્લડગ્રુપ રૂપે ભેદો માને છે. કાચી વનસ્પતિ કાકડી, મોગરી વગેરે ખાવામાં જેટલો આનંદ અંતરમાં થતો જાય એનાથી ગુણાકાર રૂપે ભવની પરંપરા વધતી જાય છે.

ગંધના બે ભેદો હોય છે. સુગંધ અને દુર્ગંધ. સુગંધ એ પુણ્યપ્રકૃતિ

છે અને દુર્ગંધ એ પાપ પ્રકૃતિ કહેવાય છે.

રસ પાંચ પ્રકારના હોય છે. કડવો, તીખો, તૂરો, ખાટો અને મીઠો. આ પાંચમાંથી કડવો અને તીખો અશુભ ગણાય છે. તુરો, ખાટો અને મીઠો એ ત્રણ શુભ ગણાય છે.

સ્પર્શના આઠ ભેદો છે. લઘુ = હલકો, ગુરૂ = ભારે, ઉષ્ણ = ગરમ, શીત = ઠંડો, સ્નિગ્ધ = ચીકણો, રૂક્ષ = લુખો, મૃદુ = કોમળ, કર્કશ = ખરબચડો.

લઘુ-ઉષ્ણ-સ્નિગ્ધ-મૃદુ. આ ચાર શુભ ગણાય છે.

ગુરૂ-શીત-રૂક્ષ-કર્કશ. આ ચાર અશુભ સ્પર્શ ગણાય છે.

લઘુ સ્પર્શવાળા પુદ્‌ગલોથી જીવને આલ્હાદ પેદા થાય છે માટે તે શુભ અને ભારે સ્પર્શવાળા પુદ્‌ગલોનાં સ્પર્શથી જીવને નારાજી, ખેદ, ગ્લાનિ પેદા થાય છે માટે તે અશુભ. શરીરની ઉષ્ણતાને લીધે ઉષ્ણતાવાળા પુદ્‌ગલના સ્પર્શથી આલ્હાદ પેદા થાય છે માટે તે શુભ અને શીત સ્પર્શવાળા પુદ્‌ગલોના સ્પર્શથી જીવને નારાજી થાય છે માટે તે અશુભ ગણાય છે. મૃદુ-કર્કશ. જીવને મૃદુ સ્પર્શથી વિશેષ આલ્હાદ પેદા થાય છે. કોમળ સ્પર્શથી અનુકૂળતા વિશેષ સચવાય છે. તેમાં રાગાદિ વિશેષ થાય છે માટે તે શુભ કહેવાય છે.

ખરબચડા સ્પર્શમાં નારાજી પેદા થાય છે માટે તે અશુભ કહેવાય. સ્નિગ્ધ-રૂક્ષ. જે પુદ્‌ગલોમાં સ્વાદ કરવામાં વિશેષ આલ્હાદ થાય છે માટે તે શુભ ગણાય. જે પુદ્‌ગલોમાં રૂક્ષતા વધારે હોય તે પુદ્‌ગલો ગમતાં નથી. નારાજી થાય તે અશુભ ગણાય છે.

જીવના શરીરને વિષે પ્રતિપક્ષી સ્પર્શ હંમેશા રહેલા હોય છે. બાંધેલા રસ જે ઉદયમાં આવે છે એ રસના પ્રતાપે શરીરને વિષે પ્રતિપક્ષી કોઇને કોઇ સ્પર્શ હંમેશા રહેલા હોયને હોય જ. જગતમાં રહેલા દરેક જીવો ચાર સ્પર્શવાળા પુદ્‌ગલોનો જ આહાર કરે છે ઓછા સ્પર્શવાળા પુદ્‌ગલોનો આહાર જગતમાં કોઇ કરતાં જ નથી.

નામકર્મમાં સ્પર્શ જે રીતે બાંધેલો હોય તેવા સ્પર્શનો જીવોને

ઉદય થાય છે. કોઇ ભાગનો સ્પર્શ શીત હોય. કોઇ શરીરના ભાગનો સ્પર્શ ઉષ્ણ હોય. કોઇ સ્નિગ્ધ હોય ઇત્યાદિ જે સ્પર્શ હોય છે તે જે પ્રમાણે બાંધેલા હોય તે પ્રમાણે હોય છે.

શરીર પુદ્‌ગલમય રહેલું છે. જીવો અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્તે કોઇને કોઇ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શને બાંધ્યા કરે છે. તેમાં શુભ પણ બંધાય અને અશુભ પણ બંધાય છે. શુભાશુભ પણ બંધાય છે. તેમાં જે પ્રમાણે બાંધ્યા હોય એ પ્રમાણે ઉદયમાં આવે અને ભોગવાય છે.

વર્ણાદિ ૮/૬ ભાગ સુધી સતત બંધાય છે. વર્ણાદિનો ૧૩ ગુણસ્થાનક સુધી સતત ઉદય ચાલુ હોય છે.

આપણા શરીરના વર્ણાદિને જોવામાં આનંદ આવે અને બીજા પ્રતિપક્ષી પદાર્થોને વિષે વર્ણાદિને જોવામાં દ્વેષ થાય છે તેનાથી સંસાર વધે છે એ પુદ્‌ગલોના વર્ણાદિમાં રાગાદિ કર્યા વગર સમભાવે વેઠવામાં આવે એટલે ઉપયોગ કરવામાં આવે તો એજ પુદ્‌ગલો સંસાર વધારવામાં સહાયભૂત થાય નહિ માટે જ રાગાદિ પરિણામ ન થાય એ રીતે જીવન જીવતા શીખવાનું છે.

આ વર્ણાદિ ચાર સંસારનું પરિભ્રમણ વધારવામાં એનો સંગ્રહ ખુબ જવાબદાર છે. એ સંગ્રહવૃત્તિમાં જીવો એટલા મુંઝાયેલા છે કે તેમાં આસક્તિ-મમત્વ બુધ્ધિ કરતાં મારૂં છે મારૂં છે એમ વારંવાર કરતાં કરતાં પોતાના આત્માના જન્મ મરણની પરંપરા રૂપ સંસાર સંખ્યાત કાળનો-અસંખ્યાત કાળનો કે અનંતા કાળનો વધારતા જાય છે.

મોક્ષે ન જઇએ ત્યાં સુધી પુદ્‌ગલની સાથે રહેવાનું છે એની સાથે રહીને જ જીવન જીવવાનું છે એ પરાધીનપણું અને પરતંત્રતા જીવનમાં સદા માટે લખાયેલી છે માટે જ આત્મામાં રહેલા સુખને વહેલું પેદા કરવું હોય તો એ પુદ્‌ગલોની જે પરતંત્રતા છે તેમાં રાગાદિ કર્યા વગર સાવચેતી પૂર્વક તેનો ઉપયોગ કરીને જીવન જીવતા શીખવાનું છે તોજ આપણું સુખ જલ્દી પેદા કરી શકીશું.

એ વર્ણાદિના સંયોગના કારણે ૨૩ વિષયો થાય છે. સ્પર્શેન્દ્રિયના-

૮, રસનેન્દ્રિયના-૫, ઘ્રાણેન્દ્રિયના-૨, ચક્ષુરીન્દ્રિયના-૫ અને શ્રોત્રેન્દ્રિયના-૩ એમ એ ૨૩ વિષયોને વિષે તેને ઓળખીને સાવચેતી પૂર્વક જીવન જીવતા જીવતા આપણા આત્મામાં રહેલા સુખને પેદા કરતાં કરતાં સંપૂર્ણ સુખ પેદા કરવાનું છે.

કેવલજ્ઞાન પેદા થાય તો પણ પુદ્‌ગલની પરાધીનતાથી જીવન જીવવાનું ચાલુ હોય છે. કેવલજ્ઞાન થાય એટલે પુદ્‌ગલનો સંયોગ નાશ પામ્યો એમ જ્ઞાનીઓ કહેતા નથી. હવે એ કેવલજ્ઞાનીને રાગાદિ પરિણામનો નાશ થયેલો હોવાથી એ પુદ્‌ગલના સંયોગવાળા જીવનમાં સાવચેતી રાખવાની જરૂર રહેતી નથી. એ સાવચેતી બેઠેલી જ હોય છે. જ્યારે સંપૂર્ણ પુદ્‌ગલનો સંયોગ નાશ પામે ત્યારે જ મોક્ષ થવાનો છે એ પહેલા નહિ. માટે જ જ્ઞાનીઓ એ વાત વારંવાર કહી રહ્યા છે કે જે પુદ્‌ગલોના સંયોગમાં જીવીએ છીએ તેમાં જે વર્ણાદિનો સંયોગ હોય છે તેને ઓળખીને એનાથી સાવચેત રહીને એટલે રાગ-દ્વેષ-ક્રોધાદિ ન થાય એ રીતે અને ખરાબ પુદ્‌ગલોના સંયોગમાં ઉદાસીનભાવ ન થાય એ રીતે જીવવાનું કહેલ છે. બાંધેલું કર્મ ઉદયમાં આવેલું છે તો તેમાં રાગાદિ પરિણામ ન કરવા હોય તો એ શક્તિ આપણી પાસે છે.

રાગાદિ પરિણામ સંયમીત કરીએ તોજ આત્મદર્શનની આંશિક અનુભૂતિ થાય. અનુકૂળ પદાર્થોમાં સંગ્રહવૃત્તિ તો રહેવાની જ છે તેમાં આસક્તિ-મમત્વ બુધ્ધિ જેટલાં લાંબાકાળ સુધી રહે એટલો એ સંગ્રહ ટકાવવાના વિચારો ચાલ્યા કરે છે એ અઢાર પાપસ્થાનકમાંથી અઢારમું મિથ્યાત્વ નામનું પાપ કહેલું છે અને જે પદાર્થો પ્રત્યે જેટલો દ્વેષ વધે તેમ તેનાથી છૂટવાની વૃત્તિ ચાલુ હોય છે જે પદાર્થોમાં રાગ હોય તેના સંગ્રહની વૃત્તિ ચાલુ હોય છે. આજ મિથ્યાત્વ નામનું પાપ કહેવાય છે. આજે નહિ તો કાલે કામ લાગશે એ વિચાર સંગ્રહવૃત્તિનો કહેવાય છે. આ બધી મોહરાજાની રમત છે. ભોગવાઇ જવાથી એકવાર પાપ લાગે જ્યારે સંગ્રહ કરવામાં પાપ વધારે લાગે. કારણ ? રહેલાને સાચવવા માટે શું શું કરવું પડતું નથી ? સાચવવા, ટકાવવાના વિચારો કરતાં

તેનો રાગ પણ વધતો જાય છે માટે તેમાં પાપ વધારે લાગ્યા કરે છે.

ભગવાનના દર્શન કરતાં કરતાં તેમના ગુણો મારા આત્મામાં જે રહેલા છે તે પેદા થાય-ક્યારે પ્રગટે એવા ભાવ રાખે તો ખરેખર આત્મામાં ભગવાન જેવા ગુણ પ્રગટે.

વારસાગત મળેલી ચીજમાં પણ રાગ રાખીને જીવે તો મરીને કાં નરકમાં જાય અને કાં તો ભોરીંગ થઇ એ ચીજ ઉપર બેસી જશે.

અત્યારે હાલ આપણે વધારેમાં વધારે સાતમા ગુણસ્થાનક સુધીનાં પરિણામને પામી શકીએ છીએ. આગળના ગુણસ્થાનકના પરિણામ પામી શકતા નથી.

ત્ર્યાશી લાખ પૂર્વ વર્ષ સુધી ભગવાનના આત્માઓ અનુકૂળ પદાર્થોમાં રહેવા છતાં રાગાદિ પરિણામ કર્યા વગર સાવચેતીપૂર્વક જીવન જીવી ગયા છે એ આદર્શ આપણા માટે મુકીને ગયા છે અને એ જીવન જીવી અંતે એ બધું છોડીને ચાલતા થયા છે અને વીતરાગ બન્યા છે આપણે છોડી ન શકીએ તો છોડવાની ભાવના તો રાખી શકીએ ને ? એ માટે સૌથી પહેલા પુણ્યના ઉદયથી જે અનુકૂળ પદાર્થોનો સંયોગ થયેલો છે એમાં સંયમ રાખી જીવન જીવવાનો પ્રયત્ન કરતાં રહેવાનું છે !

## આનુપૂર્વી નામકર્મ

જગતમાં સંસારી જીવોને એક સ્થાનેથી બીજા સ્થાને ઉત્પન્ન થવામાં સહાય થતું નામકર્મ તે આ આનુપૂર્વી નામકર્મ કહેવાય છે.

બે પ્રકારે જીવો ઉત્પન્ન થઇ શકે છે.

(૧) ઋજુગતિથી, (૨) વક્રગતિથી.

(૧) ઋજુગતિ એટલે સરલ ગતિથી ઉત્પન્ન થવું તે. જે સ્થાનેથી બીજા સ્થાને જવા માટે સીધી ગતિમાં જાય તે ઋજુ ગતિ કહેવાય છે. આ ગતિથી ઉત્પન્ન થનારને એક સમય લાગે છે.

(૨) વક્રગતિથી ઉત્પન્ન થવું તેમાં એક સ્થાનેથી નીકળી બીજા સ્થાને ઉત્પન્ન થવામાં વધારેમાં વધારે પાંચ સમય લાગે છે અને વક્રગતિથી ઉત્પન્ન થવામાં ઓછામાં ઓછા બે સમય લાગે છે.

ત્રસ નાડીમાં રહેલા ત્રસ જીવોને એક સ્થાનેથી બીજા સ્થાને ઋજુ ગતિથી ઉત્પન્ન થતાં ચૌદ રાજલોક સુધી જઇ શકે છે અને વક્રગતિથી ઉત્પન્ન થાય તો બે વક્રથી એટલે ત્રણ સમયે ઉત્પન્ન થાય છે. જ્યારે ત્રસ નાડીની બહારના ભાગમાં સ્થાવર જીવ જે રહેલા હોય છે તે ત્રસ નાડીમાં ઉત્પન્ન થાય તો બે સમય અને ત્રણ સમયે ઉત્પન્ન થઇ શકે છે. જ્યારે ત્રસ નાડીની બહારમાં રહેલો સ્થાવર જીવ ત્રસ નાડીમાં થઇને ત્રસ નાડીની બહાર બીજી બાજુ ઉત્પન્ન થાય તો ચાર સમય અથવા પાંચ સમય પણ લાગે છે. આ દરેકમાં બે સમયે એક વક્રથી ઉત્પન્ન થનારને પહેલો સમય આહારી અને બીજો સમય પણ આહારી હોય છે. ત્રણ સમયે ઉત્પન્ન થનાર જીવોને પહેલો સમય આહારી, વચલો બીજો સમય આહાર મળતો ન હોવાથી અણાહારી અને ત્રીજા સમયે તે સ્થાને પહોંચતા આહારી હોય છે.

ચાર સમયે બીજા સ્થાને પહોંચનારને પહેલો સમય આહારી બીજો અને ત્રીજો સમય અણાહારી અને ચોથો સમય આહારી એમ બે સમય અણાહારી હોય છે.

પાંચમા સમયે બીજા સ્થાને પહોંચનારને પહેલો આહારી. બીજો-ત્રીજો-ચોથો એ ત્રણ અણાહારી અને પાંચમો આહારી હોય છે.

આ રીતે જીવોને એક સ્થાનેથી બીજા સ્થાને પહોંચતા વધારેમાં વધારે પાંચ સમય લાગે છે. તેમાં ત્રણ સમય અણાહારીના થાય છે.

(૩) મનુષ્યાનુપૂર્વી :- જીવોને એક સ્થાનેથી બીજા સ્થાને ઋજુગતિથી અથવા વક્રગતિથી લઇ જઇને ઉત્પત્તિ સ્થાને પહોંચાડવામાં સહાયભૂત થનાર જે કર્મ તે મનુષ્યાનુપૂર્વી કહેવાય.

(૪) દેવાનુપૂર્વી :- જીવોને એક સ્થાનેથી બીજા સ્થાને, ઋજુગતિ અથવા વક્રગતિથી ઉત્પત્તિ સ્થાને પહોંચાડવામાં સહાયભૂત થનાર જે

કર્મ તે દેવાનુપૂર્વી કહેવાય છે.

સામાન્ય રીતે આનુપૂર્વી વક્રગતિથી લઇ જવામાં સહાયભૂત થાય છે એમ વાત આવે છે. પણ છઠ્ઠા કર્મગ્રંથમાં નામકર્મના ઉદયના ભાંગાઓનું વર્ણન જોતાં તેમજ પૂ. આત્મારામજી મ. ની નવતત્વ ઉપદેશ બાવનીમાં જોતા ઋજુ અને વક્રગતિથી એક સ્થાનેથી બીજા સ્થાને જતાં જીવોને સહાયભૂત થનાર આનુપૂર્વી કહેલી છે તે અર્થ બરાબર બેસે છે. માટે તે રીતે લખેલ છે. તત્વ કેવલી ગમ્ય. આનુપૂર્વીનો ઉદય જીવોને પહેલા ગુણઠાણે, બીજા ગુણઠાણે અને ચોથા ગુણઠાણે હોય છે. આ ત્રણ ગુણસ્થાનક જીવ મરીને બીજી ગતિમાં જતાં સાથે લઇને જાય છે.

અગ્યારમા ગુણસ્થાનકને પહેલા ત્રણ સંઘયણવાળા જીવો પ્રાપ્ત કરે છે માટે ત્યાં આયુષ્ય પૂર્ણ થયે કાળ કરે તો નિયમા વૈમાનિક દેવલોકમાં જાય છે. આ જીવો કાળ કરીને ઋજુગતિથી જાય છે. તેમાં પહેલા સંઘયણવાળા કાળ કરે તો નિયમા અનુત્તરમાં જાય છે અને બીજા અને ત્રીજા સંઘયણવાળા કાળ કરે તો અનુત્તર સિવાય વૈમાનિક દેવલોકમાં ઉત્પન્ન થાય છે એમ સમજવું. ઉપશમ શ્રેણી સાતમા ગુણસ્થાનકે પ્રાપ્ત થાય ત્યાર પછી આઠથી અગ્યાર ગુણસ્થાનકમાં ચઢતાં કે અગ્યારમે જઇ આવી પડતા. ૮-૯-૧૦ ગુણસ્થાનકે કાળ કરે તો વૈમાનિક દેવલોકમાં જાય છે.

નરકગતિમાં જીવો બીજું ગુણસ્થાનક લઇને જાય નહિ. પહેલું અને ચોથું ગુણસ્થાનક લઇને જઇ શકે છે. તિર્યંચગતિમાં પહેલું બીજું અને ચોથું ગુણસ્થાનક લઇને જઇ શકે છે. મનુષ્યગતિમાં પણ પહેલું બીજું અને ચોથું ગુણસ્થાનક લઇને આવી શકે છે. તેમાં તીર્થંકરના આત્માઓ મનુષ્યગતિમાં છેલ્લે ભવે આવતા હોય છે ત્યારે નિયમા ચોથું ગુણસ્થાનક લઇને આવે છે.

દેવગતિમાં જીવો પહેલું, બીજું અને ચોથું ગુણસ્થાનક લઇને જઇ શકે છે.

અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચોને વિષે પણ જીવો પહેલું, બીજું અને ચોથું ગુણસ્થાનક લઇને જઇ શકે છે. ત્રસનાડીવાળા જીવો ત્રસનાડીમાં ઉત્પન્ન થાય તો એક સમયે-બે સમયે અથવા વધારેમાં વધારે ત્રણ સમયે ઉત્પન્ન થઇ શકે છે. જ્યારે ત્રસ નાડીની બહારના ભાગમાં એકથી પાંચ સમયમાંથી ગમે તે સમયે ઉત્પન્ન થઇ શકે છે.

## વિહાયોગતિ-શુભ વિહાયોગતિ

વિહાય = આકાશ તેને વિષે ગતિ કરવી તે વિહાયોગતિ નામકર્મ કહેવાય છે. મનુષ્યગતિના જીવોને બે પ્રકારની ચાલ હોય છે. (૧) શુભ અને (૨) અશુભ.

હંસ અને હાથી જેવી ચાલ હોય તે શુભ વિહાયોગતિ કહેવાય છે. તે એક સરખી રીતે ચાલે, દોડે એવું કરે નહિ. મહાપુરૂષોની ચાલને શુભ વિહાયોગતિ નામકર્મ કહેવાય છે. મનની પ્રસન્નતા અને સ્થિરતા ટકી રહેતી હોય એવી જે ચાલ કે જેમાં ફેરફાર થાય નહિ તે શુભ વિહાયોગતિ કહેવાય છે.

સોબત એવી અસર તે આના ઉપરથી એટલે ચાલ ઉપરથી વાક્ય નીકળેલું છે. સજ્જનતા અને દુર્જનતાનો ભેદ ચાલ ઉપરથી ઓળખાય છે. મહત્વના કામ હોય કે સામાન્ય કામ હોય પણ મહાપુરૂષોને વિશ્વાસ હોય છે કે જે ટાઇમે જે કામ થવાનું હોય છે તે ટાઇમે જ થવાનું છે તેમાં સ્હેજ પણ આઘું પાછું કરી શકવાની તાકાત કોઇનામાં નથી તો પછી ઉતાવળ કરવાની શી જરૂર ? એમ માનીને પોતાની ચાલે ચાલે છે.

જે જીવોની ચાલ ખર એટલે ગધેડા જેવી ચાલ હોય, કુદકા મારતો ચાલે, ઠેકડા મારતો ચાલે, લંગડી, ખોખો, હુતૂતૂ. આ બધી રમતો રમવી તે અશુભ વિહાયોગતિ નામકર્મ કહેવાય છે. આવી રમતોમાં સરખી રીતે રમે તે હોંશિયાર ગણાય ન આવડે તો બીજા હસે મશ્કરી

કરે, આવા બધા જીવોને અશુભ વિહાયોગતિ નામકર્મ બંધાય છે. ભવાંતરમાં તેને સારી ગતિ મળે નહિ. તિર્યંચગતિના જીવો તિર્છા જ ચાલે તેમની ચાલ ટેઢી હોય છે તેમને સીધું દેખાય જ નહિ. આપણા શાસનમાં આથીજ આવી બધી રમતો રમવાની છૂટ આપી જ નથી અને જોવાની પણ છૂટ આપી નથી. તો આપણે શું કરવું એ જોવાનું. જગતના બીજા જીવોના દોષ જોવાય નહિ. બીજામાં સારૂં શું છે એ જોવાનું. આપણા ખરાબ દોષો જોઇને સારા બનવાની કોશીષ કરવી. આપણું કર્તવ્ય શું છે તે વિચારવાનું. બીજાના દોષ જોવા કરતાં આપણા દોષોને જોઇને તે સુધારવાના છે.

સંસારના દરેક જીવોમાં દોષો રહેલા છે. કદાચ સામાના દોષ આપણને દેખાઇ જાય તો વિચારવાનું એ છે કે એ જીવ અજ્ઞાન છે માટે તેનામાં દોષ છે, હું અજ્ઞાન હતો ત્યારે મારામાં પણ આવા જ દોષો હતા. આનાથી વધારે પણ દોષો હતા. આવા વિચારો કરીએ તો આપણામાં જે નુકશાનકારી વિચારધારા આવવાની હોય તે અટકી જાય. બીજા માટેના દોષને સ્થિર કરવાની વિચારધારા જરૂર અટકી જશે. કદાચ કોઇનો દોષ દેખાય તો પણ તે જીવ પ્રત્યે દ્વેષ બુધ્ધિ ન થાય એની કાળજી રાખવી જેથી તે દોષ આપણામાં આવે નહિ.

શ્રી કૃષ્ણ મહારાજા ત્રણ ખંડના માલીક છે. ચોથા ગુણસ્થાનકે રહેલા છે એટલે પહેલેથી એમનો સ્વભાવ એવો બનાવેલો છે કે કોઇ પણ પદાર્થમાં પછી સચેતન પદાર્થ હોય કે અચેતન પદાર્થ હોય તેમાં સારૂં શું છે એજ નજરે પડે પણ ખરાબ ચીજો દેખાય જ નહિ એ રીતે જીવે છે તેમાં ઇન્દ્ર મહારાજાએ દેવલોકમાં દેવની સભામાં આ ગુણની પ્રશંસા કરી તેમાં કોઇ દેવને એ વાત સહન થઇ શકી નહિ માટે એકવાર કૃષ્ણ મહારાજાની સવારી આવતી હતી તે રસ્તામાં એક બાજુ ભયંકર દુર્ગંધવાળો કુતરો વિકુર્વીને મરણ પામેલો મુક્યો અને તેમાં તેના દાંતની પંક્તિ એકદમ સુંદર સફેદ રીતે મુકેલી. તેમાં સવારીમાં આવતા લોકો આ જૂએ છે તો દુર્ગંધીના ભયથી જલ્દી આગળ જવા લાગ્યા જ્યારે

કૃષ્ણ મહારાજાનો હાથી આવ્યો અને કૃષ્ણ મહારાજાની તે કુતરા ઉપર નજર પડી કે તરત જ દુર્ગંધ કેટલી છે એ વિચાર કરવાને બદલે દાંતની પંક્તિ જોઇને થાય છે કે આની દંતપંક્તિ કેટલી સુંદર છે. એમ વિચાર કરી પ્રશંસા કરે છે. આમાં પણ આવી ભયંકર દુર્ગંધી હોવા છતાં ગુણ જોવાનો તેમનો જે સ્વભાવ છે એ આમાં કામ કરે છે. બીજાના દોષ જોવાની દ્રષ્ટિ રાખીને જીવન જીવીશું તો અખાડામાં જઇશું અન્ય જીવો તો હંમેશા દયા ખાવા લાયક છે. કર્મના ઉદયે દરેકમાં કોઇને કોઇ દોષ હોવાનો જ એ બધા કર્મના પરિણામો છે એમ વિચારવાનું છે.

શ્રેણિક મહારાજાની પણ સમકીતની શ્રધ્ધા કેટલી મજબૂત છે તે પરીક્ષા કરવા માટે પણ દેવ આવે છે. તેમાં બન્યુ છે એવું કે ઇન્દ્ર મહારાજા પોતાના દેવોની સભામાં શ્રેણિક મહારાજાના સમકીતની પ્રશંસા કરતાં કહે છે કે એની શ્રધ્ધા એટલી મજબૂત છે કે કોઇ દેવ પણ એને ચલાયમાન કરી શકે નહિ. તેમાં જે મિથ્યાદ્રષ્ટિ દેવો હતા તેમાંના એકને થાય છે એમાં શું મોટી વાત. આ બને નહિ હું જાઉં અને એને ચલાયમાન કરી આવું. આવો વિચાર કરીને જે નગરીમાં શ્રેણિક મહારાજા રહેતા હતા ત્યાંસાધ્વીનું રૂપ લઇને આવે છે. કેવી સાધ્વી ? પેટમાં જીવ રહેલો છે. એટલે ગર્ભવાળી. હાથમાં કંકણ પહેરેલા છે, કપાળે ચાંલ્લો કરેલો છે, ગળામાં હાર પહેરેલા છે અને હાથમાં ઓઘો, દાંડો, પાતરા લઇને વહોરવા માટે બજાર વચ્ચેથી નીકળે છે. તેજ વખતે શ્રેણીક મહારાજા હાથી ઉપર બેસી પસાર થાય છે અને આ દ્રશ્ય જુએ છે. હાથી ઉપરથી નીચે ઉતરી મત્થએણ વંદામિ કહી શ્રેણિક મહારાજા વિચારે છે કે કેવો જોરદાર કર્મનો ઉદય પેદા થયેલો છે ? હશે ? પધારો. મને લાભ આપો. એમ વિચારી પોતાના ઘરે લઇ જાય છે. ભોયરામાં રાખે છે અને ગોચરી, પાણી વહોરાવી દવા આદિની વ્યવસ્થા કરે છે અને સેવામાં બાઇઓને મુકે છે. પેલો દેવ રાજાના પરિણામ વારંવાર જુએ છે પણ શ્રેણિક રાજાને થાય છે કેવો કર્મનો ઉદય છે. કર્મના પરવશથી આવું બની પણ શકે એમાં શું નવાઇ ? શાસનની

અપરાધના ન થાય માટે વ્યવસ્થા કરે છે અને પરિણામ દ્રઢ થતાં જાય છે. ભક્તિના દિન દિન ચઢતે રંગે પરિણામ ચાલે છે. એ રીતે સાત દિવસ સુધી પરિણામની ધારાની સ્થિરતા જોઇને દેવ પ્રસન્ન થઇને કહે છે કે જેવા ઇન્દ્રે વખાણ્યા એનાથી ચઢીયાતી શ્રધ્ધાવાળા છે. આ રીતે પ્રશંસા કરીને દેવ જાય છે. શ્રેણિક મહારાજાના અંતરમાંતો એજ શ્રધ્ધા, એજ વિશ્વાસ અને એજ વિચારણા ચાલે છે. એમાં કોઇ ફેરફાર નહિ, ગુરૂ ભગવંતને પ્રાયશ્ચિત આપવું હશે તે આપશે મારે તો મારૂં કર્તવ્ય અદા કરવાનું છે.

આ અપેક્ષાએ આપણા અંતરમાં શ્રધ્ધા કેટલી ? ભગવાનના શાસનમાં મજબુત શ્રધ્ધા હોય તોજ જીવ આમ વિચારી શકે.

આટલું પચાવવાનું પુણ્ય આપણી પાસે હોય તો બીજાના દોષોને પચાવવાનું પુણ્ય પ્રાપ્ત થાય. અત્યારે આપણે તો કોઇ જીવનો દોષ દેખાયો કે સાંભળ્યો કે તરત જ એને સંભળાવવા કે બીજાને સંભળાવવા માટે તેના પર તૂટી પડીએ છીએ માટે સાસુ વહુના-બાપ દીકરાના દોષને પચાવી નથી શકતા. આપણા દોષ કાઢવાની અને બીજાના દોષ સમજવાની શક્તિ પેદા થાય એનું નામ પુણ્યાનુબંધિપુણ્ય કહેવાય છે.

બીજાના દોષને પચાવવાની શક્તિથી જ સવિ જીવ કરૂં. શાસન રસીની ભાવના આવશે.

જેની ચાલ વારંવાર બદલાય તેને અશુભ વિહાયોગતિ નામકર્મ કહેવાય છે. જે ચીજ યાદ કરવા લાયક નથી તે આપણાથી યાદ થાય નહિ.

**(૧) શુભ વિહાયોગતિ :-** જે કર્મના ઉદયથી જીવોને શુભ ચાલ પ્રાપ્ત થાય અર્થાત્ હાથી, બગલા જેવી ચાલ પ્રાપ્ત થાય કે જે ચાલ જોતા આનંદ આવે તે શુભ વિહાયોગતિ નામકર્મ કહેલ છે. આનો બંધ પહેલાથી આઠમા ગુણસ્થાનક સુધી હોય છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરીન્દ્રિય જીવોને નિયમા તથા અસન્ની પંચેન્દ્રિય જીવોને અશુભ વિહાયોગતિનો જ ઉદય હોય છે.

નારકીના જીવોને નિયમા અશુભ વિહાયોગતિનો જ ઉદય હોય છે. મનુષ્ય અને તિર્યંચના જીવોને બન્ને વિહાયોગતિમાંથી કોઇને કોઇ વિહાયોગતિનો ઉદય પરાવર્તમાન રૂપે હોય છે. દેવતાઓને નિયમા શુભ વિહાયોગતિનો ઉદય હોય છે. આ જ રીતે વિકલેન્દ્રિય અને અસન્ની પંચેન્દ્રિયને લાયક પ્રકૃતિઓનો બંધ કરતાં એટલે પર્યાપ્તની સાથે બંધ કરતાં અશુભ વિહાયોગતિ નિયમા બંધાય છે.

નારકીમાં જવાલાયક પ્રકૃતિઓનો બંધ કરતાં નિયમા અશુભ વિહાયોગતિ બંધાય છે.

દેવગતિને લાયક પ્રકૃતિઓનો બંધ કરતાં નિયમા શુભ વિહાયોગતિ બંધાય છે.

જ્યારે મનુષ્ય અને તિર્યંચને લાયક બંધાતી પ્રકૃતિઓમાં બે વિહાયોગતિ પરાવર્તમાન રૂપે બંધાય છે.

## પ્રત્યેક પ્રકૃતિઓનું વર્ણન

**પરાઘાત નામકર્મ :-** જે કર્મના ઉદયથી જીવ પોતે નબળો હોવા છતાં પોતાના શરીરને જોઇને બલવાન પણ થીજી જાય એટલે કે બળવાન માણસ પણ તેને માર્યા વગર અથવા વાદ વિવાદ કરવા આવેલ હોય તો તે વાદ વિવાદ કર્યા વગર પાછો જાય. તેને તે વ્યક્તિની સાથે વાદ વિવાદ કરવાનું મન ન થાય તે પરાઘાત નામકર્મ કહેવાય છે.

આ કર્મનો ઉદય હોય તો પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા જીવોને હોય છે. અપર્યાપ્ત નામકર્મની સાથે આનો ઉદય હોતો જ નથી. અથવા પ્રાચીન કર્મગ્રંથમાં મહાપુરૂષોએ જુદો જ અર્થ કર્યો છે કે જે કર્મના ઉદયથી પારકાનો એટલે બીજાનો ઘાત કરવો તે પરાઘાત નામકર્મ કહેવાય. અહીં વિચાર કરતાં એ અર્થમાં એમ જણાય કે બીજાનો ઘાત એટલે તેના વિચારોને સ્થગીત કરી દેવા, વિચાર શૂન્ય બનાવી દેવા, એ વાદ આદિ કર્યા વગર પાછો જાય એવું જે માનસ પેદા થાય એને પણ

ઘાત અર્થમાં કહી શકાય એમ લાગે છે. માટે એ અર્થથી પણ પરાઘાત નામકર્મ કહેવાય છે.

આ કર્મનો બંધ પર્યાપ્ત નામકર્મ બંધાય તેની સાથે એકથી આઠમાના છઠ્ઠા ભાગ સુધી બંધાય અને તેરમા ગુણસ્થાનક સુધી ઉદયમાં હોય છે.

**ઉચ્છ્વાસ નામકર્મ :-** જે કર્મના ઉદયથી જગતમાં રહેલ શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને ઉચ્છ્વાસ અને નિઃશ્વાસરૂપે પરિણમાવી વિસર્જન કરવા તે અથવા ઉચ્છ્વાસ નિઃશ્વાસ લેવો તે ઉચ્છ્વાસ નામકર્મ કહેવાય છે. જીવોને ઉચ્છ્વાસ લબ્ધિ ઉચ્છ્વાસ નામકર્મથી પેદા થાય છે. એટલે સાધ્ય છે અને જે શક્તિ વડે ઉચ્છ્વાસનો વ્યાપાર થાય તે ઉચ્છ્વાસ પર્યાપ્તિથી સાધ્ય છે. આ કર્મનો બંધ પર્યાપ્ત નામકર્મની સાથે પહેલા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છ ભાગ સુધી અને ઉદય તેરમા ગુણસ્થાનક સુધી હોય છે.

## આતપ નામકર્મ

માત્ર સૂર્યના વિમાનમાં રહેલા પૃથ્વીકાયના જીવોને વિષે આ નામકર્મનો ઉદય હોય છે. તે સિવાય બીજા કોઇને એનો ઉદય હોતો નથી. જેનું શરીર શીત સ્પર્શવાળું છતાં ઉષ્ણ પ્રકાશરૂપ તાપને કરે એટલે એના કિરણો જેમ જેમ દૂર ફેંકાય તેમ તેમ ગરમી વધે છે, અર્થાત્ તાપને આપે છે તે આતપ નામકર્મ કહેવાય છે.

આથી સૂર્યના વિમાનની જેમ જેમ નજીક જઇએ તેમ તેમ ગરમી ઓછી થતી જાય છે એટલે શીતતા પ્રાપ્ત થતી જાય છે. એ સૂર્યનું વિમાન ગોળ હોય છે તેમાં પૃથ્વીકાયના અસંખ્યાતા જીવોનો સમુદાય રહેલો હોય છે.

અગ્નિમાં એટલે તેઉકાયમાં એ જીવોનું શરીર ઉષ્ણ સ્પર્શ નામકર્મના ઉદયવાળું જ સ્વાભાવિક રીતે રહેલું હોય છે માટે તે સદા

માટે ઉષ્ણતાવાળું જ હોય છે અને તેનો સ્વભાવ ઉર્ધ્વગતિ ગમનવાળો હોય છે. આથી તે આતપ નામકર્મ રૂપે કહેવાતું નથી. અઢી દ્વીપ અને બે સમુદ્રોને વિષે એકસો બત્રીશ સૂર્યો અને એકસો બત્રીશ ચન્દ્રો હોય છે. આ દરેક વિમાનો પૃથ્વીકાય રૂપે જ હોય છે અને સચેતન હોય છે. ચન્દ્રના વિમાનને આતપ નામકર્મ હોતું નથી. માત્ર સૂર્યના વિમાનોની જ આ વિશેષતા છે. આ જીવોને પહેલું મિથ્યાત્વ ગુણસ્થાનક હોય છે. અપર્યાપ્તાવસ્થામાં શરીર પર્યાપ્તાથી પર્યાપ્ત ન થાય ત્યાં સુધી બીજું ગુણસ્થાનક હોઇ શકે છે. કેટલાક જીવોને પછી પહેલું ગુણઠાણું હોય છે. એ સૂર્યના વિમાનમાં પૃથ્વીકાય રૂપે ઉત્પન્ન થઇ જઘન્ય આયુષ્ય એક એક અંતર્મુહૂર્તનું પણ હોય અને ઉત્કૃષ્ટ આયુષ્ય બાવીશ હજાર વર્ષનું પણ હોય છે. આ સૂર્યના વિમાનો અઢી દ્વીપમાં અનાદિ કાળથી ચાલે છે અને સદા માટે અનંતકાળ સુધી ચાલ્યા જ કરવાના છે. એ એની ગતિ રૂપે સદા માટે ફરતાજ રહેવાના છે એ એનો સ્વભાવ છે તે સૂર્યના આતપના કિરણોનો અગ્નિ અચિત્ત અગ્નિકાય રૂપે નથી. સચિત્ત અગ્નિકાય રૂપે હોય છે માટે સોલારના સાધનોમાં છએ કાયની હિંસાનું જોરદાર પાપ લાગ્યા કરે છે. કારણકે એ કિરણોની ગરમીથી કેટલાય ઉડતા જીવો શેકાઇ શેકાઇને નાશ પામે છે. સોલારના કોઇપણ સાધનોની અનુમોદના પણ ન કરાય કારણકે સચિત્ત અગ્નિકાયનો ઉપયોગ થયો માટે નિષેધ છે. ચાલુ ગેસના-અગ્નિમાં-લાકડા-છાણા વગેરેના કોઇપણ અગ્નિમાં છએ કાયના જીવોની હિંસાનું પાપ લાગ્યા કરે છે. આ સૂર્યના કિરણોનો અગ્નિ અચિત્ત છે કે સચિત્ત એ તો કેવલી ભગવંતો જ જાણી શકે અને આજે કોઇ કેવલી ભગવંતો આપણા કાળમાં એટલે અત્યારે જ્યાં આપણે આરાધના કરીએ છીએ એ ક્ષત્રમાં વિદ્યમાન નથી માટે જ્ઞાની ભગવંતો એ કહ્યું કે સચિત્તનો વ્યવહાર કરીને જ જીવન જીવવું જોઇએ. માટે આ બધાનો ઉપયોગ કરવો પડતો હોય તો દુઃખતે હૈયે કરવાનો પણ જેમ બને તેમ તેમાં સંયમ વધારે રાખવાની જરૂર છે. ગૃહસ્થને એક બીજાને અગ્નિ આપવાનો નિષેધ કહેલો છે. આઠમા

અનર્થદંડ વ્રતની અંદર એ વાત આવે છે. એવી જ રીતે નવો અગ્નિ પેદા કરવામાં પણ દોષ વધારે લાગે છે. માટે આગળના કાળમાં અગ્નિનું કામ પતી જાય પછી હાંલ્લીમાં ભરી દેવામાં આવતો અને તેના ઉપર રાખ નાખવામાં આવતી જ્યારે બીજા દિવસે અગ્નિનું કામ પડે તો તે હાંલ્લીનાં અગ્નિને એક બાજુ ઢગલો કરી તેમાં સળગતો જે અંગારો હોય તે લઇને તેમાંથી અગ્નિ પેટાવવામાં આવતો હતો કે જેથી દોષ ઓછો લાગે. જ્યારે આજે તો ગેસ વગેરે થઇ ગયેલા હોવાથી આ બાબતનું વિશેષ ધ્યાન અપાતું નથી.

આતપ નામકર્મ શુભ છે કારણકે પોતે શીત હોવા છતાં બીજાને જીવાડવામાં ગરમી આપે છે. સૂર્યકાન્ત મણિ નામનો પથ્થર આવે છે કે જે અગ્નિમાં રાખવામાં આવે અને એમાં હાથ રાખવામાં આવે તો દઝાતું નથી. અગ્નિ ઠંડો થઇ જાય છે. કારણ એ મણિ અગ્નિની બધી ગરમીને શોષી લે છે માટે આતપ નામકર્મની વિશેષતા એજ કે તે બાદર પર્યાપ્તા પ્રત્યેક પૃથ્વીકાય સૂર્યના વિમાનમાં રહેલાને જ ઉદય હોય છે.

જે કર્મના ઉદયથી જીવોનું પોતાનું શરીર શીત એટલે ઠંડુ હોય છે અને જેમ જેમ એના શરીરમાંથી પ્રકાશના કિરણો નીકળે તેમ તેમ ઉષ્ણતા વધતી જાય એટલે જેમ જેટલા દૂર વધારે કિરણો ફેંકાય તેમ ગરમી વધતી જાય એવું જે શરીર પ્રાપ્ત થાય તે આતપ નામકર્મ કહેવાય છે. આ શરીર બાદર પર્યાપ્ત પ્રત્યેક એકેન્દ્રિય નામકર્મની સાથે બંધાય છે અને આનો ઉદય નિયમા જગતમાં એક જ એટલે સૂર્યના વિમાનમાં રહેલા પૃથ્વીકાય રૂપે જે જીવો છે એવા પૃથ્વીકાય જીવોને જ ઉદયરૂપે હોય છે. બીજા કોઇને ઉદયરૂપે હોતું નથી. આથી આતપ નામકર્મનો બંધ અને ઉદય પહેલા ગુણસ્થાનકે જ હોય છે.

## ઉદ્યોત નામકર્મ

પોતાનું શરીર શીત હોય અને તેમાંથી શીતતાનો પ્રકાશ જેમ

જેમ દૂર કિરણો ફેંકાય તેમ નીકળતો જાય છે તે ઉદ્યોત નામકર્મ કહેવાય છે. સૂર્ય સિવાયના સઘળા વિમાનોનો પ્રકાશ જગતમાં રહેલા જેટલી જાતિના રત્નો એ ઉદ્યોત નામકર્મના ઉદયવાળા કહેવાય છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય તિર્યંચ સુધીનાં જીવોને કોઇને પણ ઉદયમાં હોઇ શકે છે. આ પ્રકૃતિનો બંધ તિર્યંચ ગતિની સાથે જ હોય છે. ઉદય પણ તિર્યંચગતિની સાથે જ હોય છે. માટે તે તિર્યંચ ગતિને યોગ્ય પ્રકૃતિ કહેવાય છે. બધા વિમાનો પૃથ્વીકાયના બનેલા હોવાથી આ ઉદ્યોત નામકર્મ એકેન્દ્રિય જીવોને છે. એમ કહેવાય છે અને શીતતાના કારણે પુણ્ય પ્રકૃતિ કહેવાય છે.

બંધ પહેલા બીજા બે ગુણઠાણે હોય છે. ઉદય પાંચમા ગુણસ્થાનક સુધી હોય છે.

મનુષ્યો ઉત્તર વૈક્રીય શરીર કરે છે ત્યારે તેઓનું શરીર પ્રકાશ કરનારું હોય છે પણ તેઓને ઉદ્યોત નામકર્મનો ઉદય હોતો નથી. એજ રીતે દેવોને પણ શરીર ઉદ્યોતવાળું એટલે પ્રકાશવાળું હોય છતાં ઉદ્યોત નામકર્મ કહેવાતું નથી.

## અગુરૂલઘુ નામકર્મ

જીવને જે શરીરની પ્રાપ્તિ થયેલી હોય છે તેમાં ગુરૂ પણ નહિ અને લઘુ પણ નહિ એવા શરીરની જે પ્રાપ્તિ તે અગુરૂલઘુ નામકર્મ કહેવાય છે. જેઓને ભારે શરીર હોય અને લઘુ ન હોય. ઘણાંને લઘુ હોય અને ભારે ન હોય તેઓને એ પુણ્ય પ્રકૃતિમાં રસ ઓછો ઉદયમાં ચાલે છે એમ સમજવું. જો પુણ્યાનુબંધિ પુણ્ય રસ ઉદયમાં હોય તો સમતોલપણું શરીરમાં પ્રાપ્ત થાય છે. જેના કારણે બેસાડી શકાય, ઉઠાડી શકાય, ચલાવી શકાય ઇત્યાદિ થઇ શકે છે.

જે કર્મના ઉદયથી જીવોને જે શરીરની પ્રાપ્તિ થયેલી હોય છે તે ગુરૂ એટલે ભારે પણ ન હોય અને લઘુ એટલે હલકું પણ ન હોય. જે

પ્રમાણમાં જોઇએ તે પ્રમાણમાં સમ હોય તે અગુરૂલઘુ નામકર્મ કહેવાય છે. આ નામકર્મનો ઉદય જીવોને ધ્રુવોદય રૂપ એટલે સતત હોય છે. બંધ પણ સતત હોય છે. તેમાં જો જીવોને ભારે શરીર પ્રાપ્ત થયેલ હોય તો સમજવું કે આ નામકર્મ બરાબર નથી. તેમજ સમ કરતાં લઘુરૂપે મળેલ હોય તો સમજવું કે આ નામકર્મ બરાબર નથી.

જગતમાં એવા ઘણાં જીવો મળે છે કે જે જીવોનું શરીર ભારે થઇ જાય છે પછી ઉઠવા, બેસવામાં, ચાલવામાં, સુવાડવામાં તકલીફ પડી જાય છે. એકવાર બેઠા પછી બેઠા બેઠા જે કામ કહો તે બધા કામ કરી શકે. ઉભા થયેલા હોયતો ઉભા ઉભાના જે કામો કહો તે કરી શકે. પણ બેસાડ્યા પછી ઉભા થવાનું કામ કહો તો કરી ન શકે તે આ નામકર્મમાં ગરબડ સમજવી. માટે આ નામકર્મના ઉદયથી જ્યારે જ્યાં શરીરને બેસાડવું, ઉઠાડવું હોય, ચલાવવું હોય તો તેમાં જરાય આળસ વગેરે ન થાય તે આ અગુરૂ લઘુ નામકર્મ કહેવાય છે. આ નામકર્મનો બંધ એકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી હોય છે અને ઉદય તેરમા સુધી હોય છે.

## જિનનામ કર્મ

**જિનનામ કર્મ :-** જે કર્મના ઉદયથી જીવોને ત્રણે લોકને વિષે રહેલા જીવોને માટે જગત્ પૂજ્ય બનાવે. અધોલોકને વિષે, ભવનપતિ દેવોને વિષે, તિર્છા લોકને વિષે, વ્યંતર વાણવ્યંતર દેવો, જ્યોતિષી દેવો, મનુષ્યો અને તિર્યંચોને વિષે તથા ઉર્ધ્વ લોકને વિષે, વૈમાનિક દેવોને વિષે, પૂજ્યતા પ્રાપ્ત કરાવે તે જિનનામ કર્મ કહેવાય છે.

આ કર્મનો બંધ સમકીતની હાજરીમાં જ થઇ શકે છે. અનાદિ મિથ્યાદ્રષ્ટિ જીવો જે ઉપશમ સમકીત પામે છે તે ઉપશમ સમકીતના કાળમાં બંધ થતો નથી. બાકીના ક્ષયોપશમ સમકીત-ક્ષાયિક સમકીતના કાળમાં તથા ઉપશમ શ્રેણિના ઉપશમ સમકીતના કાળમાં આ જિનનામ

બાંધી શકે છે. ચોથાથી આઠમાના છઠ્ઠા ભાગ સુધીમાં બંધ થઇ શકે છે.

જિનનામ કર્મનો નવો બંધ ચાલુ કરવા માટે મનુષ્ય જન્મ જ જોઇએ છે. તિર્યંચ ગતિમાં આ પ્રકૃતિનો બંધ થતો જ નથી. નરકમાં રહેલી ત્રણ નરકમાં રહેલા જીવો અહીંથી બંધ કરતાં કરતાં નરકમાં ગયેલા હોય તે જીવો બાંધી શકે છે અને એજ રીતે દેવલોકમાં વૈમાનિક દેવોમાં જિનનામ બાંધતા બાંધતા ગયા હોય તો ત્યાં બાંધી શકે છે.

પૂર્વે આયુષ્ય બાંધેલ ન હોય અને ક્ષયોપશમ સમકીતના કાળમાં જિનનામ નિકાચીત કરેલ હોય પછી તેજ ભવમાં ક્ષાયિક સમકીતની પ્રાપ્તિ કરે તેવા જીવો તે ભવે મોક્ષે જતાં જ નથી. ત્રીજા ભવે જ મોક્ષે જાય પછી ત્યાંથી દેવનું આયુ બાંધી દેવલોકમાં જઇ મનુષ્ય જન્મ પામી પછી મોક્ષે જઇ શકે છે.

જિનનામની નિકાચના પણ ક્ષપકશ્રેણીમાં આ રીતે પ્રતિબંધક થાય છે.

## જિનનામની નિકાચના એટલે શું ?

આ જિનનામ કર્મની નિકાચના તીર્થંકરોના કાળમાં પહેલા સંઘયણવાળા જીવો કરી શકે છે. બીજે થાય નહિ. જ્યારે જિનનામ બાંધતા બાંધતા નિકાચીત કરતાં જાય તો તેમાં બંધાતી બધી સ્થિતિની નિકાચના થતી નથી કારણકે ત્યારે અંતઃકોટાકોટી સાગરોપમની સ્થિતિ જિનનામ કર્મની સમયે સમયે બંધાય છે અને બધી જ જો નિકાચીત થાય તો તીર્થંકરના આત્માઓ ત્રીજા ભવે મોક્ષે જઇ શકે નહિ માટે ત્રીજા ભવે તીર્થંકર નામકર્મનો ઉદય પેદા થાય છે. ત્યાંથી પોતાનું ભોગવાતું આયુષ્ય જે બાકી રહેલું હોય છે તેટલા આયુષ્ય જેટલું જ જિનનામ નિકાચીત થાય છે. એટલે મહાવિદેહ ક્ષેત્રમાં જે વીશ તીર્થંકર પરમાત્માઓ જઘન્યથી થાય છે અને ઉત્કૃષ્ટથી ૧૬૦ તીર્થંકરો થાય છે તે દરેકનું આયુષ્ય ચોરાશી લાખ પૂર્વનું હોય છે અને એ દરેક તીર્થંકરો ત્ર્યાશી લાખ પૂર્વ સુધી સંસારી અવસ્થામાં રહે છે. પછી સંયમનો સ્વીકાર

કરે છે. એક હજાર વરસ સુધી સંયમ પર્યાય છદ્મસ્થપણાનો હોય છે અને પછી જ્યારે કેવલજ્ઞાન પામે છે ત્યારથી તીર્થંકર નામકર્મનો ઉદય થાય છે. આથી તે તીર્થંકર પરમાત્માઓનું નિકાચીત થયેલું જિનનામ કર્મ એક લાખ પૂર્વ વરસમાં એક હજાર વરસ ન્યૂન રૂપે ગણાય છે. જ્યારે પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રમાં દશ કોટાકોટી સાગરોપમ રૂપ એક એક ઉત્સરપીણી અને અવસરપીણી કાળમાં ચોવીશ-ચોવીશ તીર્થંકર પરમાત્માઓ થાય છે તે દરેકનું જિનનામ નિકાચીત કરેલ ભિન્ન ભિન્ન સ્થિતિવાળું હોય છે. **દા.ત.** આ અવસરપીણી કાળમાં પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન થયા તેઓનું આયુષ્ય ચોરાશી લાખ પૂર્વનું હતું. તેમાં ત્ર્યાશી લાખ પૂર્વ સંસારમાં રહેલા પછી સંયમનો સ્વીકાર કરી એક હજાર વરસ સુધી છદ્મસ્થ પર્યાય પાળી કેવલજ્ઞાન પામ્યા તે કેવલી પર્યાયનો એક લાખ પૂર્વમાં એક હજાર વરસ ન્યૂન એટલો જિનનામ નિકાચીતનો કાળ હતો અને છેલ્લા તીર્થંકર પરમાત્માનું આયુષ્ય ૭૨ વર્ષનું હતું. બાકી બધું બંધાતુ જિનનામ અનિકાચીત રૂપે હોય છે (બંધાય) છે.

આ જિનનામની વિશેષતા એ છે કે એનો બંધ ચાલુ કર્યા પછી જ્યાં સુધી સમકીત રહે ત્યાં સુધી બંધાયા કરે છે. એક માત્ર તે જીવો ચોથીથી સાતમી નરકમાં-ભવનપતિ-વ્યંતર-જ્યોતિષમાં કે તિર્યંચમાં ગયેલા હોય તો બંધ કરતા નથી. બાકી બંધ સતત ચાલુ રહે છે.

આ વિશેષ પ્રકારની પુણ્ય પ્રકૃતિ કહેલી છે. આના ઉદયકાળમાં જીવોને કોઇપણ પ્રકારનો ખરાબ વિચાર પેદા થાય જ નહિ. આ પ્રકૃતિનો બંધ પણ ત્યારે જ થઇ શકે કે કોઇપણ પ્રકારનો ખરાબ વિચાર પેદા ન થાય. પરિણામની એવી સ્થિરતા કેળવવી જોઇએ. પોતાની જેમ જ જગતના જીવોને માટે સમાનતાનો ભાવ આવે ત્યારે જ આ બાંધી શકાય છે. મારે સુખ જોઇએ છે તેમ જગતના સઘળા જીવોને પણ સુખ જોઇએ છે. મારે જેમ દુઃખ નથી જોઇતું તેમ જગતના સઘળા જીવોને પણ દુઃખ પસંદ નથી માટે મારે જીવન એવી રીતે જીવવાનું કે મારા જીવનથી

બીજા જીવોને કિલામણા એટલે દુઃખ ન થાય. તેની સતત કાળજી રાખવાની આવો વિચાર ચાલુજ હોય છે. બીજા જીવોનું મારે શું ? આવો વિચાર કદી કરવો નહિ. બીજા જીવોને દુઃખ કેમ ઓછું થાય. બીજા જીવોની હિંસા કેમ ઓછી થાય અને હિંસા વગરનું જીવન હું ક્યારે જીવી શકું આવી વિચારણા અંતરમાં સતત રહ્યા જ કરવી જોઇએ.

આવી વિચારણાઓથી તીર્થંકર નામકર્મ, ગણધર નામકર્મ, યુગપ્રધાનપણું, સંઘપતિપણું બંધાતું જાય છે કારણ કે તીર્થંકર નામકર્મના પ્રદેશોદયથી જીવો ગણધર નામકર્મ આદિ પ્રાપ્ત કરી શકે છે. તીર્થંકર નામકર્મનો બંધ બધા જીવો કરી શકે છે પણ નિકાચીત તો તીર્થંકરના આત્માઓજ કરી શકે છે. એ બાંધવામાં પણ શાસ્ત્ર કહે છે કે કોઇ જીવ આપણને દુઃખ આપે તો પણ સારી રીતે સમતાથી વેઠી લેવાની ભાવના રાખીને વેઠવાનું કહેલ છે. મારા કર્મના ઉદયથી દુઃખ આવ્યું છે. તેમાં એનો શું દોષ એ તો નિમિત્ત માત્ર છે. આવા વિચારની સ્થિરતા વધારે આપણા આત્મામાં છે કે ખરાબ વિચારની સ્થિરતા વધારે છે ? હોવે, એવી રીતે કાંઇ દુઃખ વેઠાતા હશે ? લોક કેવા કહે ? તાકાત હોય અને તેને વારણ ન કરીએ તો વારંવાર વધારે દુઃખ આપે. શું આપણે વેઠી લેવાનું હોય ? આવા વિચારોની સ્થિરતા વધારે થાયને ? તીર્થંકર નામકર્મના પ્રદેશોદયથી રાજાપણું, મંત્રીપણું વગેરે પ્રાપ્ત થાય. આદેય નામકર્મ એનું એવું જોરદાર થાય કે એ જે કહે તે લોકો માન્ય કરે. સ્વાર્થ વગર બધાયનું ભલું કરવાની વૃત્તિથી પણ જીવો તીર્થંકર નામકર્મ બાંધી શકે છે.

તીર્થંકર નામકર્મનો રસોદય એટલે ઉદયતો જીવને કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી જ થાય છે એ ઉદયકાળમાં આઠ પ્રાતિહાર્ય (બે બાજુ ચામર, સિંહાસન, માથે છત્ર, ભામંડળ, દુંદુભિ, ધર્મધ્વજ, અશોક વૃક્ષ, દેવતાઓ પુષ્પની વૃષ્ટિ કરે તે) જ્યારે તીર્થંકરો વિહાર કરે ત્યારે જમીન ઉપર ચાલે નહિ દેવતા સુવર્ણ કમળની રચના કરતા જાય અને એના ઉપર પગ મુકીને તીર્થંકરો ચાલતા જાય. આ ઋધ્ધિ, સિધ્ધિ

સામાન્ય કેવલી ભગવંતોને હોતી નથી. માત્ર તીર્થંકરોને જ હોય છે. આ દશા વીતરાગ થયા પછીજ પ્રાપ્ત થઇ શકે છે. રાગાદિનો ઉદય ચાલતો હોય ત્યારે એનો ઉદય થતો નથી. જો એનો ઉદય થાય તો તે કર્મબંધનું વિશેષ કારણ બની જાય. માટે આવી ઋદ્ધિ પચે તો તીર્થંકરોને જ પચે પગે ચાલનારા ગાડી લાવે તોય તે પુણ્ય પચતું નથી તો પછી સુવર્ણ કમળનું પુણ્ય પચે ? આપણને નથી મળતું એજ સારૂં છે.

આ કર્મ બાંધવા જેવું તો જરૂર પણ આવી સામગ્રી મલશે. ભોગવવા મલશે એવા વિચારો કરીને બાંધ્યું તો ગયું સમજો. સમકીતીને જ બંધાય છે. ત્રીજા ભવે નિકાચીત થાય. એ નિકાચીત કરવા માટે પહેલું સંઘયણ અવશ્ય જોઇએ. કેવળીનો કાળ જોઇએ. મનુષ્યપણું જોઇએ એ વગર નિકાચીત થઇ શકે નહિ.

અત્યારે વર્તમાનમાં જે સંઘયણ બળ મળેલું છે તેમાં નિકાચીત ન કરી શકીએ પણ તીર્થંકર નામકર્મ બાંધી તો જરૂર શકીએ. જો પ્રયત્ન કરવા માંડીએ તો એ બાંધ્યા પછી એનો પ્રદેશોદય એક અંતર્મુહૂર્તમાં ચાલુ થઇ જાય છે.

## નિર્માણ નામકર્મ

શરીર બનાવ્યા પછી એની સાથે જે અંગોપાંગ બનાવવામાં આવે છે તે અંગોપાંગને ક્યાં ગોઠવવા-કયા કયા સ્થાને મૂકવા અને વ્યવસ્થિત રીતે ગોઠવવા એનું કામ જે કરે તે નિર્માણ નામકર્મ કહેવાય છે.

આ પ્રકૃતિ ધ્રુવબંધિની હોવાથી દરેક જીવો પહેલાથી આઠમાના છઠ્ઠા ભાગ સુધી સતત બાંધ્યા જ કરે છે. એજ રીતે ધ્રુવોદયી હોવાથી દરેક જીવો તેરમા ગુણસ્થાનક સુધી સતત ઉદયમાં ભોગવ્યા કરે છે. જેવા રસવાળું આ કર્મ હોય તે પ્રમાણે તે રીતે અંગોપાંગ ગોઠવાતા જાય છે. જો કર્મના ઉદયથી જ આ બધુ ગોઠવાતું જાય છે. ફેરફાર થયા કરે

છે. તો પછી આ શરીરનો મોહ શા માટે ? તેમાં મમત્વ બુધ્ધિ વધારવાનું કાંઇ પ્રયોજન ખરૂં ? શરીરને જોઇને આપણા રાગાદિ પરિણામો-મમત્વ બુધ્ધિ વધતા જાય એવો પ્રયત્ન કરવાની કોઇ જરૂર ખરી ? આ શરીર કૃત્રિમ સાધન જેવું છે તે કેટલા કાળ સુધી કામ કરવાનું ? આપણે નિર્માણ નામકર્મ જેવા રસે બાંધીને આવેલા છીએ એ પ્રમાણે શરીરમાં ગોઠવાયેલા છે તો તેમાં રાજીપો અને નારાજી કરવાની કોઇ જરૂર ખરી ? આપણું કોઇ અંગ બરાબર ન હોય તો તેને વારંવાર જોઇને નારાજી થાય નહિ ને ? આપણા કર્મના ઉદયથી મલ્યું છે તો તે સમતાથી વેઠી લઇએ તોજ લાભ થાય ને ? માટે જ્ઞાનીઓ કહે છે એ પણ સમતાથી વેઠીએ તો પુણ્યાનુબંધી પુણ્ય રૂપે બંધાય અને નારાજીથી વેઠીએ તો પાપાનુબંધિ પુણ્યરૂપે બંધાય રાજી થઇએ કે નારાજ થઇએ એનાથી પાપના અનુબંધ વાળો રસ બંધાયા જ કરે છે.

એવા જીવોને પુણ્યનો અનુબંધ બંધાતો નથી. સમાન વૃત્તિ રાખીને જીવીએ તો જ પુણ્યનો અનુબંધ થયા કરે. વિચારધારાને સરખી રાખીને કર્મના ઉદયને ભોગવવામાં વાંધો ખરો ? નિર્માણ નામકર્મના ઉદયથી અંગોપાંગની જે રચના થયેલી છે તેમાં રાજીપો કે નારાજી કરતાં જીવીએ તેમાં કાંઇ સુધારો થવાનો છે ખરો ? વિશેષ રીતે સારા બની જવાના ખરા ? એ રાજીપો નારાજી ન કરીએ તો ન જીવાય એવું તો નથી ને ? ભુતકાળમાં જેવો રસ બાંધ્યો હોય છે તેવો રસ ઉદયમાં આવ્યો છે ઉપરથી રાજીપો નારાજી કરતાં કરતાં પાપનો અનુબંધ કરીને આપણે આપણા આત્માના શત્રુ બનીએ છીએ તો આત્માના મિત્ર બનવું છે કે શત્રુ તે આપણા હાથની વાત છે.

જ્યારે જીવ અપુનર્બંધક દશાના પરિણામને પામે ત્યારે તેને પોતાની સ્થિતિ શું છે તે સહજપણે દેખાય તેનાથી અભ્યાસ પાડીને શરીર પ્રત્યે મમત્વ ભાવથી રખડ્યો છું એની આસક્તિ મારા આત્માને દુઃખી કરે છે એમ ઓળખીને સમભાવ રાખીને જીવન જીવતો જાય.

અનંતી પુણ્યરાશીથી જૈન શાસન મલ્યું છે તેમાં શરીર પણ

સારું મલ્યું છે. અંગોપાંગ પણ સારા મલ્યા છે. તો પછી બીજાના અંગોપાંગ ને જોઇને કમ્પેર કરીને જીવવું એ ઉચિત છે ? બીજાનાં શરીરો જોવાતો મળવાના છે તો તે દેખીને કેવી રીતે જીવવું એ નક્કી કરવાનું છે. તે જીવે એના નિર્માણ નામકર્મના રસ પ્રમાણે પ્રાપ્ત કર્યું છે મેં મારા નિર્માણ નામકર્મના રસ પ્રમાણે પ્રાપ્ત કર્યું છે એમાં કમ્પેર કરવાથી કોઇ ફરક પડવાનો નથી. આ વિચાર જેટલો વારંવાર કરીએ તો શરીર પ્રત્યે સમભાવ પેદા થતો જાય છે. આપણે જે કોઇ ચીજો જોઇએ છીએ તે કર્મના સ્વભાવની વિચિત્રતા કેવા કેવા પ્રકારની હોય છે તે ઓળખવા માટે છે પણ તેમાં રાગાદિ કરવા માટે નથી.

અનુકંપા દાનમાં વિચાર શું કરવાનો ? વિચાર એ કરવાનો છે કે આ મારો ઉપકારી છે એ મને યાદ કરાવવા આવ્યો છે મને ચેતવવા આવ્યો છે. મારી શક્તિ હોય તો મારે આપવું જ જોઇએ. દુઃખી, દીન, અનાથ અને રોગી માણસને જોઇને થાય કે ખાવાનું પણ ભીખ માંગીને મેળવવું પડે છે જે સામગ્રી મલી છે તેમાં પાપ કરીશ તો ભવાંતરમાં મારી કેવી સ્થિતિ થશે ? એ ભુતકાળમાં કેવા પાપ કરીને આવ્યો છે માટે તેની આ સ્થિતિ થઇ છે બાકી એ મનુષ્ય છે હું પણ મનુષ્ય છું છતાં તેને માંગવું પડે છે. મારે વગર માગે મલે છે શાથી ? એ યાદ કરાવવા માટે અને આપણને પાપ કરવામાં ચેતવવા માટે આવેલો છે. આ ભાવ અનુકંપા દાનમાં રહેલો છે. આ આર્યદેશના આર્ય સંસ્કારની સામાન્ય વાત છે. જો આ ચાલુ રહે તો અનુકૂળ પદાર્થો માટે જે પાપો થાય છે તે થાય નહિ.

આ બાપડો કેવો રીબાય છે ? મારી તાકાત હોય તો એનું દુઃખ હું દુર કરૂં આવી ભાવના આવે ને ? આથી મારૂં શરીર સારૂં હોય તો જોઇને રાજી થવાનું નથી. એના કર્મથી એને મલ્યું છે. એ ભોગવે એવું પણ વિચારવાનું નથી. એના સંસ્કાર જ એવા પ્રકારના હોય કે રોગી આદિને જોઇને સતત સાવચેતીથી જીવતો હોય છે. શરીરને સાચવવા સુખાકારી રાખવા જીવહિંસા કરીશ તો ભવાંતરમાં આટલું શરીર પણ

મલશે નહિ. અંગોપાંગમાં રોગાદિ ન થાય તેની કાળજી માટે હિંસા કરવી પડે તો હિંસા કરવા તૈયાર ખરા ને ? અને તે પણ રાજીપાથી કે નારાજીથી ?

અંગોપાંગને સારા અને સ્વચ્છ રાખવા માટે આખા દિવસમાં પાણીનો ઉપયોગ કેટલો ? પાણી એ અપ્કાય જીવો છે તેની હિંસા રાજીપાથી કે નારાજીથી ? જે જે જીવોની હિંસા અંગોપાંગને સાચવવા માટે કરો છો એનાથી એવું પાપાનુબંધી પાપ બંધાય છે કે ભવાંતરમાં આવા અંગોપાંગ મલશે નહિ એ મળેલા અંગથી કાંઇક સારૂં કામ કરીએ તો પાપાનુબંધિ પુણ્ય બંધાય પુણ્યનો રસ ઓછો પાપનો વધારે. ભગવાને મળેલા શરીરથી જે પરિષહો અને ઉપસર્ગો વેઠ્યા એની અપેક્ષાએ આપણા શરીરનો દુઃખાવો કેટલો ? આપણા કર્મો કેવી રીતે ખપાવીશું ? આવા વિચારોથી આંશિક પુણ્ય બંધાય એના માટે ડોક્ટર પાસેથી દવા વગેરે લેવાની જરૂર નથી. માટે આવા વિચારો કરીને મનને સ્થિર કરવાનું છે. શરીર એના સ્વભાવ મુજબ તો કામ કરવાનું છે. કોઇવાર હાથ દુઃખે, કોઇવાર પગ દુઃખે, કોઇવાર માથું દુઃખે પણ એનાથી આપણે નારાજી કરવાની જરૂર નથી. એનાથી સાવચેત થવાનું છે. જો આ રીતની સાવચેતી રાખીને જીવીએ તોજ નિર્માણ નામકર્મનો પુણ્યાનુબંધિ પુણ્ય રૂપે બંધ કરી શકીએ.

## ત્રસનામ કર્મ

સુખ મેળવવાની ઇચ્છાથી અને આવેલા દુઃખને દૂર કરવાની ઇચ્છાથી જીવ એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય તે ત્રસનામ કર્મનો ઉદય ગણાય છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોને આ કર્મનો ઉદય અવશ્ય હોય છે માટે એક સ્થાનેથી બીજા સ્થાને જઇ શકે છે.

આ નામકર્મ જે જીવોએ જેવા રસે બાંધ્યું હોય તેવા રસ પ્રમાણે

ઉદયમાં આવે છે.

આ મળેલી શક્તિનો એટલે એક સ્થાનકેથી બીજા સ્થાને જવાની શક્તિનો જેટલો દુરૂપયોગ કરવામાં આવે એનાથી ભવાંતરમાં પાછા એવી શક્તિ પેદા ન થાય એવું કર્મ બંધાય છે. એટલે સ્થાવર નામકર્મ જીવ બાંધતો જાય છે. આત્મકલ્યાણ કરવાના હેતુથી ત્રસનામ કર્મથી મળેલી શક્તિનો ઉપયોગ કરીએ તે સદુપયોગ કહેવાય છે. અને શરીર-ધન અને કુટુંબની સુખાકારી માટે તે મળેલી શક્તિનો જેટલો ઉપયોગ કરીએ તે દુરૂપયોગ કહેવાય છે.

જીવનમાં સદુપયોગ વધારે થાય છે કે દુરૂપયોગ ? મોં મલ્યું છે તેનાથી ગમે તેવા પદાર્થો ખાઇને ભવાંતરમાં પ્રતિપક્ષી શક્તિ મળે તેવું કર્મ બંધાતુ જાય છે. કદાચ જીભ ન મળે અને કદાચ જીભ મળે તો તેમાં સ્વાદ ન આવે. એવા પ્રકારનું કર્મ બંધાય છે. ભૂખ લાગે અને ખાય તેમાં જ્ઞાનીઓએ નિષેધ કર્યો નથી પણ એ બધી ચીજોનો ઉપયોગ વિવેક પૂર્વક કરે તો તેનાથી ત્રસનામ કર્મ બંધાય આનાથી વધારે સતેજ ત્રસનામકર્મનું પુણ્ય બાંધતો જાય નહિં તો એકેન્દ્રિયમાં નિગોદમાં જવા લાયક કર્મ બંધાય. આ કર્મ આઠમા ગુણસ્થાનક સુધી બંધાય છે અને ચૌદમા ગુણસ્થાનક સુધી ઉદયમાં રહે છે. બીજા ગુણસ્થાનકથી સતત બંધાય છે. પહેલા ગુણસ્થાનકે જેવા અધ્યવસાય હોય તે પ્રમાણે સ્થાવર નામકર્મ ત્રસનામકર્મ એક એક અંતર્મુહૂર્તે બંધાયા કરે છે. મળેલી પાંચે ઇન્દ્રિયોનો ઉપયોગ સ્થાવર નામકર્મને બાંધવામાં કરતાં નથી ને ? બંધાય તો ત્રસનામકર્મ જ બંધાય છે. એટલો વિવેક આપણા અંતરમાં ખરો ને ? મળેલી ત્રસપણાની શક્તિનો ઉપયોગ વિવેકપૂર્વક કે વિવેક વગર થાય છે ? દુન્યવી પદાર્થો મેળવવામાં, ટકાવવામાં કે ભોગવવામાં જો આપણને વિશેષ સ્થિરતા રહેતી હોય તો અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્તે સ્થાવર નામકર્મ વિશેષ બાંધી રહ્યા છીએ એમ કહેવાય. માટે આનાથી નક્કી એ થાય છે કે આપણે સમકીત પામેલા નથી. અપુનર્બંધક દશાના પરિણામને પણ પામેલા નથી તોજ પરાવર્તમાનરૂપે

આ બંધાય.

## બાદર નામકર્મ

બાદર એટલે સ્થૂલ. જે જીવોને શરીરની સ્થુલરૂપે પ્રાપ્તી થાય તે બાદર નામકર્મ કહેવાય. બાદર નામકર્મના ઉદયવાળા જગતમાં જેટલા જીવો હોય તે બધા દેખી શકાય એવો નિયમ નથી. કેટલાક બાદર જીવો એવા હોય છે કે જેઓનું શરીર સૂક્ષ્મ જીવોની અપેક્ષાએ સ્થુલ હોવા છતાં એક જીવના શરીરને જોઇ શકાતું નથી પણ અસંખ્યાતા જીવોનો કે અનંતા જીવોનો સમુદાય ભેગો થાય ત્યારે જ જોઇ શકાય છે તે બાદર નામકર્મના ઉદયવાળા જીવો કહેવાય છે.

સૂક્ષ્મ શરીરો અસંખ્યાતા ભેગા થાય તો પણ જોઇ શકાતા નથી એવા સૂક્ષ્મ શરીરની અપેક્ષાએ આ બાદર શરીર સ્થુલ હોવાથી પુણ્ય પ્રકૃતિ કહેવાય છે.

આ આઠમા ગુણસ્થાનક સુધી બંધાય છે. પહેલા ગુણસ્થાનકે સ્થાવરની સાથે અને સૂક્ષ્મની સાથે પ્રતિપક્ષી રૂપે બંધાય છે એટલે જ્યારે સૂક્ષ્મ બંધાય ત્યારે બાદર ન બંધાય જ્યારે બાદર બંધાય ત્યારે સૂક્ષ્મ ન બંધાય જ્યારે બીજા ગુણસ્થાનકથી આઠમા ગુણઠાણા સુધી બાદર નામકર્મજ બંધાય છે. ઉદય ચૌદમા ગુણઠાણા સુધી હોય છે.

શરીરને જોઇને આપણે જેટલા આનંદ પામીએ છીએ એનાથી વિશેષ રીતે સૂક્ષ્મ નામકર્મનો બંધ કર્યા કરીએ છીએ. શરીરને જોઇને રાજીપો કરવો નહિ બાકી તો મારા પુણ્યના ઉદય મુજબ મને શરીર મળ્યું છે. નિરોગી કે રોગી જેવું છે તેવું એમાં રાગ કે દ્વેષ કરવો નહિ. આવા વિચારમાં વારંવાર રહેવાથી પુણ્યાનુબંધિ પુણ્ય બંધાય છે અને તે બાદર નામકર્મ સારી રીતે બંધાય એવી જ રીતે બીજાના શરીરને જોઇને રાગ પેદા થાય તેનાથી પણ સૂક્ષ્મ નામકર્મ બંધાય માટે આ બીજી ચીજો જોવામાં પણ વિવેક જોઇએ. વિવેક પૂર્વક આનંદ થાય એ રીતે

જોવાની છૂટ છે. પણ આવડવું જોઇએ માટે દરેક પદાર્થને જોવામાં વિવેક સાથે રાખવાનો છે અને એ વિવેક સાથે રાખીને અનુમોદના કરો તો પુણ્યાનુબંધિ પુણ્ય બંધાય છે. વિવેકપૂર્વક બોલતા ન આવડે તો મૌન રહેવું સામાને ખરાબ લાગશે તેની ચિંતા કરવી નહિ.

આવી ખોટી દયા કે ખોટી અનુમોદના કરવી નહિ. આજે લગભગ વ્યવહારમાં કોઇની તપશ્ચર્યાની-ઉપધાન કર્યા હોય એમની જે કાંઇ અનુમોદના કરીએ છીએ તે કોરી જ કરીએ છીએ એમાં કોઇ વિવેક હોતો નથી. એ અનુમોદના જરૂર કરાય પણ સાથે કહેતા આવડવું જોઇએ કે આટલી ઉંમરમાં માસખમણ કેવું સુંદર કર્યું પણ જો એની સાથે રાત્રિ ભોજનનો સદંતર ત્યાગ કરી દે તો કેવું સારૂં અથવા આમ કરતાં કરતાં સંજ્ઞાઓ જો સંયમીત થાય તો કામ થઇ જાય. એ રીતે જરૂર અનુમોદના કરી શકાય. એને જ જ્ઞાનીઓએ સાચી અનુમોદના કહેલી છે. જો તમે કોરી અનુમોદના કરો અને પછી હોટલમાં જતો થાય. રાત્રિભોજન કરતો થાય તો એનું પાપ અનુમોદન કરનારાને લાગે કે નહિ ? એ વિચાર કરવા જેવો નથી ? આજે તો તપ કરવાના સમયે તપ કરી બીજા દિવસથી કે શક્તિ આવે કે તરત જ હોટલમાં જવાનું ચાલે છે. આમ કરવાથી કરનાર કરાવનાર બન્નેને મોટું નુક્શાન થાય છે. એમ જ્ઞાનીઓએ કહ્યું છે. જૈન શાસન ફક્ત ત્યાગ પ્રધાન જીવનને માનતું નથી. વૈરાગ્ય પૂર્વકના ત્યાગને વૈરાગ્ય પૂર્વકની આચાર શુધ્ધિને માને છે. માટે વૈરાગ્ય તો સૌથી પહેલા જ જોઇએ. વૈરાગ્ય વગરના ત્યાગના વખાણ અનુમોદના કરવાનો નિષેધ છે. વૈરાગ્ય પૂર્વક જ ત્યાગ કરવાનું કહેલું છે. વૈરાગ્ય પૂર્વક ત્યાગ કેમ વધે-કેમ ટકે તેનું લક્ષ્ય અંતરમાં રાખવાનું છે.

કોઇક લીલોતરીનો ત્યાગ કરે કોઇક મીઠાઇનો ત્યાગ કરે પણ અંતરમાં જો વૈરાગ્ય ન હોય તો એના સિવાયની બીજી ચીજો ઉપર એટલે આઇટમ ઉપર તુટી પડશે પણ જો વૈરાગ્ય પૂર્વકનો ત્યાગ હશે તો આચાર શુધ્ધિનું લક્ષ્ય જરૂર રહેશે. માટે જ્ઞાનીઓએ કહ્યું કે

ગુણસ્થાનકની પરિણતિને પામવા માટે વૈરાગ્ય પૂર્વકનો જ ત્યાગ જોઇએ.

જૈન શાસન આજ્ઞા પ્રધાન શાસન છે દયા પ્રધાન શાસન નથી જરૂર પડે આજ્ઞાથી હિંસા કરે તો પણ પુણ્યાનુબંધિ પુણ્ય બંધાય છે. એટલે હિંસાનું પાપ લાગતું નથી. આણાએ ધમ્મો આજ્ઞા એજ ધર્મ છે. આજ્ઞા વગરની અહિંસા એ અહિંસા નથી. સંયમ એ સંયમ નથી અને તપ એ તપ નથી એ બધું નકામું છે. આજ્ઞા રાગાદિને મારવા માટે છે. બાદર નામકર્મ બાંધવા માટે આ બધો વિવેક જોઇશે. જૈન દર્શનમાં જે ઉચ્ચ કોટિનો વિવેક છે તે બીજા કોઇ દર્શનોમાં નથી. આજ્ઞાથી નિર્જરા વિશેષ થાય છે. આજ્ઞા વગર કર્મબંધ વિશેષ થાય. આજે લગભગ લક્ષ્ય બદલાઇ ગયું છે. બાહ્ય તપ જૈન શાસનમાં આજે વધારે દેખાય છે. પણ વૈરાગ્ય દેખાતો નથી માટે તપ કરીને પણ કર્મ વધારે બાંધે. આપણને જે બાબતમાં સમજ ન પડે તો ગુરૂ ભગવંતને પૂછવું જેમ દુનિયામાં બાપ એક જ હોય. વડીલ ઘણાં હોય છતાં બાપ કેટલા ? એક જ. તેમ ગુરૂ પણ એક જ રાખવા એક ગુરૂના ખીલે જીવન સમર્પીત કરી દેવું જોઇએ. એટલે ગુરૂના ખીલે બંધાઇ જવું જોઇએ. જીવન સમર્પિત કર્યા પછી કશું વિચારવું નહિ. અલગ અલગ સાધુને પૂછ પૂછ કરવાથી સ્વભાવ નિંદક વધારે બને છે. અને જૈન શાસન પામવામાં વિઘ્ન રૂપ બને છે. અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, નિષ્પરિગ્રહ, આજ્ઞા પૂર્વક ન હોય તો તે ધર્મ નથી. ગમે તેટલી જયણા પાળતા હોય પણ આજ્ઞા મુજબ પાળીએ તો પુણ્યાનુબંધી પુણ્ય બંધાવે. જીવ આજ્ઞામાં બંધાયો પછી જોવાનું નહિ.

અભયકુમાર ભગવાનની આજ્ઞા મુજબ જીવન જીવી ગયા ને ? સમકીતી જીવો ભગવાનની આજ્ઞા મુજબ જીવન જીવતા હોય છે. સમકીતીનું જીવન વૈરાગ્ય જરાય આઘો પાછો ન થાય તે પ્રકારનું હોય છે. પેલાએ અઠ્ઠમ કર્યો માટે મારે કરવો એવું નહિ. મારામાં તાકાત નથી તો ખાઇ લેવું પણ રાગ પૂર્વક ખાવું નહિ. વૈરાગ્ય રાખીને ખાવાથી પણ ઉપવાસ જેટલું જ ફળ મળે કેમકે વૈરાગ્ય રાખીને ખાવામાં સ્વાદ આવે જ નહિ. તિથિને દિવસે પણ જો નવકારશી કરે છે એમ ન બોલાય.

ભગવાનના શાસનમાં-આજ્ઞામાં દરેકને શક્તિ મુજબ તપ કરવાનું કહ્યું છે. વૈરાગ્ય ભાવ પૂર્વક ખાય તો કર્મ નિર્જરા પણ વધારે કરે. માટે શક્તિ મુજબ કરવું પણ વૈરાગ્ય ભાવ સાથે કરવું તો જ નવકારશી કરવાવાળાને કર્મનિર્જરા વધારે થાય.

ચૌદપૂર્વી એવા ભદ્રબાહુસ્વામીજી એ એકસો વીસ ઉપવાસ ચોવીહારા કરનારા સિંહ ગુફાવાસી-સાપના બીલ પાસે રહેનારા-કુવાના ભારવઠીયા ઉપર રહેનારા મહાત્માઓને આજ્ઞા આપી તેમ તેમની હાજરીમાં જ વેશ્યાને ત્યાં રહીને ચોમાસું કરનાર સ્થુલભદ્રજીને દુષ્કર દુષ્કર કહ્યું શાથી ? કારણ કે તેઓ વૈરાગ્યમાં અણનમ રહ્યા હતા. ભોગવિલાસની સામગ્રીની વચ્ચે પણ અણનમ રહ્યા છે. માટે આથી વિચારો અને સમજો કે ચૌદપૂર્વી એવા મહાત્માઓ પણ વૈરાગ્ય પૂર્વકના ત્યાગને મહત્વ આપે છે. આજે ચતુર્વિધ સંઘમાં તપ વધ્યો છે. ધાર્મિક અનુષ્ઠાનો બાહ્યતપ ધાર્મિક ક્રિયાઓ વધી છે. પરંતુ વૈરાગ્ય પૂર્વકનું શોધો તો કેટલું મળે ? ફક્ત ત્યાગજ આગળ હોય અને વૈરાગ્ય ન હોય અને લાવવાની એટલે પેદા કરવાની ભાવના પણ ન હોય તો મોહરાજા એવો ચઢી બેસશેકે આપણી ગાડી બીજી દિશામાં જતી રહેશે. હેયમાં હેય બુધ્ધિ અને ઉપાદેયમાં ઉપાદેય બુધ્ધિ રાખીને વૈરાગ્ય પૂર્વકની અનુમોદના કરવી તોજ સતત સમયે સમયે બાદર નામકર્મ પુણ્યાનુબંધિ પુણ્ય રૂપે બંધાશે નહિ તો પાપાનુબંધિ પુણ્ય રસે અથવા પરાવર્તમાન રૂપે સૂક્ષ્મ નામકર્મ બંધાશે !

## પર્યાપ્ત નામકર્મ

જીવોને જેટલી જેટલી પર્યાપ્તિઓ કહેલી છે. તે સંપૂર્ણ પૂર્ણ કરે તેને પર્યાપ્ત નામકર્મ કહેવાય છે.

પર્યાપ્તિ એટલે શક્તિ એ છ હોય છે.

જીવ પોતે પોતાનું આયુષ્ય બાંધીને, તે આયુષ્યનો ઉદય પ્રાપ્ત

કરી, આહારાદિ પુદ્ગલોને ગ્રહણ કરી, તેને પરિણમાવી, તેમાંથી જે જે શક્તિઓ જોઇએ જીવન જીવવા માટે તે પ્રાપ્ત કરીને પોતાનું આયુષ્ય હોય ત્યાં સુધી તે શક્તિઓને ટકાવીને જીવન જીવે તે પર્યાપ્ત નામકર્મ કહેવાય છે.

એકેન્દ્રિય જીવોને ચાર પર્યાપ્તિઓ હોય છે. આહાર-શરીર-ઇન્દ્રિય અને શ્વાસોચ્છવાસ તેમાં ત્રણ પર્યાપ્તિઓ અપર્યાપ્તા જીવો પણ પૂર્ણ કરે છે. પણ ચોથી પર્યાપ્તિ પૂર્ણ નથી કરતાં માટે ચોથી પર્યાપ્તિ પૂર્ણ કરી પોતાનું ભોગવાતું જેટલું આયુષ્ય હોય ત્યાં સુધી એ શક્તિઓથી જીવે તે પર્યાપ્ત કહેવાય છે.

બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરીન્દ્રિય અને અસન્ની પંચેન્દ્રિય જીવોને પાંચ પર્યાપ્તિઓ હોય છે. આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છવાસ અને ભાષા પર્યાપ્તિ તેમાં અપર્યાપ્તા જીવો ત્રણ પર્યાપ્તિઓ અવશ્ય પૂર્ણ કરે છે. કેટલાક ચોથી પર્યાપ્તિ પણ પૂર્ણ કરે છે અને પાંચમી પર્યાપ્તિ અધુરી એ અવશ્ય મરણ પામે છે. જ્યારે પર્યાપ્તા જીવો પાંચમી પર્યાપ્તિ પૂર્ણ કરીને પોતાનું આયુષ્ય જેટલું હોય ત્યાં સુધી એ શક્તિઓથી જીવન જીવે તે પર્યાપ્ત જીવો કહેવાય છે. સન્ની જીવોને છ પર્યાપ્તિઓ હોય છે. આહાર-શરીર-ઇન્દ્રિય-શ્વાસોચ્છવાસ-ભાષા અને મન પર્યાપ્તિ. તેમાંથી કેટલાક જીવો ચોથી પર્યાપ્તિ અધુરીએ કેટલાક પાંચમી પર્યાપ્તિ અધુરીએ અને કેટલાક છઠ્ઠી પર્યાપ્તિ અધુરીએ મરણ પામે છે. તે અપર્યાપ્તા જીવો કહેવાય છે. અને જે જીવો છઠ્ઠી પર્યાપ્તિ પૂર્ણ કરીને પોતાનું જેટલું આયુષ્ય હોય ત્યાં સુધી શક્તિઓ પેદા કરી કરીને જીવે તે પર્યાપ્ત જીવો કહેવાય છે.

એકેન્દ્રિય જીવોને કાયયોગ અને ભાવમન હોય. બેઇન્દ્રિયાદિ જીવોને કાયયોગ અને વચનયોગ હોય તથા ભાવમન હોય છે. પણ દ્રવ્યમન હોતું નથી જ્યારે સન્ની જીવોને કાયયોગ, વચનયોગ તથા દ્રવ્ય અને ભાવમન હોય છે. આઠમા ગુણસ્થાનક સુધી બંધાય છે તેમાં પહેલા ગુણસ્થાનકે અપર્યાપ્ત નામકર્મની સાથે પરાવર્તમાન રૂપે બંધાય છે. ચૌદમા ગુણસ્થાનક સુધી ઉદયમાં હોય છે.

પર્યાપ્ત નામકર્મનો ઉદય જીવોને સતત રહે તો અસંખ્યાત કાળ સુધી રહી શકે છે. માટે તે લબ્ધિ પર્યાપ્તા જીવો રૂપે કહેવાય છે. કારણ તેઓ મરીને વિગ્રહગતિને પ્રાપ્ત કરે તો પણ જેટલી પર્યાપ્તિઓ જોઇએ તે અવશ્ય પ્રાપ્ત કરવાના હોવાથી વિગ્રહગતિથી એ જીવો લબ્ધિ પર્યાપ્ત રૂપે ગણાય છે.

## પ્રત્યેક નામકર્મ

જે જીવોને એક શરીરમાં એક જીવ રૂપે, બે જીવ રૂપે અથવા અસંખ્યાતા જીવો રૂપે શરીરની પ્રાપ્તિ થાય તે સાધારણ નામકર્મ કહેવાય છે.

જે જીવોને એક એક જીવને એક એક શરીરની પ્રાપ્તિ થવી તે પ્રત્યેક નામકર્મ કહેવાય છે. દરેક જીવોનું શરીર કોઇકાળે એક સરખું હોતું નથી. એણે જેવા પ્રકારનો રસ બાંધેલો હોય, જે પ્રકારનું પુણ્ય બાંધેલું હોય તેવા પ્રકારના શરીરની રચના પ્રાપ્ત થાય. કોઇનું લાંબું, કોઇનું ઠીંગણું, પાતળું, જાડું એ બધી વિશેષતા શરીરમાં દેખાતી જાય છે. ઘણીવાર બધાના શરીરો એક સરખા લાગે પણ જૈન શાસનની દ્રષ્ટિથી-તત્વજ્ઞાનની દ્રષ્ટિથી વિચાર કરીએ તો ભિન્ન ભિન્ન શરીરો લાગે છે. મનુષ્યનું પ્રત્યેક નામકર્મવાળું શરીર કફ, પિત્ત અને વાતની કોથળીઓથી ભરેલું હોય છે. કોઇનામાં કફ વધારે તો કોઇનામાં વાયુ વધારે અને કોઇનામાં પિત્ત વધારે હોય છે. જો તેનું સમતુલન ન રહે અને ત્રણમાંથી કોઇનો વધારો થતો દેખાય તો તે સમતુલન કરવા માટે દવાની ગોળી ખાઇને સમતુલન કરે ત્યારે જીવન જીવી શકાય એ સમતુલન રાખવા માટે ક્યારે કયા પ્રકારનો આહાર લેવો જોઇએ. એ જ્ઞાનીભગવંતોએ કહેલું છે તે બહાર શોધવા જવાની જરૂર નથી.

આઠમા ગુણસ્થાનક સુધી બંધાય છે તેમાં પહેલા ગુણસ્થાનકે સાધારણ નામકર્મની સાથે પરાવર્તમાનરૂપે બંધાય છે અને તેરમા

ગુણસ્થાનક સુધી ઉદયમાં હોય છે. ચૌદમે ઉદયમાં હોતું નથી. પુદ્ગલને આશ્રયીને જો ઉદય હોય તો તેરમા ગુણસ્થાનક સુધી જ હોય છે. ચૌદમે હોતો નથી.

અનંતા જીવો વચ્ચે એક શરીરની પ્રાપ્તિ થવી તે સાધારણ શરીર કહેવાય છે. એટલે સાધારણ નામકર્મ કહેવાય છે. એ સાધારણ શરીરમાં જેટલા જીવો રહેલા હોય છે. તેમાંથી સમયે સમયે અનંતમાભાગ જેટલા જીવો ચ્યવન પામે છે એટલે મરણ પામે છે અને નવા ઉત્પન્ન થયા કરે છે. જે ચ્યવન પામે છે તે બધા જ સાધારણ રૂપે જ ઉત્પન્ન થાય એવો નિયમ નથી. કેટલાક જીવો પૃથ્વીકાય રૂપે, કેટલાક અપ્કાય રૂપે, કેટલાક તેઉકાય રૂપે, કેટલાક વાયુકાય રૂપે, કેટલાક પ્રત્યેક વનસ્પતિકાય રૂપે, કેટલાક બેઇન્દ્રિય રૂપે, કેટલાક તેઇન્દ્રિયરૂપે, કેટલાક ચઉરીન્દ્રિય રૂપે, કેટલાક અસન્ની પંચેન્દ્રિય તિર્યંચરૂપે, કેટલાક અસન્ની પંચેન્દ્રિય મનુષ્યરૂપે, કેટલાક સન્ની તિર્યંચરૂપે, કેટલાક સન્ની મનુષ્યરૂપે અને અનંતા સાધારણ વનસ્પતિકાય રૂપે ઉત્પન્ન થયા કરે છે. પોત પોતાના બાંધેલા કર્મના ઉદયથી ચૌદ રાજલોકમાંથી કોઇ પણ ક્ષેત્રમાં જઇ શકે છે. માટે ચૌદે રાજલોકને વિષે દોડાદોડ જીવોની આ રીતે ચાલુ જ છે. આ બધા પદાર્થોનું ચિંતન કરતાં કરતાં સાથે પોતાના આત્માનું પણ ચિંતન કર્યા કરવું એ લોક સ્વરૂપ ભાવના રૂપે કહેવાય છે.

સંસારની કેટલીક પ્રવૃત્તિ એવી છે કે પોતે કરે તોજ ઠેકાણું પડે, એવી જ રીતે કર્મનું પણ છે. જેવા રસે કર્મ બાંધ્યું હોય એ ભોગવવું જ પડે માટે નવું કર્મ વિશેષ રસે બંધાય નહિ તેની કાળજી રાખીને જીવવાનું છે. પ્રત્યેક નામકર્મ રૂપે જે શરીર મળ્યું છે તેનું મમત્વ જેટલું કરીએ તેટલું તેનાથી પ્રતિપક્ષી સાધારણ નામકર્મ બંધાતું જાય છે. મરીને કદાચ સાધારણમાં પણ ઉત્પન્ન થવું પડે માટે શરીરનું મમત્વ છોડ્યા વગર ચાલે એમ નથી.

પ્રત્યેક વનસ્પતિનો ઉપયોગ કરતાં જો તે ભાવતી હોય તો પણ વિચારવું જોઇએ કે તેમાં વાયુકાય-અગ્નિકાયની હિંસા થાય પછી જ

અચિત્ત થઇ શકે છે માટે તે હિંસાનું પાપ પણ લાગ્યા કરે છે ને ? માટે તે ખાવામાં દુઃખ જોઇએ કે આનંદ જોઇએ ? જો ભાવતી ખાવામાં આનંદ આવે તો મરીને કદાચ તેમાં પણ ઉત્પન્ન થવું પડે. વિધિ તો ઉપવાસ કરીને જીવવાની છે. પણ ચાલતું નથી, ભૂખ્યા નથી રહિ શકાતું. અસમાધિ થાય છે માટે ખાવું પડે છે. માટે ખાવાનું છે. પણ એમાં ટેસ કરવાનું જ્ઞાનીઓએ કહ્યું નથી. એટલે ટેસ કરવાનો નથી.

ખંધક મુનિના જીવે પૂર્વભવમાં કોઠીમડાની છાલ, રેસા વગરની ઉતારી બધાને બતાવી. બધાએ વખાણ કર્યા એટલે એમને એમાં આનંદ આવ્યો કે મેં કેવી સરસ છાલ ઉતારી, કોઇ ઉતારી તો બતાવે ? મને જેવી સરસ રીતે ઉતારતાં આવડે એવી કોઇને ન આવડે ! બસ આવા વિચારોની સ્થિરતાથી ખાધા વગર બીજા મનુષ્યભવમાં જીવતાં ચામડી ઉતરે એવું કર્મ જોરદાર રસે બાંધ્યું અને એ ચામડી જીવતા ઉતરીને ? પણ પોતે સાવધ હતા, શરીરનું મમત્વ હતું નહિ. શરીર પ્રત્યે રાગ હતો નહિ માટે ચામડી ઉતારનારાઓને કહ્યું કે જો જો મારૂં શરીર તપ કરીને લોહી, માંસ સુકાઇ ગયેલા છે માટે હાડકાં અને ચામડી એકમેક થઇ ગયેલી છે માટે તમને દુઃખ ન પડે એ રીતે કહો તેમ ઉભો રહું. આ ક્યારે બને ? માટે જ્ઞાનીઓ કહે છે કે સાવચેતી ન રાખીએ તો મેળવેલું જ્ઞાન પણ પરિણામ પામે નહિ. આપણા એક શરીરને રાગના પરિણામથી અને મમત્વ બુધ્ધિથી સાચવવા કેટલા જીવોની હિંસા આપણે રોજ કરીએ છીએ ? મોહરાજા તો તૈયાર જ બેઠેલા છે. તું તારે જે ધર્મ ક્રિયાઓ કરવી હોય તે કર. મને સાચવી લે જે મારી સામે લાલ આંખ કરીશ નહિ. ભગવાનના સમવસરણમાં પણ મોહરાજા ભગવાનને ખુદ કહે છે કે અહીં જે લોકો બેઠેલા છે તેમાં મોટો ભાગ મારો છે. મારી આજ્ઞાને પાળનારો છે માટે ધર્મમાં પ્રવેશ કરવો કઠણ છે. જ્ઞાનીઓ કહે છે એકવાર પ્રવેશ થઇ ગયા પછી ધર્મ કરવો બહુ સહેલો છે. હંમેશા દરેક કાર્યની શરૂઆત કઠણ હોય છે. શરૂઆત કર્યા પછી કાંઇ કઠણ નથી. જે ચીજને વખોડો તેનાથી પણ તે ચીજ જલ્દી ન મલે એવું કર્મ બંધાય.

એવી જ રીતે જે ચીજને વખાણો તેનાથી તે ચીજ ભવાંતરમાં દુર્લભ બનતી જાય છે. માટે વખોડવાનો કે વખાણવાનો સ્વભાવ આપણો નથી ને ? અજ્ઞાની હોય તે વખોડે કે વખાણે ! પણ ધર્મી હોય તે તો આવું કરે નહિ ને ?

## સ્થિર નામકર્મ

જે શરીરને વિષે હાડકા વગેરેની જે સ્થિરતા પ્રાપ્ત થાય તે સ્થિર નામકર્મ કહેવાય છે. દાંત, હાથ, પગ વગેરે સ્થિર રૂપે હોય તે આ નામકર્મના ઉદયથી. જે શરીરને વિષે હાડકા હોતા નથી તેના શરીરને વિષે નસ, નાડી વગેરેની પ્રાપ્તિ થવી તે સ્થિર નામકર્મ (એકેન્દ્રિય જીવોને વિષે). દેવતા નારકીના શરીરોને વિષે નસ નાડી વગેરે હોતા નથી પણ વૈક્રીય શરીરના પુદ્‌ગલોથી દાંત વગેરે જે હોય છે તે સ્થિર નામકર્મ. મૂળ શરીર દેખી શકાતું નથી. તે તો શય્યામાં જ પડ્યું રહે છે. ઉત્તર વૈક્રીય શરીરથી જ્યાં જવું હોય ત્યાં દેવતાઓ જાય છે. દેવતાઓને જ્યારે દેશનિકાલની સજા થાય અને વિમાનમાંથી નીકળવું પડે ત્યારે મૂળ શરીરથી નીકળી જાય છે. આ સ્થિર નામકર્મ આઠમા ગુણસ્થાનક સુધી બંધાય છે અને તેરમા ગુણસ્થાનક સુધી ઉદયમાં હોય છે. આ કર્મ ઉદયમાં ધ્રુવોદયી રૂપે છે.

## શુભનામ કર્મ

મનુષ્યના શરીરને વિષે નાભિની નીચેના અવયવો અશુભ નામકર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે અને નાભિની ઉપરના અવયવો શુભ નામકર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. માટે જ કોઇનો હાથ અડે તો ગુસ્સો આવતો નથી અને પગ અડે કે તરત જ ગુસ્સો આવે છે. જીવે શુભનામકર્મ જેવા રસે બાંધેલું હોય તે રસ પ્રમાણે ઉદયમાં આવે છે તે રીતે જ અંગોપાંગ વગેરેની પ્રાપ્તિ થઇ શકે છે. આઠમા ગુણસ્થાનક સુધી બંધાય

છે અને ધ્રુવોદયી પ્રકૃતિ હોવાથી એટલે સતત ઉદયમાં રહેવાવાળી પ્રકૃતિ હોવાથી તેરમા ગુણસ્થાનક સુધી ઉદયમાં રહે છે. ચૌદમે ગુણસ્થાનકે આનો ઉદય હોતો નથી.

## સુભગ નામકર્મ

જે કર્મના ઉદયથી કોઇ જીવ કાળો, કુબડો ગમે તેવો દેખાતો હોય તો પણ તેને બોલાવવાનું મન થાય, રમાડવાનું, માન આપવાનું મન થાય તે તે જીવનો સુભગ નામકર્મનો ઉદય કહેવાય છે. તીર્થંકર પરમાત્માઓ આ પ્રકૃતિ એવા ઉત્કૃષ્ટ જોરદાર રસે બાંધે છે કે જેના કારણે ત્રણ ચોવીશી સુધી લોકો તેમના નામને યાદ કરે છે. ચક્રવર્તીઓનું પણ એજ રીતે. તેઓ હયાત હોય કે ન હોય તો પણ માણસોના મનમાં તેમના પ્રત્યેનો અહોભાવ આ કર્મના ઉદયથી ચાલુ જ રહે છે.

અંતરમાં અહોભાવ રૂપે માન વાચક શબ્દોની વિચારણા પેદા કરાવે તે સુભગ નામકર્મનો ઉદય કહેવાય છે. મા, બાપ પોતાનો દિકરો ગમે તેવો હોય તો પણ રાગના કારણે એમજ કહે કે એ તો બહુ સરસ છે. તે તો તે મોહનીય કર્મના ઉદયથી છે. માટે મોહનીયનો ઉદય અને સુભગ નામકર્મ ભેગું ન થઇ જાય એની કાળજી રાખવાની. આઠે કર્મનો ઉદય તો દરેક જીવોને એક સાથે ચાલુ જ હોય છે માટે આ કર્મના ઉદયને બરાબર ઓળખવો હોય તો ક્રોધાદિ કષાયોને-રાગાદિ પરિણામોને દૂર મુકીને વિચાર કરવાનો, તો સુભગ નામકર્મ ઓળખાશે. આ કર્મનો બંધ આઠમા ગુણસ્થાનક સુધી હોય છે અને ઉદય ચૌદમા ગુણસ્થાનક સુધી હોય છે. ચૌદમા ગુણસ્થાનકની અપેક્ષાએ સિધ્ધ પરમાત્માઓને વારંવાર યાદ કરવાની ઇચ્છા અહોભાવથી થયા કરે છે.

## સુસ્વર નામકર્મ

જે જીવોનો અવાજ એકદમ સુંદર હોય, સારી રીતે ગાઇ શકે

એવો હોય, સાંભળવો ગમે એવો હોય તેને સુસ્વર નામકર્મ કહેવાય છે. મળેલા સુસ્વરનો સદુપયોગ કરતાં આવડે તો પુણ્યાનુબંધિ પુણ્ય ઉપાર્જન કરીને આત્મ કલ્યાણ સાધી શકે અને જો દુરૂપયોગ કરે તો પાપાનુબંધિ પાપ બાંધીને અનેક દુર્ગતિઓમાં ભટકવા ચાલ્યો જાય.

જે જીવોને સારું સાંભળવું ખુબજ ગમતું હોય અને એમાંજ રસ રાખીને જીવે તો એટલું ચીકણું કર્મ બાંધે કે જેથી ભવાંતરમાં જલ્દી પંચેન્દ્રિયપણું મળે નહિ. શ્રવણેન્દ્રિય મલી શકે નહિ એવું કર્મ બંધાતું જાય છે.

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા વગેરેનો રાગ સારો હોય તો એ રાગ બીજા જીવોને રાગનું કારણ ન બને તે રીતે ભગવાનની ભક્તિ કરવાનું વિધાન છે. રાગને કારણે એકાંતમાં બેસીને સ્તવન વગેરે ગાવાનો નિષેધ નથી. ભગવાનના મંદિરમાં વૈરાગ્યની પુષ્ટિ થાય એવા રાગથી ગાવું જોઇએ. રાગની પુષ્ટિ થાય એવી રીતે ગાવું જોઇએ નહિ. તે સ્થાન પવિત્ર રૂપે રહેવું જોઇએ. ધર્મની પ્રાપ્તિ કરીને પોતાનું કલ્યાણ સધાય એ રીતે ઉપયોગ કરવો જોઇએ.

ભગવાનની ભક્તિમાં સ્તુતિઓ બોલવાનો નિષેધ નથી પણ એક કડી પુરૂષ બોલે અને બીજી કડી બ્હેનો બોલે એ રીતે બોલાય નહિ તેમાં રાગ પોષાય છે. રાગ પોષાય તો તેનો નિષેધ છે. પીક્ચરોના રાગથી પણ ગવાય નહિ. જેને સુસ્વર કંઠ મળેલો હોય તે ભક્તિ કરતાં કરતાં નિર્જરા સાધે તેનો નિષેધ નથી. તેનાથી બીજા જીવોને રાગાદિ પોષાય તો તે દુરૂપયોગ કહેવાય. ન આવડે તો એકનો એક રાગ લે તો વાંધો નહિ. શાસ્ત્રીય રાગમાં ગાય તોવાંધો નહિ. લોકોને સારૂં નહિ લાગે એમ માનીને લોકને માટે ગાતા થયા એટલેજ ભયંકર નુકશાન થઇ રહ્યું છે. માટે જ એમાં આત્મા ભૂલાઇ જાય છે. લોકને જોઇને જીવતા થશો તો ઘર પણ સરખી રીતે ચલાવી શકશો નહિ. કોઇપણ સૂત્ર ગુરૂગમ વગર પોતાની જાતે બેસાડીને પોતે બોલે તેમાં ભયંકર આશાતનાનો દોષ લાગે છે. ભાવ પકડાવો જોઇએ. જો તે ન પકડાય તો આશાતનાનો

દોષ લાગે છે.

રાવણ અને મંદોદરી મંદિરમાં કોઇ ન હોય ત્યારે જાય છે તેમાં રાવણ ગાય છે વીણા વગાડે છે અને મંદોદરી નાચ કરે છે. સમકીતી જીવો પણ મંદિરમાં એકાંત હોય ત્યારે જાય તે વખતે ભગવાનની ભક્તિ વીર્યોલ્લાસ પૂર્વક થઇ શકે. આ રીતે કરે તો તેનો નિષેધ નથી. રાત્રી ભાવનામાં પુરૂષો જ ગાઇ શકે. બ્હેનો એ ગાવાનો નિષેધ છે. પુરૂષોની સભામાં બ્હેનોથી બોલાય નહિ. ભક્તિને બદલે ઉપરથી આશાતના થાય છે. એ રીતે બ્હેનોને ગાવાથી રાગ પોષાય છે માટે વિવેક રાખીને ભક્તિ કરતાં શીખવું જોઇએ. વિવેક ભૂલાય તો મળેલા સુસ્વર નામકર્મની પ્રાપ્તિ જલ્દી ન થાય. એવા કર્મો બંધાય છે. ભક્તિ આત્મકલ્યાણ માટે કરવાની છે. આ સુસ્વર નામકર્મ આઠમા ગુણસ્થાનક સુધી બંધાય છે અને તેરમા ગુણસ્થાનક સુધી ઉદયમાં હોય છે.

## આદેય નામકર્મ

પોતે ગમે તેવું સાચું કે ખોટું બોલે તો પણ સામા જીવને ગ્રહણ કરવાનું મન થાય. સામો જીવ એ વચનને માન્ય કરે તે આદેય નામકર્મ કહેવાય છે.

તેમાં આવા ભગવાનના વિરુધ્ધ વચનો જે બોલે તેનાથી ભવાંતરમાં વાચા એટલે વચન યોગ મલે નહિ તેવા પ્રકારના કર્મ બંધાય છે. ઉત્સૂત્રરૂપે જેઓ બોલે તેઓને અનંતા કાળ સુધી એકેન્દ્રિયપણામાં રહીને પોતાનો કાળ પસાર કરવો પડે એવું કર્મ બંધાય છે. બોલવાનો વખત આવે ત્યારે ભગવાનની આજ્ઞા મુજબ બોલાય તેની કાળજી રાખવાની છે. તેમાં ભૂલ કરી તો અનંતો સંસાર વધે છે. જે જીવોને બહુ બોલવાની ટેવ પડી હોય અને બહુ બોલ્યા જ કરે. વારંવાર બોલવાનું મલે તો જ સારૂં લાગે તેવા જીવોનું બોલવું એંશી ટકા ખોટું હોય છે. કહેવત છે ને કે બહુ બોલકણો હોય તે બહુ જુઠ્ઠો હોય. ભગવાન પોતે

પોતાના જીવનમાં જેટલું બન્યું એટલું મૌન પણે રહીને વચનયોગ મળેલો હોવા છતાં છેલ્લા ભવમાં બને ત્યાં સુધી બોલતા નથી. બોલવાનો વખત આવે અને સામા જીવનું તે વચનથી હિત લાગે તોજ બોલવાનું, બાકી નહિ. એનાથી મનની એકાગ્રતાને મજબુત કરીને કેવલજ્ઞાન પામી જગતમાં રહેલા પદાર્થોનું સ્વરૂપ જોયું, જાણ્યું પછી યોગ્ય જીવોને ઉદ્દેશીને કહ્યું માટે તેમનું વચન ગ્રહણ કરવા યોગ્ય છે. શ્રી ગૌતમ મહારાજા ભગવાનની આજ્ઞાથી ખેડૂતને પ્રતિબોધ કરવા માટે ગયા તે વખતે ખેડૂત ખેતી કરે છે. ખેતર ખેડી રહ્યો છે. તેને બોલાવીને સમજાવ્યો સમકીત પમાડ્યું. સર્વવિરતિ આપી અને ભગવાન પાસે લઇ ગયા અને ભગવાનને જોયાં અને તેમના વચનો સાંભળ્યા એટલે કહે છે કે આ તમારા ગુરૂ છે. લ્યો ઓઘો પાછો મારે રહેવું નથી. હું જાઉં છું એમ કહીને ચાલતો થાય છે એટલે ગૌતમ મહારાજા રોકવા પ્રયત્ન કરે છે. પાછો બોલાવે છે ત્યારે ભગવાન કહે છે એને જવા દે એ પામી ગયો છે ! શાથી ? ભગવાને કહ્યું કે પૂર્વભવોના ઋણાનુબંધના કારણે મારા પ્રત્યે એને અંતરમાં દ્વેષ બેઠેલો છે. માટે મારા વચનો એને રૂચતાં નથી અને મારી સાથે રહેવાનું મન નથી પણ એ જીવ સમકીત જરૂર પામીને ગયો છે. ભગવાન પણ પડતાને બચાવી શકતા નથી કારણ કે ઋણાનુબંધનો રસ દ્વેષ બુધ્ધિ રૂપે જોરદાર ઉદયમાં ચાલે છે. માટે પામી ન શક્યો. શ્રી ગૌતમ મહારાજાએ પચાસ હજારને દીક્ષા આપી છે અને શિષ્યો થયા છે તેમાં આ એક જ કેવલજ્ઞાન ન પામ્યો બાકી બધા કેવલજ્ઞાન પામ્યા છે માટે ભગવાને પણ જો યોગ્યતા જોઇ હોત તો પાછો જવા દેત નહિ.

એવી જ રીતે લક્ષ્મણા સાધ્વીનું દ્રષ્ટાંત વિચારો. સાત ભાઇ ઉપર એક બ્હેન થયેલ છે. જુવાનવય પામી સુંદર રીતે ઠાઠમાઠથી લગ્ન મહોત્સવ ચાલી રહ્યો છે. તેમાં ચોરીમાં જ તેનો પતિ મરી જાય છે. સખત આઘાત લાગે છે ત્યાર પછી ધર્મ તરફ વળીને ધર્મનું જ્ઞાન સુંદર રીતે પ્રાપ્ત કરી સાધ્વીપણાને પામ્યા છે. નિરતિચાર પણે સુંદર રીતે

આરાધના કરી રહ્યા છે. તેમાં એકવાર ચકલા, ચકલી યુગલનું મૈથુન જોવાઇ ગયું અને વિચાર આવ્યો કે ભગવાન તો વીતરાગી છે. વીતરાગીને આવા રાગના સુખનો અનુભવ ક્યાંથી હોય ? શા માટે ભગવાને નિષેધ કર્યો છે ? આટલો વિચાર આવતાં મિચ્છામિ દુક્કડં મનથી કરે છે. પણ પાછો વિચાર આવે છે કે આની આલોચના તો લેવી જ જોઇએ. તે વખતે કેવલી ભગવંતો વિચરી રહેલા છે. તો કોઇ કેવલી ભગવંત પાસે આલોચના લેવા જવાની વિચારણા થાય છે અને કાંટો વાગે છે. વિચાર બદલાઇ જાય છે. ત્યાં બધાની હાજરીમાં આલોચના લઉં અને બધાને ખબર પડી જાય તો મારા માનનું શું ? મારી પ્રતિષ્ઠા અને આબરૂંનું શું ? આ વિચાર કરી નક્કી કરે છે કે આલોચના તો લેવી પણ બીજાએ આવો વિચાર કરી પાપ કર્યું હોય તો શું પ્રાયશ્ચિત આવે એમ કહી આલોચના લેવી અને જે તપ આપે તે અણી શુધ્ધ રીતે જીવનમાં કરી આપવો. આમ વિચાર કરી પ્રાયશ્ચિત લેવા ગયા છે. વિચારો કેવલી ભગવંત છે જાણે છે ને ? છતાં કહે છે કાંઇ ? શાથી ? હજી એંશી ચોવીશી રખડવાનો કાળ બાકી છે એમ જૂએ છે. કેવલી ભગવંતે પચાસ વર્ષ સુધીનો તપ આપ્યો તે કર્યો પણ એંશી ચોવીશી સુધી રખડ્યા. એટલે કેવલી ભગવંતો પણ પોતાના આદેય વચનથી જીવને બચાવી શકે નહિ.

તેની સામે આપણી સ્થિતિ શું છે ? એ વિચાર કરીએ છીએ ? ભગવાને કહ્યું તેજ સાચું તેજ ગ્રહણ કરવા લાયક મારી બુધ્ધિ કેટલી ? એવો કોઇ વિચાર આવે ?

જો બોલતા ન આવડે તો મૌન રહેવું પણ ગમે તેમ બોલવું નહિ એવો કોઇ નિયમ ખરો ? નહિતર ગમે તેમ બોલવાથી અનંત કાળ સુધી વાચા ન મળે તેવું કર્મ બંધાય છે. માટે જ્ઞાનીઓ કહે છે કે બહુ બોલનારનું મન સ્થિર રહે નહિ. જેને સ્થિરતા-એકાગ્રતા કેળવવી હોય તેને મૌન પાળવાનો અભ્યાસ જરૂર કરવો જોઇએ.

વચનની સાથે મનને પણ સંબંધ હોય છે. વાચા મલી એટલે

બોલબોલ કરવું એવો નિયમ નથી. આપણું વચન જે બોલાય તે જે ગ્રહણ કરતાં હોય તેમાં ભગવાનની આજ્ઞા વિરૂધ્ધ ન બોલાય તેનું ધ્યાન રાખવાનું છે.

આદેય નામકર્મનો ઉદય ન હોય તો સત્ય વચન પણ અસત્ય થઇ પડે છે. ગ્રહણ કરવા યોગ્ય વ્યક્તિ લાગે તોજ બોલવું. યોગ્યતા જોઇને વખત આવે ત્યારે જ બોલવું. નહિ તો સાગરવર ગંભીરા બની જવું નહિતર સામાના અંતરમાં સાચી વાત તે ખોટી રીતે ગ્રહણ કરે એનું પાપ આપણને લાગે છે.

અંતરમાં દ્વેષ રાખીને બોલવું નહિ બીજાના અંતરમાં રાગ દ્વેષ આદિ કષાય પેદા થતા હોય એવી રીતે બોલીએ તો તે આદેય નામકર્મનો દુરૂપયોગ કર્યો કહેવાય છે. એનાથી આપણો સંસાર વધારી રહેલા છીએ. રાગાદિ કષાય પોષાય એવા વચનો બોલવાથી અનાદેય નામકર્મ બંધાય છે.

આપણને બોલવાની રીત આવડતી નથી માટે જ આપણું સાચું પણ વચન ખોટું પડે છે. આપણો અનાદેય નામકર્મનો ઉદય ચાલતો હોય એમ લાગે તો બોલવું જ નહિ. ટુંકાણમાં જવાબ આપવો એ પણ મોં મચકોડીને નહિ, મોં ચઢાવીને નહિ. માટે જ જ્ઞાનીઓ કહે છે કે અનાદેય નામકર્મને આદેય નામકર્મ રૂપે બનાવવું હોય તો મૌન પણે બીજાના વચનો સહન કરતાં શીખવાનું છે. બીજાના વચનોને જતા કરવાની વૃત્તિ કેળવવી પડશે. બીજાની સાથે પ્રસન્ન ચિત્તે વાત કરો તો સામાના અંતરમાં એની અસર થાય જ.

આ આદેય નામકર્મ આઠમા ગુણસ્થાનક સુધી બંધાય છે અને ચૌદમા ગુણસ્થાનક સુધી ઉદયમાં રહે છે.

## યશનામ કર્મ

જીવની ખ્યાતિ, કીર્તિ, પ્રતિષ્ઠા જગતમાં વધે તેનાથી બીજા

જીવોના અંતરમાં વિશેષ રીતે વિશ્વાસ ભાવ પેદા થાય તેને યશનામ કર્મ કહેવાય છે. સામાન્ય રીતે જીવોનો યશ જેટલો વધે તેનાથી અંતરમાં આહ્લાદ વધે છે. પોતાના દેશમાં, ગામમાં ખ્યાતિ, પ્રતિષ્ઠા પ્રાપ્ત થવી તે યશ કહેવાય છે અને બીજા દેશોમાં ખ્યાતિ, પ્રતિષ્ઠા વધે તે કીર્તિ કહેવાય છે. યશ અને કીર્તિ બન્ને ભેગા થઇને યશ કીર્તિ નામકર્મ કહેવાય છે. વાસ્તવિક રીતે કોઇનું પણ કોઇ કામકાજ કરતાં જીવોને એટલો ભાવ તો સહજ રીતે રહેલો હોય છે કે સામો માણસ મને બે શબ્દો સારા કહેશે. કામ કરીને બદલો લેવાની ઇચ્છા એ સ્વાર્થ કહેલો છે. તે સ્વાર્થમાં રાગાદિ પરિણામ પુષ્ટ થાય છે અને તેની સાથે યશ નામકર્મનો દુરૂપયોગ થતાં પોતાનો સંસાર વધારતાં જાય છે. યશ નામકર્મના ઉદયથી ખ્યાતિ, કીર્તિ, પ્રતિષ્ઠા વધે. બીજાના અંતરમાં આપણા પ્રત્યેનો વિશ્વાસ પેદા થયાનો આનંદ આવે ત્યાં સુધી વાંધો નહિ પણ ત્યાર પછી લોભાદિ રાગ દ્વેષાદિ પરિણામ આવી જાય તો તે સ્વાર્થવૃત્તિ કહેવાય છે અને તેનાથી દુર્ગતિમાં જવા લાયક કર્મો બંધાતા જાય છે અને સાથે સાથે અપયશ નામકર્મનો બંધ થતો જાય છે.

પોતાના રાગાદિ પરિણામોને સ્થિર કરતાં કરતાં જીવવું જોઇએ. એટલે સંયમિત કરીને જીવન જીવવું જોઇએ.

ચોવીશે તીર્થંકર પરમાત્માઓનાં યશ અને આદેય નામકર્મનો રસ તથા તેના અધ્યવસાયો એક સરખા જ હોય છે. બધાને પૂર્વ ભવમાં રસ એક સરખો બંધાયેલો હોય છે તો પછી પાર્શ્વનાથ ભગવાનની વિશેષ ખ્યાતિનું મૂળ કારણ શું ? કારણ કે પાર્શ્વનાથ ભગવાનના ઘણાં સાધુઓ કાળ કરીને દેવલોકમાં ગયા છે તેઓ પોતાના ઉપકારી ગુરૂ ભગવંતની ખ્યાતિ, કીર્તિ, પ્રતિષ્ઠા વિશેષ ફેલાય તથા ધર્મગુરૂ પ્રત્યેનું ઋણ અદા કરવાના હેતુથી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા વધારે કરે છે તથા જે કોઇ પોતાના ગુરૂની સેવા કરે છે તેઓના વિઘ્નો દૂર કરી રહ્યા છે તેથી તેમની ખ્યાતિ આજે વિશેષ રૂપે દેખાય છે. તેઓ તેમના ગુરૂના ભક્તોને ચમત્કારો વગેરેથી સહાય કરીને પુરાવા આપે છે.

બાકી દરેક પરમાત્માઓની શુભ પ્રકૃતિઓનો રસ એક સરખો જ હોય છે તેમાં કોઇ ફેરફાર હોતો નથી.

ઘણાં માણસો કેટલુંય સારૂં કામ કરે અને કોઇ બે સારા શબ્દો પણ બોલે નહિ તો એને મનમાં તરત જ થાય છે કે છે કોઇને કાંઇ કિંમત ? આખો દિવસ કામ કરીને થાકી જઇએ તો પણ કોઇને કાંઇ કદર છે ? અને ઘણાં માણસો એવા હોય છે કે જરાક નાનું સરખું કામ કરે તો પણ બીજા એને સારા ભાવથી બોલાવે, નાનું કામ પણ એનું ગવાય માટે યશ નામકર્મના ઉદયવાળા જીવોને જ યશ મળે અપયશ નામકર્મના ઉદયવાળાને યશ મલતો નથી. નિઃસ્વાર્થ પણે જો કામ કરતો હોય તો અંતરમાં બીજા વિચારો પેદા થાય નહિ. કોઇ સારા બે બોલ બોલશે એવા ભાવથી કામ કરે એ નિઃસ્વાર્થ ભાવ કહેવાય નહિ. યશ, કીર્તિ વગેરેમાં રાગાદિ પરિણામ જો જોરદાર રસે ચાલતાં હોય તો યશમાં રાજીપો અને અપયશમાં નારાજી પેદા થાય છે. નારાજીમાં રાગાદિના કારણે આત્માને જે નુકશાન થાય છે તે ઘણું મોટું હોય છે. યશને પચાવતાં આવડવું જોઇએ. જ્ઞાનીઓ કહે છે કે એજ ઘણું દુષ્કર છે. અપમાન પચાવવું સહેલું છે એટલે અપયશ પચાવવો સહેલો છે પણ માન પચાવવું, યશ પચાવવું બહુ જ અઘરૂં છે.

અપમાન તો કદાચ ભૂલી જવાય પણ ખ્યાતિ, નામના, કીર્તિ વધતી જતી હોય તો તેને પચાવી શકાતી નથી.

હમણાં એક એવી હવા ચાલુ થઇ છે કે- દીકરો પોતાનું નામ અને અટક લખે છે. બાપનું નામ પણ લખતો નથી કારણ કે તેને પોતાની ખ્યાતિ, કીર્તિ, નામનાથી જીવન જીવવાનો લોભ પેદા થયેલો છે. એ ખ્યાતિનો દુરૂપયોગ કરીને ભયંકર ચીકણાં કર્મો બાંધી રહ્યો છે.

ભણાવી ગણાવીને મોટો કર્યો તે માબાપનો આટલો મોટો ઉપકાર ભૂલી જવાનો ! કદાચ બાપ હયાત ન હોય અને એ પોતાની ખ્યાતિ વધારવા માંગતો હોય તો કદાચ ક્ષમ્ય ગણાય પણ બાપ હયાત હોય બાપની સાથે રહોતો હોય તો પણ કાર્ડમાં પોતાનું નામ અને અટક જ

હોય તે શું સુચવે છે ? એમાં પોતાની કીર્તિ વધારવાના વિચારથી-સ્વાર્થથી-રાગાદિ પરિણામ ને વધારવાના હેતુથી જ થાય છે ને ? એમાં કર્મસત્તા કોઇને છોડવાની નથી.

કેવી રીતે જીવોને દુર્ગતિમાં લઇ જવા એ બધી કળા કર્મસત્તા અને મોહરાજાને આવડે છે. ખ્યાતિ, કીર્તિ, પ્રતિષ્ઠા વધતી દેખાય તેમાં રાગાદિ પરિણામ વધતા દેખાય કે ઓછા થાય છે એમ દેખાય ? એ ખ્યાતિ સદ્ગતિ અપાવશે કે દુર્ગતિ ? એ વિચાર રોજ કરવાનો કહેલો છે. આજે તો 'આઇ એમ સમથીંગ' ની વિચાર ધારામાં આગળ વધતાં વધતાં એવરીથીંગ સુધી પહોંચવાની ભાવના વાળા હોય છે. જો એમ ન રાખે તો સ્ટેટસ ઘવાય છે એમ માને છે માટે સ્ટેટસ ન ઘવાય એ રીતે જીવવા પ્રયત્ન કરે છે ! પણ કહીએ અલ્યા તને બધા ઓળખે છે. વિચારો-આનાથી પુણ્ય બંધાય કે પાપ ? અપયશમાં નારાજી થાય તેનાથી જેટલાં કર્મો બંધાય છે તેના કરતાં યશમાં વધારે કર્મો બંધાય છે. અપયશથી થતી નારાજી અડધો કલાક કે કલાક સુધી ટકી રહે પણ થોડો પણ યશ મલે તો એને પચાવી શકતા નથી. અપયશ ભૂલી જઇએ છીએ અપમાન ભૂલી જઇએ છીએ પણ પોતાની ખ્યાતિ થતી હોય તે ભૂલાતી નથી. શું થાય છે ? હાશ ! મારૂં નામ છે, મારી ક્રેડીટ છે, પણ અલ્યા ! તને ઓળખે છે કોણ ? એ રાગાદિ પરિણામમાં કેટલો મશગૂલ થઇને બેઠો છે તે તેના વચનોથી જાણી શકાય છે. યુગપ્રધાન આચાર્યો, શાસન પ્રભાવક આચાર્યો, તીર્થંકર પરમાત્માઓ અને જે જે શાસનને પામેલા આત્માઓ જગતમાં રહેલા હોય છે તેઓ જીંદગીભર સુધી પોતાના યશને, નામનાને, કીર્તિને, ખ્યાતિને પચાવવાનું જ કામ કરતાં હતા. રાગાદિ પરિણામોને સંયમીત કરવાની વૃત્તિ રાખીને તેનો અભ્યાસ કરતા હતા.

માટે નિર્લેપતા રાગાદિ પરિણામોમાં જેટલી કરીએ એટલા યશ નામકર્મને પચાવી શકીએ એવી શક્તિ પેદા થતી જાય.

સામો માણસ આપણા વખાણ કરે તો પણ વિચારવું કે બાપડો

એ અજ્ઞાન છે માટે આવા વિચારો કરે છે. બાકી તો હું કેવો છું તે તો હું જ જાણું છું. આવા વિચારો કરીને જીવતાં યશ નામકર્મ પચાવવાની શક્તિ પેદા થતી જાય છે. વ્યવહારમાં વહેવાર કેવી રીતે કરવો જોઇએ ? તેનાં લખાણના જે શબ્દો છે તે જોઇએ તો ખબર પડે. એને તો હંમેશાં ભૂલ જ દેખાડાય દીકરાની હાજરીમાં બાપ કોઇ દિ' દીકરાના વખાણ કરે નહિ એમ જ્ઞાનીઓએ કહ્યું છે. એવી જ રીતે કહ્યું છે કે પત્નીની હાજરીમાં પત્નીના વખાણ ક્યારેય કરવા નહિ. તોજ એમના અંતરમાં યશ પચાવવાની શક્તિ પેદા થતી જાય. એવી રીતે પતિ માટે પણ અરસ પરસજાણવું. કોઇના પણ વખાણ તેની હાજરીમાં કદી કરવા નહિ. જો સામેવાળાનું હિત ઇચ્છવું હોય અને જોવું હોય તો.

રૂબરૂમાં તેના દોષ બતાવવાના અને ગેરહાજરીમાં એના ગુણ વિચારી શકાય અને બોલી શકાય. આપણા વખાણથી સામા જીવના રાગાદિ પરિણામ અને માન કષાય પોષાતા જાય તેમાં આપણે નિમિત્ત બનીએ છીએ.

જો યશને પચાવવાનો પ્રયત્ન કરીએ તો રાગાદિ પરિણામ જીતવા સહેલા થઇ જાય. આપણા માટે કોઇ બે સારા શબ્દો બોલે તો પણ વિચારવું કે એ બિચારો મારા દોષોને જાણતો નથી. માત્ર એક બાજુની પ્રવૃત્તિ જોઇને મારા માટે સારૂં બોલે છે. વિચારે છે. બાકી મારી પ્રવૃત્તિ કેવી છે તે તો હું જ જાણું છું. મેં કરી કરીને શું કર્યું છે ? કાંઇ જ કર્યું નથી. મારા પરિણામ કેવા છે તે તેને ક્યાં ખબર છે ? એ જે બોલે છે એમાંનો હું જરાય નથી. સોળ વરસની ઉંમરે શ્રીપાલે આ બધુ પચાવેલું છે માટે શ્રીપાલને કોઇ હકીકત પૂછે તો કહે કે એના જાણકારને પૂછો. આપણે આપણા ગુણોના વખાણ કરતા થયા તે દુરૂપયોગ છે એમ લાગે છે ? આપણે ગમે તેટલું સારૂં કરતાં હોઇએ, બીજા ગમે તેટલા વખાણ કરે તો પણ આપણા મોંમાંથી એક પણ શબ્દ આપણા માટે સારો નીકળવો જોઇએ નહિ.

મહાપુરૂષો કહે છે કે પોતે પોતાના ગુણો ગાય તેને બડાઇ કહેવાય

છે.

જેટલી પોતાની આપ બડાઇ કરવાની ટેવ પડી હોય તેનાથી અપયશ નામકર્મ જોરદાર રસે બંધાતું જાય છે. આવી રીતે કર્મ બાંધ્યા હોય અને કોઇ બે શબ્દો સારા ન બોલે તો એનાથી કાંઇ આપણાથી કામ છોડી દેવાય ખરૂં ? આપણે હોંશથી કોઇને કામ કરી આપીએ અને કોઇ એની કદર ન કરે તો ? એને તો કાંઇ કદર જ નથી એમ કરીને ફરી જ્યારે એનું કામ આવે ત્યારે તે કામ કરવામાં કાંઇ ફેરફાર થાય નહિ ને ? માટે જ્ઞાનીઓ કહે છે કે કાર્ય કરવાની પધ્ધતિ બદલાવી ન જોઇએ. નામના, કીર્તિ વધારવાનો પ્રયત્ન એ લોકરંજન માટેનો છે. તેનાથી પાપ જ બંધાય નિઃસ્વાર્થ જ અગત્યનો છે. તેમાં સહન શક્તિ કેળવી કામ કરવાથી પુણ્ય બંધાય, ઉલ્લાસ પૂર્વક પોતાનું કર્તવ્ય અને ફરજ નિભાવવી જોઇએ.

સામેવાળાની હાજરીમાં દોષ બતાવવો તેને ગ્રહણ શિક્ષા કીધેલી છે. કારણ કે તેમાં તેને સુધારવાનો ઉદ્દેશ રહેલો છે. બાપ દીકરા-દીકરીની હાજરીમાં કોઇ દિ તેમના વખાણ કરે નહિ એવી જ રીતે પતિ પત્ની અરસ પરસ ગુરૂ-શિષ્ય પણ સમજી લેવા હાજરીમાં કદી બોલવું નહિ. અત્યારે વ્યવહાર સદંતર ઉંધો છે.

તમારા કામની કોઇ કદર ન થઇ તો તેમાં નવાઇ શી ? નિઃસ્વાર્થ ભાવે કામ કર્યું હશે તો તેનું ફળ તો મળવાનું જ છે. સારી બુધ્ધિથી જે કર્યું તે તો લેખે થઇ જવાનું છે. કોઇ કદર કરે તો સારી રીતે કરવું નહિ તો વેઠ ઉતારવાની ?

સંપ્રતિ મહારાજા રાજા થયા પછી પોતાના માતા પાસે આશીર્વાદ લેવા જાય છે. માતા આશીર્વાદ આપતા નથી શાથી ? કહ્યું છે કે રાજા થઇને તું નરકે જાય એમાં મને શું આનંદ થાય કે આશીર્વાદ આપું ? રાજા થઇને તું સદ્કાર્ય કરે તોજ મને આનંદ થાય. માને આનંદમાં રાખવા માતાના આશીર્વાદ મેળવવા સંપ્રતિ મહારાજાએ નિયમ કર્યો કે દરરોજ એક મંદિરના ખનનનાં સમાચાર ન સાંભળું ત્યાં સુધી પચ્ચક્ખાણ

પાળીશ નહિ. આ સાંભળીને માને આનંદ થાય છે. અને આશીર્વાદ આપે છે. તેમાં સંપ્રતિ મહારાજાએ સવાલાખ મંદિરો બંધાવ્યા અને સવા કરોડ પ્રતિમાઓ ભરાવી શક્યા.

આ યશ નામકર્મ દશમા ગુણસ્થાનક સુધી બંધાય છે અને ચૌદમા ગુણસ્થાનક સુધી ઉદયમાં હોય છે.

જેમ યશ વધે તેમ આત્મિક ગુણોનો પ્રકર્ષ ન કરે તો સમજવું કે યશનામ કર્મનો દુરૂપયોગ કરે છે. જેમ ખ્યાતિ વધે તેમ આત્માના ગુણો વધતા જવા જોઇએ. જો આત્માના ગુણોનું દર્શન દેખાતું ન હોય તે દેખવા માટે પ્રયત્ન કરવાનું મન થતું ન હોય તો સમજી લેવાનું કે આપણે આપણા યશ નામકર્મનો દુરૂપયોગ કરી રહેલા છીએ.

## ઉચ્ચગોત્ર કર્મ

જે કુળને વિષે બાપ દાદાથી ચાલી આવતી નિતી અને ધર્મને જાળવીને પ્રાણના ભોગે સાચવીને જીવે તે ઉચ્ચગોત્ર કર્મ કહેવાય છે. કુળ પરંપરાથી ચાલી આવતી નીતિ-ધર્મ-પરંપરા સાચવીને તેમાં વૃધ્ધિ કરતો જાય તેને ઉચ્ચ ગોત્ર કહેવાય છે.

નીતિ નિયમોને આજે જુનવાણી કહેવાય છે. વેદીયો કહે છે. પરંતુ બાપ દાદાની કીર્તિને બટ્ટો લાગે તે રીતે જીવન જીવવું નહિ. કુળ પરંપરા પ્રમાણેજ જીવન જીવવું એવા આગ્રહથી ભલે રોટલોને મરચું ખાવાનો વખત આવે તો તે ખાઇને જીવીશ પણ જીવનમાં કદી અનીતિ કરવી જ નહિ. આવા મક્કમ વિચારોથી જીવન જીવનારા કેટલા મલે ? આજે જીવનમાં અનીતિ ફેલાઇ જવાનું કારણ એ કે ઉચ્ચકુળમાં જન્મીને નીચકુળના જેવા વિચારો કરીને જીવન જીવીએ છીએ. નીતિને નેવે મૂકીને એટલે અનીતિથી પૈસો ભેગો કરીને બાપ કરતાં સવાયા થવાનું માન મેળવે તે શું છે ? જોરદાર કર્મ બંધના હેતુથી પુણ્ય આજે વેરણ છેરણ થઇ રહ્યું છે. પૈસાનો ઢગલો આજે મોટાભાગે અનીતિથી છે. દીકરાએ મારી કુળ પરંપરા ખતમ કરી તેનું બાપને દુઃખ હોય ? કે

આનંદ હોય ?

આજે ઉચ્ચ કુળના સંસ્કારનો નાશ થઇ ગયો છે. આજે ઉપર કહ્યા મુજબના ઉચ્ચકુળ શોધવા જઇએ તો કેટલા મલે ? કુળ ઉચ્ચ પણ તેમાં જન્મેલાં જીવો ભારે કર્મી હોય છે. ઉચ્ચ સંસ્કારની જગ્યાએ ખરાબ સંસ્કારનો ઉપયોગ મોટે ભાગે કરતો જાય છે.

એકવાર દીકરો અનીતિ કરીને પૈસા લાવ્યો અને મા બાપ દુઃખ પામવાને બદલે આનંદ પામે એ અનીતિનો વિરોધ ન કર્યો અને ફ્રીથી અનીતિનું આચરણ કરે પછી વારંવાર આચરણ કરતો જાય છે. એનાથી ઉચ્ચ કૂળનો નાશ થવા લાગ્યો છે. મૂળ વાત જ આ છે ! દીકરો તમારા કરતાં અધિક પૈસા કમાઇને લાવે તો કોઇ દિ' પૂછ્યું કે દીકરા ક્યાંથી લાવ્યો ? કેવી રીતે લાવ્યો ? આવી રીતે પૈસા લાવશે તો મારા ઘરમાં નહિ ચાલે ? એમ કોઇ દિ કહ્યું ? કે પૈસા જોઇને આનંદ પામ્યા કરો છો ?

ઉચ્ચ ગોત્રનો બંધ દશમા ગુણસ્થાનક સુધી હોય છે તેમાં પહેલા ગુણઠાણે નીચ ગોત્રની સાથે પરાવર્તમાન રૂપે બંધાય છે અને બીજા ગુણઠાણે પણ પરાવર્તમાન રૂપે બંધાય છે. ત્રીજાથી દશમા સુધી સતત બંધાય છે. ઉચ્ચગોત્રનો ઉદય ચૌદમા ગુણસ્થાનક સુધી હોય છે.

બાપ દાદા ગયાને દીકરાઓ રહ્યા તે સાપ ગયાને લીસોટા રહ્યા જેવું થયું છે. આચાર્ય ભગવાન ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામી કહી ગયા છે કે જૈનકુળમાં જન્મેલા ઉચ્ચકુળવાળા ગણાશે પણ ભારેકર્મી જીવો વધારે પાકશે કે જેના કારણે તે જીવો જૈનશાસનને પામી શકશે નહિ. કદાચ હવે કેટલાક જીવો નીચ ગોત્રમાં જન્મીને એને સદ્ગુરૂનો યોગ પ્રાપ્ત થતાં એ જીવો જૈન શાસનને પામીને પોતાના આત્માનું કલ્યાણ કરનારા થશે ! માટે આ ઉપરથી ખાસ સાવચેત થવા જેવું છે.

જો જૈન શાસનને પામવું હોય તો જે કુળમાં જન્મ પામ્યા છો તે કુળના સંસ્કારને જાળવીને એવી રીતે જીવન જીવતાં શીખો કે જેના પ્રતાપે વિશેષ ધર્મને ન પામી શકાય તો નીતિ અને ધર્મને પ્રાણ કરતાં

અધિક રીતે જાળવી જીવન જીવી મનુષ્ય જન્મ સાર્થક કરનારા બનો અને પરલોક સુંદર બનાવી વહેલામાં વહેલા મુક્તિ પદના ભોક્તા બનો એ અભિલાષા.

**પુણ્યતત્વ સમાપ્ત**

## પૂજ્ય આચાર્યશ્રીના પ્રકાશિત થયેલા પ્રકાશનો

| ક્રમ | પુસ્તક | | રૂાં. પૈસા |
|---|---|---|---|
| ૧ | જીવવિચાર (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૦-૦૦ |
| ૨ | દંડક ★ | પ્રશ્નોત્તરી | ૪-૦૦ |
| ૩ | નવતત્વ (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૪ | કર્મગ્રંથ-૧ ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૫ | કર્મગ્રંથ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૭-૦૦ |
| ૬ | કર્મગ્રંથ-૩ (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૬-૦૦ |
| ૭ | કર્મગ્રંથ સત્તાપ્રકરણ ★ | પ્રશ્નોત્તરી | ૧૦-૦૦ |
| ૮ | ઉદય સ્વામિત્વ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૯ | કર્મગ્રંથ-૪ ભાગ-૧★ | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૧૦ | કર્મગ્રંથ-૪ ભાગ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૧ | કર્મગ્રંથ-૫ ભાગ-૧ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૨ | કર્મગ્રંથ-૫ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૩ | લઘુ સંગ્રહણી ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૧૪ | જીવવિચાર-દંડક-લઘુ સંગ્રહણી (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૧૫ | કર્મગ્રંથ-૫ ભાગ-૩ ★ | પ્રશ્નોત્તરી | ૪૫-૦૦ |
| ૧૬ | કર્મગ્રંથ-૫ ભાગ-૪★ | પ્રશ્નોત્તરી | ૧૮-૦૦ |
| ૧૭ | કર્મગ્રંથ-૧ તથા ૨ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૮-૦૦ |
| ૧૮ | કર્મગ્રંથ-૬ ભાગ-૧ | પ્રશ્નોત્તરી | ૨૧-૦૦ |
| ૧૯ | કર્મગ્રંથ-૬ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૨૦ | કર્મગ્રંથ-૬ ભાગ-૩ | પ્રશ્નોત્તરી | ૩૧-૦૦ |
| ૨૧ | કર્મગ્રંથ-૬ ભાગ-૪ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |
| ૨૨ | કર્મગ્રંથ-૬ ભાગ-૫ | પ્રશ્નોત્તરી | ૩૮-૦૦ |
| ૨૩ | કર્મગ્રંથ-૬ ભાગ-૬ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |
| ૨૪ | કર્મગ્રંથ-૬ ભાગ ૭ +૮ | પ્રશ્નોત્તરી | ૨૪-૦૦ |
| ૨૫ | કર્મગ્રંથ-૪ ભાગ ૧+૨ | પ્રશ્નોત્તરી | ૭૦-૦૦ |
| ૨૬ | કર્મગ્રંથ-૫ ભાગ ૩+૪ | પ્રશ્નોત્તરી | ૬૫-૦૦ |
| ૨૭ | કર્મગ્રંથ-૫ ભાગ ૧+૨ | પ્રશ્નોત્તરી | ૭૫-૦૦ |
| ૧. | જીવવિચાર (બીજી આવૃત્તિ) | વિવેચન | ૧૬-૦૦ |

| ક્રમ | પુસ્તક | | રૂાં. પૈસા |
|---|---|---|---|
| ૨. | નવતત્વ (બીજી આવૃત્તિ) | વિવેચન | ૨૦-૦૦ |
| ૩. | કર્મગ્રંથ-૧ | વિવેચન | ૧૫-૦૦ |
| ૪. | ચૌદ ગુણસ્થાનક | વિવેચન | ૧૬-૦૦ |
| ૫. | શ્રી જ્ઞાનાચાર★ | | ૧૬-૦૦ |
| ૬. | શ્રી જંબૂસ્વામિ ચરિત્ર ★ | | ૨૧-૦૦ |
| ૭. | દુર્ધ્યાન સવરૂપ દર્શન (બીજી આવૃત્તિ) | | ૨૬-૦૦ |
| ૮. | શ્રી જિનપૂજા | | ૪-૦૦ |
| ૯. | શ્રી શત્રુંજય માહાત્મ્ય-સર્ગ-૧ ★ | | ૭-૦૦ |
| ૧૦. | આંતરશત્રુઓ ★ | | ૧૪-૦૦ |
| ૧૧ | ધર્મને ભજો આશાતના તજો ★ | | ૭-૦૦ |
| ૧૨ | અનુભવવાણી સૂરિરામની ભાગ-૧ | | ૩૮-૦૦ |
| ૧૩ | અનુભવવાણી સૂરિરામની ભાગ-૨ | | ૩૮-૦૦ |
| ૧૪ | કલિકાળના કોહીનુર (જૈનેતરની દ્રષ્ટિએ) | | ૧૪-૦૦ |
| ૧૫ | કર્મગ્રંથ-૬ વિવેચન ભાગ-૧ | | ૪૮-૦૦ |
| ૧૬ | બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૧ | | ૫૦-૦૦ |
| ૧૭ | બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૨ | | ૫૦-૦૦ |
| ૧૮ | શ્રી અરિહંત પરમાત્માનું સ્વરૂપ | | ૧૨-૦૦ |
| ૧૯ | કર્મગ્રંથ-૨ | વિવેચન | ૨૦-૦૦ |
| ૨૦ | કર્મગ્રંથ-૩ | વિવેચન | ૧૮-૦૦ |
| ૨૧ | કર્મગ્રંથ-૪ | વિવેચન | ૩૨-૦૦ |
| ૨૨ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-ઉપદેશામૃત ★ | | ૩૮-૦૦ |
| ૨૩ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-ઉપદેશામૃત પ્રત-૧ | | -- |
| ૨૪ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૧ પ્રત-૨ | | -- |
| ૨૫ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૧ ★ | | ૪૫-૦૦ |
| ૨૬ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૨-પ્રત-૩ | | -- |
| ૨૭ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-પુસ્તક-૩ તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૨★ | | ૪૨-૦૦ |

| ક્રમ | પુસ્તક | રૂાં. પૈસા |
|---|---|---|
| ૨૮ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૧-પ્રત-૪ | -- |
| ૨૯ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૨-પ્રત-૫ | -- |
| ૩૦ | કર્મગ્રંથ-૧ વિવેચન (નવી આવૃત્તિ) | ૫૦-૦૦ |
| ૩૧ | સૂરિરામની વાણી જ્ઞાનરત્નોની ખાણી શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૩ પ્રત-૬ | |
| ૩૨ | શ્રી જિનનું દર્શન-વંદન-પૂજન | ૩૦-૦૦ |
| ૩૩ | શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાનો પ્રત-૭ | -- |
| ૩૪ | શ્રી પર્યુષણાષ્ટાન્હિકાના વ્યાખ્યાનો પ્રત-૮ | -- |
| ૩૫ | શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાનો (હિન્દી લીપી) પ્રત-૯ | -- |
| ૩૬ | શ્રી પર્યુષણાષ્ટાન્હિકાના વ્યાખ્યાનો (હિન્દી લીપી) પ્રત-૧૦ | -- |
| ૩૭ | કર્મગ્રંથ-૫ વિવેચન | ૫૫-૦૦ |
| ૩૮ | જીવવિચાર વિવેચન (નવી આવૃત્તિ) | ૪૦-૦૦ |
| ૩૯ | નવતત્વ વિવેચન (નવી આવૃત્તિ) | ૧૫૦-૦૦ |
| ૪૦ | ચૌદ ગુણસ્થાનક ભાગ-૧ (નવી આવૃત્તિ) | ૯૦-૦૦ |
| ૪૧ | ચૌદ ગુણસ્થાનક ભાગ-૨ (નવી આવૃત્તિ) | ૮૫-૦૦ |
| ૪૨ | ચૌદ ગુણસ્થાનક ભાગ-૩ (નવી આવૃત્તિ) | ૯૦-૦૦ |
| ૪૩ | દંડક વિવેચન | ૭૫-૦૦ |
| ૪૪. | જીવતત્વ-અજીવ તત્વ વિવેચન | ૩૫-૦૦ |
| ૪૫. | નમસ્કાર મહામંત્રનું સ્વરૂપ | ૨૦-૦૦ |
| ૪૬. | જીવવિચાર વિવેચન | ૮૦-૦૦ |
| ૪૭. | શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારનો પ્રભાવ | ૨૦-૦૦ |
| ૪૮. | પુણ્યતત્વનું સ્વરૂપ | ૩૦-૦૦ |

★ આ નિશાનીવાળા પુસ્તકો અલભ્ય છે.

પદાર્થ દર્શન ટ્રસ્ટ
આશ્રમરોડ, અમદાવાદ